ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગના પત્ર-ક્રમાંક
મશબ/1215/170-179/છ, તારીખ : 26-02-2016–થી મંજૂર

# સામાજિક વિજ્ઞાન

## ધોરણ 9

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર-382010

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**

ડૉ. જી. ટી. સરવૈયા
પ્રા. વાય. પી. પાઠક
પ્રા. દિનેશ મૂ. શુક્લ

**લેખક-સંપાદન**

શ્રી સલીમ એસ. કુરેશી (કન્વીનર)
ડૉ. બિમલ એસ. ભાવસાર
શ્રી દેવાંગકુમાર આર. દેસાઈ
શ્રી પ્રકાશ કે. વાઘેલા
ડૉ. જિજ્ઞાસાબહેન એચ. જોશી
શ્રી રાજેન્દ્રકુમાર બી. મહેતા
શ્રી વસંતરાય એમ. તેરૈયા
શ્રી મનિષ ભૂપેન્દ્રભાઈ સોની
શ્રી નંદાબહેન એ. વ્યાસ
ડૉ. શહીદાબહેન કે. ખાનસાહેબ
શ્રી ભાવેશભાઈ પંડ્યા

**સમીક્ષા**

ડૉ. કે. સી. બારોટ
ડૉ. વિકેશ પંડ્યા
ડૉ. જાયમલ રંગિયા
ડૉ. કિરણ દવે
શ્રી કનુભાઈ પટેલ
શ્રી મુકેશભાઈ શીંગાળા
શ્રી ચંદ્રકિશોર પાંડેય
ડૉ. એન. જી. દિક્ષિત
ડૉ. નવનીત જયસ્વાલ
ડૉ. હેમાબહેન જીકાદરા
શ્રી રમાબહેન જોશી
શ્રી ઉમેશભાઈ વાળા
શ્રી વિપુલભાઈ પટેલ
શ્રી મહેશકુમાર પટેલ

**ભાષાશુદ્ધિ**

શ્રી ભીખુભાઈ પરમાર

**ચિત્રાંકન**

શ્રી ગ્રાફિક્સ
પરિતા ગ્રાફિક્સ

**સંયોજન**

શ્રી આશિષ એચ. બોરીસાગર
(વિષય-સંયોજક : ગણિત)

**નિર્માણ સંયોજન**

શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ આયોજન**

શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

રાષ્ટ્રીય અભ્યાસક્રમોના અનુસંધાનમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે નવા અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. આ અભ્યાસક્રમો ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા મંજૂર થયેલા **ધોરણ 9, સામાજિક વિજ્ઞાન** વિષયના નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલું આ પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં મંડળ આનંદ અનુભવે છે.

આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરતાં પહેલાં એની હસ્તપ્રતની આ સ્તરે શિક્ષણકાર્ય કરતાં શિક્ષકો અને તજ્જ્ઞો દ્વારા સર્વાંગી સમીક્ષા કરાવવામાં આવી છે. શિક્ષકો તથા તજ્જ્ઞોનાં સૂચનો અનુસાર હસ્તપ્રતમાં યોગ્ય સુધારાવધારા કર્યા પછી આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે મંડળે પૂરતી કાળજી લીધી છે. તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો આવકાર્ય છે.

**એચ. એન. ચાવડા**
નિયામક
તા. 1-3-2016

**ડૉ. નીતિન પેથાણી**
કાર્યવાહક પ્રમુખ
ગાંધીનગર

પ્રથમઆવૃત્તિ : 2016

**પ્રકાશક :** ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી એચ. એન. ચાવડા, નિયામક

**મુદ્રક :**

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજો નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલ્કતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-क

# અનુક્રમણિકા


- સામાજિક વિજ્ઞાનની વિભાવના 1
- એકમ 1 : વીસમી સદી - વિશ્વ અને ભારત 2

1. ભારતમાં બ્રિટિશ સત્તાનો ઉદય 3
2. પ્રથમ વિશ્વયુદ્ધ અને રશિયન ક્રાંતિ 10
3. નૂતન વિશ્વ તરફ પ્રયાણ 15
4. ભારતની રાષ્ટ્રીય ચળવળો 23
5. ભારત : આઝાદી તરફ પ્રયાણ 31
6. 1945 પછીનું વિશ્વ 39
7. સ્વાતંત્ર્યોત્તર ભારત 47

- એકમ 2 : આધુનિક રાષ્ટ્રનું નિર્માણ 55

8. ભારતના રાજ્યબંધારણનું ઘડતર અને લક્ષણો 56
9. મૂળભૂત હકો, મૂળભૂત ફરજો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો 65
10. સરકારનાં અંગો 73
11. ભારતનું ન્યાયતંત્ર 86
12. ભારતીય લોકશાહી 93

- એકમ 3 : ભારતભૂમિ અને લોકો 98

13. ભારત : સ્થાન, ભૂસ્તરીય રચના અને ભૂપૃષ્ઠ - I 99
14. ભારત : સ્થાન, ભૂસ્તરીય રચના અને ભૂપૃષ્ઠ - II 106
15. જળ-પરિવાહ 114
16. આબોહવા 121
17. કુદરતી વનસ્પતિ 131
18. વન્યજીવન 137
19. ભારત : લોકજીવન 143
20. આપત્તિ-વ્યવસ્થાપન 148


**CERTIFICATE OF THE MAPS**

1. © Government of India, Copyright 2016
2. The responsibility for the correctness of internal details rests with the publisher.
3. The territorial waters of India extend into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line.
4. The external boundaries and coastlines of India agree with the Record/Master Copy certified by Survey of India.
5. The state boundaries between Uttarakhand & Uttar Pradesh, Bihar & Jharkhand and Chattisgarh & Madhya Pradesh have not been verified by the Governments concerned.
6. The spellings of names in this map, have been taken from various sources.

# સામાજિક વિજ્ઞાનની વિભાવના

રાષ્ટ્રીય અભ્યાસક્રમની રૂપરેખા (National Curriculam Framework) 2005 : સામાજિક વિજ્ઞાનને અંતર્ગત વિવિધ વિષયોનો સમાવેશ કરવામાં આવેલ છે. એથી એનું વિષયવસ્તુ ખૂબ વિવિધ છે જેમાં ઇતિહાસ, ભૂગોળ, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ માનવીય અભિગમ ધરાવતા, સુમાહિતગાર, બુદ્ધિનિષ્ઠ અને જવાબદાર નાગરિકો બને એ માટે સામાજિક વિજ્ઞાનને અત્યંત મહત્ત્વનું ગણી શકાય. NCF 2005 જણાવે છે કે સામાજિક વિજ્ઞાનને અન્ય વિજ્ઞાનો અથવા ગણિતથી ઓછું મહત્ત્વપૂર્ણ માનવાની જરૂર નથી. આથી શિક્ષકો સામાજિક વિજ્ઞાનના શિક્ષણ પર પૂરતા પ્રમાણમાં ભાર મૂકે એ અત્યંત જરૂરી છે.

પ્રો. યશપાલ જણાવે છે કે શિક્ષણ કોઈ ભૌતિક વસ્તુ નથી જેનું વિતરણ ટપાલ અથવા શિક્ષક દ્વારા કરી શકાય. ઉપજાઉ અને સમૃદ્ધ શિક્ષણનાં મૂળ હંમેશાં બાળકની ભૌતિક અને સાંસ્કૃતિક ભૂમિમાં જડાયેલા હોય છે અને તેમને માતા-પિતા, શિક્ષકો, સહપાઠીઓ અને સમુદાયો સાથે પારસ્પરિક ક્રિયાઓથી સિંચન મળે છે.

NCF 2005ના અનુસંધાનમાં બધા જ વિષયોના અભ્યાસક્રમોની વિષયવસ્તુને વિવિધ કક્ષાઓને ધ્યાનમાં રાખીને નવેસરથી ગોઠવવામાં આવી છે.

નવા અભ્યાસક્રમ પર આધારિત આ પુસ્તકમાં એક સુસંકલિત અભિગમ અપનાવવામાં આવ્યો છે. એમાં મુખ્યત્વે ઉપર દર્શાવેલ ઇતિહાસ, ભૂગોળ, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર જેવાં વિવિધ સમાજ વિજ્ઞાનોના વિષયવસ્તુનો સમાવેશ કરવામાં આવ્યો છે. માનવ સમાજનાં જુદાં જુદાં પાસાંઓ અને નિસબતોને, સ્થળ અને કાળ બંને સંદર્ભમાં અને તેમની વચ્ચેના સંબંધોને ધ્યાનમાં રાખીને રજૂ કરવાનો નિષ્ઠાપૂર્વકનો પ્રયાસ કરવામાં આવ્યો છે. વિષયવસ્તુની માત્રા અને સંકલ્પનાઓનું ભારણ ઘટાડવાનો પણ પ્રયત્ન કરવામાં આવ્યો છે. સામાજિક વિજ્ઞાનોને આવરી લેતાં ચાર અલગ અલગ પુસ્તકોને સ્થાને અભ્યાસના એક સ્વતંત્ર વિષય તરીકે સામાજિક વિજ્ઞાનોને એક જ પાઠ્યપુસ્તકમાં સમાવવામાં આવ્યા છે. સમકાલીન ભારતના વિષયવસ્તુને વણી લેતા ત્રણ એકમોમાં પુસ્તકનું આયોજન કરવામાં આવ્યું છે. ત્રણે એકમોમાં સમાવિષ્ટ અભ્યાસ-વિષયો વચ્ચેના આંતરસંબંધ સ્પષ્ટ રીતે સમજાય એ દૃષ્ટિએ તેમની રજૂઆત કરવામાં આવી છે.

**એકમ 1 : વીસમી સદી - વિશ્વ અને ભારત :** આ એકમમાં 20મી સદીમાં વિશ્વની મુખ્ય ઘટનાઓની સાથે ભારતના સ્વાતંત્ર્યસંગ્રામના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ એકમ સમકાલીન ભારતના અભ્યાસ અંગેના ત્યાર પછીના એકમ માટે પશ્ચાદ્ભૂમિકા પૂરી પાડે છે.

**એકમ 2 : આધુનિક રાષ્ટ્રનું નિર્માણ :** સ્વાતંત્ર્ય પછીના સમયમાં ભારતની પુનર્રચના, ભારતના બંધારણનું ઘડતર, તેનાં મુખ્ય લક્ષણો, ભારતીય સરકારનું માળખું, મૂળભૂત હકો, ફરજો અને ભારતીય લોકશાહી વગેરે મુદ્દાઓની ચર્ચા આ એકમમાં કરવામાં આવી છે. દુનિયાની સૌથી મોટી લોકશાહી વ્યવહારમાં કેવી રીતે કામ કરે છે, એ સમજવામાં આ એકમ ઉપયોગી પુરવાર થશે.

**એકમ 3 : ભૂમિ અને લોકો :** ભારતની ભૂમિ, પ્રાકૃતિક સૃષ્ટિ અને લોકો, ભારતનાં સમૃદ્ધ સંસાધનો અને કુદરતી પર્યાવરણ વગેરે મુદ્દાઓની ચર્ચા આ એકમમાં કરવામાં આવી છે. આપણા પર્યાવરણના વૈવિધ્ય અને સમૃદ્ધિને સમજવામાં આ એકમ વિદ્યાર્થીઓને ઉપયોગી નીવડશે.

અમે આશા રાખીએ છીએ કે આ પુસ્તક વિકાસ અને રાષ્ટ્ર નિર્માણના ભગીરથ કાર્યમાં ભાગીદાર થવા અને તેમાં અસરકારક રીતે પોતાનું યોગદાન આપવા માટે વિદ્યાર્થીઓનું સુમાહિતગાર, બુદ્ધિનિષ્ઠ અને જવાબદાર નાગરિકો તરીકે ઘડતર કરશે.

•

# એકમ 1 : વીસમી સદી - વિશ્વ અને ભારત

20મી સદી દરમિયાનનું વિશ્વ એ માનવજીવનમાં વિવિધ ક્ષેત્રોમાં થયેલાં સંશોધનો અને પ્રગતિનાં દીર્ઘકાલીન પરિણામોનું સાક્ષી છે. એશિયા અને આફ્રિકામાં પ્રસરેલા સંસ્થાનવાદની પ્રવૃત્તિએ યુરોપિયન સંસ્થાનવાદી સત્તાઓ વચ્ચે જે વૈમનસ્ય સર્જ્યું, તેણે વિશ્વ રાજકારણમાં એવાં પરિણામો વારસામાં આપ્યાં કે જેણે પ્રથમ વિશ્વયુદ્ધ, રશિયાની બોલ્શેવિક ક્રાન્તિ, જર્મની, ઇટાલી, સ્પેન વગેરેમાં સરમુખત્યારશાહીનો ઉદય તેમજ દ્વિતીય વિશ્વયુદ્ધ જેવા એક પછી એક બનાવો બન્યા. સંસ્થાનવાદી અને સામ્રાજ્યવાદી લાલસાએ અણુશસ્ત્રો તેમજ અન્ય સંહારક શસ્ત્રોના પ્રયોગે સમગ્ર વિશ્વને ક્ષુબ્ધ બનાવી દીધું. અલબત્ત, માનવજાતના હૈયામાં પ્રગટેલી શાંતિ અને સલામતીની ઝંખનાએ સંયુક્ત રાષ્ટ્રો (U.N.)ને જન્મ આપ્યો; સંયુક્ત રાષ્ટ્ર અમેરિકા અને સોવિયેત રશિયા વચ્ચે પ્રભાવક્ષેત્રો વિસ્તારવાની જે હોડ ચાલી, તેમાંથી જ ‘ઠંડા યુદ્ધ’ (Cold war)નો ઉદ્ભવ થયો. આ ઠંડા યુદ્ધનાં બે કેન્દ્રો બન્યાં વૉશિંગ્ટન ડી.સી. અને મૉસ્કો.

પ્રજાના મિજાજમાંથી પ્રગટેલી રાષ્ટ્રવાદની ભાવનાએ વીસમી સદીના અંત ભાગમાં શક્તિશાળી સોવિયેત રશિયાનું વિઘટન કર્યું. બર્લિનની દીવાલ તોડી નાખી અને જર્મનીનું એકીકરણ સિદ્ધ કર્યું. આ બનાવો અકલ્પિત અને રોમાંચક હતા. આમ છતાં, વિશ્વમાં સામ્યવાદનાં પૂર ખાળી ન શકાયાં; અને ચીન સહિત યુરોપ-એશિયાઈ દેશો તેના પ્રભાવમાં આવી ગયા. અરે ! દુનિયાનો કેટલોક ભાગ તો ‘લાલ રંગે’ રંગાઈ ગયો ! હા, વિશ્વ રાજકારણની આ તો માત્ર એક બાજુ જ છે.

વિશ્વરાજકારણની બાજુ પણ એટલી જ સબળ અને સદ્ધર છે અને તે એશિયા, આફ્રિકા અને વિશ્વના અન્ય ભાગોમાં ઉદારમતવાદી ચળવળોએ જે આકાર લીધો છે, તેમાં દૃષ્ટિગોચર થાય છે. આ ચળવળે જ ભારત સહિત ઘણા દેશોમાં રાષ્ટ્રીય અને સ્વાતંત્ર્ય ચળવળનો ઉદ્ભવ થયો. તેણે રાષ્ટ્રીય સ્વાતંત્ર્યપ્રાપ્તિને માટે પોતાનું સર્વસ્વ ત્યાગીને બલિદાનની ભાવના જગાવવાનો એક એવો પદ્ધતિસરનો નૂતન પ્રયોગ કર્યો અને વિકસાવ્યો કે એશિયા-આફ્રિકાના દેશો માટે પ્રેરક અને પ્રોત્સાહક બની રહ્યો.

ભારતની રાષ્ટ્રીય લડતે એક એવું ચિત્ર ઉપસાવ્યું કે જેમાં ઉત્તર-દક્ષિણ, પૂર્વ-પશ્ચિમ, આબાલવૃદ્ધ સૌ નરનારીઓને તેમાં ખૂબ ઉત્સાહપૂર્વક સહભાગી બનાવ્યાં હતાં, કે જેણે ગૌરવવંતો ઇતિહાસ સર્જ્યો, આ વિવરણ અહીં કરવામાં આવ્યું છે. બાળકોમાં સ્વાભિમાન અને દેશપ્રેમ પ્રગટે તથા રાષ્ટ્રીય ચારિત્ર્યનું નિર્માણ થાય તે માટે માતૃભૂમિને સ્વતંત્ર કરવા શહાદત વહોરનાર ક્રાંતિવીરોની વાતોનો સમાવેશ કરવામાં આવ્યો છે, લખાણને પુષ્ટિ આપવા જરૂરી નકશા અને ચિત્રો પણ મૂકવામાં આવ્યાં છે. આ એકમમાં **ઔદ્યોગિક ક્રાંતિનો** જે રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે એવા આશયથી કે વિદ્યાર્થીઓ આજના સમાજમાં વિજ્ઞાન અને ટેક્નોલૉજી ક્ષેત્રે થયેલી શોધખોળો ભાવિસમાજને પ્રગતિને પંથે લઈ જવામાં કેટલી મહત્ત્વની છે તે બાબત સમજે.

આપણે મહામુશ્કેલીએ પ્રાપ્ત કરેલી આઝાદી, આંતરિક એકતા અને ભાવાત્મક એકતાને સાચવવાની તથા રાષ્ટ્રનો સર્વતોમુખી વિકાસ કરવાની જવાબદારી હરહંમેશને માટે ઉપાડી લઈને નેતૃત્વ પૂરું પાડી શકે, તેવી ક્ષમતા અને સજ્જતા આપણે હવે પ્રાપ્ત કરી લીધી છે.

•

# 1 ભારતમાં બ્રિટિશ સત્તાનો ઉદય

પ્રાચીન સમયથી ભારત તેના આર્થિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાના કારણે સમગ્ર વિશ્વમાં એક અજોડ સ્થાન ધરાવે છે. ભારતના સાંસ્કૃતિક વારસા અને આર્થિક સમૃદ્ધિના કારણે વિશ્વના ઘણા દેશોની પ્રજા ભારતમાં આવી. ભારતના મરી-મસાલા, તેજાના, મલમલ, રેશમી કાપડ, ગળી વગેરેની યુરોપના દેશોમાં ખૂબ જ માંગ રહેતી. ભારત અને યુરોપ વચ્ચે વ્યાપાર જમીનમાર્ગે તેમજ જળમાર્ગે થતો અને આ માર્ગના કેન્દ્રસ્થાને તુર્કસ્તાનમાં આવેલું ઇસ્તંબૂલ (કોન્સ્ટેન્ટિનોપલ) હતું.

તુર્ક મુસ્લિમોએ કોન્સ્ટેન્ટિનોપલ જીતી લીધું (ઈ.સ. 1453). આથી યુરોપવાસીઓ માટે કોન્સ્ટેન્ટિનોપલ (ઇસ્તંબૂલ) થઈ ભારત આવતો જળમાર્ગ બંધ થઈ ગયો. યુરોપવાસીઓને મરી-મસાલા વગર ચાલે તેમ ન હતું. આથી નવો જળમાર્ગ શોધવાની જરૂરિયાત ઊભી થઈ. જેથી વિશ્વના ભૌગોલિક સંશોધનોના યુગનો પ્રારંભ થયો.

### ભારત આવવાના જળમાર્ગની શોધ

પોર્ટુગલના રાજા પ્રિન્સ હેનરીની પ્રેરણા, પ્રોત્સાહન અને આર્થિક મદદથી સાહસવીરોએ નવા જળમાર્ગની શોધના પ્રયત્નો આદર્યા. ભારત આવવાના જળમાર્ગની શોધ માટે ઘણા સાહસવીરોએ પ્રયત્નો કર્યા જેમાં બાર્થોલોમ્યુ ડાયઝે 'કેપ ઓફ ગુડ હોપ' ભૂશિરની શોધ કરી. ક્રિસ્ટોફર કોલંબસે સ્પેનના રાજાની આર્થિક મદદથી નવો જળમાર્ગ શોધવાની સાહસયાત્રા આરંભી જે 1492માં એટલેન્ટિક સમુદ્રમાં આવેલ વર્તમાન વેસ્ટઇન્ડિઝ ટાપુએ આવીને અટકી. મૃત્યુ પર્યંત ભારત આવવાના જળમાર્ગ શોધ્યાના વિશ્વાસ ધરાવતા કોલંબસે વાસ્તવિક રીતે નવો જ પ્રદેશ શોધ્યો હતો. આ સ્પષ્ટતા અમેરિગો વેસ્પુચીએ કરી હોવાથી, ત્યાર બાદ આ નવો પ્રદેશ અમેરિકા તરીકે ઓળખાયો.




1.1 ભારત આવવાનો જળમાર્ગ

પોર્ટુગીઝ નાવિક વાસ્કો-દ-ગામાએ ભારત આવવાના જળમાર્ગની શોધ કરી (ઈ.સ. 1498). ભારતીય ખલાસીની મદદથી તે ભારતમાં પશ્ચિમ કિનારે આવેલ કાલિકટ બંદરે પહોંચ્યો. ત્યાંના રાજા સામુદ્રિકે (ઝમોરિને) તેને આવકાર આપી રાજ્યમાં વેપાર કરવાની છૂટ આપી. આમ, વિશ્વમાં આ ઘટના મહત્ત્વપૂર્ણ ગણાય છે. તેના કારણે જ યુરોપવાસીઓ માટે ભારત આવવાનાં દ્વાર ખૂલી ગયા.

### ભારતમાં યુરોપિયન પ્રજાનું આગમન (અંગ્રેજોનું આગમન અને વેપારી મથકોની સ્થાપના)

ભારત આવવાના જળમાર્ગની શોધ થયા બાદ ભારતમાં વેપાર કરવા સૌપ્રથમ પોર્ટુગીઝ (ફિરંગી) પ્રજા આવી. સો વર્ષના સમયમાં પોર્ટુગીઝોએ દીવ, દમણ, ગોવા, કોચીન, મલાક્કા વગેરે પ્રદેશો પોતાના નિયંત્રણમાં લાવી દીધા. પોર્ટુગીઝોને વેપારમાં મળેલી સફળતાથી પ્રેરાઈને હોલેન્ડના ડચ (વલંદાઓ) અને ડેન્માર્કની (ડેનિશ) પ્રજા પણ ભારતમાં વેપાર કરવા આવી. ઇંગ્લૅન્ડના વેપારીઓએ ભારત સાથે વેપાર કરવા ઈસ્ટ ઇન્ડિયા કંપનીની સ્થાપના કરી. ઈ.સ. 1600માં ઇંગ્લૅન્ડના રાણી ઇલિઝાબેથે ઈસ્ટ ઇન્ડિયા કંપનીને પૂર્વના દેશો સાથે વેપાર કરવાનો પરવાનો આપતાં 1608માં કંપનીનું પ્રથમ વહાણ કપ્તાન વિલિયમ હોકિન્સની આગેવાની હેઠળ સુરત આવ્યું; પરંતુ તેમને ફિરંગીઓના વર્ચસ્વ અને વિરોધના કારણે વેપાર કરવાની પરવાનગી મળી શકી નહિ. આખરે ઈસ્ટ ઇન્ડિયા કંપનીને મુઘલ બાદશાહ જહાંગીર તરફથી વેપાર કરવાનો પરવાનો મળતાં સુરતમાં બ્રિટિશ ઈસ્ટ




1.3 ભારતમાં વિદેશી મથકો દર્શાવતો નકશો

ઇન્ડિયા કંપનીની પ્રથમ કોઠી (વેપારી મથક) સ્થાપી (1613). શરૂઆતનાં વર્ષોમાં કંપનીએ સુરત, ભરૂચ, અમદાવાદમાં વેપારી મથકો સ્થાપ્યાં; પરંતુ આ પ્રદેશોમાં મરાઠી સત્તાનું પ્રભુત્વ વધતાં કંપનીને જોખમ દેખાયું. તેથી તેઓ દક્ષિણ અને પૂર્વ દિશામાં આગળ વધ્યા જ્યાં તેમણે મછલીપટ્ટમ (આંધ્રપ્રદેશ), સેન્ટ જ્યોર્જ (ચેન્નઈ) અને ફોર્ટ વિલિયમ (કોલકાતા)માં કોઠીઓ સ્થાપી. મુંબઈ ખાતે વડુંમથક સ્થાપ્યું (1687).

1668માં ભારતમાં વેપાર કરવા ફ્રેંચ ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું આગમન થયું. જેણે સમય જતાં માહે, કરાઈકલ, પોંડીચેરી (પુડુચેરી), ચંદ્રનગર, મછલીપટ્ટમ વગેરે પ્રદેશોમાં વેપારી મથકોની સ્થાપના કરી. અઢારમી સદીમાં અંગ્રેજો અને ફ્રેંચો વિશ્વભરમાં પોતાની સત્તા સ્થાપવા અને સંસ્થાનો મેળવવા સતત સક્રિય હતા. ભારતમાં (1746થી 1763 દરમિયાન) આ બંને બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની અને ફ્રેન્ચ ઈસ્ટ ઇન્ડિયા કંપની વચ્ચે સત્તા સ્થાપવા ત્રણ કર્ણાટક વિગ્રહો થયા. જેમાં ફ્રેન્ચ ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો પરાજય થતાં

બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો રાજ્યવિસ્તારનો માર્ગ મોકળો થયો. આમ, સત્તા સંઘર્ષના અંતે ફિરંગીઓ પાસે દીવ, દમણ, ગોવા રહ્યાં, જ્યારે ફ્રેંચો પાસે ચંદનગર, માહે, કરાઈકલ, પોંડીચેરી જેવા પ્રદેશો રહ્યા, જ્યારે ડચ પ્રજા કાયમને માટે વિદાય પામી.

### પ્લાસીનું યુદ્ધ

બંગાળમાં સિરાજ-ઉદ્-દૌલાનું શાસન હતું. તેના ઉતાવળિયા સ્વભાવના કારણે રાજ્યમાં તેના કેટલાક વિરોધીઓ હતા. આ સમયમાં બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ નવાબની પરવાનગી લીધા વિના કોલકાતામાં રક્ષણનાં બહાને વેપારી કોઠીને ફરતે કિલ્લેબંધી કરી; પરંતુ નવાબ સિરાજ-ઉદ્-દૌલાએ કિલ્લેબંધી તોડી પાડી. આ સમાચાર મદ્રાસ (ચેન્નઈ) પહોંચતા કોલકાતાની કોઠીને સહાય કરવા રોબર્ટ ક્લાઇવની આગેવાની નીચે કંપનીનું એક નાનકડું સૈન્ય બંગાળ આવ્યું.

ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું સૈન્ય શક્તિશાળી હોવા છતાં નવાબના સૈન્યને પરાજય આપવાનું સરળ ન લાગતાં રોબર્ટ ક્લાઇવે દગાખોરીનો આશરો લીધો. નવાબને પરાજય આપવા ષડ્યંત્ર ઘડી કાઢવામાં આવ્યુ. જેમાં સેનાપતિ મીર જાફર, શેઠ અમીચંદને કાવતરામાં સામેલ કર્યા અને કંપનીએ નવાબ કનડગત કરે છે એવા બહાના નીચે પ્લાસી નામના ગામ પાસેના મેદાનમાં યુદ્ધ જાહેર કર્યું.

- પ્લાસીનું યુદ્ધ 23 જૂન, 1757ના રોજ લડાયું.
- પ્લાસીનું મેદાન મુર્શિદાબાદ (પ.બંગાળ)થી આશરે 38 કિમીના અંતરે આવેલ છે.

પૂર્વ યોજના અનુસાર મીર જાફર યુદ્ધમાં નિષ્ક્રિય રહ્યો. સિરાજ-ઉદ્-દૌલા હારી ગયો. ક્લાઇવના કાવતરાથી પ્લાસીનું યુદ્ધ માત્ર અડધા દિવસમાં જ પૂરું થયું. આ યુદ્ધથી ઈસ્ટ ઇન્ડિયા કંપનીને ચોવીસ પરગણાની જાગીર મળી. મીર જાફરને બંગાળાનો નવાબ બનાવવામાં આવ્યો. આમ, પ્લાસીના યુદ્ધ દ્વારા ભારતમાં કંપની સત્તાનો પાયો નંખાયો (1757).


### બક્સરનું યુદ્ધ

અંગ્રેજોએ મિરજાફરને બંગાળનો નવાબ બનાવી તેની પાસેથી જુદાં જુદાં બહાનાં નીચે પુષ્કળ ધન મેળવ્યું અને વધુ અધિકારો મેળવવાની લાલચમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ મીરજાફરને ખસેડી મીર કાસીમને બંગાળનો નવાબ બનાવ્યો. કંપની માટે મીર કાસીમ તો મીર જાફર કરતાં વધુ મહત્ત્વાકાંક્ષી સાબિત થયો. તેથી મીર કાસીમનો કંપનીને ડર લાગ્યો અને તેથી મીર કાસીમને ઉથલાવી ફરીથી મીર જાફરને નવાબ બનાવ્યો. મીર કાસીમ અવધના નવાબના શરણે ગયો. આ સમયે અવધમાં મુઘલ બાદશાહ શાહઆલમ આવ્યો હતો. આથી, ત્રણેયે સંયુક્ત રીતે કંપનીનો સામનો કરવાનો નિર્ણય કરી કંપની સામે યુદ્ધ જાહેર કર્યું.

બક્સર મુકામે સંયુકત સેનાની સામે ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ યુદ્ધ કર્યું (22 ઑક્ટોબર, 1764). જેમાં સંયુક્ત સેનાનો પરાજય થતાં કંપનીને બંગાળ, બિહાર અને ઓરિસ્સાની દીવાની સત્તા મળી.

### કંપની શાસનનો વિકાસ

અંગ્રેજ સરકારે નિયામક ધારો પસાર કર્યો (ઈ.સ. 1773). જે કાયદા પ્રમાણે બંગાળના ગવર્નરને ગવર્નર જનરલ બનાવી કંપનીના વ્યાપારી અને રાજકીય હિતો તથા પ્રવૃત્તિઓને તેના સીધા અંકુશ નીચે મૂક્યા અને તેની નીચે મુંબઈ-મદ્રાસના ગવર્નર અને તેની કાઉન્સિલને મૂકવામાં આવી. આ રીતે વૉરન હેસ્ટિંગ્સ ભારતનો પ્રથમ ગવર્નર જનરલ બન્યો. તેના સમયમાં મરાઠાઓ સાથે 'પ્રથમ મરાઠા વિગ્રહ' અને મૈસુરના હૈદરઅલી સાથે 'દ્વિતીય મૈસુર વિગ્રહ' થયો. આ બંને સત્તાઓનો એક સાથે સામનો કરતાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીની મુશ્કેલીઓ વધી.



ગવર્નર જનરલ વૉરન હેસ્ટિંગ્સ

વૉરન હેસ્ટિંગ્સ બાદ ગવર્નર જનરલ તરીકે કૉર્નવોલિસ આવ્યો. તેના સમયમાં 'મૈસુરના વાઘ' તરીકે જાણીતા ટીપુ સુલતાન સાથે ત્રીજો મૈસુર વિગ્રહ થયો. ટીપુ સુલતાનને હરાવવા કંપનીએ મરાઠા અને નિઝામની મદદ લીધી. ત્રણેયની સંયુક્ત સેના સામે ટીપુ સુલતાનની હાર થઈ. તેને સંધિ સ્વીકારવાની ફરજ પડી.



ટીપુ સુલતાન

કોર્નવોલિસ બાદ સર જ્હોન શોર ગવર્નર જનરલ બન્યો. તેણે અપનાવેલી તટસ્થતાની નીતિના કારણે ઈસ્ટ ઇન્ડિયા કંપનીની પ્રતિષ્ઠા એક બાજુ ઘટી તો બીજી બાજુ મરાઠાઓ વધુ શક્તિશાળી બન્યા. આથી, જ્હોન શોર પછી આવેલ ગવર્નર જનરલ વેલેસ્લીને માથે કંપનીને ભારતમાં સર્વોપરી બનાવવાની જવાબદારી આવી. આ માટે વેલેસ્લીએ સહાયકારી સૈન્યની યોજના દાખલ કરી. સહાયકારી યોજનાની શરતો અને અપનાવેલ રાજ્ય નીચે મુજબ છે :

**સહાયકારી સૈન્ય યોજનાની શરતો**

- કંપની સરકાર તાલીમ પામેલું સૈન્ય, યોજના સ્વીકારનાર રાજ્યને આપશે. આ સૈન્ય રાજ્યના આંતરિક અને બાહ્ય આક્રમણથી રાજ્યનું રક્ષણ કરશે.
- તેના બદલામાં યોજના સ્વીકારનાર રાજાઓએ લશ્કરી ખર્ચ અથવા તેટલી આવક ધરાવતો પ્રદેશ અંગ્રેજોને આપવો.
- કંપનીની પરવાનગી વિના રાજ્ય અન્ય રાજ્ય સાથે યુદ્ધ કે સંધિ નહિ કરી શકે.
- રાજ્યના દરબારમાં એક અંગ્રેજ પ્રતિનિધિ રાખવો.
- અન્ય વિદેશીને પોતાના રાજ્યમાં નોકરીએ રાખવો નહિ.

**યોજના અપનાવેલ રાજ્યો–શાસકો**

- નિઝામ
- મૈસુર
- અવધ
- ગાયકવાડ
- સિંધિયા
- ભોંસલે
- હોલકર



1.5 વેલેસ્લી અને સહાયકારી સૈન્યની યોજના

આ યોજના એક 'મીઠા ઝેર સમાન' હતી. આ યોજનાનો અમલ કરી વેલેસ્લીએ ઘણા પ્રદેશો ઈસ્ટ ઇન્ડિયા કંપનીમાં જોડી દીધા. ગવર્નર જનરલ વેલેસ્લીએ ટીપુને સહાયકારી યોજના સ્વીકારવા જણાવ્યું, જેનો તેણે ઇનકાર કર્યો. યોજનાના સ્વીકારનો ઇનકાર થતાં કંપની (અંગ્રેજો)એ નિઝામનો સાથ મેળવી મૈસુર ઉપર (1799) આક્રમણ કર્યું. આ ચોથા મૈસુર વિગ્રહ દરમિયાન ટીપુ અંગ્રેજો સામે લડતાં લડતાં મૃત્યુ પામ્યો.

વેલેસ્લી બાદ ભારતમાં ગવર્નર જનરલ તરીકે હેસ્ટિંગ્સ આવ્યો. તેણે નેપાળ સાથે યુદ્ધ કરી ગુરખાઓને લશ્કરમાં સામેલ

કર્યા. પીંઢારાઓ સાથે યુદ્ધ કરી તેમને અંકુશમાં લીધા. ત્રીજો મરાઠા વિગ્રહ કરી કંપનીની સર્વોપરિતા સ્થપાઈ.

વિલિયમ બૅન્ટિક ભારતમાં અગાઉના ગવર્નર જનરલોની સરખામણીમાં 'ઉદાર ગવર્નર જનરલ' તરીકે ઓળખાય છે. અગાઉના ગવર્નર જનરલોએ અપનાવેલી સામ્રાજ્યવાદી નીતિથી રાજ્યોમાં જે અસંતોષ ઊભો થયો હતો તે અસંતોષમાંથી એકતા ઊભી ન થાય તે માટે તેણે ઉદારમતવાદી કાર્યો કર્યાં.

ભારતના ગવર્નર જનરલ તરીકે ડેલહાઉસી આવ્યો (1848). તે ઉગ્ર સામ્રાજ્યવાદી માનસ ધરાવતો હતો. તેણે સામ્રાજ્યવાદી નીતિને પોષવા અને કંપનીનો રાજ્યવિસ્તાર વધારવા 'જીત, જપ્તી અને ખાલસાનીતિ' અપનાવી.

### ડેલહાઉસીની ખાલસાનીતિ

**યુદ્ધ દ્વારા ખાલસા**
- પંજાબ
- પેગુ (નીચલું બર્મા)

**રાજા અપુત્ર અવસાન પામતાં રાજ્ય ખાલસા**
- સતારા
- જૈતપુર
- સંબલપુર
- ઉદેપુર (મ.પ્ર.)
- ઝાંસી
- બઘાત
- નાગપુર

**ગેરવહીવટના બહાના નીચે ખાલસા**
- અવધ

**કરજની ઉઘરાણી તળે ખાલસા**
- નિઝામનો વરાડ પ્રાંત

**નામમાત્રની સત્તાનો અંત લાવી ખાલસા**
- કર્ણાટક
- તાંજોર

ડેલહાઉસી સામ્રાજ્યવાદીની સાથે સુધારાવાદી પણ હતો. તેના સમયમાં ભારતમાં પ્રથમ રેલવે (ઈ.સ. 1853 મુંબઈ-થાણા), ભારત-ઈંગ્લૅન્ડ તાર વ્યવહાર, જાહેર બાંધકામ ખાતાની સ્થાપના, અંગ્રેજી કેળવણીની વ્યવસ્થા વગેરેની શરૂઆત થઈ. વિધવા પુનર્વિવાહ અને બાળલગ્ન પ્રતિબંધક ધારા તેના સમયમાં પસાર થયા.

1757ના પ્લાસીના યુદ્ધથી શરૂ કરીને 100 વર્ષના સમયમાં કંપનીની સત્તા અને સામ્રાજ્ય બંને વધ્યા; પરંતુ તેમ કરતા ભારતનાં રાજ્યોના અસંતોષનો સામનો તેને કરવો પડ્યો અને આ અસંતોષ અંતે 1857ના ભારતના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ સ્વરૂપે બહાર આવ્યો.

### કંપની શાસનની આર્થિક અસરો

જ્યારે આપણે કંપની શાસનનું સરવૈયું તૈયાર કરીએ છીએ ત્યારે ખ્યાલ આવે છે કે ભારત દેશ જે છેલ્લી સદીઓથી દુનિયાના દેશોમાં આર્થિક રીતે ગૌરવભર્યું સ્થાન ભોગવતો હતો તે કંપની શાસનનાં 100 વર્ષના શાસનકાળમાં ઈંગ્લૅન્ડ માટે કાચો માલ પેદા કરનાર અને કારખાનામાં તૈયાર થયેલ માલ માટે બજારની ગરજ સારનારો દેશ બનાવી દીધો. બંગાળ સુતરાઉ કાપડ, કાચું રેશમ, ખાંડ, શણ, મલમલની નિકાસ કરતું (1708થી 1756); પરંતુ દ્વિમુખી શાસનપદ્ધતિ બાદ બંગાળની આર્થિક ચમક ઝાંખી પડી ગઈ.

કંપનીની અન્યાયી મહેસૂલી નીતિથી ભારતનો ખેડૂત પાયમાલ અને દેવાદાર બન્યો. અંગ્રેજ સરકારે ઈંગ્લૅન્ડના ઉદ્યોગોને વિકસાવવા ભારતના કાપડ ઉદ્યોગ પર અન્યાયી જકાત નાખી. ભારતના હુન્નર ઉદ્યોગોને કચડી નાખવા વિવિધ અયોગ્ય રીતરસમ અપનાવી. જેથી ભારતના ઉદ્યોગ-ધંધા પડી ભાંગ્યા. ભારતનો કારીગર ગરીબ અને બેરોજગાર બન્યો. કંપનીના વ્યાપારીઓ ખાનગી

વ્યાપાર કરી બંગાળાના કારીગરો પાસે ટૂંકી મુદતમાં ચોક્કસ જથ્થામાં કાપડ વણીને પૂરું પાડવાનો કોન્ટ્રાક્ટ લખાવી લેતા અને કારીગર જો ઇન્કાર કરે તો તેને ફટકા મારવાની કે જેલની સજા થતી.

કંપનીના આગમન પહેલાં ભારતનાં ગામડાં સ્વાવલંબી અને સમૃદ્ધ હતાં જે અંગ્રેજોના શાસનની અસરથી ગરીબ અને પરાધીન બન્યાં.

ઈસ્ટ ઇન્ડિયા કંપનીના શાસનકાળમાં ભારતમાં મુંબઈ-થાણા વચ્ચે પ્રથમ રેલવે, ઇંગ્લૅન્ડ-ભારત વચ્ચે આગબોટની સેવાની શરૂઆત અને મુંબઈ, મદ્રાસ (ચેન્નઈ), કોલકાતા જેવાં મહાબંદરોનો વિકાસ પણ થયો.

## કંપની શાસનની સામાજિક અસરો

બ્રિટિશ વહીવટ દરમિયાન વર્તમાનપત્રોના વિકાસથી ભારતીય પ્રજામાં વિચાર, વાણીસ્વાતંત્ર્યની ભાવના વિકસી. એ સમય દરમિયાન ભારતીય સમાજમાં કેટલાક પ્રદેશોમાં કુરિવાજો જોવા મળતા હતા જેમાં સતીપ્રથા, પુત્રીને દૂધ પીતી કરવાનો રિવાજ, બાળલગ્ન વગેરે. અંગ્રેજોના સંપર્કથી રાજા રામ મોહનરાય, દુર્ગારામ મહેતા, બહેરામજી મલબારી વગેરેએ કુરિવાજો દૂર કરવા કાયદા કરાવ્યા. ભારતમાં વહીવટી માળખાનું અંગ્રેજીકરણ થતાં અંગ્રેજી જાણનાર લોકોની જરૂર ઊભી થઈ પરિણામે મેકોલેના પ્રયત્નોથી ભારતમાં અંગ્રેજી શિક્ષણ આપવાનો પ્રારંભ થયો. ચાર્લ્સવુડની ભલામણથી મુંબઈ, મદ્રાસ (ચેન્નઈ), કોલકાતામાં યુનિવર્સિટીની સ્થાપના થઈ.

અંગ્રેજી શિક્ષણના કારણે ભારતમાં અંગ્રેજી જાણનારો વર્ગ ઊભો થયો. સમય જતાં તેણે સુધારાવાદી માગણીઓ કરી સુધારાની પ્રક્રિયાને વેગ આપ્યો.

## ઉપસંહાર

આમ, ઈસ્ટ ઇન્ડિયા કંપની ભારતની સમૃદ્ધિ અને વેપારથી આકર્ષાઈને ભારત આવ્યા. ભારતમાં કંપની શાસનને પરિણામે રાજકીય, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક ક્ષેત્રે સારી-નરસી અસરો ઊભી થઈ. કંપનીએ ભારતના ભોગે ઇંગ્લૅન્ડને સમૃદ્ધ કરવાની નીતિ અપનાવી અને ભારતમાં આવી પોતાના લાભ માટે જે વ્યવસ્થામાં સંસ્થાનગત સુધારા કર્યા તેનાથી ભારતને પરોક્ષ રીતે લાભ પણ થયો.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો :**

(1) યુરોપિયન પ્રજાને ભારત આવવાનો જળમાર્ગ શોધવાની ફરજ પડી. - વિધાન સમજાવો.

(2) ડેલહાઉસીએ કયા કયા સુધારવાદી કાર્યો કર્યાં ?

(3) વેલેસ્લીની સહાયકારી યોજનાની મુખ્ય શરતો કઈ કઈ હતી ?

(4) ડેલહાઉસીએ ખાલસાનીતિ અંતર્ગત કયાં કયાં રાજ્યો ખાલસા કર્યાં ?

**2. નીચેના પ્રશ્નોના જવાબ મુદ્દાસર લખો :**

(1) પ્લાસીના યુદ્ધની ટૂંકમાં માહિતી આપો.

(2) કંપની શાસનની ભારત પર થયેલી આર્થિક અસરો જણાવો.

(3) કંપની શાસનની ભારત પર થયેલી સામાજિક અસરો જણાવો.

**3. નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો :**

(1) ભારત આવવાનો જળમાર્ગ કોણે શોધ્યો ?

(A) કોલંબસ (B) પ્રિન્સ હેનરી

(C) વાસ્કો-દ-ગામા (D) બાર્થોલોમ્યુ ડાયઝ

(2) ભારતમાં જાહેર બાંધકામ ખાતાની સ્થાપના કોના સમયમાં થઈ ?

(A) વેલેસ્લી (B) ડેલહાઉસી

(C) વૉરન હેસ્ટિંગ્સ (D) વિલિયમ બૅન્ટિક

(3) નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ?

(A) 1757માં પ્લાસીનું યુદ્ધ થયું.

(B) પ્લાસીના યુદ્ધથી કંપનીને બંગાળાના ચોવીસ પરગણાની જાગીર મળી.

(C) પ્લાસીના યુદ્ધથી કંપનીને બંગાળા, બિહાર, ઓરિસ્સાની દીવાની સત્તા મળી.

(D) બંગાળાના નવાબ સિરાજ-ઉદ્-દૌલાએ પ્લાસીના યુદ્ધમાં ભાગ લીધો હતો.

(4) ભારતમાં પ્રથમ ગવર્નર જનરલ તરીકે કોણ આવ્યો ?

(A) વૉરન હેસ્ટિંગ (B) વેલેસ્લી

(C) ડેલહાઉસી (D) કેનિંગ

(5) અંગ્રેજોએ ત્રીજો મૈસુર વિગ્રહ કોની સાથે કર્યો ?

(A) ટીપુ સુલતાન (B) મરાઠા

(C) નિઝામ (D) હૈદરઅલી

**પ્રવૃત્તિ**

- મધ્યયુગીન સામાજિક, ધાર્મિક સુધારકોની માહિતી એકત્ર કરી તેમને લગતો એક હસ્તલિખિત અંક તૈયાર કરો.
- ભારતમાં કંપની શાસન દરમિયાન શાસન કરતાં દેશી રાજ્યોની યાદી તૈયાર કરવી.
- ભૌગોલિક સંશોધનોના સમય દરમિયાન શોધાયેલ વિવિધ પ્રદેશો અને સંશોધકોને લગતી માહિતી એકત્ર કરવી.
- પ્રાચીન અને મધ્યયુગ દરમિયાન ભારતની આર્થિક સમૃદ્ધિ વિશે માહિતી એકત્ર કરો.

•

# 2 પ્રથમ વિશ્વયુદ્ધ અને રશિયન ક્રાંતિ

પશ્ચિમ યુરોપનાં રાષ્ટ્રોની સામ્રાજ્યવાદની ભૂખ અને પ્રદેશલાલસાને લીધે તેમણે એશિયા અને આફ્રિકાના દેશોમાં જઈને સંસ્થાનો સ્થાપ્યા અને તેમની સત્તાનો વિસ્તાર કર્યો. પરિણામે યુરોપના દેશો વચ્ચે સંસ્થાનો સ્થાપવાની સ્પર્ધાઓ શરૂ થઈ હતી.

પશ્ચિમ યુરોપના આ સંસ્થાનભૂખ્યા દેશોએ એશિયા–આફ્રિકાના દેશોને આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક નુકસાન પહોંચાડ્યું હતું. વિશ્વરાજકારણમાં તેના એવાં પરિણામો આવ્યા કે જેને લીધે પ્રથમ વિશ્વયુદ્ધ, રશિયાની બૉલ્શેવિક ક્રાંતિ વગેરે જેવા અનેક બનાવોનું સર્જન થયું હતું.

તો વિદ્યાર્થીમિત્રો ચાલો આપણે તેનો વિગતે અભ્યાસ કરીએ.

### પશ્ચિમ યુરોપ અને એશિયા–આફ્રિકામાં સંસ્થાનવાદ

એશિયા-આફ્રિકામાં સંસ્થાનો સ્થાપવામાં પશ્ચિમ યુરોપનાં રાષ્ટ્રો મુખ્ય હતાં. તેમની આ સામ્રાજ્યવાદી લાલસાએ તેમનાં પડોશી રાષ્ટ્રોને પણ છોડ્યાં નહોતાં. નેધરલૅન્ડ, બેલ્જિયમ અને લક્ઝમબર્ગ પર સ્પેનનો કબજો હતો. પાછળથી તેના કેટલાક પ્રાંતો ફ્રાન્સે પડાવી લીધા હતા. પોર્ટુગીઝ શાસક બિનવારસ મૃત્યુ પામતાં, લોહીના સંબંધે સ્પેનના રાજા હસ્તક પોર્ટુગલ પણ આવી ગયું. જેને કારણે છ દાયકા સુધી બિનયુરોપીય દેશોમાં સંસ્થાનો સ્થાપવાનો ઇજારો એકમાત્ર સ્પેન પાસે રહ્યો હતો.

એ જ રીતે ફ્રાન્સ અને ઓસ્ટ્રિયાની પ્રદેશભૂખનો શિકાર ઇટાલી તથા જર્મન રાજ્યો પણ બન્યાં હતાં. જોકે જ્યારે એશિયા, આફ્રિકાના દેશો પર સ્વતંત્ર યુરોપીય સત્તાઓની પક્કડ મજબૂત બની રહી હતી, ત્યારે આ બધા દેશો સ્વતંત્ર થઈ ગયા અને તેમણે પણ પોતાના અગાઉના માલિકોના માર્ગે ચાલી એશિયા-આફ્રિકાનાં કેટલાંક રાજ્યોને પોતાની સત્તા હસ્તક લીધાં હતાં.

**એશિયામાં સંસ્થાનવાદ :** ઇંગ્લૅન્ડે ભારતમાં પગદંડો જમાવ્યા પછી ભારતના પડોશી દેશો શ્રીલંકા, મ્યાનમાર (બર્મા), સિંગાપુર અને મલાયામાં પણ સામ્રાજ્ય સ્થાપ્યું હતું. ઇંગ્લૅન્ડે આગળ વધી ચીનમાં પ્રવેશ કર્યો; પરંતુ અફીણના વેપારના કારણે ઇંગ્લૅન્ડ અને ચીન વચ્ચે યુદ્ધો થયાં (1839-42) જે ઇતિહાસમાં 'અફીણ વિગ્રહો' તરીકે જાણીતાં થયાં. આ યુદ્ધમાં ચીનનો પરાજય થવાથી બીજાં 5 બંદરો વેપાર માટે મળતાં ઇંગ્લૅન્ડની સત્તામાં વધારો થયો. ચીનની નબળાઈનો લાભ લઈ જાપાન, રશિયા, જર્મની, ફ્રાંસ, બેલ્જિયમ અને અમેરિકાએ પણ વેપારી અને રાજકીય અધિકારો મેળવ્યા હતા.

પશ્ચિમ એશિયાના રણ વિસ્તારમાં વિપુલ પ્રમાણમાં નીકળતા ખનીજ તેલે યુરોપીય પ્રજાઓને સંસ્થાનો સ્થાપવા આકર્ષ્યા હતા. ઇંગ્લૅન્ડ, જર્મની, રશિયા અને અમેરિકાએ ઈરાન, ઇરાક, કુવૈત, સાઉદી અરેબિયા અને બેહરિનમાં તેલ કંપનીઓ સ્થાપી પોતાનાં હિતો જાળવવાના પ્રયાસો કર્યા હતા.

**આફ્રિકામાં સંસ્થાનવાદ :** પંદરમી સદીના અંત ભાગમાં આફ્રિકાના દક્ષિણ ભાગમાં સૌપ્રથમ ડચ પ્રજાએ સંસ્થાન સ્થાપ્યું. ત્યાર બાદ ઇંગ્લૅન્ડે કેપમાં અને ફ્રાન્સે ઉત્તર આફ્રિકાના અલ્જિરિયામાં વેપારી મથકો સ્થાપ્યાં હતાં. ઔદ્યોગિક ક્રાંતિને કારણે કાચા માલની પ્રાપ્તિ અને તૈયાર માલના વેચાણ માટે આફ્રિકાનો વિશાળ વિસ્તાર વધુ અનુકૂળ જણાતાં યુરોપિયન દેશોએ સંસ્થાનો સ્થાપવા સ્પર્ધા કરી. બેલ્જિયમના રાજા લિયોપોલ્ડે કોંગોનો વિશાળ પ્રદેશ કબજે કરી, પોતાની સત્તા સ્થાપી. ઇંગ્લૅન્ડે ઇજિપ્ત, પૂર્વ આફ્રિકાના કેટલાક વિસ્તારો તેમજ દક્ષિણ આફ્રિકાના દેશો, પ્રદેશોમાં પોતાનાં મથકો સ્થાપ્યાં. ફ્રાંસે ટ્યુનિસિયા, મોરોક્કો અને પશ્ચિમ આફ્રિકાના પ્રદેશોમાં પોતાનું રાજ્ય સ્થાપ્યું. જર્મનીએ પૂર્વ તથા પશ્ચિમ આફ્રિકાના કેટલાક પ્રદેશોમાં પોતાનું સામ્રાજ્ય વિકસાવ્યું. ઇટાલીએ રાતા સમુદ્રની આજુબાજુના આફ્રિકન પ્રદેશો કબજે કર્યા. સ્પેન અને પોર્ટુગલે પણ આફ્રિકાના કેટલાક પ્રદેશો કબજે કર્યા. આ પ્રાદેશિક વિસ્તારો મેળવવાની સ્પર્ધા વચ્ચે બર્લિન ખાતે યુરોપિયન રાજ્યોની એક પરિષદ મળી (1884-85). જેમાં આફ્રિકાના જુદા જુદા પ્રદેશો વહેંચી લેવામાં આવ્યા. આ પ્રમાણે સમગ્ર આફ્રિકામાં યુરોપના વિવિધ દેશોનું સામ્રાજ્ય સ્થપાયું હતું.

એક તરફ યુરોપનાં સંસ્થાનભૂખ્યા રાષ્ટ્રો એશિયા-આફ્રિકાના પ્રદેશો પર પોતાનાં સંસ્થાન સ્થાપી સ્વહસ્તક કરવા માંગતાં હતાં, ત્યારે બીજી બાજુ જર્મની અને ઇટાલીમાં એકીકરણ થયું હતું. તેથી જર્મનીએ ઔદ્યોગીકરણ, વ્યાપારીકરણ અને સંસ્થાનીકરણની હરીફાઈમાં ઝંપલાવ્યું હતું. આમ, આ ઝડપી બદલાતા જતા પ્રવાહોએ આ દેશોનું રાજકીય અને આર્થિક તેમજ સામાજિક શોષણ કર્યું હતું. તેનાથી તેમનો વિકાસ અટકી ગયો હતો. જેણે પ્રથમ વિશ્વયુદ્ધની ભૂમિકાનું સર્જન કર્યું હતું.

## પ્રથમ વિશ્વયુદ્ધ (1914-1918)નાં પરિબળો

આધુનિક વિશ્વની કેટલીક હૃદયદ્રાવક અને અવિસ્મરણીય ઘટનાઓમાં પ્રથમ વિશ્વયુદ્ધનો સમાવેશ થાય છે. વિશ્વયુદ્ધ કોઈ એકાદ-બે પ્રસંગો કે પરિબળોને કારણે થયું ન હતું. તેની પાછળ અનેક પ્રકારનાં કારણો જવાબદાર હતાં. પ્રથમ વિશ્વયુદ્ધનો પ્રારંભ 1 ઑગસ્ટ, 1914ના રોજ થયો. જર્મનીએ સેડાનની લડાઈમાં ફ્રાંસને પરાજય આપ્યો. તેથી ફ્રાંસને ફ્રેન્કફર્ટની સંધિ કરવી પડી (ઈ.સ. 1871). તે અનુસાર યુદ્ધદંડ અને પોતાના બે પ્રદેશો આલ્સેસ અને લોરેન્સ જર્મનીને આપવા પડ્યા હતા. ફ્રાન્સ આ અપમાન ક્યારેય ભૂલી શક્યું ન હતું. આમ, ફ્રેન્કફર્ટની સંધિ જ પ્રથમ વિશ્વયુદ્ધનું મુખ્ય કારણ બન્યું હતું. આમ, એક યુદ્ધના અંતમાં જ બીજા ભાવિ યુદ્ધનાં બીજ રોપાઈ ગયાં હતાં.

**(1) આર્થિક પરિબળ :** 19મી સદીમાં ઇંગ્લૅન્ડે એશિયા તથા આફ્રિકામાં વિશાળ સામ્રાજ્ય જમાવ્યું હતું. તે પોતાનાં સંસ્થાનોનું આર્થિક શોષણ કરીને ધનવાન બન્યું. ઔદ્યોગિક ક્રાંતિ તથા સંસ્થાનવાદના ઝડપી ફેલાવાને લીધે યુરોપને પુષ્કળ કાચા માલની જરૂર પડતી. 19મી સદીની છેલ્લી પચીસીમાં જર્મનીએ એશિયા અને આફ્રિકામાં બજારો મેળવવા હરીફાઈ કરવા માંડી. જર્મનીએ ઇંગ્લૅન્ડ તથા ફ્રાંસની તુલનામાં સસ્તો માલ આપવા માંડ્યો. તેણે એશિયા તથા આફ્રિકાના ઇંગ્લૅન્ડ તથા ફ્રાન્સનાં બજારો આ રીતે તોડવા માંડ્યાં. પરિણામે એક બાજુ જર્મની તથા બીજી બાજુ ઇંગ્લૅન્ડ વચ્ચે તીવ્ર આર્થિક સ્પર્ધાઓ થઈ હતી.

**(2) લશ્કરવાદ :** યુરોપનાં રાષ્ટ્રોમાં પ્રાદેશિક વિસ્તાર માટે જે હરીફાઈ થઈ તેને માટે લશ્કરી બળ આવશ્યક અને મહત્ત્વનું હતું. ઇંગ્લૅન્ડ, ફ્રાંસ, ઓસ્ટ્રિયા, રશિયા વગેરે રાષ્ટ્રોએ પોતાની સૈન્ય તાકાત વધારવા માંડી હતી. જાપાન, ઇટાલી, જર્મની જેવાં કેટલાંક રાષ્ટ્રોમાં ફરજિયાત લશ્કરી તાલીમ શરૂ થઈ હતી. સ્વરક્ષણનાં બહાનાં નીચે શસ્ત્રોનું ઉત્પાદન વધાર્યું હતું. આમ, લશ્કરવાદને ઉત્તેજન મળ્યું અને આર્થિક સ્પર્ધાઓમાં લશ્કરી સ્પર્ધા ઉમેરાતાં યુદ્ધનું વાતાવરણ વધારે ઉગ્ર બન્યું હતું.

**(3) જૂથબંધી–ગુપ્ત સંધિઓ :** પ્રથમ વિશ્વયુદ્ધ સર્જવામાં જૂથબંધીઓ અને ગુપ્ત કરારોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો. પ્રથમ વિશ્વયુદ્ધ પહેલાં વિશ્વ બે જૂથોમાં વહેંચાયેલું હતું : એક બાજુ જર્મની, ઓસ્ટ્રિયા, હંગેરી, બલ્ગેરિયા તથા તુર્કસ્તાનનું જૂથ; બીજી બાજુએ ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ, રશિયા તથા જાપાનનું જૂથ હતું. આ બંને જૂથો વચ્ચે ઈર્ષા, દુશ્મનાવટ, શંકા, કુશંકા, ભય અને તિરસ્કારની ભાવના પેદા થઈ જે પ્રથમ વિશ્વયુદ્ધનું મહત્ત્વનું પરિબળ બન્યું હતું.

**(4) ઉગ્રરાષ્ટ્રવાદની ભાવના :** બેલ્જિયમ અને ગ્રીસની સ્વતંત્રતા તેમજ ઇટાલી અને જર્મનીનું એકીકરણ રાષ્ટ્રવાદનાં પરિણામો હતા; પરંતુ ત્યાર બાદ યુરોપમાં રાષ્ટ્રવાદની ભાવનાએ ઉગ્ર અને સંકુચિત સ્વરૂપ ધારણ કર્યું. યુરોપમાં આર્થિક ઈર્ષાઓ, ખેંચતાણો, પ્રતિસ્પર્ધાઓ અને સામ્રાજ્યવાદ એટલો બધો વધી ગયો કે એકબીજાનાં રાષ્ટ્રોનાં હિતો ટકરાવા લાગ્યાં. યુરોપનાં અગ્રગણ્ય રાષ્ટ્રોએ પોતાના પ્રજાજનોને ઉગ્ર આક્રમક દેશભક્તિના પાઠો ભણાવ્યા. પોતાના દેશ પ્રત્યે પ્રેમ અને અન્ય રાષ્ટ્રો પ્રત્યેની ઘૃણાને પ્રોત્સાહન આપવામાં આવ્યું. જર્મન સમ્રાટ કૈસર વિલિયમ બીજો ઉગ્રરાષ્ટ્રવાદ અને સામ્રાજ્યવાદનો પ્રણેતા હતો. તે મહત્ત્વાકાંક્ષી અને 'વિશ્વ પ્રભુત્વ'ની નીતિમાં માનતો હતો. તે પોતાની પ્રચંડ લશ્કરી તાકાતથી પોતાનું ધાર્યું કરાવવા માંગતો હતો. જર્મનીની જેમ અન્ય રાષ્ટ્રોમાં પણ યુદ્ધની ભાવના ફેલાઈ અને આ પ્રથમ વિશ્વયુદ્ધમાં પરિણમી હતી.

**(5) વર્તમાનપત્રોનો ફાળો :** યુરોપનાં રાષ્ટ્રોનાં વર્તમાનપત્રોના પરસ્પર આકરા, ઉશ્કેરણીજનક, અતિશયોક્તિભર્યા અને જૂઠાં લખાણોએ પરસ્પર હરીફ દેશોની વિરુદ્ધ ઝેર ઓકી પ્રજામાં દુશ્મનાવટની લાગણી એટલી હદે ભડકાવી કે સત્તાસ્થાને બેઠેલા લોકો શાંતિ સ્થાપવા કે સમાધાન કરવાના પ્રયત્ન પણ ન કરી શકે.

**(6) યુદ્ધ અંગેનું તત્ત્વજ્ઞાન :** યુરોપમાં હવે ''યુદ્ધ એ જ કલ્યાણ'' નીતિએ જોર પકડ્યું. ટ્રિટસ્કે જેવા જર્મન લેખકોએ સિદ્ધાંત પ્રચલિત કર્યા કે, ''શક્તિમાનને જ જીવવાનો હક છે.'' તથા ''યુદ્ધ એ જ રાષ્ટ્રીય જરૂરિયાત છે.'' નીત્સે નામના જર્મન લેખકે યુદ્ધને ''પવિત્ર કાર્ય'' ગણાવ્યું હતું.

ઑસ્ટ્રિયાના રાજકુમાર અને તેની પત્નીની 'બ્લેક હેન્ડ' નામની સર્બિયાની ઉગ્રવાદી સંસ્થાના સભ્યે ગોળી મારી હત્યા કરી. આ ઘટના પાછળ સર્બિયાનો હાથ હોવાનો ઓસ્ટ્રિયાએ આક્ષેપ મૂક્યો અને 48 કલાકમાં તેના ગુનેગારને પકડીને ઓસ્ટ્રિયા સમક્ષ હાજર કરવાનું સર્બિયાને આખરીનામુ આપ્યુ. સર્બિયાએ પોતે આ બાબતથી અજાણ હોવાનું જાહેર કર્યું. ઓસ્ટ્રિયાએ સર્બિયાનું કશું નહિ સાંભળતાં સર્બિયા સામે યુદ્ધ જાહેર કર્યું. આ સાથે પ્રથમ વિશ્વયુદ્ધનો પ્રારંભ થયો હતો.

## પ્રથમ વિશ્વયુદ્ધની ઘટના

પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન મિત્રરાષ્ટ્રોને પક્ષે 24 અને ધરી રાષ્ટ્રોને પક્ષે 4 રાષ્ટ્રોએ યુદ્ધમાં ભાગ લીધો. જર્મનીએ શરૂઆતમાં યુરોપમાં નોંધપાત્ર વિજયો મેળવ્યા. ફ્રાન્સની સેનાને તેણે નષ્ટ કરી નાંખી. તેણે ભયાનક સબમરીન યુદ્ધ કરીને મિત્રરાષ્ટ્રોનાં અનેક જહાજો ડુબાડી દીધા. ટૅન્કો, ઝેરી ગૅસ વગેરે દ્વારા લાખો સૈનિકો તથા નાગરિકોની જાનહાનિ થઈ. રશિયામાં ક્રાંતિ થઈ (1917) તેથી રશિયા યુદ્ધમાંથી ખસી ગયું. જર્મની આ સમયે ખૂબ શક્તિશાળી હતું. તેણે એક અમેરિકન સ્ટિમર લ્યુસિટાનિયાને ડુબાડી દીધી હતી. તેમાં 147 અમેરિકન સૈનિકો તેનો ભોગ બન્યા. પરિણામે અમેરિકા મિત્રરાષ્ટ્રોના પક્ષે યુદ્ધમાં જોડાયું (એપ્રિલ, 1917). તેની સાથે પનામા, ગ્રીસ, ક્યુબા, ચીન અને સિયામ જેવાં રાષ્ટ્રો મિત્રરાષ્ટ્રોના પક્ષે જોડાયા. તેનાથી મિત્રરાષ્ટ્રોની તાકાતમાં વધારો થયો. અમેરિકાના લશ્કર સામે જર્મન સેના ટકી શકી નહિ. સમગ્ર યુદ્ધનું પાસું બદલાઈ ગયું. બલ્ગેરિયા (સપ્ટેમ્બર, 1918), તુર્કી તથા ઓસ્ટ્રિયા મિત્ર રાષ્ટ્રોને શરણે આવ્યાં (ઑક્ટોબર, 1918). જર્મન સમ્રાટ કૈસર રાજસત્તા છોડી ભાગી ગયો. જર્મન પ્રજાસત્તાકે 11 નવેમ્બર, 1918ના રોજ મિત્રરાષ્ટ્રોની શરણાગતિ સ્વીકારી યુદ્ધવિરામ કરાર ઉપર હસ્તાક્ષર કર્યા અને વિશ્વયુદ્ધનો અંત આવ્યો હતો.

## પ્રથમ વિશ્વયુદ્ધનાં પરિણામો – તાત્કાલિક પરિણામો

**(1) જાનમાલની હાનિ :** લગભગ 6.5 કરોડ લોકોએ યુદ્ધમાં ભાગ લીધો. અંદાજે 1 કરોડ મૃત્યુ પામ્યા, 2 કરોડ ઘવાયા અને 70 લાખ લોકો કાયમ માટે અપંગ બન્યા. યુદ્ધ બાદ રોગચાળો, ભૂખમરો, હત્યાકાંડને લીધે મરનારાઓની સંખ્યા વધારે હતી. યુદ્ધમાં કુલ ખર્ચનો આંકડો તો ઘણો વધુ હતો.

**(2) સામાજિક પરિવર્તન :** વિશ્વનાં દરેક રાષ્ટ્રોમાં યુદ્ધ દરમિયાન પુરુષો યુદ્ધ મોરચે હોવાથી કૌટુંબિક અને વ્યાવસાયિક જવાબદારીઓ સ્ત્રીઓને માથે આવી પડી. ઘરની ચાર દીવાલમાંથી સ્ત્રીઓએ બહાર આવી વ્યવસાયિક ક્ષેત્રે સફળતાપૂર્વક જવાબદારી સંભાળી. તેનાથી તેમના પુરુષ સમોવડી હોવાના આત્મવિશ્વાસમાં વધારો થયો. તેમનામાં સમાનતાની લાગણી જન્મી. પરિણામે સ્ત્રી-મતાધિકારની માંગ ઊઠી. યુદ્ધ દરમિયાન જીવન-જરૂરિયાતની ચીજવસ્તુઓનું ઉત્પાદન ઘટ્યું હતું. તેથી અછત, બેકારી, ભૂખમરો, હડતાલો, તાળાબંધી વગેરે જેવી સમસ્યાઓ ઊભી થઈ. લોકો અપાર મુશ્કલીઓ વેઠતા હતા. બાળકોની સ્થિતિ વધુ દયનીય બની હતી.

**(3) વર્સેલ્સની સંધિ (જૂન 1919) :** પ્રથમ વિશ્વયુદ્ધના અંતિમ ચરણમાં જર્મની દ્વારા મિત્રરાષ્ટ્રોની બિનશરતી શરણાગતિનો સ્વીકાર થતા યુદ્ધનો અંત આવ્યો. ત્યાર બાદ મિત્રરાષ્ટ્રોએ રાજધાની પેરિસ ખાતે 'શાંતિ પ્રક્રિયા' હાથ ધરી તેમાં 58 જેટલાં કમિશનો રચાયા હતા અને 145 જેટલી બેઠકો યોજવામાં આવી હતી. પેરિસ શાંતિ સંમેલનમાં જર્મની સાથે જે સમજૂતી કરવામાં આવી તે વર્સેલ્સના શીશમહેલ (મિરર પેલેસ)માં કરવામાં આવી હોવાથી વર્સેલ્સની સંધિ તરીકે ઓળખાઈ. વર્સેલ્સની આ સંધિમાં ચાર પ્રકારની જોગવાઈઓ હતી : (1) પ્રાદેશિક વ્યવસ્થા (2) લશ્કરોમાં ઘટાડો અને નિઃશસ્ત્રીકરણ (3) યુદ્ધમાં વળતરના હપતાની ગોઠવણી અને યુદ્ધદંડ (4) અન્ય જોગવાઈઓ. આ સંધિમાં અમેરિકન પ્રમુખ વુડ્રો વિલ્સન, બ્રિટિશ વડાપ્રધાન લૉર્ડ જ્યોર્જ, ફ્રાન્સના વડા ક્લેમેન્સોએ અને ઇટાલીના ઓરલેન્ડોએ મહત્ત્વની કામગીરી કરી. આ યુદ્ધમાં જર્મનીને જવાબદાર ગણવામાં આવ્યું. જર્મની પર 6.5 અબજ પાઉન્ડનો યુદ્ધદંડ લાદવામાં આવ્યો. તેના રુહ્ર પ્રાંત જેવા પ્રદેશો ફ્રાન્સને આપવા પડ્યાં. તેની રહાઈન નદી આંતરરાષ્ટ્રીય જળમાર્ગ માટે ખુલ્લી મૂકવામાં આવી. ફ્રાન્સની સરહદે આવેલા રહાઇનલૅન્ડ પ્રદેશમાં કિલ્લેબંધી કરવાની મનાઈ ફરમાવવામાં આવી, તેમજ ખનીજ સમૃદ્ધ પ્રદેશ 15 વર્ષ માટે ફ્રાન્સને આપવામાં આવ્યો. તેના મોટા ભાગનાં સંસ્થાનો પડાવી લેવામાં આવ્યા. આલ્સેસ અને લોરેન્સ પ્રાંત ફ્રાન્સને પરત કરવામાં આવ્યા. આ ઉપરાંત દરવર્ષે મોટી માત્રામાં તેણે કોલસો અને લોખંડ ફ્રાન્સ અને મિત્ર રાષ્ટ્રોને યુદ્ધ વળતર તરીકે આપવાના હતા. આ તમામ શરતો ઉપર જર્મની પાસે બંદૂકની અણીએ બળજબરીથી સહી કરાવવામાં આવી. તેનાથી જર્મન પ્રજામાં હતાશા અને નિરાશા જન્મી. પરિણામે જર્મનીનું અર્થતંત્ર છિન્નભિન્ન થઈ ગયું.

**(5) દૂરગામી પરિણામ :** યુદ્ધમાં પરાજિત રાષ્ટ્રો સાથે સંધિ કરવામાં આવી તેમાં વેરની ભાવના હતી. તેનાથી જગતમાં શાંતિ સ્થાપી શકાઈ નહિ. સામ્યવાદી રશિયાને રાષ્ટ્રસંઘમાં સ્થાન ન આપ્યું. અમેરિકા રાષ્ટ્રસંઘમાં જોડાયું નહિ. તેથી જ દ્વિતીય વિશ્વયુદ્ધનું કારણ પ્રથમ વિશ્વયુદ્ધની શાંતિ પ્રક્રિયામાં જ સર્જન પામ્યું તેમ કહી શકાય.

## રશિયાની બૉલ્શેવિક ક્રાંતિ 1917

ઈ.સ. 1917માં રશિયામાં ક્રાંતિ થઈ તે વિશ્વના ઇતિહાસની એક અગત્યની ઘટના ગણાય છે. રાજકીય પરિબળોમાં રશિયાની પ્રજા ઝારશાહીના દમન નીચે કચડાતી હતી. રશિયામાં વંશપરંપરાગત આવનાર બધા જ ઝાર રાજાઓ આપખુદ અને નિરંકુશ શાસન ભોગવતા હતા. ઝારના શાસનમાં પ્રજાને કોઈ અધિકાર ન હતા. પ્રજા ઉપર આ રાજાઓની આપખુદ ઝારશાહી એટલી બધી કઠોર હતી કે જો કોઈ વ્યક્તિ અધિકારની માગણી કરે તો તેની ઉપર અત્યાચાર, દમન અને જુલ્મ ગુજારવામાં આવતો અથવા તો સાઈબિરિયાની હાડ થીજવી દે તેવી કાતિલ ઠંડીમાં મોકલવાની સજા કરવામાં આવતી. આ અનિયંત્રિત અને અત્યાચારી રાજાશાહી પ્રજા માટે દુ:ખ, ગરીબાઈ અને યાતનાઓનું કારણ બની ગઈ. રશિયાના ખેડૂતો, ખેતદાસો, મજૂરો પુષ્કળ કામ કરવા છતાં પણ તેમને પૂરતું વળતર મળતું ન હતું. તેમની સ્થિતિ કંગાળ બની હતી.

ફાધર ગૅપોન નામના પાદરીના નેતૃત્વ નીચે એક વિશાળ સરઘસ આકારે લોકો ઝારના નિવાસસ્થાન વિન્ટરપેલેસ ગયા (22મી જાન્યુઆરી, 1905 રવિવાર). આ તમામ લોકો નિ:શસ્ત્ર હતા. કેટલાકના હાથમાં ઝારની છબી હતી અને તેમાં 'રશિયાનો ગોરો નાનો પ્રભુ ઘણું જીવો' જેવાં સૂત્રો લખેલા હતા. આ નિર્દોષ લોકો પર ઝારના લશ્કર દ્વારા અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો. તેમાં હજારો નિર્દોષ લોકો મૃત્યુ પામ્યા અને જ્યાં ઝારનો મહેલ હતો તે સેન્ટ પિટ્સબર્ગનો બરફ લોહીથી લાલ થઈ ગયો, આ દિવસને ઇતિહાસમાં 'લોહિયાળ રવિવાર' તરીકે ઓળખવામાં આવે છે. આ અરસામાં રશિયા-જાપાન યુદ્ધ (1904-05)માં નાનકડા રાષ્ટ્ર જાપાને વિશાળકાય યુરોપિયન રાષ્ટ્ર રશિયાને આપેલી હારથી ઝારશાહીની નબળાઈઓ છતી થતાં રશિયાની મોટાભાગની પ્રજા ઉશ્કેરાઈ. રશિયન પ્રજાનો રોષ પારખી તેને શાંત કરવા જ્યારે વર્ષોથી નહિ બોલાવેલી ડુમા (DUMA ધારાસભા) બોલાવવાની જાહેરાત કરી. સમયાંતરે ચાર ડુમા બોલાવવામાં આવી; પરંતુ તે પ્રજાને સંતોષ પમાડે તેવાં પગલાં ભરે તે પહેલાં બરખાસ્ત કરવામાં આવી.

8મી માર્ચ, 1917ના દિવસે પેટ્રોગાર્ડના કચડાયેલા કામદારોએ હડતાળ પાડી ત્યારે આ ઘટનાને દબાવી દેવા માટે ઝારે લશ્કર મોકલ્યું; પરંતુ લશ્કરે ગોળીબાર કરવાની ના પાડી. પરિણામે ક્રાંતિનો આરંભ થયો. ઝારશાહીના પતન બાદ કેરેન્સ્કીના નેતૃત્ત્વાળી મેન્શેવિક પક્ષ (લઘુમતી)ના હાથમાં સત્તા આવી. ઝારશાહીનું પતન થતાં એક માત્ર લેનિન સિવાય રશિયાના તમામ લોકો ખુશ હતા; પરંતુ લેનિન કાર્લમાર્ક્સની વિચારસરણી પ્રમાણે શ્રમજીવીઓના વર્ચસ્વમાં માનતો હતો. જ્યારે મેન્શેવિક પક્ષમાં મધ્યમવર્ગના લોકો વર્ચસ્વ ધરાવતા હતા. પરિણામે તેણે બૉલ્શેવિકોને મેન્શેવિકોના વિરુદ્ધ ઉશ્કેરી નવેમ્બર 1917માં આખરી ક્રાંતિ કરી સત્તા હસ્તગત કરી જે સમાજવાદી બૉલ્શેવિક ક્રાંતિ તરીકે ઓળખાઈ.

આમ, ઝારશાહીનો 300 વર્ષ જૂનો તખ્તો હવે ઉખડી ગયો. 300 વર્ષના ઇતિહાસમાં રશિયા પ્રથમ વખત ઝાર વિનાનું બન્યું.

## વિશ્વશાંતિ માટેના પ્રયાસો

### રાષ્ટ્રસંઘ

વિશ્વયુદ્ધની ભયાનકતાએ વિશ્વના દેશોને વિશ્વશાંતિની અનિવાર્યતા સમજાવી અને તે માટે આંતરરાષ્ટ્રીય સંગઠનની આવશ્યકતા સમજાતાં વિશ્વશાંતિની દિશામાં સત્વરે અને સક્રિયપણે વિચારવાની ફરજ પડી. અમેરિકાના રાષ્ટ્રપતિ વુડ્રો વિલ્સને રાષ્ટ્રસંઘની સ્થાપનામાં વિશેષ યોગદાન આપ્યું હતું. વુડ્રો વિલ્સનના 14 મુદ્દાઓને આગળ ધરીને 'પેરિસ શાંતિ' પ્રક્રિયામાં 10 જાન્યુઆરી, 1920ના દિવસે રાષ્ટ્રસંઘની રચના કરવામાં આવી (The League of Nations).

### રાષ્ટ્રસંઘના ઉદ્દેશો

(1) આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીની જાળવણી.

(2) દરેક રાષ્ટ્રે અન્ય રાષ્ટ્રની અખંડિતતા જાળવવી.

(3) યુદ્ધનીતિનો ત્યાગ કરવો.

(4) આંતરરાષ્ટ્રીય સંબંધો વિકસાવવા.

(5) આંતરરાષ્ટ્રીય ઝઘડાઓનો શાંતિમય રીતે કે મધ્યસ્થી દ્વારા ઉકેલ લાવવો.

(6) જો કોઈ રાષ્ટ્ર રાષ્ટ્રસંઘ કે મધ્યસ્થીની અવગણના કરે તો 'બળવાખોર' રાષ્ટ્ર જાહેર કરવું.

વિશ્વશાંતિની સ્થાપના કરવા માટે સ્થપાયેલ રાષ્ટ્રસંઘ મહાસત્તાઓની સામ્રાજ્યવાદી નીતિને અંકુશમાં રાખી શક્યું નહિ અને 1939માં બીજા વિશ્વયુદ્ધની શરૂઆત થઈ.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ મુદ્દાસર લખો :**

(1) પશ્ચિમ યુરોપ, એશિયા અને આફ્રિકામાં સંસ્થાનો સ્થાપવાની પ્રક્રિયા વર્ણવો.

(2) પ્રથમ વિશ્વયુદ્ધ માટે જવાબદાર પરિબળો જણાવો.

(3) પ્રથમ વિશ્વયુદ્ધનાં પરિણામો લખો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) રશિયન ક્રાંતિ (2) પ્રથમ વિશ્વયુદ્ધની ઘટનાઓ (3) રાષ્ટ્રસંઘના ઉદ્દેશો

**3. કારણો આપો :**

(1) પ્રથમ વિશ્વયુદ્ધ પછી રાષ્ટ્રસંઘની સ્થાપના કરવામાં આવી.

(2) 22મી જાન્યુઆરી, 1905ના દિવસને રશિયાનો 'લોહિયાળ રવિવાર' તરીકે ઓળખવામાં આવે છે.

**4. નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો :**

(1) પ્રથમ વિશ્વયુદ્ધનાં બીજ કઈ સંધિમાં રોપાયાં હતાં ?

(A) વર્સેલ્સ (B) ફ્રેન્કફર્ટ

(C) ફ્રાન્સ અને બ્રિટનની સંધિ (D) જર્મની અને હંગેરીની સંધિ

(2) પ્રથમ વિશ્વયુદ્ધને અંતે કઈ સંધિ કરવામાં આવી ?

(A) વર્સેલ્સની સંધિ (B) ગુપ્તસંધિ

(C) લટેર્નની સંધિ (D) ફ્રેન્કફર્ટની સંધિ

(3) ફ્રેન્કફર્ટની સંધિમાં ફ્રાન્સે કયા પ્રદેશો ગુમાવ્યા હતા ?

(A) ડેન્ઝિંગ પ્રદેશો (B) આલ્સેસ અને લોરેન્સના પ્રદેશો

(C) પશ્ચિમ રશિયાના પ્રદેશો (D) ઇંગ્લૅન્ડના પ્રદેશો

•

# 3 નૂતન વિશ્વ તરફ પ્રયાણ

## બે વિશ્વયુદ્ધો વચ્ચેના વૈશ્વિક પ્રવાહો

પ્રથમ વિશ્વયુદ્ધ બાદ લોકોની આર્થિક અવદશા થઈ, તેને સુધારવામાં તત્કાલીન સરકારો નિષ્ફળ ગઈ. તેથી લોકોને લોકશાહીમાંથી વિશ્વાસ ઊઠી ગયો. કેટલાંક રાષ્ટ્રોમાં સરમુખત્યારશાહીનો ઉદય થયો. જેનાં પરિણામે દ્વિતીય વિશ્વયુદ્ધનું તે સર્જનાત્મક પરિબળ બન્યું હતું. આ સંદર્ભે અત્રે નીચેના ઘટનાક્રમનો અભ્યાસ કરીએ.

(1) ઇટાલીમાં - ફાસીવાદ (2) જર્મનીમાં - નાઝીવાદ (3) જાપાનમાં - લશ્કરવાદ (4) વૈશ્વિક મહામંદી - 1929-32

**(1) ઇટાલીમાં ફાસીવાદ :** પ્રથમ વિશ્વયુદ્ધમાં ઇટાલી વિજેતા રાષ્ટ્રોના પક્ષે હતું અને તેમના જ પક્ષે રહી યુદ્ધ લડ્યું. તેમાં ઇટાલીને 12 અબજ ડૉલરનો જંગી ખર્ચ થયો, 6 લાખ સૈનિકોની જાનહાનિ થઈ છતાં વિજેતા મિત્ર રાષ્ટ્રોએ મનગમતા પ્રદેશો લઈ લીધા અને ઇટાલીની ઉપેક્ષા થઈ તેથી ઇટાલી રોષે ભરાયું. ઇટાલીનો રાષ્ટ્રીય સ્વમાનભંગ થયો તે માટે ઇટાલીની સરકાર જ જવાબદાર છે તેમ માની ઇટાલીની જનતા રાષ્ટ્રીય અપમાનનો બદલો લેવા માંગતી હતી. ઇટાલીને આવા કપરા સંજોગોમાંથી ઉગારવા માટે બેનિટો મુસોલિનીએ ઇટાલીમાં 'ફાસિસ્ટ' પક્ષની સ્થાપના કરી. તેનું પ્રતીક 'લાકડાની ભારી અને કુહાડી' જે રોમન સમ્રાટની સર્વોપરિતાનું પ્રતિક છે તે અપનાવ્યુ હતું. ફાસીવાદ ઇટાલીના 'ફાસેજે' શબ્દમાંથી ઊતરી આવ્યો છે. ફાસેજેનો અર્થ બધી વસ્તુઓ પર રાજ્યોનો અધિકાર થાય છે. મુસોલિનીનો મુદ્રાલેખ હતો 'એક પક્ષ અને એક નેતા'. તેણે પોતાના પક્ષના સ્વયંસેવકોને લશ્કરી તાલીમ આપી. તેમનો ગણવેશ કાળા રંગનો હતો. મુસોલિનીએ સત્તા પર આવ્યા પછી ભૂમધ્ય સમુદ્રના રહ્‌ોડ્ઝ અને ડોડિકાનિઝ ટાપુઓ તુર્કી પાસેથી પડાવી લીધા. 1924માં અલ્બેનિયા, એબિસિનિયા અને ફ્યુમ બંદર જીતી લીધાં. આટલી સફળતા મેળવ્યા બાદ મુસોલિનીએ રાષ્ટ્રસંઘમાંથી છેડો ફાડી નાંખ્યો અને 'રોમ-બર્લિન-ટોકિયો' ધરીમાં તે જોડાયું. આમ, ઇટાલી દ્વિતીય વિશ્વયુદ્ધ માટેનું જવાબદાર પરિબળ બન્યું.

**(2) જર્મનીમાં નાઝીવાદ :** પ્રથમ વિશ્વયુદ્ધમાં જર્મનીની હાર થઈ. તે આર્થિક રીતે પડી ભાંગ્યું. પેરિસની શાંતિ પરિષદે વર્સેલ્સની સંધિ પર જર્મનીને સહી કરવાની ફરજ પાડી. આ અન્યાયી સંધિથી જર્મન પ્રજા અત્યંત ક્રોધિત હતી. ઍડોલ્ફ હિટલર 'રાષ્ટ્રીય સમાજવાદી જર્મન કામદાર પક્ષ'માં (1919) જોડાયો. આ પક્ષ 'નાઝી પક્ષ' તરીકે જાણીતો છે. નાઝીપક્ષની વિચારસરણીમાં રાષ્ટ્રવાદ અને સમાજવાદનો સમન્વય હતો. જર્મનીના રાષ્ટ્રપતિ હિન્ડેનબર્ગનું અવસાન થતાં, હિટલરે રાષ્ટ્રપતિ પદ ધારણ કરી જર્મનીમાં સરમુખત્યારશાહી સ્થાપી. હિટલરે ઉગ્ર અને આક્રમક નીતિ અપનાવી જર્મન પ્રજાને સંકુચિત રાષ્ટ્રવાદ તરફ દોરી. જર્મન પ્રજા હિટલરને ફ્યુહરર (તારણહાર) માનતી હતી.

નાઝીવાદના સૈનિકો ભૂરા રંગનો લશ્કરી પોશાક પહેરતા અને ખભા પર લાલ રંગની પટ્ટી ચોટાડતા અને સ્વસ્તિક 卐 જેવું પ્રતીક લગાવતા હતા. સત્તા પર આવ્યા પછી હિટલરનો એકહથ્થુ સત્તાવાદી અને યુદ્ધપ્રિય સ્વભાવ સ્પષ્ટપણે જોવા મળ્યો. તેનું મુખ્ય ધ્યેય જર્મનીના એક મહત્ત્વની સત્તા તરીકેના ઉદયનું હતું; પરંતુ તેની નીતિઓનું લક્ષ જર્મન જાતિના શુદ્ધીકરણના નામે યહૂદીઓ, જિપ્સીઓ અને માનસિક રીતે વિક્ષપ્ત (અસ્થિર) વ્યક્તિઓનો નાશ કરવાનું હતું, બીજા વિશ્વયુદ્ધના અંત સુધીમાં અસંખ્ય યુરોપિયન યહૂદીઓએ જીવ ખોયા, જે હોલોકાસ્ટ (નરસંહાર) તરીકે ઓળખાય છે. હિટલરનો વિસ્તારવાદ, પડોશી દેશો સાથેનાં લશ્કરી પગલાં અને ચોક્કસ જૂથનો નાશ કરવાની નીતિ બીજા વિશ્વયુદ્ધ તરફ દોરી જતાં ખૂબ મહત્ત્વનાં કારણો બન્યાં.

**(3) જાપાનમાં લશ્કરવાદ :** પ્રથમ વિશ્વયુદ્ધ બાદ 1919ની વર્સેલ્સની સંધિમાં જાપાનને પોતાની ધારણા મુજબના ચીનના પ્રદેશનો લાભ મળ્યો નહિ. જર્મનીનાં ઘણાં સંસ્થાનો ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સે વહેંચી લીધાં. આનાથી જાપાનને ઘણો અસંતોષ થયો. 1921-22ની વૉશિંગ્ટન પરિષદમાં ઇંગ્લૅન્ડ અને અમેરિકાના નૌકાદળના ફક્ત 35 % નૌકાદળ રાખવાની દરખાસ્ત જાપાનને સ્વીકારવી પડી. તેને સખાલીન અને સાઈબીરિયાના ટાપુ ખાલી કરવા પડ્યા. તેથી જાપાનનો યુવાવર્ગ નારાજ થયો. આ સમય દરમિયાન જાપાનમાં ચૂંટણી થઈ તેમાં લશ્કરી ઢબના શાસનની તરફેણ કરનારા પક્ષોને ચૂંટણીમાં બહુમતી મળી. જાપાનના લશ્કરી રાષ્ટ્રવાદે વિસ્તારવાદની નીતિ વ્યાપક બનાવી. જાપાનને રાષ્ટ્રસંઘની સમિતિમાં કાયમી સભ્યપદ ન મળ્યું. જાપાનની સામ્રાજ્યવાદી પ્રવૃત્તિઓને પશ્ચિમના દેશો રોકી શક્યા નહિ. જાપાને મંચુરિયા કબજે કરીને ત્યાં પોતાની મંચુકો સરકાર સ્થાપી (1932), તે ઉપરાંત જાપાને કોરિયા, મંગોલિયા, સાન્ટુંગ અને ચીનના કેટલાક પ્રદેશો કબજે કર્યા અને જર્મની તેમજ ઇટાલી સાથે સંબંધો

સુધારી પોતાનો સામ્રાજ્યવાદનો દોર છૂટો મૂક્યો. સમ્રાટ મેઇજી પછી 1936માં ગાદીએ આવેલ શહેનશાહ હીરોહીટોએ પણ જાપાનની આ પ્રવૃત્તિઓને ઉત્તેજન આપ્યું. આમ, જાપાને રાષ્ટ્રસંઘનો ત્યાગ કર્યો (1933).

**(4) વૈશ્વિક મહામંદી - 1929 :** યુરોપના મોટા ભાગનાં રાષ્ટ્રોના વડાઓને એવી ધારણા હતી કે પ્રથમ વિશ્વયુદ્ધના અંતે વિશ્વની યુદ્ધેતર સમસ્યાઓનો પણ અંત આવી જશે; પરંતુ આ ધારણા ખોટી પડી. એકાએક અમેરિકાના 'વૉલ સ્ટ્રીટ' શૅરબજારમાં ઘણા મોટા પ્રમાણમાં શૅર વેચાવા આવતાં શૅરની કિંમત અત્યંત ભયજનક રીતે ઘટવા માંડી તેથી વિવેચકોએ તેને 'વૉલસ્ટ્રીટ સંકટ'ના નામથી ઓળખાવી હતી (24 ઑક્ટોબર, 1929). આ સંકટે વિશ્વભરની આર્થિક સ્થિતિને ડામાડોળ કરી મૂકી હતી. જેમાંથી વૈશ્વિક મહામંદીનું સર્જન થયું હતું. વિશ્વનાં મોટા ભાગનાં રાષ્ટ્રો આ મહામંદીના પ્રભાવ નીચે આવી ગયા હતા. ગ્રેટ બ્રિટન જેવી મહાસત્તાને પણ પોતાના ચલણ પાઉન્ડ સામે અનામતરૂપે રખાતા સુવર્ણના જથ્થાની નીતિ ત્યજવી પડી. તેનો પ્રભાવ વિશ્વનાં અન્ય રાષ્ટ્રો અને આંતરરાષ્ટ્રીય વ્યાપાર-ઉદ્યોગ પર પડ્યો. અમેરિકા જેવાં સમૃદ્ધ રાષ્ટ્રોએ આર્થિક સ્થિતિની અવગણના કરીને પણ કડક નિયંત્રણો લાદવા પડ્યા. વિશ્વ વ્યાપાર ઘટીને અડધો થઈ જવા પામ્યો. આમ, દ્વિતીય વિશ્વયુદ્ધની રૂપરેખાનું સર્જન થયું.

## દ્વિતીય વિશ્વયુદ્ધ (1939-1945) — પરિબળો

પ્રથમ વિશ્વયુદ્ધના અંતે થયેલ વર્સેલ્સની સંધિમાં જ બીજા વિશ્વયુદ્ધ માટેનાં બીજ વવાઈ ગયાં હતાં. પેરિસની શાંતિ પ્રક્રિયાએ અનેક રાષ્ટ્રોને અસંતુષ્ટ કર્યાં હતાં. ત્યાર બાદ બનેલી ઘટનાઓ દ્વિતીય વિશ્વયુદ્ધ તરફ દોરી ગઈ.

તો વિદ્યાર્થીમિત્રો, ચાલો આપણે દ્વિતીય વિશ્વયુદ્ધ માટેનાં જવાબદાર પરિબળોનો અભ્યાસ કરીએ.

## દ્વિતીય વિશ્વયુદ્ધનાં પરિબળો

**(1) ઉગ્ર રાષ્ટ્રવાદ :** પ્રથમ વિશ્વયુદ્ધ પછી જર્મન, જાપાન અને ઇટાલીમાં ઉગ્ર રાષ્ટ્રવાદનો વિકાસ થયો. વર્સેલ્સની સંધિ જર્મની અને તેની પ્રજા ક્યારેય ભૂલી શકી ન હતી. પરિણામે જર્મનીમાં નાઝીવાદ વિચારસરણીને લીધે જ્યાં જ્યાં જર્મન પ્રજા વસતી હોય તે પ્રદેશ જર્મનીને મળવો જોઈએ તેમ કહી ઓસ્ટ્રિયા અને ઝેકોસ્લોવેકિયાના કેટલાક પ્રદેશો હિટલરે હડપ કરી લીધા હતા. વર્સેલ્સની સંધિમાં ઇટાલીની અવગણના થઈ હતી, તે તેની પ્રજા ભૂલી શકી ન હતી. ઇટાલીમાં મુસોલિનીએ 'ફાસિસ્ટ' પક્ષના નેતૃત્વ તળે ઉગ્ર રાષ્ટ્રવાદ શરૂ કરી સામ્રાજ્યવાદી નીતિ અપનાવી. બીજી બાજુ એશિયામાંથી જાપાને પણ સામ્રાજ્યવાદની દોડમાં ઝંપલાવ્યું હતું. આમ, વિશ્વશાંતિ જોખમરૂપ બની હતી.

**(2) જૂથબંધીઓ :** પ્રથમ વિશ્વયુદ્ધ બાદ ફ્રાન્સને હંમેશાં જર્મનીનો ભય રહેતો હોવાથી બેલ્જિયમ, પોલૅન્ડ, રૂમાનિયા તેમજ ઝેકોસ્લોવેકિયા સાથે મૈત્રી કરારો કર્યા.

- ઇટાલીએ ઝેકોસ્લોવેકિયા, યુગોસ્લાવિયા, રૂમાનિયા, હંગેરી, ગ્રીસ, તુર્કી અને ઓસ્ટ્રિયા સાથે કરાર કર્યા.
- રશિયાએ જર્મની, તુર્કી, લિથુઆનીયા અને ઈરાન સાથે કરાર કર્યા.
- ઇટાલીએ જર્મની અને જાપાનના સહયોગથી 'રોમ-બર્લિન-ટોકિયો' ધરીની રચના કરી.
- ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સે લોકશાહી મૂલ્યોવાળું બીજું જૂથ રચ્યું. જર્મનીએ રશિયા સાથે બિનઆક્રમક સંધિ કરી. આથી, વિશ્વમાં ભયનું સામ્રાજ્ય ઊભું થયું હતું. આ પરિબળે વિશ્વયુદ્ધને વેગ આપ્યો હતો.

**(3) લશ્કરવાદ :** પ્રથમ વિશ્વયુદ્ધ પછી શાંતિની જાળવણી કરવા માટે પ્રયાસો કરવામાં આવ્યા હતાં તેનાથી ઊલટું યુરોપનાં રાષ્ટ્રો શસ્ત્રીકરણની હરીફાઈ કરી રહ્યાં હતાં. યુરોપમાં દરેક રાષ્ટ્રોમાં માત્ર ને માત્ર શસ્ત્રોનું ઉત્પાદન વધ્યું. એકબીજાથી ચડિયાતાં યુદ્ધશસ્ત્રો બનાવવામાં આવ્યાં હતાં. રશિયા, જર્મની જેવા કેટલાંક રાષ્ટ્રોએ તો લશ્કરમાં ફરજિયાત તાલીમ શરૂ કરી. દરેક રાષ્ટ્રોએ નૌકાદળ, હવાઈદળ અને ભૂમિદળમાં વધારો કર્યો. પૂર્વમાં જાપાને લશ્કરી તાકાત વધારી. આખરે ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સ પણ પોતાની શસ્ત્ર સજ્જતામાં વધારો કરતાં દ્વિતીય વિશ્વયુદ્ધનાં નગારાં વાગવાં લાગ્યાં હતા.

**(4) રાષ્ટ્રસંઘની નિષ્ફળતા :** પ્રથમ વિશ્વયુદ્ધ બાદ વિશ્વમાં શાંતિ માટે રાષ્ટ્રસંઘની સ્થાપના કરવામાં આવી; પરંતુ રાષ્ટ્રસંઘ પાસે વિશ્વનાં રાષ્ટ્રો ઉપર સાર્વભૌમત્વ ધરાવતી સર્વોપરી સંસ્થા બની શકી ન હતી, કે તેની પાસે પોતાના આદર્શોનું પાલન કરાવવા માટે પોતાનું લશ્કર ન હતું. સભ્યરાષ્ટ્રો રાષ્ટ્રસંઘ પાસે પોતાનો ઝઘડો લાવવા કે તેનો ચુકાદો માન્ય રાખવા બંધાયેલા ન હતાં. કેટલાંક રાષ્ટ્રો તો રાષ્ટ્રસંઘમાંથી બહાર નીકળી ગયાં હતાં. શરૂઆતમાં રશિયા અને જર્મનીએ રાષ્ટ્રસંઘનો સાથ છોડી

દીધો ત્યાર પછી ઇટાલી અને જાપાન તેની બહાર નીકળી ગયા હતા, કારણ કે ઇટાલીએ એબિસિનિયાની આઝાદી ઝૂંટવી લીધી, જાપાને મંચુરિયા પર આક્રમણ કર્યું, જર્મનીએ ઝેકોસ્લોવેકિયાના કેટલાક પ્રદેશો હડપ કરી લીધા છતાંય રાષ્ટ્રસંઘ તેને અટકાવી શક્યો નહિ. જુદાં જુદાં રાષ્ટ્રોની સત્તાલાલસા અથવા સત્તાભક્તિ રાષ્ટ્રસંઘમાં બળવાન બની. રાષ્ટ્રસંઘ જૂથબંધી અટકાવી શક્યો નહિ. રાષ્ટ્રસંઘની આ સૌથી મોટી નિષ્ફળતા હતી.

**(5) વર્સેલ્સની સંધિ :** પ્રથમ વિશ્વયુદ્ધને અંતે પેરિસ શાંતિ પ્રક્રિયામાં વર્સેલ્સની સંધિ કરવામાં આવી. તેમાં જર્મનીને જવાબદાર ગણવામાં આવ્યું. તેથી યુદ્ધદંડ પેટે 6.5 અબજ પાઉન્ડની મોટી રકમ આપવી પડી. તેના રુહરપ્રાંત જેવા પ્રદેશો પડાવી લેવામાં આવ્યા. જર્મનની રહાઈન નદી આંતરરાષ્ટ્રીય જળમાર્ગ માટે ખુલ્લી મૂકવામાં આવી. આમ, અપમાનજનક અને અન્યાયી સંધિ જર્મની પર ઠોકી બેસાડવામાં આવી. જર્મનીના સરમુખત્યાર ઍડોલ્ફ હિટલરે વર્સેલ્સની સંધિને ‘કાગળનું ચીંથરું’ કહીને ફગાવી દેવાની હાકલ કરી. તેથી જર્મનીની પ્રજાને યુદ્ધનું પ્રોત્સાહન મળ્યું. બીજી બાજુ જાપાનને પણ આ સંધિથી અસંતોષ હતો. આમ, વર્સેલ્સની સંધિથી કોઈ ને કોઈ પ્રકારે કેટલાંક રાષ્ટ્રોને અન્યાય થયો માટે વર્સેલ્સની સંધિમાં જ બીજા વિશ્વયુદ્ધનાં બીજ રોપાયાં હતાં.

**(6) ઍડોલ્ફ હિટલરની સામ્રાજ્યવાદી મહત્ત્વાકાંક્ષા :** હિટલર બીજા વિશ્વયુદ્ધના પાયામાં હતો. તે ઉગ્ર રાષ્ટ્રવાદી અને સૈનિકવાદી માનસ ધરાવતો હતો, માટે તે કોઈ પણ હિસાબે જર્મનીની એકતા, સ્થિરતા અને સમૃદ્ધિ ચાહતો હતો. હિટલરના સામ્રાજ્યવાદનો સૌ પહેલો શિકાર ઓસ્ટ્રિયા બન્યું.

હિટલરે જર્મન સેના સાથે ઓસ્ટ્રિયામાં પ્રવેશ કર્યો હતો (12 માર્ચ, 1938).

મ્યુનિચ સંમેલન પછી બીજા જ દિવસે ઝેકોસ્લોવેકિયા પર કબજો કર્યો હતો (1 ઑક્ટોબર, 1938). ત્યાર બાદ માર્ચ, 1939 લિથુઆનિયાના મેમેલ (Mamal) બંદર પર કબજો લીધો હતો (માર્ચ, 1939). આમ, વિશાળ જર્મન રાષ્ટ્રનું તેણે સર્જન કર્યું. હિટલરની સામ્રાજ્યવાદી નીતિ દ્વિતીય વિશ્વયુદ્ધ માટે મુખ્ય જવાબદાર હતી.

**(7) જર્મનીનું પોલૅન્ડ પર આક્રમણ તાત્કાલિક પરિબળ :** ઉપર્યુક્ત તમામ પરિબળોએ સમગ્ર વિશ્વને દારૂગોળાના મોટા ઢગ પર લાવીને બેસાડી દીધું હતું. એક નાનકડી ચિનગારી વિશ્વમાં ભયાનક વિસ્ફોટ કરી શકે તેમ હતી અને આ ચિનગારી ચાંપવાનું કામ જર્મનીએ શાંત પોલૅન્ડ પર આક્રમણ કર્યું (1 સપ્ટેમ્બર, 1939ની વહેલી પરોઢે). તેથી દ્વિતીય વિશ્વયુદ્ધનો પ્રારંભ થયો હતો. બ્રિટન અને ફ્રાન્સે જર્મનીને આ યુદ્ધ તાત્કાલિક બંધ કરી દેવા ચેતવણી આપી પણ જર્મનીએ તેની ઉપેક્ષા કરી તેથી બ્રિટન અને ફ્રાન્સે આ યુદ્ધમાં ઝંપલાવ્યું. પરિણામે સમગ્ર વિશ્વમાં દ્વિતીય મહાયુદ્ધની જ્વાળાઓ ફેલાઈ.

## દ્વિતીય વિશ્વયુદ્ધની રૂપરેખા

દ્વિતીય વિશ્વયુદ્ધ શરૂ થતાં. ફરીથી વિશ્વ બે જૂથોમાં વહેંચાઈ ગયું. એક તરફ ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સની આગેવાનીવાળું ‘મિત્રરાષ્ટ્રો’નું જૂથ હતું. બીજી બાજુ જર્મની, ઇટાલી અને જાપાન જેવાં ‘ધરીરાષ્ટ્રો’નું જૂથ હતું. આ ઉપરાંત યુદ્ધખોર માનસ ધરાવતા બીજાં કેટલાંક પરિબળો તેમાં પ્રવેશ્યા હતાં. જાપાને હવાઈ ટાપુઓમાં પર્લહાર્બર ખાતે આવેલા અમેરિકન નૌકાદળ પર આક્રમણ કર્યું. પરિણામે તટસ્થનીતિ છોડી અમેરિકાએ વળતો હુમલો કર્યો. તે મિત્રરાષ્ટ્રોના પક્ષે જોડાયું. તેથી મિત્રરાષ્ટ્રોની તાકાતમાં વધારો થયો. જ્યારે વિશ્વયુદ્ધ ઘમસાણ ચાલતું હતું તેમાં જાપાનની તાકાતને રોકવા અમેરિકાએ જાપાનના હિરોશિમા અને નાગાસાકી એમ બે નગરો પર અણુબૉમ્બ ફેંકતાં જાપાનના એક લાખ ચોવીસ હજારથી વધુ નાગરિકોનો ભોગ લેવાયો અને મહાવિનાશ સર્જાયો. પરિણામે જાપાને શરણાગતિ સ્વીકારી (11 ઑગસ્ટ, 1945) અને દ્વિતીય મહાવિશ્વયુદ્ધનો અંત આવ્યો હતો.



3.1 હિરોશિમા પર અણુબૉમ્બનો પ્રહાર

### દ્વિતીય વિશ્વયુદ્ધનાં પરિણામો – તાત્કાલિક પરિણામો

**(1) આર્થિક પરિણામો :** આ મહાયુદ્ધથી વિશ્વમાં ભયંકર વિનાશ સર્જાયો હતો. દ્વિતીય વિશ્વયુદ્ધમાં ભાગ લેનાર તમામ રાષ્ટ્રોને પુષ્કળ ખર્ચ થયો હતો. અમેરિકાએ 350 અબજ ડૉલર અને બીજાં રાષ્ટ્રોએ 1 અબજ ડૉલર કરતાં વધારે ખર્ચ કર્યો. એટલી જ કીમતી સંપત્તિનો નાશ થયો હતો. ઇંગ્લૅન્ડે બે હજાર કરોડની મિલકત ગુમાવી અને જર્મનીની તો કલ્પના જ કરવી રહી ! દ્વિતીય વિશ્વયુદ્ધ માટે વિશ્વનાં રાષ્ટ્રોએ યુદ્ધમાં ઉપયોગી શસ્ત્રસરંજામના ઉત્પાદનને વધારે મહત્ત્વ આપ્યું હતું. તેથી જીવન-જરૂરિયાતની ચીજવસ્તુઓની અછત ઊભી થઈ, ઉત્પાદન ઘટ્યું, ફુગાવો વધ્યો, લોકોને રોજીરોટીની મુશ્કેલી પડવા લાગી. બજારોમાં જરૂરી માલની તંગી પડવા લાગી. લોકોનું આર્થિક જીવન અસ્ત-વ્યસ્ત થયું હતું. પરિણામે વિશ્વનાં રાષ્ટ્રો મહામંદીમાં ધકેલાયા અને વિશ્વના રાજકારણમાં અને અર્થકારણમાં યુગપ્રવર્તક ફેરફારો થયા હતા.

**(2) ચીનમાં સામ્યવાદની સ્થાપના :** રશિયામાં થયેલ બોલ્શેવિક ક્રાંતિ (1917) એ સામ્યવાદી ધોરણે ભાવિ વિકાસ પણ ઝડપથી કંડારી જે પ્રગતિ હાંસલ કરી તેનાથી વિશ્વભરનાં ઘણાં રાષ્ટ્રો પ્રભાવિત થયા હતાં. ચીન પણ પ્રભાવિત થયેલ. દ્વિતીય વિશ્વયુદ્ધ પછી જાપાનની શક્તિ ક્ષીણ થઈ હતી. આ સંજોગોમાં ચીન પરનો તેનો પ્રભાવ ઓસરી ગયો. તેનો લાભ લઈ ત્યાં માઓ-ત્સે-તુંગના નેતૃત્વ તળે ચીનમાં થયેલ ક્રાંતિને અંતે સામ્યવાદી શાસનની સ્થાપના થઈ. (1949).

**(3) ઠંડું યુદ્ધ (Cold War)નો જન્મ–દૂરગામી પરિણામો :** દ્વિતીય વિશ્વયુદ્ધ બાદ વિશ્વ અમેરિકા અને રશિયા એમ બે મહાસત્તાઓમાં વહેંચાઈ ગયું હતું. યુદ્ધ દરમિયાન બંને રાષ્ટ્રો મિત્રો હતાં. યુદ્ધ પછી બંને વચ્ચે મતભેદો વધતા ગયા. આમ, લોકશાહી દેશ અમેરિકા અને સામ્યવાદી દેશ રશિયા પરસ્પર વિરોધી જૂથો ઊભા થયા હતા. આ બંને જૂથોમાં વિશ્વનાં અન્ય નાનાં રાષ્ટ્રો પોતાની અનુકૂળતા મુજબ જોડાયાં. બંને જૂથોએ એકબીજાના મતનું ખંડન અને પોતાના મતના સમર્થન માટે જે વાક્ યુદ્ધો અને વિચાર યુદ્ધો આદર્યાં, તેણે શસ્ત્ર વગરના ઠંડાયુદ્ધની સ્થિતિનું સર્જન કર્યું. તેથી ઘણીવાર ત્રીજું વિશ્વયુદ્ધ થવાની સ્થિતિ સર્જાતાં રહી ગઈ હતી.

### સંયુક્ત રાષ્ટ્રો



3.2 સંયુક્ત રાષ્ટ્રોનું પ્રતીક

પ્રથમ વિશ્વયુદ્ધને અંતે વિશ્વમાં આંતરરાષ્ટ્રીય શાંતિ સ્થાપવાના હેતુથી રાષ્ટ્રસંઘની સ્થાપના કરવામાં આવી હતી; પરંતુ દ્વિતીય વિશ્વયુદ્ધ થયું. અર્થાત્ રાષ્ટ્રસંઘ નિષ્ફળ ગયો. દ્વિતીય વિશ્વયુદ્ધ પૂરું થતાં વિશ્વમાં ફરી એકવાર શાંતિ, સલામતી અને

સહઅસ્તિત્વના હેતુથી સંયુક્ત સંઘ (સંયુક્ત રાષ્ટ્રો U.N.)ની સ્થાપના કરવામાં આવી (24 ઓક્ટોબર, 1945) તેનું કાર્યાલય ન્યૂયોર્કમાં રાખવામાં આવ્યું હતું.



3.3 સંયુક્ત રાષ્ટ્રોનું વડું મથક, ન્યૂયૉર્ક

સંયુક્ત રાષ્ટ્રોની સ્થાપના માટે બીજા વિશ્વયુદ્ધમાં અમેરિકા જોડાયું ત્યારથી જ તેના આ દિશામાં પ્રયત્નો ચાલુ હતા. માનવ સ્વાતંત્ર્ય, શાંતિ અને સલામતી હેતુસર અમેરિકાના પ્રમુખ રૂઝવેલ્ટે અમેરિકન કૉંગ્રેસ (સંસદ)ને સંદેશો આપતાં મહત્ત્વની ચાર સ્વતંત્રતાઓની ઘોષણા કરી :

(1) વિચાર અને વાણી સ્વાતંત્ર્ય (2) ધાર્મિક સ્વાતંત્ર્ય (3) આર્થિક સ્વાતંત્ર્ય અને (4) ભયમાંથી મુક્તિના અધિકારોનો સમાવેશ કરવામાં આવ્યો.



3.4 સંયુક્ત રાષ્ટ્રોનો ધ્વજ

આ પછી પ્રમુખ રૂઝવેલ્ટ અને બ્રિટનના વડાપ્રધાન ચર્ચિલે એટલેન્ટિક મહાસાગરના એક જહાજ પર આઠ મુદ્દાઓનું ખતપત્ર તૈયાર કર્યું, જે પાછળથી 'એટલેન્ટિક ખતપત્ર' તરીકે ઓળખાયું. ખતપત્રમાં દરેક રાષ્ટ્રના સ્વાતંત્ર્ય અને સાર્વભૌમત્વની જાળવણી કરવી, શાંતિ, સલામતી, સામાજિક અને આર્થિક કલ્યાણ અને નિઃશસ્ત્રીકરણની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ બ્રિટન, અમેરિકા, રશિયા અને ચીનના વિદેશ પ્રધાનો, વિશ્વશાંતિ માટે મોસ્કો ખાતે ભેગા મળ્યા (1943ના ઑક્ટોબર). જે મોસ્કો જાહેરાત તરીકે જાણીતી થઈ હતી. 1943 નવેમ્બરમાં તહેરાનમાં ત્રણ માંધાતાઓની પરિષદ મળી. વૉશિંગ્ટન ખાતે 50 રાષ્ટ્રોના પ્રતિનિધિઓએ સંયુક્ત રાષ્ટ્રોનું ખતપત્ર તૈયાર કર્યું (1944 સપ્ટેમ્બર). 24 ઓક્ટોબર, 1945ના રોજ 51 સભ્યરાષ્ટ્રો દ્વારા સંયુક્ત રાષ્ટ્રોની સ્થાપનાની જાહેરાત થઈ. તેમાં ભારતનો પણ સમાવેશ થાય છે. ત્યારથી શરૂ કરીને આજ પર્યંત 24 ઓક્ટોબરનો દિવસ યુ.એન. દિવસ (United Nations Day) તરીકે વિશ્વભરમાં ઊજવવામાં આવે છે. હાલ સંયુક્ત રાષ્ટ્રોમાં 193 રાષ્ટ્રો સભ્ય તરીકે છે.

## સંયુક્ત રાષ્ટ્રોનાં અંગો

સંયુક્ત રાષ્ટ્રોએ તેના ઉદ્દેશો સિદ્ધ કરવા જે તંત્ર ગોઠવ્યું છે તેનાં મુખ્ય 6 અંગો છે જે નીચે મુજબ છે :

1. સામાન્યસભા 2. સલામતી સમિતિ 3. આર્થિક અને સામાજિક સમિતિ 4. વાલી સમિતિ 5. આંતરરાષ્ટ્રીય અદાલત 6. સચિવાલય.

આ અંગો પૈકી આંતરરાષ્ટ્રીય અદાલત નેધરલૅન્ડના હેગ શહેરમાં આવેલી છે. તે સિવાયની અન્ય સમિતિઓની મુખ્ય કચેરીઓ અમેરિકાના ન્યૂયૉર્ક શહેરમાં છે.

## સંયુક્ત રાષ્ટ્રોનાં અંગોનાં કાર્યો

**(1) સામાન્ય સભા :** સંયુક્ત રાષ્ટ્રોનું સૌથી મોટું અંગ છે સામાન્ય સભા તે બધાં સભ્ય રાષ્ટ્રોના પ્રતિનિધિઓની બનેલી છે. તેમાં દરેક રાષ્ટ્ર વધુમાં વધુ પાંચ પ્રતિનિધિઓ મોકલી શકે છે; પરંતુ મતદાન વખતે દરેક રાષ્ટ્રનો એક જ મત ગણવામાં આવે છે. તે (1) આંતરરાષ્ટ્રીય સંબંધોને લગતી કોઈ પણ બાબત પર ચર્ચા, સલાહ, સૂચનો કે ભલામણો કરી શકે છે.




3.5 સામાન્ય સભાનો સભાખંડ

(2) મહામંત્રી દર વર્ષે જે અંદાજપત્ર રજૂ કરે તે મંજૂર કરવું તથા તેના ખર્ચની રકમની ફાળવણી કરવી (3) રાષ્ટ્રોના આર્થિક વિકાસ, માનવ અધિકાર, નિશસ્ત્રીકરણ કે સાંપ્રત આંતરરાષ્ટ્રીય પ્રશ્નોનું નિરાકરણ લાવવા પ્રયાસ કરે છે. (4) સામાન્ય બાબતોમાં નિર્ણય $\frac{2}{3}$ સભ્યોની બહુમતીથી લેવાય છે.

**(2) સલામતી સમિતિ :** સંયુક્ત રાષ્ટ્રોનું સૌથી મહત્ત્વનું અંગ છે. તેમાં અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, રશિયા અને ચીન આ પાંચ કાયમી સભ્યો છે. બાકી 10 બિનકાયમી સભ્યો છે. આ સમિતિને આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવા માટે અત્યંત વિશાળ સત્તાઓ આપવામાં આવી છે.

રાષ્ટ્રોના કોઈ પણ ઝઘડાના ઉકેલ માટે વાટાઘાટો, તપાસ અને મધ્યસ્થી દ્વારા શાંતિમય રીતે પ્રશ્નો હલ કરે છે. કોઈ પણ આંતરરાષ્ટ્રીય અગત્યની બાબતમાં નિર્ણય લેવા માટે પાંચ કાયમી સભ્યોમાંથી કોઈ પણ એક મત હકારાત્મક ન હોય તો તે બાબત પર નિર્ણય લઈ શકાતો નથી. પાંચ કાયમી સભ્ય રાષ્ટ્રોની આ સત્તાને 'વીટો' (Veto) નિષેધાધિકાર કહે છે. રશિયાએ વીટોનો સૌથી વધુ વખત ઉપયોગ કર્યો છે.




3.6 ઈ.સ. 2006 સુધી કાયમી સભ્ય રાષ્ટ્રો દ્વારા 'વીટો પાવર'નો કરેલા ઉપયોગનો ચાર્ટ

**(3) આર્થિક અને સામાજિક સમિતિ :** આ સમિતિને ઈકોસોક (Ecosoc) પણ કહે છે. તેમાં 54 સભ્યો છે. સામાન્ય સભા તેના નિવૃત્ત થતાં $\frac{2}{3}$ સભ્યોને ત્રણ વર્ષ માટે ચૂંટે છે. આ સમિતિ ધર્મ, જાતિ, પ્રદેશ કે ભેદભાવ વગર વિશ્વનાં રાષ્ટ્રની પ્રજાઓનું જીવનધોરણ ઊંચું લાવવાનો પ્રયત્ન કરે છે. આ સમિતિ અને તેની પેટા સમિતિઓ વિશ્વભરમાં કાર્ય કરે છે.

- **WHO વિશ્વ આરોગ્ય સંસ્થા :** વિશ્વના માનવીઓનું સ્વાસ્થ્ય સુધારણાનું કાર્ય કરે છે.
- **IMF આંતરરાષ્ટ્રીય બૅન્ક તથા નાણાં ભંડોળ :** નાણાકીય સ્થિરતા સ્થાપવાનું કાર્ય કરે છે.



3.7 FAO




3.8 ILO



3.9 UNICEF




3.10 UNESCO

- **FAO આંતરરાષ્ટ્રીય ખાદ્ય અને કૃષિ સંસ્થા :** તે ખેતપેદાશ, જંગલો અને માછલીઓનું ઉત્પાદન વધારવા, પોષણનું ધોરણ ઊંચું લાવવા સહાય કરે છે.
- **ILO આંતરરાષ્ટ્રીય મજદૂર સંસ્થા :** વિશ્વના મજદૂરના હકો અને ન્યાય આપવાનું કાર્ય કરે છે.
- **(UNICEF) બાળકો માટેનું આકસ્મિક મદદ ભંડોળ :** વિશ્વનાં બાળકોનું સ્વાસ્થ્ય સુધારવા પૌષ્ટિક ખોરાક, શિક્ષણ અને બાળકલ્યાણની પ્રવૃત્તિઓ કરે છે.
- **UNESCO શૈક્ષણિક-વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંસ્થા :** આ સંસ્થા નિરક્ષરતા નિવારણ, શિક્ષણ દ્વારા માનવીનું જીવનધોરણ ઊંચું લાવવું, ન્યાય આપવો, શિક્ષણ, વિજ્ઞાન અને સાંસ્કૃતિક સાધનો દ્વારા રાષ્ટ્રો રાષ્ટ્રો વચ્ચે સહકાર વધારવાનું કાર્ય કરે છે.

આ ઉપરાંત તેની પેટા સંસ્થાઓ અને પ્રાદેશિક સમિતિઓ પણ છે, જે વિવિધ કાર્યો કરે છે.

**(4) વાલી સમિતિ :** આ સમિતિમાં પાંચ કાયમી સભ્યરાષ્ટ્રો હોય છે. તેમને સામાન્ય સભા પસંદ કરે તે દેશોના પ્રતિનિધિઓ હોય છે. અગાઉ વાલીપણા (મેન્ડેટ) હેઠળ જે પ્રદેશો હતા, તેમજ જે પ્રદેશોને સ્વતંત્રતા મળી ન હતી તેવા અને દ્વિતીય વિશ્વયુદ્ધમાં પરાજિત થયેલ પ્રદેશોની દેખરેખ માટે તેમજ તેમના સામાજિક, આર્થિક, રાજકીય જેવી તમામ બાબતોનો વિકાસ થાય તે જોવાની ફરજ વાલી સમિતિની છે.

**(5) આંતરરાષ્ટ્રીય અદાલત :** તેનું મુખ્ય મથક નેધરલૅન્ડના હેગ શહેરમાં છે. તેમાં 15 ન્યાયમૂર્તિઓ હોય છે. 9 વર્ષ માટે તેઓ નિયુક્ત થાય છે. કોઈ પણ બે રાષ્ટ્રો વચ્ચેના વિખવાદોનો નિકાલ કરે છે. રાષ્ટ્રો રાષ્ટ્રો વચ્ચેનો ઝઘડો અદાલત સમક્ષ રજૂ કરવામાં આવે તો તેને ચુકાદો આપે છે અને કાયદાવિષયક સલાહ આપવાનું કાર્ય કરે છે.

**(6) સચિવાલય :** સંયુક્ત રાષ્ટ્રોના મહામંત્રીની કચેરીને સચિવાલય કહે છે. સામાન્ય સભા તેના મહામંત્રીની નિમણૂક પાંચ વર્ષ માટે કરે છે. મહામંત્રીને કાર્યોમાં મદદ કરવા માટે મંત્રીઓ, વ્યવસ્થાપકો, મદદનીશો, ભાષાંતરકારો અને નિષ્ણાતોનો સમાવેશ કરવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્રોનું સચિવાલય ન્યૂયોર્કમાં છે. વિશ્વમાં શાંતિ સ્થપાય, વિશ્વ એકતા અને વિશ્વબંધુત્વનું સ્વપ્ન સાકાર બને તે માટે સંયુક્ત રાષ્ટ્રો પ્રયત્નશીલ છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ મુદ્દાસર લખો :**

(1) વૈશ્વિક મહામંદી (1929-32)ના ઉદ્ભવની અસરો જણાવો.

(2) દ્વિતીય વિશ્વયુદ્ધના ઉદ્ભવ માટેનાં જવાબદાર પરિબળોની ચર્ચા કરો.

(3) દ્વિતીય વિશ્વયુદ્ધનાં પરિણામો લખો.

**2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો :**

(1) સંયુક્ત રાષ્ટ્રોની સ્થાપના શા માટે કરવામાં આવી ?

(2) સંયુક્ત રાષ્ટ્રોના અંગ તરીકે આર્થિક-સામાજિક સમિતિની સમજ આપો.

**3. ટૂંક નોંધ લખો :**

(1) સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભા (2) સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિ

**4. એક વાક્યમાં જવાબ આપો :**

(1) દ્વિતીય વિશ્વયુદ્ધ થવા પાછળ કઈ સંધિ જવાબદાર હતી ?

(2) જર્મન સરમુખત્યાર કોણ હતો ?

(3) ઇટાલીના સરમુખત્યારનું નામ આપો.

(4) દ્વિતીય વિશ્વયુદ્ધનું તાત્કાલિક કારણ જણાવો.

(5) સંયુક્ત રાષ્ટ્રોનું મુખ્ય કાર્યાલય ક્યાં આવેલ છે ?

(6) 'ઠંડું યુદ્ધ' એટલે શું ?

**5. નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો :**

(1) જર્મનીમાં નાઝીવાદનો સ્થાપક કોણ હતો ?

(A) હિટલર (B) મુસોલિની (C) લેનિન (D) એક પણ નહિ

(2) વિશ્વના માનવીઓનું સ્વાસ્થ્ય સુધારણાનું કાર્ય કોણ કરે છે ?

(A) WHO (B) IMF (C) FAO (D) ILO

(3) નીચેનામાંથી સાચું વિધાન શોધીને લખો :

(A) જર્મનીમાં ફાસીવાદનો ઉદય થયો હતો.

(B) મુસોલિની જર્મનીનો લીડર હતો.

(C) નાઝીપક્ષનું પ્રતીક 'લાકડાની ભારી અને કુહાડી' હતું.

(D) મુસોલિનીએ ઇટાલીમાં ફાસીવાદની સ્થાપના કરી.

### શિક્ષક-વિદ્યાર્થી પ્રવૃત્તિ

- વિશ્વના રેખાંકિત નકશામાં દ્વિતીય વિશ્વયુદ્ધમાં જોડાયેલા તમામ દેશો દર્શાવવા અને તે દેશોનાં નામની યાદી બનાવવી.
- વિશ્વ સંસ્થાઓના દેશો અને તેમનાં પ્રતીકોનો ચાર્ટ બનાવો.
- સંયુક્ત રાષ્ટ્રોના મહામંત્રીઓની યાદી બનાવવી.

# 4 ભારતની રાષ્ટ્રીય ચળવળો

## પ્રસ્તાવના

ભારતના વસવાટ દરમિયાન બ્રિટિશરોએ ભારતની રાજકીય પરિસ્થિતિથી પરિચિત થયા. ભારતની રાજકીય ખટપટો અને આંતરિક નબળાઈનો લાભ ઉઠાવી, બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ઈ.સ. 1757માં બંગાળામાં પગપેસારો કરી, ઈ.સ. 1857ના સંગ્રામ સુધીનાં 100 વર્ષના શાસનકાળ દરમિયાન ભારત પર પોતાનું આધિપત્ય જમાવી દીધું. અંગ્રેજોએ પોતાનું આધિપત્ય જળવાઈ રહે તે માટે દેશમાં મજબૂત વહીવટી માળખાનો ધીરે-ધીરે વિકાસ કર્યો. અંગ્રેજોએ સ્થાપેલા વહીવટી માળખા દ્વારા દેશમાં સમાન કાયદા, સમાન વહીવટ અને બ્રિટિશ પ્રણાલિકા અનુસારનું ન્યાયતંત્ર અમલમાં આવ્યું. આમ છતાં ભારતમાં રહેનારા અંગ્રેજોએ ઇંગ્લૅન્ડને વધુ લાભ થાય તેવા કાયદા અને વહીવટની સ્થાપના કરી. અંગ્રેજોએ ભારતના ભોગે ઇંગ્લૅન્ડને સમૃદ્ધ બનાવી ભારતનું સૌથી વધુ આર્થિક શોષણ કર્યું.

## 1857નો સંગ્રામ

ભારતમાં 1857નો સ્વાતંત્ર્ય સંગ્રામ થવા માટે રાજકીય અસંતોષ, આર્થિક શોષણ, સામાજિક અને ધાર્મિક પરિબળો, લશ્કરી પરિબળ તેમજ તાત્કાલિક પરિબળ જેમાં એન્ફિલ્ડ રાઈફલને લશ્કરમાં દાખલ કરવાની નીતિ જવાબદાર હતી. સંગ્રામનો પ્રથમ શહીદ મંગળ પાંડે હતો. આ સંગ્રામમમાં નાનાસાહેબ, તાત્યા ટોપે, રાજા કુંવરસિંહ, રાણી લક્ષ્મીબાઈ, બહાદુરશાહ ઝફર વગેરે સંગ્રામકારીઓ સામેલ થયા હતા, 1857ના સંગ્રામનાં ઘણાં પરિણામો અને અસરો ઊભી થઈ જેમાં ભારતમાં કંપની શાસનનો અંત અને બ્રિટિશ તાજના શાસનની શરૂઆત (રાણી વિક્ટોરિયાનો ઢંઢેરો) વહીવટી, લશ્કરી, સામાજિક, ધાર્મિક નીતિમાં બદલાવ વગેરેનો સમાવેશ કરી શકાય. 1857નો સંગ્રામ નિષ્ફળ જવા માટે નિર્ધારિત સમય કરતા વહેલી શરૂઆત, કેન્દ્રિય નેતાગીરીની ઊણપ, અપૂરતા અને પછાત શસ્ત્રો, સંગ્રામકારીઓમાં રાષ્ટ્રીય ભાવના કરતાં પોતાના અંગત સ્વાર્થને પ્રાધાન્ય, યોગ્ય અને સંગઠિત નેતૃત્વનો અભાવ જેવાં કારણો જવાબદાર હતાં. જેનો વિસ્તૃત અભ્યાસ તમે અગાઉના ધોરણમાં કરી ગયાં છો.

## બહિષ્કાર અને સ્વદેશી ચળવળ

ભારતની રાષ્ટ્રીય ચળવળોમાં એ એક મહત્ત્વનો બનાવ હતો, બંગભંગના આંદોલન (1905)ની સાથે સાથે બહિષ્કાર અને સ્વદેશી ચળવળનો. અંગ્રેજોની કૂટનીતિના પરિણામરૂપ 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિને લીધે. બહિષ્કાર અને સ્વદેશી ચળવળને વેગ મળ્યો.

બ્રિટિશ શાસન સમયે બંગાળ એ સૌથી મોટો પ્રાંત હતો. જેમાં આજના બંગાળ, બિહાર અને ઓરિસ્સાનો સમાવેશ થતો હતો. ભારતના બીજા પ્રદેશો કરતાં બંગાળ રાષ્ટ્રીય ચેતનાનું કેન્દ્રબિંદુ હતું. રાષ્ટ્રીય ચળવળનો વેગ અને વિચાર બંગાળમાંથી મળતો. વળી, 1857ના સંગ્રામમાં હિંદુ અને મુસ્લિમ એક સાથે અંગ્રેજો સામે લડ્યા હતા. તેથી 'ભાગલા પાડો અને રાજ કરો'ની અંગ્રજોની કૂટનીતિ દ્વારા કોમવાદને ઉત્તેજન આપવા માટે ભાગલા પાડવામાં આવ્યા હતા.

વાઈસરૉય કર્ઝન (1899-1905) દ્વારા વિશાળ બંગાળ પ્રાંતના વહીવટી કાર્યક્ષમતા લાવવાનાં બહાના હેઠળ પૂર્વ બંગાળ અને પશ્ચિમ બંગાળ એમ બે ભાગલા પાડ્યા.

બંગાળાના ભાગલાનો ઉગ્ર વિરોધ શરૂ થયો. 16 ઑક્ટોબર, 1905ના રોજ બંગાળ પ્રાંતના ભાગલાનો અમલ કરાયો, તે દિવસ સમગ્ર બંગાળ પ્રાંતમાં 'રાષ્ટ્રીય શોક દિન' તરીકે મનાવાયો. તે દિવસે તમામ વિદેશી માલના બહિષ્કારનું આંદોલન અને સ્વદેશી માલના ઉપયોગને ઉત્તેજન આપવાનું એલાન પણ અપાયું. બંગાળી પ્રજા જ માત્ર નહિ; પરંતુ ભારતના અન્ય લોકો પણ માનવા લાગ્યા કે, હિંદમાં રાષ્ટ્રવાદનો જુવાળ જે જોરશોરથી શરૂ થયો છે, તેને રોકવા આ વિભાજન કરાયું છે. તે દિવસે સમગ્ર બંગાળમાં હિંદુઓ-મુસ્લિમોએ એકબીજાને હાથે રાખડી બાંધીને, સંગઠન શક્તિનાં દર્શન કરાવ્યાં. આ આંદોલનના મહત્ત્વનાં ત્રણ લક્ષણો હતાં જેમાં (1) સ્વદેશી અપનાવવું (2) વિદેશી માલનો બહિષ્કાર કરવો (3) રાષ્ટ્રીય શિક્ષણ અપનાવવું.

સ્વદેશી આંદોલનથી ભારતને ખૂબ લાભ થયો, જ્યારે વિદેશી માલના બહિષ્કારને પરિણામે ઇંગ્લૅન્ડના વેપારને મોટો ફટકો પડ્યો. માન્ચેસ્ટરથી આવતું કાપડ બંધ થઈ ગયું. ઇંગ્લૅન્ડથી આયાત થતાં ખાંડ, બૂટ, સિગારેટ, તમાકુ વગેરેની આયાતો પણ ઘટી અને ભારતમાં બનેલા કાપડનું વેચાણ વધ્યું. સ્વદેશી માલ બનાવવાનાં કારખાનાં શરૂ થયાં. બંગાળ ઉપરાંત હિંદના અન્ય

પ્રદેશો પંજાબ, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, મુંબઈ, મદ્રાસ વગેરે પ્રાંતોમાં પણ લડતના પ્રત્યાઘાતો પડ્યા. ગુજરાતમાં પણ સ્વદેશીની લડતનો પડઘો પડ્યો. આનો પડઘો બ્રિટિશ પાર્લમેન્ટમાં જબરદસ્ત પડ્યો અને પાર્લમેન્ટે પુનઃવિચારણા કરીને માત્ર છ વર્ષ બાદ (ઈ.સ. 1911)બંગાળના ભાગલા રદ કરવા પડ્યા. હિન્દવાસીઓનો આ એક ચાડ્ઝાર વિજય હતો. સંગઠન શક્તિનો વિજય હતો. અંગ્રેજ શાસન વિરુદ્ધ જાગ્રત થયેલી નવી ચેતનાનો આ નોંધપાત્ર વિજય હતો.

### મુસ્લિમ લીગ (1906)

અંગ્રેજો 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિ અપનાવી હિન્દુ અને મુસ્લિમ વચ્ચે વૈમનસ્ય ઊભું કરવા માંગતા હતા. તે સમયના વાઈસરોય લૉર્ડ મિન્ટો અને હિન્દી વજીર-મોર્લેએ સાથે મળીને હિન્દના રાષ્ટ્રવાદને કચડી નાખવા યોજના કરી. રાષ્ટ્રીય લડતની તાકાત વધી ગઈ ત્યારે અંગ્રેજોએ ઉપલા વર્ગના મુસ્લિમોની તરફદારી કરવાની શરૂઆત કરી. અલગ મતાધિકાર અને અલગ મતદાર મંડળોની માગણી કરવા એક મુસ્લિમ સંગઠનની રચના કરવા મુસ્લિમોના એક જૂથને સમજાવવામાં અંગ્રેજો સફળ રહ્યા. પરિણામે મુસ્લિમ લીગની સ્થાપના થઈ (ઈ.સ. 1906). આ સંસ્થાની સ્થાપનામાં મુસ્લિમોના ધાર્મિક વડા આગાખાન, ઢાકાના નવાબ સલીમઉલ્લાખાં, વાઈસરોય મિન્ટો અને તેના ખાનગી મંત્રી ડનલોપ સ્મિથે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. મુસ્લિમો કૉંગ્રેસના વાર્ષિક અધિવેશનમાં હાજર ન રહે તે માટે કૉંગ્રેસના અધિવેશનના દિવસોએ જ મુસ્લિમ લીગનું વાર્ષિક અધિવેશન ગોઠવવામાં આવતું. આમ, અલગ પ્રતિનિધિત્વની માગણી મુસ્લિમોની નહિ; પરંતુ અંગ્રેજોની નીતિની જ નીપજ હતી. મિન્ટોએ જ મુસ્લિમોને સહયોગી બનાવવાની નીતિની શરૂઆત કરી, તેથી મિન્ટોને કેટલાક લેખકો 'મુસ્લિમ કોમવાદના પિતા' કહે છે. એક ઈતિહાસકાર તો ત્યાં સુધી લખે છે, 'પાકિસ્તાનના સાચા સર્જક મહંમદઅલી ઝીણા કે રહિમતુલ્લા નહિ; પરંતુ લૉર્ડ મિન્ટો જ હતા.' ત્યારથી જ હિન્દુ-મુસ્લિમ સંઘર્ષ વધ્યો અને છેવટે હિન્દના ભાગલામાં પરિણમ્યો !

### ઉગ્ર ક્રાંતિકારી ચળવળનો ઉદ્ભવ અને વિકાસ



વાસુદેવ બળવંત ફડકે

ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિની શરૂઆત વાસુદેવ બળવંત ફડકેએ કરી. દામોદર ચાફેકર તથા બાલકૃષ્ણ ચાફેકર બંધુઓ, વીર સાવરકર, બારીન્દ્રનાથ ઘોષ, ખુદીરામ બોઝ, પ્રફુલ્લ ચાકી, રામપ્રસાદ 'બિસ્મિલ', અશફાક ઉલ્લાખાઁ, ચંદ્રશેખર 'આઝાદ', ભગતસિંહ, શિવરામ રાજગુરુ, સુખદેવ, બટુકેશ્વર દત્ત, રોશનસિંહ જેવા અનેક ક્રાંતિવીરોએ રાષ્ટ્રવાદની જ્યોત જલતી રાખી. શસ્ત્રો બનાવવાથી માંડીને તેના ઉપયોગ સુધીની તાલીમ પામેલા યુવાનોએ અંગ્રેજ સરકારની ઊંઘ હરામ કરી નાખી.

ઉગ્ર ક્રાંતિકારી ચળવળો હિન્દમાં ઉદ્ભવી અને દેશ-વિદેશમાં પ્રસરી. તેની પૂર્વભૂમિકામાં બંગાળના ભાગલા રદ કરાવવા ચાલેલું આંદોલન, સુરતના કૉંગ્રેસ અધિવેશન (1907)માં પડેલા 'જહાલ' (ઉગ્રવાદી) અને 'મવાળ' (ઉદારવાદી) જૂથ એમ બે ભાગલા અને કૉંગ્રેસની માત્ર ઠરાવો, વિનંતીઓ અને આજીજી કરવાની પદ્ધતિનો પ્રબળ વિરોધ જેવા સંજોગો પડેલા છે. લાલ-બાલ-પાલની ત્રિપુટીએ જહાલવાદી નીતિ અપનાવી, હિન્દ યુવા કાર્યકરોમાં નવું ચૈતન્ય રેડ્યું ! હિન્દી રાષ્ટ્રીય કૉંગ્રેસની ઢીલીપોચી નીતિને એક જબરદસ્ત નવો જ વળાંક આપ્યો.




ખુદીરામ બોઝ



રામપ્રસાદ 'બિસ્મિલ'



અશફાક ઉલ્લાખાઁ



ચંદ્રશેખર 'આઝાદ'


સરદાર ભગતસિંહ


શિવરામ રાજગુરુ


સુખદેવ થાપર


રૌશનસિંહ


બાળગંગાધર ટિળક

લોકમાન્ય બાળ ગંગાધર ટિળકે તો ઉગ્ર ભાષામાં જાહેર કર્યું, 'સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક છે અને તેને લઈને જ હું જંપીશ.' જે આઝાદીના ક્રાંતિકારી લડવૈયાઓનો મંત્ર બની ગયો.

ત્યારે ભારતના નવયુવાનોના એક વર્ગે વિદેશી શાસનની ગુલામીમાંથી આઝાદી મેળવવા પ્રયાસો હાથ ધર્યા. ઉગ્ર ક્રાંતિકારી લડતના લડવૈયા માતૃભૂમિની સ્વતંત્રતા માટે હસતે મુખે બલિદાનો આપવા તત્પર હતા. તેઓ પ્રાણ આપી શકતા અને આઝાદીની પ્રાપ્તિ માટે બીજાનો પ્રાણ લઈ શકતા હતા.

ભારતમાં મહારાષ્ટ્ર, બંગાળ, પંજાબ, બિહાર, ઓરિસ્સા, ગુજરાત, રાજસ્થાન, મદ્રાસ પ્રાંત, ઉત્તરપ્રદેશ અને મધ્ય ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ પ્રસરી હતી. આ પ્રવૃત્તિઓમાં 'મિત્રમેળા સોસાયટી', 'અભિનવ ભારત સમાજ', 'અનુશીલન સમિતિ', 'અંજુમન-એ-મુહિલ્લાને વતન', 'ઇન્ડિયન પેટ્રિઓટ્સ એસોસિયેશન (પાછળથી 'ભારતમાતા') વગેરે સંસ્થાઓ સ્થાપીને, ક્રાંતિકારી પ્રવૃત્તિઓને ભારે વેગ આપ્યો.

પ્રથમ તબક્કામાં 'સંધ્યા', 'યુગાંતર', 'નવશક્તિ' અને 'વંદેમાતરમ્', 'કેસરી, 'મરાઠા' જેવાં વર્તમાનપત્રો અને સામયિકોએ સતત બળ પૂરું પાડ્યું. અલીપુર હત્યાકાંડમાં 34 જેટલા ક્રાંતિકારીઓ પર કેસ ચલાવાયો; 'હાવડા હત્યાકાંડ' તથા 'ઢાકા હત્યાકાંડ'ના અનેક ક્રાંતિકારીઓની ધરપકડ કરાયેલી, દિલ્લીમાં વાઇસરૉય હાર્ડિંજ પર બૉમ્બ ફેંકી હત્યા કરવાનો પ્રયાસ; 13 નવેમ્બર, 1909ના રોજ અમદાવાદમાં રાયપુર દરવાજા બહાર વાઇસરોય મિન્ટો ઉપર નંખાયેલ બૉમ્બ વગેરે બનાવો દૃષ્ટાંતો રૂપે આપી શકાય.

બીજા તબક્કામાં (1920-42) 'કાકોરી લૂંટ કેસ', 'લાહોર હત્યાકાંડ' અને કેન્દ્રિય ધારાસભા (દિલ્લી)માં બૉમ્બ નાખવાના બનાવો બનેલા.આ સઘળી પ્રવૃત્તિઓમાં સહભાગી બનનાર ક્રાંતિવીરો વિશે તમે અગાઉના ધોરણમાં શીખી ગયાં છો.

## ગુજરાતમાં ઉગ્ર ક્રાંતિકારી ચળવળ

ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિની ભૂમિકા તૈયાર કરનાર સર્વ પ્રથમ નેતા અરવિંદ ઘોષ હતા; પરંતુ તેઓ પડદા પાછળ હતા. અરવિંદ ઘોષના ભાઈ બારીન્દ્રકુમાર ઘોષ હંમેશાં આગળ રહેતા (ઈ.સ. 1902). બારીન્દ્રકુમાર ગુજરાત આવ્યા અને દક્ષિણ ભાગને ખૂંદી વળ્યા. અહીં તેમને છોટુભાઈ અને અંબુભાઈ પુરાણી જેવા સશક્ત સાથીઓ મળી ગયા. નર્મદાકાંઠે સાકરિયા સ્વામી પણ મળ્યા. આ સ્વામી 1857માં સંગ્રામ સમયે ઝાંસીની રાણી સાથે હતા. બારીન્દ્રકુમારે વડોદરા, ચરોતરનો પ્રદેશ (ખેડા), અમદાવાદ, મહેસાણા એમ દરેક સ્થળે મધ્યમ વર્ગના યુવાનોને ક્રાંતિનો રંગ લગાડ્યો. એ સંદર્ભે અમદાવાદમાં રામપુર દરવાજા બહાર વાઇસરૉય મિન્ટોની બગી પર બૉમ્બ નાખવાનો ક્રાંતિકારી બનાવ બન્યો હતો.

અરવિંદ ઘોષે 'ભવાની મંદિર' નામના પુસ્તકમાં ક્રાંતિની યોજના આલેખી. તેનો ગુજરાતી ભાષામાં અનુવાદ પણ કરાયો. ઉપરાંત 'દક્ષિણા' સામયિકમાં તે છપાયેલું. ઉપરાંત ક્રાંતિની યોજનાનો વિચાર ફેલાવવા માટે 'દેશી વનસ્પતિ દવાઓ', 'નહાવાના સાબુ બનાવવાની રીત', 'કસરત', 'ગુલાબનો કિસ્સો', 'કાયદાનો સંગ્રહ' વગેરે શીર્ષકોવાળી પુસ્તિકાઓ પ્રગટ કરાયેલી, જેથી અંગ્રેજોને ખબર જ ન પડે ! આ પુસ્તિકાઓમાં બૉમ્બ બનાવવાની રીતો પણ હતી. ચાંદોદ-કરનાળી પાસે 'ગંગનાથ વિદ્યાલય'ની સ્થાપના

કરાઈ, જેમાં અંદરખાને ક્રાંતિકારી પ્રવૃત્તિઓ ચાલતી હતી. ગુજરાતના ઘણા યુવાનો આ ક્રાંતિકારી પ્રવૃત્તિમાં જોડાયા. સરકારે તેમની સામે સખત પગલાં ભર્યાં; પરંતુ લડત ન અટકી. છેવટે સરકારને પણ લાગ્યું કે, માત્ર દમનચક્રથી શાસન નહિ ચાલે.

### વિદેશોમાં ક્રાંતિકારી ચળવળ

ભારતને અંગ્રેજોના શાસનમાંથી મુક્તિ અપાવવા માટે વિદેશોમાં પણ ક્રાંતિકારી ચળવળની શરૂઆત થઈ હતી.

ભારતમાં ઉદ્‌ભવેલી ઉગ્ર ક્રાંતિકારી પ્રવૃત્તિઓ ભારતની બહાર છેક ઇંગ્લૅન્ડ, કૅનેડા, અમેરિકા, જર્મની, ફ્રાન્સ, મ્યાનમાર (બર્મા), મલાયા, સિંગાપુર, અફઘાનિસ્તાન, રશિયા વગેરે દેશોમાં પ્રસાર પામી.

### વિદેશમાં ક્રાંતિકારી પ્રવૃત્તિમાં સક્રિય ક્રાંતિકારીઓ

શ્યામજીકૃષ્ણ વર્મા, મદનલાલ ધીંગરા, વીર સાવરકર, લાલા હરદયાલ, ઉધમસિંહ, રાજા મહેન્દ્ર પ્રતાપ, મેડમ ભિખાઈજી કામા, સરદારસિંહ રાણા, મૌલાના અબ્દુલા, મૌલાના બશીર, ચંપક રમણ પિલ્લાઈ, ડૉ. મથુરસિંહ 'ખુદાબખ્શ' જેવા ક્રાંતિકારીઓ સંકળાયેલા હતા.

### વિદેશમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ

વિદેશમાં થતી ક્રાંતિકારી પ્રવૃત્તિઓ દ્વારા ભારતની ક્રાંતિકારી પ્રવૃત્તિને વેગ મળતો હતો. ઇંગ્લૅન્ડથી છૂપી રીતે રસોઇયાના બિસ્તરામાં પિસ્તોલો (શસ્ત્રો) ભારત મોકલતા. ક્રાંતિકારીઓની ટીકા કરનાર અંગ્રેજ વિલિયમ વાયલીની મદનલાલ ધીંગરાએ હત્યા કરી. 1907માં અમેરિકાના કેલિફોર્નિયામાં 'ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ લીગ'ની સંસ્થા સ્થપાઈ, જેનું પાછળથી લાલા હરદયાલે 'ગદર પાર્ટી' નામ આપ્યું. ચાર ભાષાઓમાં 'ગદર' સાપ્તાહિક શરૂ કરાયું. આ પ્રવૃત્તિમાં તારકનાથ દાસ અને કરતારસિંહ પણ જોડાયેલા. જર્મનીમાં ચંપક રમણ પિલ્લાઈએ 'હિન્દ રાષ્ટ્રીય સ્વયંસેવક દળ'ની રચના કરી. ઈરાકને વડુંમથક બનાવી, ત્યાંથી ભારત ઉપર આક્રમણ કરવાની યોજના ઘડવામાં આવી (ઈ.સ. 1907). જર્મનીના સ્ટુઅર્ટ ગાર્ડ શહેરમાં યોજાયેલી 'આંતરરાષ્ટ્રીય સમાજવાદી પરિષદ'માં સૌપ્રથમવાર મેડમ કામાએ તૈયાર કરેલો રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. અફઘાનિસ્તાનમાં તો રાજા મહેન્દ્ર પ્રતાપના 'રાષ્ટ્રીય પ્રમુખ' પદે કામચલાઉ સ્વતંત્ર સરકારની રચના કરાઈ, જેમાં બરકતુલ્લા, આબિદુલ્લા, મૌલાના બશીર, શમશેરસિંહ, ડૉ. મથુરસિંહ વગેરે હતા. આ સરકારે રશિયા, ઈરાન, તુર્કી વગેરેમાંથી મદદ મેળવવા પ્રયાસ કર્યો. તુર્કીના વડા અનવર પાશા અને ગવર્નરને પણ મળેલા. રેશમી રૂમાલ ઉપર લખેલું 'ગાલીબનામા' ષડ્યંત્ર તમામ મુસ્લિમોએ એકત્રિત-સંગઠિત થઈ ખ્રિસ્તીઓની સામે જંગ માંડ્યો એ પકડાઈ ગયું ! રાજા મહેન્દ્ર પ્રતાપે પોતાની સહીવાળી સોનાની પટ્ટી રશિયાના ઝારને મોકલાવી, જેમાં 'ઝારને ઇંગ્લૅન્ડ સાથેના સંબંધો તોડી નાખવા' જણાવેલું. રશિયાના ક્રાંતિવીર ટ્રોટસ્કીએ તો ભારતના ક્રાંતિકારીઓને બધી જ મદદ કરવા વચન આપેલું. બર્મામાં સોહનલાલ પાઠકે અને સિંગાપુરમાં પરમાનંદે ક્રાંતિકારી પ્રવૃત્તિઓ કરી. ઉપરાંત કામાગાટામારુ અને તોશામારુ સ્ટીમરોની ઘટનાએ ક્રાંતિકારીઓને વિદેશોમાં અંગ્રેજો વિરુદ્ધ લાગણી જાગ્રત કરવામાં પ્રેરકબળ પૂરું પાડ્યું.

ભારતની રાષ્ટ્રીય અને ઉગ્ર ક્રાંતિકારી ચળવળના ઇતિહાસમાં દેશદાઝથી ભરેલા 18થી 24 વર્ષની વય ધરાવતા યુવાનો જ હતા. મોતને મુઠ્ઠીમાં લઈ, ગમે તેવાં સાહસ અને રોમાંચક કાર્યો તેઓ પાર પાડતા અને પકડાઈ જાય તો હસતે મુખે ફાંસીને માંચડે 'ઇન્કિલાબ ઝિંદાબાદ' અને 'વંદે માતરમ્'ના ગગનભેદી નારા સાથે ચડી જતા અને એ રીતે માભોમની આઝાદીના ઉમદા ધ્યેયને માટે વીરગતિ પામતા. તેમણે જે ઊંચી દેશભક્તિ, ત્યાગ અને બલિદાન આપ્યાં છે, તે યુવાપેઢીને સદીઓ સુધી પ્રેરણા આપ્યા કરશે.


વીર સાવરકર


મદનલાલ ધીંગરા અને ઉધમસિંહ


શ્યામજીકૃષ્ણ વર્મા


મેડમ કામા

## મોર્લે-મિન્ટો સુધારા (1909)

'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિ અપનાવી અંગ્રેજોએ હિન્દુ અને મુસલમાન વચ્ચે કોમી વૈમનસ્ય ઊભું કરવા માટે યોજના ઘડી (ઈ.સ. 1906). આગાખાનના નેતૃત્વ નીચે મુસ્લિમોનું પ્રતિનિધિ મંડળ વાઈસરોય મિન્ટોને મળ્યું. તે વખતે હિન્દી વઝીર મોર્લે હતા (ઈ.સ. 1909). આ સુધારાને મોર્લે-મિન્ટો સુધારા કહે છે.

## ગાંધીજીનું ભારતમાં આગમન

ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં રંગભેદ વિરુદ્ધ સત્યાગ્રહની લડત સફળ રીતે લડીને પાછા ફર્યા (1915). તેમના રાજકીય ગુરુ ગોપાલકૃષ્ણ ગોખલે અને આધ્યાત્મિક ગુરુ શ્રીમદ્ રાજચંદ્ર પાસેથી પ્રેરણા મેળવી. ગાંધીજીએ ઘણાખરા ભાગોનો પ્રવાસ કરી હિન્દના જીવનને ઓળખવાનો પ્રયાસ કર્યો. હિન્દુસ્તાનની ગરીબીનું મૂળ અંગ્રેજો દ્વારા થતા શોષણને કારણભૂત ગણી, હિન્દમાંથી બ્રિટિશ શાસનને નાબૂદ કરવાના ઉપાયો વિચાર્યા.

## રોલેટ એક્ટ (ઈ.સ. 1919)

બ્રિટિશ સરકારે ઇંગ્લૅન્ડના કાયદાખાતાના પ્રધાન રોલેટના અધ્યક્ષ પદે 'રોલેટ એક્ટ' ઘડી કાઢ્યો (ઈ.સ. 1919).

આ કાયદો ક્રાંતિકારીઓ અને રાષ્ટ્રવાદીઓનું દમન કરવાના ઉદ્દેશથી ઘડાયેલો હતો. વ્યક્તિસ્વાતંત્ર્ય અને વાણી સ્વાતંત્ર્યને હણી નાખતો આ કાયદો કાળા કાયદા તરીકે ઓળખાયો.

આ કાયદા મુજબ કોઈ પણ શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરી શકાતી અને તેના પર મુકદમો ચલાવ્યા સિવાય દિવસો સુધી જેલમાં પૂરી રાખી શકાતી. જેથી ગાંધીજીએ આને 'કાળો કાયદો' કહ્યો. મોતીલાલ નહેરુના મતે 'દલીલ, અપીલ અને વકીલાતનો અધિકાર' લઈ લેવામાં આવ્યો.

આ કાયદાથી બ્રિટિશ સરકારને વિરોધીઓનું દમન કરવાની વિશાળ સત્તા મળી ગઈ; તેથી તેનો નેતાઓ અને પ્રજાએ ઠેર-ઠેર વિરોધ કર્યો. સભાઓ, સરઘસો, દેખાવો અને હડતાળોનું તેના વિરોધમાં આયોજન થયું. ગાંધીજીની દિલ્હીમાં સરકારે ધરપકડ કરી પંજાબમાં ડૉ. સત્યપાલ અને ડૉ. કિચલૂની ધરપકડ કરતાં આંદોલન ઉગ્ર થયું. સરકારે દમનનો દોર છૂટો મૂક્યો !

## જલિયાંવાલા બાગનો હત્યાકાંડ (13 એપ્રિલ, 1919)

પંજાબમાં અમૃતસરમાંથી લોકપ્રિય નેતાઓ ડૉ. સત્યપાલ અને ડૉ કિચલૂની ધરપકડ થઈ. તેના વિરોધમાં વૈશાખીના તહેવારના દિવસે પંજાબના અમૃતસરમાં આવેલા જલિયાંવાલા બાગમાં એક સભાનું આયોજન થયું.

લશ્કરના સૈનિકોને લઈને જનરલ ઓડોનીલ ડાયર ત્યાં પહોંચી ગયો. કશી જ પૂર્વચેતવણી આપ્યા વગર મશીનગનમાંથી ગોળીઓનો વરસાદ નિર્દોષ પ્રજા પર વરસાવ્યો ! બાગની ચારે બાજુએ ઊંચી દીવાલો, વચ્ચે અવાવરુ કૂવો અને બહાર નીકળવાનો સાંકડો એક જ માર્ગ હોવાથી સંખ્યાબંધ લોકો ગોળીબારનો ભોગ બન્યા. સરકારી



4.1 અંગ્રેજોનો અમાનુષી અત્યાચાર

અહેવાલ મુજબ 379 લોકો માર્યા ગયા અને 1200 ઘવાયા; જ્યારે કૉંગ્રેસે નીમેલી તપાસ સમિતિના મતે 1000 માણસો માર્યા ગયેલા. બ્રિટિશ સરકાર વતી તપાસ કરનાર 'હંટર કમિશને' જનરલ ડાયરનો બચાવ કર્યો અને 'અજાણતાં થઈ ગયેલી પ્રામાણિક ભૂલ' તરીકે ક્ષમ્ય ગણી. બીજી તરફ ડાયર જ્યારે ઇંગ્લૅન્ડ પાછો ફર્યો ત્યારે તેનું 2000 પાઉન્ડ તથા તલવાર આપીને સન્માન કરાયું !



4.2 જલિયાંવાલા બાગ શહીદ સ્મારક

આથી, હિન્દની પ્રજાને જબરજસ્ત આઘાત લાગ્યો. આ અમાનવીય હત્યાકાંડ પછી ગાંધીજીની અંગ્રેજો પરત્વેની રહીસહી શ્રદ્ધા પણ ડગી ગઈ ! આ બનાવે સમગ્ર દેશમાં રાષ્ટ્રીય એકતા સ્થાપવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. અસહકારના ભાવિ આંદોલનની ભૂમિકા પણ આ હત્યાકાંડે પૂરી પાડી.

### ખિલાફત ચળવળ

પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન તુર્કી જર્મનીના પક્ષે જોડાયું. તેથી ઇંગ્લૅન્ડના વિજય પછી તેની સાથે જે સંધિ કરવામાં આવી હતી તેની શરતો અત્યંત કડક અને અન્યાયી હતી. તુર્કીનો સુલતાન એ વખતે ઇસ્લામ ધર્મના ખલીફા (ધાર્મિક વડા) હતા. તેથી જે કડક શરતો લદાયેલી તેનો વિરોધ કરીને તેને હળવી કરવા માટે ભારતમાં જે ચળવળ થઈ તેને 'ખિલાફત ચળવળ' કહેવાય છે. અલી ભાઈઓ - મૌલાના શૌકતઅલી અને મૌલાના મોહમ્મદ અલી - આ આંદોલનના મુખ્ય નેતાઓ હતા. હિન્દુ-મુસ્લિમ એકતાના ખ્યાલથી ગાંધીજીએ કૉંગ્રેસને આ આંદોલનને ટેકો આપવાનો અનુરોધ કર્યો. કૉંગ્રેસના ટેકાથી આ આંદોલન વ્યાપક બન્યું.

### અસહકારનું આંદોલન (1920-22)

અસહકારના આંદોલનને (ડિસેમ્બર, 1920) નાગપુર અધિવેશનમાં બહાલી મળી. કૉંગ્રેસે હવે બ્રિટિશ સામ્રાજ્યના નેજા હેઠળ 'સ્વશાસન'ને બદલે 'સ્વરાજ્ય' જ જોઈએ, એવી બુલંદ માગણી કરી.



4.5 સામાન્ય પ્રજા અસહકારના આંદોલનમાં

### રચનાત્મક પાસું

આંદોલનના હકારાત્મક પાસામાં હિન્દુ-મુસ્લિમ એકતા દૃઢ બનાવવી, 'સ્વદેશી' ચીજવસ્તુઓનો આગ્રહ રાખવો, ઘેર ઘેર રેંટિયા ફરતા કરવા, 'તિલક સ્વરાજ્ય ફંડ'માં એક કરોડ રૂપિયા એકઠા કરવા, ખાદી, અસ્પૃશ્યતા નિવારણ, દારૂબંધી, રાષ્ટ્રીય શિક્ષણનો સમાવેશ થતો હતો.

### નકારાત્મક પાસું

જ્યારે બીજી તરફ સરકારી નોકરીઓ, ધારાસભાઓ, સરકારી શાળા-કૉલેજોનો ત્યાગ કરવો, સરકારી અદાલતો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં નિમાયેલા સભ્યોએ રાજીનામાં આપવાં, વિદેશી કાપડ અને માલનો બહિષ્કાર, સરકારી સમારંભો, ઇલકાબો (ખિતાબો) વગેરેનો ત્યાગ કરવો જેવા અનેક કાર્યક્રમોનો સમાવેશ થતો હતો.

### અસહકાર આંદોલનના કાર્યક્રમો

આંદોલનની શરૂઆતમાં મહાત્મા ગાંધીએ પોતાનો 'કૈસરે હિંદ' અને રવીન્દ્રનાથ ટાગોરે 'નાઈટ હુડ સન્માન' વગેરેનો ત્યાગ કર્યો. દેશના અન્ય નેતાઓએ પણ પોતાની ઉપાધિ કે પદવીનો ત્યાગ કર્યો. વિદ્યાર્થીઓએ અંગ્રેજી શાળા અને કૉલેજો છોડી દીધી, ઠેર-ઠેર વિદેશી કાપડની હોળીઓ પ્રગટી. ડ્યૂક ઑફ કૅનોટ ભારત આવ્યા ત્યારે તેમનો બહિષ્કાર કરાયો (નવેમ્બર 1921), પ્રિન્સ ઑફ વેલ્સના સન્માનનો પણ બહિષ્કાર કરાયો. આવા પગલાંએ દેશભરમાં સારી એવી રાષ્ટ્રીય ઉત્તેજના પ્રગટાવી. બીજી તરફ રાષ્ટ્રીય શાળા-કૉલેજોની સ્થાપના થઈ, જેમાં કાશી, બિહાર, જામિયા-મિલિયા, ગુજરાત વગેરે નામની રાષ્ટ્રીય વિદ્યાપીઠો સ્થપાઈ. સ્વદેશીનો પ્રચાર જોરશોરથી થતાં ઇંગ્લૅન્ડથી આયાત થતા કાપડ, પગરખાં, મોજશોખની ચીજવસ્તુઓમાં ભારે ઘટાડો થતાં તેનો પડઘો બ્રિટિશ પાર્લમેન્ટમાં પડ્યો. ઇંગ્લૅન્ડને થયેલા ભારે આર્થિક નુકસાનથી સરકાર ચોંકી ઊઠી !

તિલક ફંડમાં 1 કરોડ રૂપિયાથી વધારે નાણાં એકઠાં થયાં તેમજ આંદોલન દરમિયાન હિન્દુ-મુસ્લિમ એકતા અનેક પ્રસંગોએ પ્રગટ થઈ. હિન્દુ જમીનદારો અને મુસ્લિમ ખેડૂતો વચ્ચે થયેલા 'મોપલા બળવો' (મલબાર) ટીકાપાત્ર કહી શકાય અને તેને બ્રિટિશ સરકારે સખત હાથે દબાવી દીધો.

આ આંદોલનને નિષ્ફળ બનાવવા સરકારે દમનનીતિનો સહારો લીધો. બેફામ લાઠીમાર, આડેધડ ગોળીબાર, સામૂહિક ધરપકડો અને અમાનુષી અત્યાચાર કરવામાં આવ્યો. હિંદુ-મુસ્લિમ એકતાને તોડવાનો નિષ્ફળ પ્રયાસ થયો.

## ચૌરી-ચૌરાનો બનાવ અને આંદોલન મોકૂફ

ઉત્તરપ્રદેશના ગોરખપુર જિલ્લામાં આવેલા ચૌરીચૌરા ગામે (5 ફેબ્રુઆરી, 1922) નીકળેલા સરઘસના લોકો પર પોલીસે ગોળીબાર કર્યો. પોલીસની ગોળીઓ ખૂટી ગઈ ત્યારે તેઓ પોલીસ ચોકીમાં ભરાઈ ગયા. ઉશ્કેરાયેલા ટોળાએ પોલીસ ચોકીને આગ લગાવી. જેમાં 21 પોલીસો મૃત્યુ પામ્યા. આ હિંસક બનાવના સમાચાર મળતાં જ ગાંધીજીએ જણાવ્યું કે, **'અહિંસાનું મૂલ્ય નહિ સમજનારા લોકોના હાથમાં સત્યાગ્રહનું શસ્ત્ર મૂકીને મેં હિમાલય જેવડી મોટી ભૂલ કરી છે.'** એમ કહીને અસહકારનું આંદોલન તત્કાળ પાછું ખેંચી લેવાની જાહેરાત કરી.

## અસહકારના આંદોલનનું મહત્ત્વ અને તેની અસરો

આ આંદોલનને પોતાના હેતુઓ પ્રાપ્ત કરવામાં ભારે સફળતા મળી ન હતી; પરંતુ તેના નકારાત્મક અને રચનાત્મક કાર્યક્રમો દ્વારા તેમણે લોકોને તેમના અધિકારો પ્રત્યે સભાન કર્યા. સરકાર તરફ એક વિરોધી વાતાવરણ સર્જાયું. લોકોમાં અન્યાયની વિરુદ્ધ સંઘર્ષની ભાવના પ્રબળ બની. ભારતના બધા જ વર્ગોમાં રાજકીય જાગૃતિ આવી. સ્વરાજ્ય માટેની તેમની શ્રદ્ધા અડગ બની. લોકોમાંથી લાઠી, દંડ અને જેલનો ભય દૂર થયો. યુવાનો અને સ્ત્રીઓ પણ રાષ્ટ્રસેવામાં આગળ આવ્યાં અને કૉંગ્રેસ લોકોની સંસ્થા બની. દેશમાં રાષ્ટ્રીય શિક્ષણ આપતી શાળાઓ શરૂ થઈ. અંગ્રેજીના સ્થાને હિન્દીભાષાને મહત્ત્વ મળ્યું. જે રાષ્ટ્રીય આંદોલન અત્યાર સુધી શહેરો-નગરો તેમજ બુદ્ધિજીવીઓ પૂરતું સામિત હતું, તે ગામડે ગામડે અને સામાન્ય જનતા સુધી વિસ્તર્યું.

## સ્વરાજ્ય પક્ષ

લોકોમાં આવેલી રાજકીય જાગ્રતિને ટકાવી રાખવાના હેતુથી અસહકારની લડત - મોકૂફી બાદ ચિત્તરંજનદાસ મુનશી અને મોતીલાલ નહેરુએ સ્વરાજ્ય પક્ષની રચના કરી. તેમનો હેતુ ધારાસભાઓમાં પ્રવેશી સરકારની અયોગ્ય નીતિઓનો વિરોધ કરવાનો હતો. સ્વરાજ્ય પક્ષના સ્થાપકોએ પણ ગાંધીજીના અસ્પૃશ્યતા નિવારણ, હિન્દુ-મુસ્લિમ એકતા, રેંટિયાને ઘૂમતા કરવા, નશાબંધી વગેરે રચનાત્મક કાર્યક્રમોનો સ્વીકાર કર્યો.

(નવેમ્બર, 1923) એ સમયે યોજાયેલી ધારાસભાઓની ચૂંટણીમાં સ્વરાજ્ય પક્ષે ઝુકાવ્યું અને કેન્દ્રિય ધારાસભા અને કેટલાક પ્રાંતોની ધારાસભાઓમાં સ્વરાજ્ય પક્ષના ઉમેદવારો ચૂંટાઈ આવતાં સ્પષ્ટ બહુમતી મળી. બંગાળ પ્રાંતમાં જોકે બહુમતી ન મળી, છતાં એક મોટા અને મજબૂત પક્ષ તરીકે સ્થાન મેળવી શક્યો. કેન્દ્રિય ધારાસભામાં પક્ષના નેતા તરીકે મોતીલાલ નહેરુ અને બંગાળ પ્રાંતમાં નેતા તરીકે ચિત્તરંજન દાસની વરણી થઈ.

સ્વરાજ્ય પક્ષે સરકારી અંદાજપત્રો અને ખરડાઓને નામંજૂર કરી સરકારી અન્યાયી નીતિરીતિનો વિરોધ કર્યો તેમજ પ્રજાના પ્રશ્નો તરફ સરકારને ધ્યાન આપવાની ફરજ પાડી. સ્વરાજ્ય પક્ષની કામગીરીને કારણે જ સરકારને 'સાયમન કમિશન' બે વર્ષ વહેલું નીમવું પડ્યું.

ધારાસભામાં સ્વરાજ્ય પક્ષે શિસ્તબદ્ધ કામગીરી બજાવી, ઊંચી સંસદીય પ્રણાલીઓ સ્થાપી. ભારતના લોકોમાં લોકશાહી પદ્ધતિએ અને બંધારણીય રીતે શાસન ચલાવવાની ક્ષમતા છે, એમ બ્રિટિશ સરકાર સમક્ષ સાબિત કરી બતાવ્યું. આવી સુંદર કામગીરીને પરિણામે હિન્દનો શિક્ષિત વર્ગ સ્વરાજ્ય પક્ષ તરફ આકર્ષાયો. લોકોમાં પણ રાષ્ટ્રીય જાગૃતિનો પુનઃ સંચાર થયો. 'સ્વરાજ્ય પ્રાપ્તિ'ને વધુ નજીક લાવવામાં આ પક્ષે ખૂબ અગત્યનો ભાગ ભજવ્યો, એ સઘળી બાબતોમાં તેનું મહત્ત્વ અને મૂલ્ય રહેલું છે.

જૂન, 1925માં ચિત્તરંજનદાસનું અવસાન થતાં 'સ્વરાજ્ય પક્ષ' નબળો પડ્યો. કેટલાક સભ્યો સરકારને સહયોગ આપતા તો કેટલાકે 'નેશનલ પાર્ટી' નામનો નવો પક્ષ સ્થાપતાં સ્વરાજ્ય પક્ષની પ્રતિષ્ઠા ઓસરી ગઈ ! તે પછી ચૂંટણીમાં તો મદ્રાસ પ્રાંત સિવાય સર્વત્ર તેના ઉમેદવારોને ભારે પરાજય સાંપડ્યો (ઈ.સ. 1926). જોકે બિપિનચંદ્ર પાલ અને સુરેન્દ્રનાથ બેનરજીએ તો તેની કામગીરીની આકરી ટીકા પણ કરી.

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :**

(1) બહિષ્કાર આંદોલન અને સ્વદેશી ચળવળનાં સ્વરૂપ અને પરિણામોની ચર્ચા કરો.

(2) ઉગ્ર ક્રાંતિકારી ચળવળનો ઉદ્ભવ અને વિકાસ વર્ણવો.

(3) અસહકાર આંદોલનના કાર્યક્રમો, બનાવ જણાવી તેની અસરો તપાસો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) વિદેશોમાં ક્રાંતિકારી ચળવળ

(2) રૉલેટ ઍક્ટ

(3) જલિયાંવાલા બાગનો હત્યાકાંડ

(4) સ્વરાજ્ય પક્ષ

**3. નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) બંગાળના ભાગલા ક્યારે અને કોણે પાડ્યા ? શા માટે ?

(2) ગુજરાતમાં થયેલી ઉગ્ર ક્રાંતિકારી ચળવળો જણાવો.

(3) રૉલેટ ઍક્ટને ગાંધીજીએ 'કાળો કાયદો' શા માટે કહ્યો ?

(4) અસહકારનું આંદોલન (1920-22) શા માટે મોકૂફ રાખવામાં આવ્યું ?

(5) 'સ્વરાજ્ય પક્ષ'ની પ્રતિષ્ઠા કયાં કારણોથી ઓછી થઈ હતી ?

**4. નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને લખો :**

(1) બંગાળાના ભાગલાના અમલનો દિવસ કયા દિન તરીકે મનાવવામાં આવ્યો ?

(A) રાષ્ટ્રીય શોકદિન (B) બંગભંગદિન

(C) સ્વાતંત્ર્યદિન (D) ત્રણમાંથી એક પણ નહિ

(2) કયા સુધારાએ મુસ્લિમોને કોમી મતદાર મંડળો આપ્યાં ?

(A) મૉન્ટ-ફર્ડ (B) ઈલ્બર્ટ બિલ

(C) ઑગસ્ટ ઑફર (D) મોર્લે-મિન્ટો

(3) ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિની સૌપ્રથમ ભૂમિકા કોણે તૈયાર કરી હતી ?

(A) બારીન્દ્રનાથ ઘોષ (B) છોટુભાઈ પુરાણી

(C) અંબુભાઈ પુરાણી (D) અરવિંદ ઘોષ

(4) પરદેશની ભૂમિ પર હિંદનો સૂચિત રાષ્ટ્રધ્વજ સૌપ્રથમ કોણે ફરકાવ્યો ?

(A) શ્યામજીકૃષ્ણ વર્મા (B) રાણા સરદારસિંહ

(C) મૅડમ ભિખાઈજી કામા (D) મદનલાલ ધીંગરા

### પ્રવૃત્તિ

- આ પ્રકરણમાં આપેલ વિભૂતિઓના ફોટોગ્રાફ્સ મળે તેટલા એકત્રિત કરવા.
- 1857ના સંગ્રામના મુખ્ય નેતાઓ તથા ક્રાંતિકારીઓનાં જીવનચરિત્રની પુસ્તિકાઓ મેળવીને વાંચો.
- 1857ના સંગ્રામનાં મુખ્ય કેન્દ્રો દર્શાવતો નકશો તૈયાર કરો.

•

# 5 ભારત : આઝાદી તરફ પ્રયાણ

1920થી 1947ના ગાળાને ગાંધીયુગ અને ગાંધીયુગનાં આંદોલનોનો યુગ ગણવામાં આવે છે. ભારતીય રાષ્ટ્રીય ચળવળનો આ બીજો તબક્કો બંધારણીય હકોની પ્રાપ્તિની લડતનો તો છે જ સાથોસાથ સ્વાતંત્ર્ય પ્રાપ્તિની લડતનો પણ છે. આ આંદોલનો જે પ્રવાહોમાંથી પસાર થયા અને તેની જે એક સંકુલ અસર ઊભી થઈ તેનું અહીં અવલોકન કરીશું.

## સાયમન કમિશન (1927)

મોન્ટફર્ડ (મોન્ટેગ્યુ - ચેમ્સફર્ડ 1919)ના સુધારામાં એક જોગવાઈ એ હતી કે સુધારાનો અમલ કઈ રીતે થયો છે અને સુધારાની જરૂરિયાત અંગે અભ્યાસ કરવા 10 વર્ષ બાદ એક કમિશન નીમવું; પરંતુ બે વર્ષ પહેલાં સાયમન કમિશનની નિમણૂક કરવામાં આવી. જહોન સાયમનના અધ્યક્ષપણા નીચે રચાયેલ સાયમન કમિશનમાં સાત સભ્યો હતા અને બધા જ સભ્યો અંગ્રેજ હતા. હિન્દીઓનાં દુઃખ-દર્દ હિન્દી સમજી શકે એ વિચારથી કમિશનમાં હિન્દી સભ્યોને સામેલ કરવાની ભારતીયોએ ભલામણ કરી; પરંતુ અંગ્રેજોએ એ ભલામણ સ્વીકારી નહિ, તેથી ભારતીયોએ સાયમન કમિશનનો બહિષ્કાર કરવાનું નક્કી કર્યું. સાયમન કમિશનના ભારત આગમન સમયે લોકોએ હડતાળ, સભા, સરઘસ, સાયમન ગો બેકના નારાઓ અને કાળા વાવટાઓ ફરકાવી વિરોધ કર્યો. જેની સામે સરકારે દમનનીતિ વાપરી. સરકારી દમનનીતિનો ભોગ લાલા લજપતરાય, ગોવિંદવલ્લભ પંત અને જવાહરલાલ નહેરુ પણ બન્યા. લાહોરમાં સરઘસની આગેવાની લેતા લાલા લજપતરાય ગંભીર રીતે ઘાયલ થયા. થોડા સમય બાદ તેમનું અવસાન થયું.

લાલાજીના મૃત્યુના સમાચારથી ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ વગેરે ક્રાંતિકારીઓ ઉશ્કેરાયા અને લાઠીચાર્જનો આદેશ આપનાર અંગ્રેજ પોલીસ અધિકારી સાંડર્સની હત્યા કરવામાં આવી.

## નહેરુ કમિટી

સાયમન કમિશનનો બહિષ્કાર થતાં હિન્દી વઝીર બર્કનહેડે સાયમન કમિશનનો ખરડો રજૂ કરતાં જણાવેલ કે, હિંદના નેતાઓ બધા પક્ષોને અનુકૂળ બંધારણ ઘડી આપે તો બ્રિટિશ સરકાર તેનો વિચાર કરશે. આ આહ્વાનને પડકાર સમજી હિન્દી રાષ્ટ્રીય મહાસભાએ મોતીલાલ નહેરુના પ્રમુખપદે નહેરુ કમિટીની રચના કરી. જે અહેવાલ આપ્યો તે નહેરુ અહેવાલ તરીકે ઓળખાય છે, જેમાં સાંસ્થાનિક સ્વરાજ(ડોમિનિયન સ્ટેટ્સ), સ્વતંત્ર ન્યાયતંત્ર, મૂળભૂત અધિકારો, પુખ્તવયે મતાધિકાર વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો; પરંતુ અંગ્રેજ સરકારે આ અહેવાલની ભલામણો સ્વીકારી નહિ.



મોતીલાલ નહેરુ



જવાહરલાલ નહેરુ

## પૂર્ણ સ્વરાજ્યની માંગણી, 1929

આ સમયે હિંદી રાષ્ટ્રીય મહાસભામાં જવાહરલાલ નહેરુ, સુભાષચંદ્ર બોઝ જેવા યુવા નેતાઓ સક્રિય થયા. જે પૂર્ણ સ્વરાજ્યના હિમાયતી હતા. સાંસ્થાનિક સ્વરાજ્યથી યુવાવર્ગને સંતોષ ન હતો. પરિણામે રાવી નદીના તટે લાહોર ખાતે જવાહરલાલ નહેરુના અધ્યક્ષપણા નીચે હિન્દી રાષ્ટ્રીય મહાસભામાં પૂર્ણસ્વરાજ્યનો ઠરાવ પસાર કર્યો. ત્યાર બાદ 26 જાન્યુઆરી, 1930ના દિવસે સ્વતંત્રતાના શપથ લઈ પ્રથમવાર સ્વતંત્રતા દિન ઊજવવામાં આવ્યો. આ પછી સ્વતંત્રતા મળી ત્યાં સુધી પ્રતિવર્ષ 26 જાન્યુઆરીને સ્વતંત્રતા દિવસ તરીકે ઊજવવાનું નક્કી થયું અને એ દિવસનું મહત્ત્વ જાળવવા આપણું બંધારણ એ દિવસે અમલમાં આવ્યું.

## દાંડીયાત્રા 12 માર્ચથી 6 એપ્રિલ, 1930



દાંડીકૂચ

સવિનય કાનૂન ભંગના આંદોલનના ભાગરૂપે ગાંધીજીએ દાંડી ગામના દરિયાકિનારે જઈ મીઠાના કાયદાનો ભંગ કરવાનું નક્કી કર્યું. 11 મીની સાંજે આશ્રમમાં હજારો લોકોની જનસભાને સત્યાગ્રહનો સંદેશો આપ્યો. લોકોને ધરપકડ થાય તો પણ મક્કમતાપૂર્વક અહિંસક રીતે સરકાર સામે લડત આગળ વધારવાનો અનુરોધ કર્યો. અમદાવાદના સાબરમતી હરિજન આશ્રમ (હવે ગાંધી આશ્રમ)થી 12 મી માર્ચ, 1930ના રોજ "વૈષ્ણવ જન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે" ગવાયું અને ભણે નરસૈયો તેનું દર્શન કરતાં કુળ ઈકોતેર તાર્યા રે એ પૂરું થતાં મહાપ્રયાણ શરૂ થયું. "શૂર સંગ્રામ કો દેખ ભાગે નહિ, દેખ ભાગે સોઈ શૂર નહિ." સાથે ગાંધીજીના નેતૃત્વ નીચે સાથીદારો સહિત દાંડીકૂચની શરૂઆત કરી. ગાંધીજીએ દાંડીયાત્રામાં (29 માર્ચ, 1930ના રોજ) કહેલ **"કાગડા-કૂતરાના મોતે મરીશ પરંતુ સ્વરાજ્ય મળે નહિ ત્યાં સુધી આશ્રમમાં પાછો નહિ ફરું"** અમદાવાદથી દાંડીનું અંતર આશરે 370 કિમી છે. દાંડીયાત્રામાંઅસલાલી, બારેજા, નડિયાદ, આણંદ, બોરીઆવી, રાસ, જંબુસર, ભરૂચ, સુરત, નવસારી જેવાં નાનાં-મોટાં નગરોમાં સભાઓ ભરી લોકોને સવિનયકાનૂન ભંગ અને મીઠાના કાયદાનો ભંગ શા માટે તેની સમજ આપી.આ કૂચ જે ગામોમાંથી પસાર થતી ત્યાં લોકો રસ્તાની સફાઈ કરતા, પાણી છાંટી તોરણો બાંધી શણગારતા. આ યાત્રાએ ભારતના લોકોમાં અપૂર્વ જાગ્રતિ, અજબની શ્રદ્ધા, ચેતના અને એકતા જગાવવાનું અદ્ભુત કાર્ય કર્યું. દેશભરમાં સત્યાગ્રહનું મોજું ફરી વળ્યું. ગાંધીજી તેમના સાથીદારો સાથે 24 દિવસની પદયાત્રા બાદ દાંડી પહોંચ્યા (5મી એપ્રિલ 1930).



દાંડીકૂચનો માર્ગ



મીઠાનો કાયદો તોડતા ગાંધીજી

6 એપ્રિલ, 1930 સવારે બરાબર 6:30 કલાકે દરિયાકિનારે જામેલા મીઠામાંથી મુઠ્ઠી મીઠું લઈ મીઠાનો અન્યાયી કાયદો તોડ્યો. ગાંધીજીએ કહ્યું, "મૈંને નમક કા કાનૂન તોડ દિયા." અને આ સમયે ત્યાં ઉપસ્થિત લોકોને સંબોધતાં કહ્યું "હું બ્રિટિશ સામ્રાજ્યરૂપી ઇમારતના પાયામાં લૂણો લગાડું છું." તેવા શબ્દોથી સંબોધન કર્યું. મહાદેવભાઈ દેસાઈ આ દાંડીકૂચને "મહાભિનિષ્ક્રમણ" સાથે સરખાવે છે. દુનિયાભરના પત્રકારો, ફોટોગ્રાફર્સોએ પણ આ સ્થળની મુલાકાત લઈ આંખે દેખ્યો અહેવાલ સમાચાર પત્ર અને પુસ્તિકાઓમાં પ્રસિદ્ધ કર્યો. આમ, 12 મી માર્ચે સાબરમતી આશ્રમથી શરૂ થયેલી જગપ્રસિદ્ધ દાંડીકૂચની ભૌતિક સમાપ્તિ હતી; પરંતુ બ્રિટિશ સલ્તનતની ઇમારતના પાયામાં લૂણો લાગવાની શરૂઆત થઈ હતી.

આખા દેશમાં સવિનય કાનૂન ભંગની ચળવળ શરૂ થઈ. સરકારે દમનનો કોરડો વીંઝ્યો. લાઠીમાર, ધરપકડો, ગોળીબાર, સ્ત્રીઓ અને બાળકો પર જુલ્મો આચર્યા છતાં લડતનું જોર ઘટ્યું નહિ.

દાંડીકૂચ દરમિયાન વિદેશી કાપડનો બહિષ્કાર, દારૂબંધી, હિન્દુ-મુસ્લિમ એકતા, અસ્પૃશ્યતા નિવારણ વગેરે અનેક રચનાત્મક કાર્યક્રમોનું આયોજન કરાયું.

દાંડીયાત્રા અને નમક સત્યાગ્રહથી આવેલી જાગ્રતિના લીધે અસહકારનાં આંદોલનો અને સત્યાગ્રહના કાર્યક્રમો દેશભરમાં શરૂ થયા. આ કાર્યક્રમોમાં સ્વદેશી આંદોલન અને વિદેશી વસ્તુઓનો બહિષ્કાર, દારૂબંધી અને દારૂનાં પીઠાં ઉપર પિકેટિંગ, મહેસૂલી સહિતના કરવેરા ન ભરવાનું ના-કર આંદોલન, અસ્પૃશ્યતા નિવારણ કાર્યક્રમો સંબંધી સત્યાગ્રહ, સભાઓ અને સરઘસોના કાર્યક્રમો થયા. આ જાગ્રતિ તથા આંદોલનને નબળાં પાડવા તથા કચડી નાખવા સરકાર દ્વારા લાઠીચાર્જ, કારાવાસ સહિતનાં દમનકારી પગલાં લેવાયાં. આની પ્રતિક્રિયા રૂપે દેશમાંની રેલવે, પોલીસ સ્ટેશન, પોસ્ટ ઑફિસો તથા અન્ય સરકારી ઇમારતો ઉપર તોડફોડ, હુમલા જેવા કેટલાક હિંસક બનાવો પણ બન્યા. આ ઘટનાઓમાં અબ્દુલ ગફાર ખાન 'સરહદના ગાંધી' નેતૃત્વ હેઠળનું આંદોલન, મુંબઈ પાસે વડાલાના પીઠા ઉપર નાગરિકોનો હુમલો, દિલ્લીમાં કસ્તુરબા ગાંધીના નેતૃત્વ હેઠળ દારૂબંધી માટે પિકેટિંગ, સુરતના ધરાસણા તથા વિરમગામ વિસ્તારમાં થયેલા મીઠાના સત્યાગ્રહો ઉપરાંત સરકારી નોકરીઓનો ત્યાગ, સરકારી શાળાઓમાંથી અભ્યાસ છોડી દેવાના કાર્યક્રમો મુખ્ય ગણાય.

### ગાંધી–ઇરવિન સમજૂતી, ગોળમેજી પરિષદો અને સત્યાગ્રહની મોકૂફી

બ્રિટિશ સરકારે ભારતને કેવા પ્રકારનું બંધારણ તથા સુધારા આપવા તે માટે ગોળમેજી (Round table conference) પરિષદો બોલાવી. પહેલી પરિષદ લંડનમાં મળી (નવેમ્બર, 1930), પણ તે કૉંગ્રેસની ગેરહાજરીને લીધે નિષ્ફળ ગઈ. આથી, કૉંગ્રેસને મનાવવા ગાંધીજી અને ઇરવિન વચ્ચે ગાંધી-ઇરવીન સમજૂતી થઈ (માર્ચ 1931), જેમાં સત્યાગ્રહની નીતિ જેમાં મીઠું પકવવાની સ્વતંત્રતા અને શાંત પિકેટિંગની સંમતિ મુખ્ય મુદ્દા રહ્યા. તે પછી બીજી ગોળમેજી પરિષદમાં કૉંગ્રેસના પ્રતિનિધિ તરીકે માત્ર ગાંધીજી હાજર રહ્યા, પણ બ્રિટિશ પક્ષે બંધારણ ઘડતરની ચર્ચા માટે અલગ અલગ કોમ માટે અલગ અલગ મતદાર મંડળનો વિભાજનકારી મુદ્દો ઉઠાવતાં ગાંધીજી નિરાશ થયા અને અંતે આ પરિષદ નિષ્ફળ બની.

### 'હિંદ છોડો ચળવળ (1942-43)

વિશ્વયુદ્ધમાં બદલાયેલા સંજોગોને ધ્યાનમાં રાખીને કૉંગ્રેસની કારોબારી સમિતિએ વ્યક્તિગત સત્યાગ્રહ બંધ કરવાનો નિર્ણય લીધો (જાન્યુઆરી, 1942).

ક્રિપ્સ દરખાસ્તો દ્વારા સિદ્ધ થયું કે બ્રિટિશ સરકાર સત્તા છોડવા માંગતી ન હતી તથા હિંદુસ્તાનને સ્વરાજ્ય આપવાનો તેનો ઇરાદો ન હતો. તે હિંદની પ્રજાને છેતરવાનો પ્રયાસ કરે છે તેવું લાગતાં ભારતીયો હતાશ બની રોષે ભરાયા. ગાંધીજીએ પ્રજાની નિરાશા દૂર કરી એક નવી આખરી લડત લડવા માટે તેઓને તૈયાર કર્યા.

મુંબઈમાં મળેલી કૉંગ્રેસ મહાસમિતિની બેઠકમાં ગાંધીજીની આગેવાની હેઠળ 9મી ઑગસ્ટ, 1942ની રાત્રે 'હિંદ છોડો'નો ઠરાવ પસાર કરવામાં આવ્યો. ઠરાવના બીજા દિવસે વહેલી સવારે ગાંધીજી, વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નહેરુ, મૌલાના આઝાદ ઉપરાંત દેશના અગ્રગણ્ય કૉંગ્રેસ નેતાઓની ધરપકડ કરવામાં આવી. વર્તમાનપત્રો ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યા. પ્રાંતિક અને જિલ્લા કક્ષાના કૉંગ્રેસી નેતાઓને પણ પકડી લેવામાં આવ્યા. ગાંધીજી સહિત બધા દેશનેતાઓની ધરપકડને પરિણામે દેશના શહેરો તથા ગામોમાં એકાએક સખત હડતાળો પડી અને ગાંધીજીએ કહેલું કે 'આઝાદી માટે મારી આ અંતિમ લડત છે' અને તેના માટે લોકો બધું જ બલિદાન કરવા તૈયાર હતા. તેમનું સૂત્ર હતુ કે, 'કરેંગે યા મરેંગે'.

### 'હિંદ છોડો' આંદોલન દરમિયાન હડતાલો

દેશનાં ગામો તથા શહેરોમાં મજૂરો, ખેડૂતો, યુવાનો, વિદ્યાર્થીઓ, શિક્ષકો, વેપારીઓ, સ્ત્રીઓ વગેરેએ આ કાર્યક્રમમાં આગળ પડતો ભાગ લીધો. મજૂરોએ કારખાનામાં હડતાલો પાડી. જમદેશપુરના લોખંડના કારખાનામાં તથા મુંબઈ અને મદ્રાસની કાપડની મિલોમાં હડતાલો પડી. અમદાવાદમાં કાપડની 75 મિલોના એક લાખ ચાલીસ હજાર મજૂરોએ 105 દિવસની શાંત અને અપૂર્વ હડતાલ પાડી. શાળા-કૉલેજોમાં હડતાલો પડી. અમદાવાદમાં સાડા ત્રણ માસ સુધી બજારો બંધ રહ્યા.

### 'હિંદ છોડો' આંદોલન દરમિયાન ભાંગફોડની પ્રવૃત્તિઓ

દેશમાં ચારેતરફ લોકોનો ક્રોધ બ્રિટિશ સરકાર સામે ભભૂકી ઊઠ્યો. શાંત દેખાવની સામે સરકારે દમન નીતિ અપનાવતાં શહેરો તથા ગામડાંઓનાં લોકોનાં ટોળાંએ તાર, ટેલિફોન, રેલવે લાઇનો, સરકારી મકાનો, પોસ્ટ ઑફિસો, પોલીસ સ્ટેશન,સરકારી કચેરીઓ, પુલો, રસ્તાઓ, શાળા-કૉલેજોનાં મકાનો, રેલવે સ્ટેશનો વગેરે તોડી નાંખવાના, મિલકતને લૂંટવાના અને આગ લગાડવાના બનાવો મોટા પ્રમાણમાં બન્યા. રેલવેને વધુ નુકસાન થયું. કેટલાક વિસ્તારોમાં લોકોએ બૉમ્બનો પણ ઉપયોગ કર્યો.

### લડતને કચડી નાંખવામાં સરકારની નિષ્ફળતા

આ લડતની ઉગ્રતા અને મોટા વ્યાપને કારણે સામુદાયિક ધરપકડો અને ભારે દમન નીતિથી ટૂંકા સમયમાં સરકારની કચડી નાંખવાની નીતિ પાર ન પડી. આખા દેશમાં ઠેર ઠેર ખૂબ મોટા પ્રમાણમાં લડતનો ફેલાવો, ભાંગફોડ દ્વારા સરકારી તંત્રને ખોરવી નાંખવાના પ્રયાસો થયા. 70,000 કરતાં વધારે લોકોને જેલમાં પૂર્યા, આ ચળવળ દરમિયાન 538 વાર ગોળીબાર કરવામાં આવ્યા. 1028 માણસોએ જાન ગુમાવ્યા. 3200 માણસોને ઈજા થઈ. અમદાવાદ અને પટણામાં ગોળીબાર કરતાં વિદ્યાર્થીઓ મૃત્યુ પામ્યા. આ લડતમાં લોકોએ જે વ્યક્તિગત તથા સામુદાયિક વીરતા બતાવી તેથી વિશ્વની સાથે બ્રિટિશ સરકાર પર પણ એવી છાપ પડી કે હવે વધુ સમય ભારતમાં તે પોતાનું શાસન ટકવી શકશે નહિ. ચળવળમાં લોકોએ સ્વયંભૂ ચળવળ ચલાવી. "હિંદ છોડો" શબ્દ લોકોએ સ્વયંસ્ફુરિત ઘોષણા દ્વારા અપનાવેલો હતો. આ સૂત્રથી ડુમિનિયન સ્ટેટ્સ (સંસ્થાનિક સ્વરાજ્ય)નો ખ્યાલ અદશ્ય થઈ ગયો. હવે તો પૂર્ણ સ્વરાજ્ય જ જોઈએ તે માટે કટિબદ્ધ થયા. ત્યાર બાદ પાંચ વર્ષે ભારતને સંપૂર્ણ સ્વતંત્રતા મળી.

### આઝાદ હિંદ ફોજ અને સુભાષચંદ્ર બોઝ

સુભાષચંદ્ર બોઝનો જન્મ ઓરિસ્સા રાજ્યના કટક શહેરમાં થયો હતો (23 જાન્યુઆરી, 1897). તેમના પિતા રાયબહાદુર જાનકીનાથ બોઝ કાનૂન ક્ષેત્રે સરકારી વકીલ હતા. માતા શ્રીમતી પાર્વતીદેવી ધાર્મિકવૃત્તિવાળાં હતાં. આ બંગાળી છોકરો બ્રિટિશ સરકારમાં વફાદાર સેવક બનશે તેવી ભવિષ્યવાણી વિચારી હતી. જેણે ભારતની બ્રિટિશ હકૂમત સામે સ્વાતંત્ર્યસેનાની તરીકે કામ કર્યું. કોલકાતાની પ્રેસિડેન્સી કોલેજમાંથી ખૂબ સારા ગુણથી પરીક્ષા પાસ કરી વધુ અભ્યાસ અર્થે ઇંગ્લેન્ડ ગયેલા. ત્યાંથી ખૂબ અઘરી ગણાતી ICS (ઇન્ડિયન સિવિલ સર્વિસ)ની પરીક્ષા ચોથા નંબરે ઉત્તીર્ણ કરીને તેઓ કોલકાતા પાછા ફર્યા. કોલકાતાની પ્રેસિડેન્સી કોલેજમાં અંગ્રેજ અધ્યાપક ઓટ દ્વારા રંગભેદની નીતિઓ અને ભારતીય વિદ્યાર્થીઓનાં અપમાનજનક વર્તન અને અભિમાનના કડવા અનુભવોએ તેમના માનસમાં ક્રાંતિનાં બીજ રોપ્યા. તેમને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ખૂબ રસ હતો. તેઓ હિંદી મહાસભાના સક્રિય કાર્યકર્તા બની ગયા. તેઓ "રાષ્ટ્રીય સ્વરાજ પક્ષ"માં જોડાઈ (1923) ટૂંક સમયમાં જ યુવાનોના અતિપ્રિય નેતા બની ગયા. સવિનય કાનૂન ભંગની લડતમાં તેઓ મોખરે રહ્યા હતા અને જેલવાસ વેઠ્યો હતો. ઈ.સ. 1938માં માત્ર 41 વર્ષની યુવાન વયે હરિપુરા (સુરત) કૉંગ્રેસ અધિવેશનના પ્રમુખસ્થાને નિમણૂક પામવા જેટલી લોકપ્રિયતા અને યોગ્યતા એમણે દર્શાવી હતી.


સુભાષચંદ્ર બોઝ અને ગાંધીજી

સુભાષબાબુના ઉદાત્ત વિચારોને ગાંધીજીના વિચારો સાથે ખાસ મેળ બેસતો ન હોવાથી તેમણે ગાંધીજી સાથે મતભેદ થતાં કૉંગ્રેસ છોડી અને "ફોરવર્ડ બ્લોક" નામના નવા રાજકીય પક્ષની સ્થાપના કરી અને અવિરત સભાઓ સંબોધવી, દેશમાં પ્રવાસ કરવા, બ્રિટિશરો વિરુદ્ધ જનમત જાગ્રત કરવાના આશયથી ઠેર ઠેર પ્રવાસો ખેડ્યા. અંતે હિંદ સંરક્ષણ ધારાને આગળ ધરી તેમની ધરપકડ કરી તેઓને કારાવાસમાં પૂરવામાં આવ્યા (ઈ.સ. 1940). કારાવાસમાં એક રાજકીય કેદી તરીકે તેમની સાથે અયોગ્ય વ્યવહાર થતાં તેમણે આમરણાંત ઉપવાસ આદર્યા. તેમની તબિયત લથડતાં તેમને પોતાના નિવાસસ્થાને જ નજરકેદ રાખવામાં આવ્યા; પરંતુ તેઓ પઠાણના છૂપાવેશે કોલકાતાથી પેશાવર, કાબુલ, ઈરાન, રશિયા થઈ બર્લિન (જર્મની) પહોંચ્યા (28 માર્ચ, 1942). જર્મનીમાં તેમનું ભારતીયોએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું. બર્લિન રેડિયો પરથી તેમણે પોતાના દેશ બાંધવોને બ્રિટન સામે જેહાદ જગાવવા અનુરોધ કર્યો. જર્મનીમાં હિટલર સાથે ભારતની આઝાદી વિશે ચર્ચા કરી. તેઓએ પહેલાં રોમ અને પેરિસમાં સ્વતંત્ર ભારતને લગતા લશ્કરી એકમો સ્થાપી તેમાં 3000 ભારતીયોની ભરતી કરી. ભારતમાંથી છટકીને જાપાનમાં વસેલા હિંદી ક્રાંતિકારી નેતા રાસબિહારી બોઝે બધાં મંડળોને સાંકળતી એક સંસ્થા ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ લીગ નામે મધ્યસ્થ સંસ્થા સ્થાપી. તેણે ભારતની સ્વાધીનતા પ્રાપ્ત કરવા

માટે આઝાદ હિંદ ફોજ ઊભી કરવાનો નિર્ણય લીધો. તેમાં વિશ્વમાં જુદા જુદા દેશોમાં વસતા હિન્દીઓ જેવા કે મલાયા, જાપાન, ચીન, સુમાત્રા, જાવા, હોંગકોંગ, બોર્નિયો, અંદમાન, બ્રહ્મદેશ (મ્યાનમાર) વગેરે જગ્યાએથી 100 જેટલા પ્રતિનિધિઓએ હાજરી આપી. જેમાં જાપાનના હાથમાં યુદ્ધકેદી તરીકે પકડાયેલા મોહનસિંગે આ પરિષદમાં હાજરી આપી. જેમાં રાસબિહારી બોઝ પ્રમુખ તરીકે ચૂંટાયા.

### આઝાદ હિંદ ફોજ અને ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ લીગ

અંગ્રેજોની કડક સુરક્ષા ભેદીને સુભાષચંદ્ર બોઝ એક સબમરીન દ્વારા બર્લિનથી સિફતપૂર્વક જાપાન પહોંચ્યા (1943). આ એક જબ્બર સાહસ હતું. ત્યાં રાસબિહારી બોઝે હિન્દમુક્તિની આ ફોજ ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ લીગની સર્વોચ્ચ નેતાગીરી સુભાષચંદ્ર બોઝને સંભાળી લેવાનું આમંત્રણ આપ્યું. આ ફોજ માત્ર હિંદી સૈનિકોની અને હિંદી અધિકારીઓની જ અને ભારતની મુક્તિ માટે જ લડશે તેમ નક્કી થયેલ જેમાં જાપાન અને અગ્નિએશિયાના હિંદીઓની મદદ મળી. જાપાનના વડાપ્રધાન ટોઝો સાથે મુલાકાત થઈ. તેમણે હિંદના પૂર્ણ સ્વરાજ્ય માટે તમામ પ્રકારની સહાય જાપાન કરશે તેવું નક્કી થયું. જાપાનીઝ લશ્કર હિંદમાં આગળ વધે તેમ તેમ કામચલાઉ સરકાર ત્યાં રચીને ત્યાંનો વહીવટ તેમને સોંપશે અને જાપાન તેને માન્યતા પણ આપશે.

સુભાષચંદ્ર જાપાનથી સિંગાપુર ગયા (ઈ.સ. 1943ની બીજી જુલાઈએ) અને ત્યાં સર્વસંમતિથી (4 જુલાઈ, 1943) ''ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ લીગ''ના પ્રમુખ તરીકે તેમની વરણી થઈ. સાથોસાથ રાસબિહારી બોઝે ''ઇન્ડિયન નેશનલ આર્મી'' ( INA) 'આઝાદ હિન્દ ફોજ'' ના વડા તરીકે સ્વેચ્છાએ નિવૃત્તિ લઈ સુભાષચંદ્ર બોઝની આઝાદ હિંદ ફોજના વડા તરીકે નિમણૂક કરી. ત્યાં વસતા હિન્દીઓને પોતાની માતૃભૂમિને મુક્ત કરાવવા માટે યોગ્ય અને સમર્થ નેતા મળ્યો. ત્યારથી સુભાષચંદ્ર બોઝને તેમણે ''નેતાજી''નું હુલામણું નામ આપ્યું. નેતાજીએ સૈનિકોને ''ચલો દિલ્લી'', ''તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હેં આઝાદી દૂંગા'' અને ''જય હિંદ''નાં સૂત્રો આપ્યા. પોતાના કુશળ માર્ગદર્શન દ્વારા આરઝી હકૂમત (સમાંતર સરકાર)ની રચના કરી. દક્ષિણપૂર્વ એશિયાના દેશોનો પ્રવાસ કરીને ત્યાંના ભારતીયો પાસે માતૃભૂમિની સ્વતંત્રતા કાજે તેમણે સર્વસ્વનું બલિદાન આપવાની માગણી કરી.

### સુભાષચંદ્ર બોઝ દ્વારા કામચલાઉ સરકારની સ્થાપના

આઝાદ હિન્દ ફોજનું નેતૃત્વ સંભાળતાંની સાથે સુભાષચંદ્ર બોઝે કામચલાઉ સરકારની રચના કરી, જેમાં તેઓ વડાપ્રધાન અને લશ્કરના સર્વોચ્ચ વડા બન્યા. હિન્દની આ કામચલાઉ સરકારને જાપાન, જર્મની, ચીન, ઇટાલી, બર્મા વગેરે દેશોએ માન્યતા આપી. આ સરકારે હિંદી ભાષાને રાષ્ટ્રીય ભાષા, રાષ્ટ્રધ્વજ તરીકે ત્રિરંગો ધ્વજ સ્વીકાર્યો. આવક માટે જાપાનની સહાય, સ્વૈચ્છિક ફાળો, મિલકત વેરો રાખવાનું નક્કી થયું. નેતાજીએ 1943માં અંદમાન-નિકોબાર ટાપુઓની મુલાકાત લઈ આ ટાપુઓને અનુક્રમે 'શહીદ' અને 'સ્વરાજ્ય' નામ આપ્યા.

### અંતિમ તબક્કો અને સુભાષબાબુની શહીદી

નેતાજીના નેતૃત્વ હેઠળના સૈન્યની ટુકડીઓએ રંગૂન, પ્રોમ, કોહીમા (હાલના નાગાલૅન્ડની રાજધાની વગેરે) પ્રદેશો કબજે કર્યા (મે, 1944). તદુપરાંત ઈમ્ફાલ (હાલના મણિપુરની રાજધાની) પણ જીતી લીધી; પરંતુ બીજા વિશ્વયુદ્ધના આ સમયગાળા દરમિયાન અમેરિકાએ બ્રિટન તરફે યુદ્ધમાં ઝુકાવ્યું અને જાપાનના નાગાસાકી અને હીરોશીમા શહેરો ઉપર બૉમ્બવર્ષા કરતાં જાપાને શરણાગતિ સ્વીકારી જેથી નેતાજીની આઝાદ હિંદ ફોજને મળતી જાપાનની સહાય બંધ થઈ. તદુપરાંત બ્રિટનના હવાઈ જહાજોની આઝાદહિંદ ફોજ ઉપરના બૉમ્બમારાને લીધે સ્થિતિ વધુ વણસી હતી. નેતાજી સુભાષચંદ્ર આ કપરી પરિસ્થિતમાં વિમાન મારફતે બેંગકોક - સાયગોન - ફોર્માસા ટાપુના તાઈપાઈ વિમાન મથકે પહોંચ્યા પણ વિમાનમાં અકસ્માતથી આગ લાગતાં હૉસ્પિટલમાં સારવાર દરમિયાન અવસાન પામ્યા (18 ઑગસ્ટ, 1945). અલબત સુભાષબાબુનું આ વિમાન અકસ્માતમાં અવસાન થયું તે બાબત આજે પણ એક વણ-ઉકલ્યું રહસ્ય છે.

### સ્વાતંત્ર્યપ્રાપ્તિ અને હિંદના ભાગલા

આઝાદ હિંદ ફોજના પકડાયેલા સેનાપતિઓ ઉપર રાજદ્રોહનો કેસ ચલાવાયો. ભુલાભાઈ દેસાઈ અને જવાહરલાલ નહેરુ ફોજ વતી કેસ લડ્યા પણ બ્રિટિશ સરકારે આ સેનાપતિઓને સજા કરી., જે પ્રચંડ લોક વિરોધ થતાં પાછી ખેંચવી પડી અને આ બનાવથી અને મુંબઈના નૌકાવિગ્રહ (1946) ના લીધે અંગ્રેજોએ ભારતને સ્વરાજ્ય આપવાની વાટાઘાટો શરૂ કરી અને બ્રિટનના

વડાપ્રધાન એટલીએ જાહેરાત કરી કે બ્રિટિશ સરકાર કૅબિનેટ મિશન યોજના મુજબ રચાનાર હિંદ સરકારને હિંદની તમામ સત્તાઓ સોંપી, જૂન 1948 સુધીમાં વિદાય લેશે.

દરમિયાનમાં હિંદના વાઇસરૉય તરીકે વેવેલની જગ્યાએ માઉન્ટ બેટનની નિમણૂક થઈ. તે વખતે હિંદમાં ફાટી નીકળેલાં રમખાણોને લીધે દેશની સ્થિતિ વધુ કરુણ હતી. બંધારણ સભાની રચના માટે જુલાઈ, 1946ની ચૂંટણીઓમાં કૉંગ્રેસને 210 માંથી 201 અને મુસ્લિમ લીગને 78 માંથી 73 બેઠકો મળેલી. પરિણામે લીગે પાકિસ્તાન માટે પ્રબળ માગણી કરી અને સરકાર ઉપર દબાણ લાવવા 16 ઑગસ્ટ, 1946 ને સીધા પગલા દિન તરીકે પાળવાનો આદેશ કરતા સમગ્ર હિંદમાં કોમી હુલ્લડો અને તોફાનો ફાટી નીકળ્યા. આ જોતાં સરદાર પટેલ, નહેરુ સહિતના કૉંગ્રેસના નેતાઓને લાગ્યું કે, પાકિસ્તાનની માગણી સ્વીકાર્યા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી. મુસ્લિમ લીગ અને ઝીણાના હઠાગ્રહથી બંધારણ સભાનો મુસ્લિમ લીગ દ્વારા બહિષ્કાર થયો. લીગે, 31 જાન્યુઆરી, 1947માં પાકિસ્તાન પ્રાપ્તિ માટે જલદ કાર્યક્રમના આગ્રહના લીધે હિંદ વિભાજન સ્વીકારવાની પરિસ્થિતિ પેદા થઈ. આ સંજોગોમાં માઉન્ટ બેટને નહેરુ અને સરદારને સમજાવ્યું કે, "અનેક સ્વાયત્ત અને વિરોધી એકમોવાળી નિર્બળ કેન્દ્ર સરકાર કરતાં, કેન્દ્રને આધીન એવા વહીવટી એકમો સાથેની સુદઢ કેન્દ્ર સરકાર ધરાવતું હિંદ વધારે શાંતિ ભોગવી શકશે." નેતાઓને આ દલીલ યોગ્ય લાગી. તેઓએ (નહેરુ અને સરદારે) ગાંધીજી સાથે પરામર્શ કર્યો. ગાંધીજીએ નાછૂટકે હિંદના ભાગલાની વ્યવસ્થાનો ભારે હૈયે સ્વીકાર કર્યો.

### માઉન્ટ બેટન યોજના (જૂન 1947) અને હિંદના ભાગલા



આઝાદી અને ભારતના ભાગલાની સ્વીકૃતિ થઈ તે મિટિંગ
(માઉન્ટ બેટન યોજના અને હિંદના ભાગલા અંગેનો ફોટો)

વાઇસરૉય માઉન્ટ બેટને પોતાનું સ્થાન સંભાળી લીધું (24 માર્ચ, 1947). તેમના મતે હિંદના ભાગલા કરવા સિવાય હવે કોઈ ઉપાય બાકી બચતો ન હતો. સરદાર પટેલ જેવા કેટલાક વાસ્તવદર્શી નેતાઓએ પણ આ વાત સ્વીકારી લેવા આગ્રહ કર્યો હતો. આમ, આ સંજોગોમાં લાંબી ચર્ચા-વિચારણાના અંતે વાઇસરૉય માઉન્ટ બેટને અખંડ હિંદના બે ભાગલા કરવાની આખરી યોજના રજૂ કરી (3 જૂન, 1947). જેને 'માઉન્ટ બેટન યોજના' કહે છે.

કૉંગ્રેસ અને મુસ્લિમ લીગે આ યોજનાનો સ્વીકાર કર્યો. જોકે વાઇસરૉય માઉન્ટ બેટને પંજાબ, બંગાળની હિંદુ બહુમતી વિસ્તારોને હિંદ સાથે અને મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારોને પાકિસ્તાન સાથે તથા વાયવ્ય સરહદ પ્રાંત બલુચિસ્તાન અને સિલ્હટ વિસ્તારોને પણ પાકિસ્તાનની સાથે જોડવાના નિર્ણયને બહાલી આપી.

### હિંદ સ્વાતંત્ર્યધારો (જુલાઈ 1947)

વાઇસરૉય માઉન્ટ બેટનની યોજના અનુસાર બ્રિટિશ પાર્લમેન્ટે હિંદ સ્વાતંત્ર્યધારો (જુલાઈ 1947) પસાર કર્યો.

આ ધારા મુજબ ભારતીય સંઘે પ્રથમ ગવર્નર જનરલ તરીકે માઉન્ટ બેટનને અને પાકિસ્તાને જનાબ ઝીણાને પસંદ કર્યા. આ ધારાથી હિંદની પરાધીનતાનો અંત આવ્યો માટે જ ગાંધીજી આ ધારાને 'બ્રિટિશ સરકાર દ્વારા હિંદને આપવામાં આવેલો એક માત્ર શ્રેષ્ઠ અને શ્રેયસ્કર ધારો' કહે છે.

બ્રિટિશ શાસનના અંતિમ વાઇસરૉય માઉન્ટ બેટન દ્વારા સત્તા સોંપવાની કાર્યવાહીની શરૂઆત નવી દિલ્હીમાં એક સમારંભ

યોજી શરૂ કરાઈ (14 મી ઑગસ્ટ, 1947 ની મધ્યરાત્રિ). ધ્વજસ્તંભ ઉપથી ઇંગ્લૅન્ડનો રાષ્ટ્રધ્વજ-યુનિયન ઝેક નીચે ઉતારાયો અને ભારતનો ત્રિરંગી રાષ્ટ્રધ્વજ ફરકાવાયો. માઉન્ટ બેટને ભારતને સ્વતંત્રતા આપતા દસ્તાવેજો ભારતના પ્રથમ હિંદી ગર્વનર જનરલ તરીકે નિયુક્ત થયેલ ચક્રવર્તી સી. રાજગોપાલાચારીને સોંપ્યા. સત્તા હસ્તાંતરની સઘળી કાર્યવાહી પૂરી થઈ. સમગ્ર વાતાવરણ આનંદની લહેરોથી ગુંજી ઊઠ્યું. 15મી ઑગસ્ટ 1947નું સુંદર પ્રભાત ઊગ્યું. સમગ્ર ભારત દેશની જનતાએ આનંદ અને ઉલ્લાસથી પ્રથમ સ્વાતંત્ર દિનની ઉજવણી કરી. ઠેર ઠેર તોરણો બંધાયાં, શાળાઓમાં મીઠાઈ વહેંચાઈ, અનેકોએ પ્રતિજ્ઞા પૂરી થવાથી રાહત અનુભવી, પણ મહાત્મા ગાંધીજી હિંદ વિભાજનની વેદનાથી દુ:ખી હોઈ તેઓ ઊંડા શોક અને ચિંતનમાં ડૂબેલા હતા.

## સ્વતંત્ર બનેલ ભારત અને તેની સમક્ષની તત્કાલીન સમસ્યાઓ

માઉન્ટ બેટન યોજના અને હિંદ સ્વતંત્ર ધારો (India Independance Act, 1947)ના પરિણામે હિંદુસ્તાનની વિભાજિત સ્વતંત્રતા ભારત અને પાકિસ્તાન એ બે દેશોના સ્વરૂપમાં જોવા મળી. આ તબક્કે જ સ્વતંત્ર ભારત માટે (1) લશ્કરોની વ્યવસ્થા (2) મિલકતોને લગતા પ્રશ્નો (3) લેણાં અને દેવાના હિસાબ (4) નિરાશ્રિતોની સમસ્યા (5) જાહેર સેવાઓ તથા તે માટે અધિકારીઓ અને વહીવટી તંત્રની વ્યવસ્થા ઉપરાંત (6) ભારતની પશ્ચિમે આવેલા પશ્ચિમ પાકિસ્તાન અને પૂર્વ તરફના પૂર્વ પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય સરહદો નક્કી કરવી વગેરે મુખ્ય સમસ્યાઓનું નિરાકરણ લાવવાનું હતું.

આ પ્રશ્નના નિરાકરણ માટે માઉન્ટ બેટનના અધ્યક્ષ પદે ભારત-પાકિસ્તાનના બે-બે મળી પાંચ પ્રતિનિધિઓની સમિતિ નીમી. આ સમિતિએ આવા પ્રશ્નોના ઉકેલ માટે સંબંધિત પ્રશ્નોના જાણકાર તજ્જ્ઞોનાં જુદાં જુદાં પંચો નિયુક્ત કર્યા અને મતભેદ પ્રસંગે ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશના અધ્યક્ષપદે ભારતના અને પાકિસ્તાનના એક એક પ્રતિનિધિઓનું બનેલું લવાદી પંચ જે ચુકાદો આપે તેને આખરી માનવાનું બંને રાષ્ટ્રોએ સ્વીકાર્યું. ભારતીય લશ્કરના સર સેનાપતિએ લશ્કર અને લશ્કરી સરસરંજામનું વિભાજન પૂર્ણ કરતાં બ્રિટિશ લશ્કરે ભારતમાંથી વિદાય લીધી (ફેબ્રુઆરી, 1948). લશ્કરી, ન્યાયિક અને વહીવટી વગેરે સેવા આપનાર અધિકારીઓને ભારત-પાકિસ્તાન વિકલ્પ સ્વીકારવાની તથા તે સંબંધી પગાર-ભથ્થાં, નોકરીની સલામતીની ખાતરી અપાઈ. ભારત અને પાકિસ્તાન છોડી આવનારા નિર્વાસિત નાગરિકો, તેમની તથા બંને દેશોની મિલકતો, રોજગાર, વ્યવસાય વગેરે સમસ્યાઓને ધૈર્ય અને કુનેહપૂર્વક ઉકેલવામાં આવી. ભારતનાં 562 જેટલાં દેશી રજવાડાંઓને સ્વતંત્ર ભારત સંઘમાં જોડવાનો ભગીરથ પ્રશ્ન સરદાર વલ્લભભાઈ પટેલે તેમના દૃઢ નિશ્ચય, લોખંડી મનોબળ અને મુત્સદ્દીપૂર્ણ વાટાઘાટો વડે ઉકેલ્યો.

આમ છતાં, વિભાજનને લીધે થયેલ કોમી રમખાણોની અસરો, મહાત્મા ગાંધીજીની હત્યાનો આઘાત, સ્વતંત્ર ભારતને સુશાસન આપી પગભર બનાવવું, કૃષિ ક્ષેત્રની નબળી સ્થિતિ, દેશમાં શાંતિ અને સુલેહનું વાતાવરણ ઊભું કરવું, દેશની આંતર-બાહ્ય સુરક્ષા જેવા પ્રશ્નોના નિરાકરણ વગેરે બાબતો માટે લાંબાગાળાનાં આયોજન આવશ્યક બની રહ્યાં.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

(1) ‘હિન્દ છોડો’ ચળવળ અને એ ચળવળના વિવિધ બનાવો જણાવો.

(2) આઝાદ હિન્દ ફોજે ભારતને આઝાદી અપાવવા બજાવેલી કામગીરીની વિગત દર્શાવો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) સાયમન કમિશન

(2) પૂર્ણ સ્વરાજ્યની માગણી

(3) દાંડીકૂચ

(4) સુભાષચંદ્ર બોઝ

**3. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો :**

(1) ભારતના લોકોએ સાયમન કમિશનનો શા માટે વિરોધ કર્યો ?

(2) 'આઝાદ હિંદ ફોજ'નાં સૂત્રો જણાવો.

(3) માઉન્ટ બેટન યોજના ક્યારે રજૂ થઈ ?

(4) અંગ્રેજોએ ભારતને સત્તા સોંપી ત્યારે હિંદના પ્રથમ હિંદી ગવર્નર જનરલ કોને નીમવામાં આવેલા ?

**4. નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો :**

(1) સાયમન કમિશન કેટલા સભ્યોનું બનેલું હતું ?

(A) 5 (B) 6

(C) 7 (D) 8

(2) દાંડીકૂચ ક્યારે કરવામાં આવી.

(A) 12 એપ્રિલ 1930 (B) 12 માર્ચ 1931

(C) 12 માર્ચ 1930 (D) 12 માર્ચ 1929

(3) કઈ વ્યક્તિ દાંડીકૂચને 'મહાભિનિષ્ક્રમણ સાથે સરખાવે છે ?

(A) મહાદેવભાઈ દેસાઈ (B) સરદાર વલ્લભભાઈ

(C) મૌલાના આઝાદ (D) સુભાષચંદ્ર બોઝ

(4) ડોમિનિયન સ્ટેટ્સ એટલે શું ?

(A) સંસ્થાનિક સ્વરાજ્ય (B) સાંપ્રદાયિકતા

(C) પૂર્ણ સ્વરાજ્ય (D) સરમુખત્યારશાહી

(5) મોન્ટફર્ડના સુધારામાં સુધારાની જરૂરિયાત માટે કેટલા વર્ષે કમિશન નીમવું તેવી જોગવાઈ હતી ?

(A) 20 વર્ષે (B) 10 વર્ષે

(C) 7 વર્ષે (D) 5 વર્ષે

(6) સાયમન કમિશનનો વિરોધ કરતાં લાઠીચાર્જથી કોનું મૃત્યુ થયું હતું ?

(A) પંડિત જવાહરલાલ (B) લાલા લજપતરાય

(C) ગોવિંદવલ્લભ પંત (D) મોતીલાલ નહેરુ

(7) 'નેતાજી'નું હુલામણું નામ કોને મળ્યું હતું ?

(A) સુભાષચંદ્ર બોઝ (B) વલ્લભભાઈ પટેલ

(C) રાસબિહારી બોઝ (D) જવાહરલાલ નહેરુ

(8) હિન્દુસ્તાનના વિભાજન સમયે ભારતમાં કયા અંગ્રેજ ગવર્નર જનરલ હતા ?

(A) મોન્ટેગ્યુ ચેમ્સફોર્ડ (B) વેલેસ્લી

(C) માઉન્ટ બેટન (D) ડેલહાઉસી

**પ્રવૃત્તિ**

- દાંડીકૂચનો માર્ગ ગુજરાતના રેખાંકિત નકશામાં દોરો.
- દાંડીકૂચમાં ભાગ લેનાર વ્યક્તિઓની યાદી તૈયાર કરો.
- સુભાષચંદ્ર બોઝની પુસ્તિકા મેળવી વાંચો.

# 6 1945 પછીનું વિશ્વ

પ્રાચીન કાળમાં ભારત અને વિશ્વભરમાં અસંખ્ય યુદ્ધો લડાયાની વિગતોથી ઇતિહાસનાં પૃષ્ઠ ભરાયેલાં છે તેમ છતાં આ યુદ્ધોમાં હંમેશાં યાદ રહે તેવાં વૈશ્વિક પ્રભાવ ધરાવતાં યુદ્ધોમાં મોટે ભાગે આધુનિક યુગનાં બે મહાયુદ્ધો (પ્રથમ અને દ્વિતીય વિશ્વયુદ્ધ)નો સમાવેશ કરી શકાય. પ્રથમ વિશ્વયુદ્ધને અંતે વિશ્વમાં કાયમી શાંતિ સ્થાપવાના હેતુથી રાષ્ટ્રસંઘની સ્થાપના કરવામાં આવી; પરંતુ તેની કેટલીક મર્યાદાઓના કારણે તે નિષ્ફળ નીવડયો અને ઈ.સ. 1939માં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. બીજા વિશ્વયુદ્ધની યુદ્ધ સમયની ઘેરી મનોદશા અને ભયંકરતાએ માનવ જાતને શાંતિ અને સ્વાતંત્ર્ય રક્ષણ માટેના પ્રયાસોની પુનઃ એકવાર જરૂર સમજાઈ પરિણામે સંયુક્ત રાષ્ટ્રોની સ્થાપના થઈ (24 ઑક્ટોબર 1945).

## સંયુક્ત રાષ્ટ્રોનું ખતપત્ર

સંયુક્ત રાષ્ટ્રોના ખતપત્રનો આરંભ આમુખથી થાય છે અને તેમાં સંયુક્ત રાષ્ટ્રસંઘના હેતુઓ દર્શાવવામાં આવ્યા છે. આ હેતુઓ નીચે પ્રમાણે છે :

(1) આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીની સ્થાપના કરવી. એ માટે શાંતિને અવરોધરૂપ હોય તેવી બાબતોને અટકાવવા કે દૂર કરવા તેમજ આક્રમણનાં કે શાંતિભંગનાં કૃત્યોને દબાવી દેવા અસરકારક સામૂહિક પગલાં ભરવાં. દરેક આંતરરાષ્ટ્રીય ઝઘડાઓનો શાંતિમય સાધન દ્વારા ઉકેલ લાવવો.

(2) આત્મનિર્ણય તથા સમાન હકના પાયા ઉપર રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેના મૈત્રીપૂર્ણ સંબંધો વિકસાવવા તથા વિશ્વશાંતિ જાળવવા તમામ યોગ્ય પગલાં ભરવાં.

(3) આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક કે માનવતાવાદી સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં આંતરરાષ્ટ્રીય સહયોગ પ્રાપ્ત કરવો તથા જાતિ, ભાષા, લિંગ કે ધર્મના ભેદભાવ વિના તમામ વ્યક્તિઓ માટેની મૂળભૂત સ્વતંત્રતાઓ કે માનવ અધિકારો પ્રત્યે આદરભાવ ઉત્પન્ન કરવો.

(4) આ સમાન ધ્યેયો સિદ્ધ કરવા માટે કામ કરી રહેલા જુદાં જુદાં રાષ્ટ્રોનાં કાર્યો વચ્ચે સંવાદિતા લાવનાર કેન્દ્રિય સંસ્થા તરીકેનું કાર્ય કરવું.

આમ, ખતપત્રમાંથી ફલિત થાય છે કે યુદ્ધને તિલાંજલી અને ચિરશાંતિની ઝંખના એ સંયુક્ત રાષ્ટ્રોનું મુખ્ય ધ્યેય છે તેમ કહી શકાય.

## "ઠંડું યુદ્ધ" (1945-1962) – કારણો અને પરિણામો

બીજા વિશ્વયુદ્ધનું મહત્ત્વનું પરિણામ એ આવ્યું કે ઈંગ્લૅન્ડ અને ફ્રાન્સ જેવી મહાસત્તાઓની વિશ્વની નેતાગીરી અમેરિકા અને રશિયાએ લીધી. યુદ્ધમાં ઈંગ્લૅન્ડ, ફ્રાન્સ, રશિયા, અમેરિકા એક સાથે રહ્યા; પરંતુ યુદ્ધ પૂરું થયા પછી રશિયાની શાસન પદ્ધતિની વિચારસરણી ભિન્ન હોવાને કારણે અમેરિકા અને ઈંગ્લૅન્ડ રશિયાથી અલગ પડ્યા. યુદ્ધ પછીના સમયમાં આ બંને મહાસત્તાઓ વિશ્વરાજકારણમાં કેન્દ્ર સ્થાને રહી બંનેએ વિશ્વમાં પોતાનું વર્ચસ્વ વધારવા સક્રિય પ્રયાસો કર્યા. આ ગાળા દરમિયાન વિશ્વ બે સત્તા જૂથો અને લશ્કરી જૂથોમાં વહેંચાઈ ગયું. સત્તાનું બે ધ્રુવો (અમેરિકા અને રશિયા)માં કેન્દ્રીકરણ થયું એટલે આ સમયગાળાને દ્વિધ્રુવી વિશ્વવ્યવસ્થા ગાળા તરીકે ઓળખવામાં આવે છે. વિશ્વયુદ્ધ પછી આ બે મહાસત્તાઓ વચ્ચેના સંબંધો સુમેળભર્યા ન રહ્યા. બંને જૂથ વચ્ચે અસંતોષનું વાતાવરણ સર્જાયું. સત્તા માટે ખેંચતાણ અને અત્યંત તંગ પરિસ્થિતિનું નિર્માણ થવાને કારણે આ તબક્કાને ઠંડા યુદ્ધના તબક્કા તરીકે પણ ઓળખવામાં આવે છે.

બીજા વિશ્વયુદ્ધ પછી વિશ્વનાં મુખ્ય શક્તિશાળી રાષ્ટ્રો વચ્ચેના સત્તા સંબંધોમાં પરિવર્તનો થયા. નાઝીવાદી જર્મની અને ફાસીવાદી ઈટાલી સામે મિત્રદેશો તરીકે સાથે લડેલા અને વિજયી બનેલા અમેરિકા અને રશિયા બંને વિરોધી સત્તા-જૂથો લશ્કરી જૂથો બન્યા. બંને શક્તિશાળી રાષ્ટ્રો બન્યા અને તેમની વચ્ચે ઠંડું યુદ્ધ શરૂ થયું. બ્રિટન અને ફ્રાન્સનો વિજય તો થયો પણ યુદ્ધમાં થયેલી ભયંકર તારાજીને લીધે બંને મહાસત્તા તરીકેનો દરજ્જો ગુમાવી બેઠા. યુદ્ધમાં હારેલા જર્મની, ઈટાલી અને જાપાન આર્થિક, રાજકીય અને લશ્કરી એમ બધી રીતે નષ્ટ થયા. યુદ્ધના પાછળના તબક્કા દરમિયાન સોવિયેત યુનિયને (રશિયાએ) જર્મનીના પૂર્વ ભાગ ઉપરાંત અન્ય પૂર્વ યુરોપના દેશો જેવા કે ઑસ્ટ્રિયા, આલ્બેનિયા, હંગેરી, યુગોસ્લાવિયા, ઝેકોસ્લોવેકિયા, પોલૅન્ડ, રૂમાનિયા,

બલ્ગેરિયા અને બાલ્ટિક રાજ્યો પર લશ્કરી કબજો મેળવ્યો. આ દેશોમાં સામ્યવાદી પક્ષોને સત્તા સોંપી, જેથી તેમના પર રશિયાનું વર્ચસ્વ રહ્યું. આ ગાળા દરમિયાન રશિયાએ અણુઅખતરો (1949) કરીને એક માત્ર અણુબૉમ્બ ધરાવતી અમેરિકાની પ્રભુત્વવાળી સત્તાને પડકારી. પશ્ચિમ યુરોપના જે દેશોને બ્રિટિશ અમેરિકી દળોએ મુક્ત કર્યા હતા ત્યાં ધીરે ધીરે લોકશાહી શાસનપ્રથા સ્થપાઈ.

## લશ્કરી જૂથોમાં વહેંચાયેલું વિશ્વ

બીજા વિશ્વયુદ્ધ પછી યુરોપ અને વિશ્વના દેશો એક યા બીજા સત્તા જૂથો સાથે જોડાતા બે દિશામાં ધ્રુવીકરણની પ્રક્રિયા ઉદ્ભવી અને વેગવાન બની. બંને સત્તા જૂથો વચ્ચે અવિશ્વાસનું વાતાવરણ સર્જાયું આથી કેટલાંક લશ્કરી જૂથો રચાયાં. સોવિયતસંઘ અને સામ્યવાદથી બચવા અમેરિકાની પ્રેરણાથી ઉત્તર ઍટલૅન્ટિક મહાસાગરના કિનારે આવેલા ‘નાટો’ નામે એક સંગઠન NATO (North Atalantic Treaty Organization) રચાયું (એપ્રિલ 1949). દક્ષિણ અને પૂર્વ એશિયાના દેશોના રક્ષણ માટે બીજા લશ્કરી જૂથની રચના કરી. આ જૂથ સીઆટો (SEATO - South East Asia Treaty Organization - તરીકે ઓળખાયું (ઈ.સ. 1945).

આ સૈનિક સંગઠનની સામે રશિયાએ ‘વૉર્સો કરાર’ નામે સૈનિક સંગઠનની રચના કરી. આ સંગઠનના આલ્બેનિયા, બલ્ગેરીયા, ઝેકોસ્લોવેકીયા, પૂર્વ જર્મની, હંગેરી, પોલૅન્ડ, રુમાનિયા અને રશિયા સભ્યો હતાં. મધ્યપૂર્વના દેશોમાં ઇંગ્લૅન્ડની પ્રેરણાથી ‘સેન્ટો’ (CENTO - Central East North Traty Organization) (બગદાદ-કરાર) નામે એક જૂથ રચાયું; પરંતુ ઇરાકમાં ક્રાંતિ થતા તે જૂથથી અલગ થયું. પાછળથી આ જૂથની નેતાગીરી અમેરિકાએ લીધી.

## શસ્ત્રીકરણ, નિઃશસ્ત્રીકરણ, પરમાણુ શસ્ત્રોનું સર્જન અને તેનો ઉપયોગ

ઠંડાયુદ્ધ દરમિયાન સમગ્ર વિશ્વ પર પ્રભુત્વ જમાવવા માટે બંને મહાસત્તાઓ વચ્ચે ઉગ્ર સ્પર્ધા થઈ અને શસ્ત્રસ્પર્ધા તથા શસ્ત્રોના ઉત્પાદન વધારવાની હરીફાઈ થઈ. અમેરિકાએ હિરોશીમા અને નાગાસાકી ઉપર અણુબૉમ્બ ફેંકી પોતાની સર્વોપરિતા સિદ્ધ કરી (1945). એ પછીનાં ચાર વર્ષમાં સોવિયેત યુનિયન (રશિયા)એ અણુઅખતરો કરી પોતાની સર્વોપરિતા સિદ્ધ કરી.

અમેરિકાની દક્ષિણ પશ્ચિમે આવેલ સામ્યવાદી શાસનપ્રથા ધરાવતા ક્યુબાની નાકાબંધી અમેરિકાએ ઈ.સ. 1961-62 દરમિયાન જાહેર કરી. અમેરિકાના આક્રમણના ભયથી ક્યુબાનું રક્ષણ કરવા માટે સોવિયત યુનિયને પરમાણુ શસ્ત્રોથી સજ્જ મિસાઇલવાળાં વહાણ કેરેબિયન સમુદ્રમાં મોકલ્યા. બંને મહાસત્તાઓએ એકબીજાને પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરવાની ધમકી આપી. છેવટે અમેરિકા અને સોવિયત યુનિયનના વડાઓ વચ્ચે પહેલીવાર ‘હૉટ લાઇન’ પર વાત થઈ. જેથી સોવિયત યુનિયને પોતાનાં વહાણ પાછાં વાળવાનો વિચાર કરી વહાણ પાછાં વાળ્યાં અને બંને વચ્ચે યુદ્ધની ઘટના ટળી ગઈ. આ ઘટનાને ‘ક્યુબાની કટોકટી’ તરીકે ઓળખાવવામાં આવે છે. આથી બંને મહાસત્તાઓ વચ્ચે પરસ્પર સંદેશાની આપ-લે શરૂ થઈ. બંને મહાસત્તાઓ વચ્ચે ગેરસમજણ દૂર થવાનો માર્ગ મોકળો બન્યો. બંને મહાસત્તાઓએ પરમાણુશસ્ત્રોનો ઉપયોગ ન કરી માનવ કલ્યાણનું કાર્ય કર્યુ. આથી જ ક્યુબાની કટોકટીને ઠંડા યુદ્ધના અંતના આરંભ તરીકે ઓળખવામાં આવે છે.

અમેરિકા, સોવિયત યુનિયન અને બ્રિટન પરમાણુ શસ્ત્રોનું નિઃશસ્ત્રીકરણ અને પરમાણુ શસ્ત્રોના પરીક્ષણ અને ઉત્પાદન અને ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મૂકવા સહમત થયા. આને આંશિક પરમાણુ અખતરાબંધ સંધિ તરીકે ઓળખવામાં આવે છે. આ સંધિ પર ફ્રાન્સે હસ્તાક્ષર કર્યા નહિ અને પરમાણુ અખતરા કરવાનું ચાલુ રાખ્યું તેમજ ચીને પણ આ સંધિ પર હસ્તાક્ષર કર્યા નહિ અને 1964માં અણુ અખતરો કર્યો. આ સંધિ એક બીજા દેશ પર અણુઅખતરા કરવા પર પ્રતિબંધ મૂકતી હતી. છતાં વિશ્વનાં પાંચ રાષ્ટ્રો શસ્ત્રો ધરાવતાં રાષ્ટ્રો બની ચૂક્યાં હતાં. ચીન સિવાયનાં ચાર સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિના કાયમી (વિટો સત્તા ધરાવતાં) સભ્ય રાષ્ટ્રો હતાં.

પરમાણુ શસ્ત્રો વિઘાતક, રાસાયણિક જૈવિક શસ્ત્રો તેમજ દૂરના અંતર સુધી પહોંચાડી શકાય તેવાં પ્રક્ષેપાસ્ત્ર (મિસાઇલ)ના ઉત્પાદનની અદ્યતન ટેક્નોલૉજી આ પાંચ રાષ્ટ્ર પાસે હતી. મનુષ્ય જાતિનો જ નહિ સમગ્ર જીવસૃષ્ટિ સાથે આખા જગતનો અનેકવાર વિનાશ કરી શકે તેવાં રાષ્ટ્રોના ભય નીચે વિશ્વ દબાયેલું હતું.

બે મહાસત્તાઓ વચ્ચે ઠંડા યુદ્ધની તીવ્રતા ઘટતાં તેમની વચ્ચે સંબંધ સુધાર પ્રક્રિયા શરૂ થતાં મહાસત્તાઓએ પરમાણુ શસ્ત્રો પર મર્યાદા મૂકતી અને તેમાં ઘટાડો કરતી સંધિઓ પર હસ્તાક્ષર કર્યા છે. ભારતે આ સંધિઓ આવકારી છે પણ તે હંમેશાં નિઃશસ્ત્રીકરણની હિમાયત કરે છે. જ્યાં સુધી પરમાણુ શસ્ત્રોનું સંપૂર્ણ નિઃશસ્ત્રીકરણ થાય નહિ ત્યાં સુધી વિશ્વ પરમાણુ શસ્ત્રોના જોખમમાંથી મુક્ત બની શકશે નહિ.

## એશિયામાં સ્વતંત્ર રાષ્ટ્રોનો ઉદય

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જ એશિયાના પરાધીન દેશોમાં સ્વાતંત્ર્યની ચળવળો શરૂ થઈ ચૂકી હતી. ભારતમાં બ્રિટિશરોની ભેદભાવભરી નીતિને કારણે આઝાદીની સાથે જ ભારતના બે ભાગલા પડ્યા અને ભારત અને પાકિસ્તાન એમ બે સ્વતંત્ર રાષ્ટ્રો અસ્તિત્વમાં આવ્યા. આઝાદીની લાંબી લડત પછી ભારત દેશ આઝાદ થયો (1947). એ જ રીતે બ્રિટન સાથે કેટલાંક રાષ્ટ્રોએ સંઘર્ષ કરીને સ્વતંત્ર બન્યા તેમાં મ્યાનમાર અને શ્રીલંકા (1948), ઈન્ડોનેશિયા (1949) સ્વતંત્ર થયા તેમાં સંયુક્ત રાષ્ટ્રોનો ફાળો મહત્ત્વનો હતો. એશિયાઈ દેશો લાઓસ, કંબોડિયા પણ સ્વતંત્ર રાષ્ટ્રો બન્યાં.

## આફ્રિકામાં સ્વતંત્ર રાષ્ટ્રોનો ઉદય

બીજા વિશ્વયુદ્ધનું આફ્રિકાના પરાધીન દેશો માટે સુખદ પરિણામ આવ્યું. મહાયુદ્ધ પૂરું થયું ત્યારે ફક્ત એબિસિનિયા (ઈથોપિયા), દક્ષિણ આફ્રિકા સંઘ, ઈજિપ્ત સ્વતંત્ર હતા. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અને પછી એશિયાના દેશોમાં ચાલી રહેલી સ્વાતંત્ર્ય ચળવળો વેગીલી બની અને સ્વાતંત્ર્યની માગણી કરવા લાગી. પરિણામ એ આવ્યું કે 1951થી 1966 સુધીનાં સોળેક વર્ષના ગાળામાં આફ્રિકાના 40 જેટલા નાના-મોટા દેશોએ સ્વતંત્રતા પ્રાપ્ત કરી લીધી. સામ્રાજ્યવાદી સત્તાઓ વિશ્વમાં પોતાનું પ્રભુત્વ જતું કરે તેમ ન હતી તેથી તેમણે સત્તા ટકાવી રાખવાના પ્રયત્નો પણ કર્યા હતા પરંતુ કેટલાક દેશો આ બે મહાસત્તા જૂથ કે લશ્કરી જૂથ સાથે ન જોડાઈ પોતે સ્વતંત્ર રહી પોતાના રાષ્ટ્રનો સ્વતંત્ર વિકાસ ઇચ્છતા હતા.

## બિનજોડાણવાદી ચળવળ

વિશ્વની બે મહાસત્તાઓમાં વિશ્વ વહેંચાઈ ગયું. બે વિરોધી મહાસત્તાઓ અને લશ્કરી જૂથો (અમેરિકા અને રશિયા) સાથે કેટલાંક રાષ્ટ્રો જોડાયાં અને કેટલાંક રાષ્ટ્રો ન જોડાયાં એટલે કે વિશ્વમાં કોઈ પણ સત્તાજૂથ કે લશ્કરી જૂથમાં નહિ જોડાયેલ રાષ્ટ્રો બિનજોડાયેલા અને તેમણે અપનાવેલી વિદેશનીતિ 'બિનજોડાણવાદી' નીતિ તરીકે ઓળખાય છે.

વિશ્વની બે મહાસત્તાઓની કોઈ એક વિચારસરણીમાં જોડાયા વિના તટસ્થ રાષ્ટ્રો એકબીજાના સહકારથી; પરંતુ પોતાના આગવા અસ્તિત્વ સાથે સર્વાંગી વિકાસ કરવા ઇચ્છતા હતા. આ સમયે ભારતના વડાપ્રધાન જવાહરલાલ નહેરુ, ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ સુકર્ણો, ઈજિપ્તના રાષ્ટ્રપતિ કર્નલ નાસર અને યુગોસ્લાવિયાના રાષ્ટ્રપતિ માર્શલ ટીટોનું બિનજોડાણવાદની નીતિને પ્રબળ સમર્થન પ્રાપ્ત થયું. વિચાર-વિમર્શને અંતે ઈન્ડોનેશિયાના બાન્ડુંગ ખાતે તટસ્થ રાષ્ટ્રોની એક પરિષદ યોજાઈ (1955). આ પરિષદમાં એશિયાના 23 અને આફ્રિકાના 6 દેશોના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. પરિષદે વિશ્વના ગરીબ દેશોની વચ્ચે સાંસ્કૃતિક અને આર્થિક સહકાર વધારવાનું તથા સામ્રાજ્યવાદનો વિરોધ કરવાનું ધ્યેય જાહેર કર્યું. આ પરિષદમાં તટસ્થ દેશોના સંગઠન માટેનું માળખું અને ભવિષ્યની કામગીરી નક્કી થઈ. 1961માં બેલગ્રેડ ખાતે યોજાયેલ પરિષદમાં વિધિસર રીતે બિનજોડાણવાદી આંદોલન (NAM - નોન એલાઈમેન્ટ મુવમેન્ટ) સંસ્થાની સ્થાપના થઈ. પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુના નેતૃત્વ હેઠળ ભારતે બિનજોડાણની વિદેશનીતિ અપનાવી. બિનજોડાણવાદી ચળવળને મૂલ્યવાન નેતૃત્વ પૂરું પાડ્યું. નેહરુ માનતા હતા કે કોઈ પણ સત્તા જૂથ કે લશ્કરી જૂથમાં જોડાવાના બદલે તટસ્થ રહેવાથી રાષ્ટ્રીય હિતોનું વધારે સારી રીતે રક્ષણ થઈ શકશે. ભારતની એ માન્યતા રહી છે કે વિશ્વનું બે હરીફ સત્તા જૂથો લશ્કરી જોડાણોમાં વિભાજન વિશ્વશાંતિ માટે ખતરારૂપ અને આંતરરાષ્ટ્રીય સહકાર માટે હાનિકારક છે.

આજે વિશ્વના સૌથી વધુ દેશો બિનજોડાણવાદી જૂથના સભ્યો છે. કુઆલાલમ્પુર ખાતે 13 મું શિખર સંમેલન યોજાઈ ગયું (2003). છેલ્લા ચાર દાયકામાં વિશ્વસ્તરે અનેક ઘટનાઓ બની છે. સોવિયત સંઘનું વિઘટન થતાં રશિયાનું વર્ચસ્વ ઘટ્યું છે. અમેરિકા એક માત્ર મહાસત્તા તરીકે મજબૂત બની રહ્યું છે. અલબત્ત વિશ્વના દેશોની સામ્રાજ્યવાદી નીતિ ઓસરતી ગઈ છે. આ સંજોગોમાં બિનજોડાણવાદી જૂથનો પ્રભાવ વધતો રહ્યો છે.

તટસ્થ રાષ્ટ્રો બિનજોડાણવાદનો નવો અભિગમ અપનાવી વિશ્વના રાજકારણમાં યોગ્ય પ્રદાન આપવા સફળ રહ્યા છે. વિશ્વમાં સર્વત્ર શાંતિ જળવાઈ રહે, યુદ્ધકીય ઘટનાઓ ન બને, માનવ સમાજ અને રાષ્ટ્રની ભાવના જળવાય તથા મહાસત્તા નિઃશસ્ત્રીકરણ અપનાવવાનું વલણ કેળવે તે માટેનો નૈતિક પ્રભાવ જમાવવામાં બિનજોડાણવાદને સફળતા મળી છે.

## જર્મનીના ભાગલા અને એકીકરણ

પ્રથમ અને દ્વિતીય વિશ્વયુદ્ધ જેના થકી શરૂ થયેલ મનાય છે તે જર્મનીનો દ્વિતીય વિશ્વયુદ્ધમાં પણ ધ્વંસ થયો આથી તેની

આર્થિક, સામાજિક અને રાજકીય કરોડરજ્જુ તૂટી પડી. જર્મનીને પુનઃ બેઠું કરી શકે તેવો નેતા ન હતો. યુદ્ધ પૂરું થતાં વિજેતા રાજ્યોએ જર્મનીને ચાર વહીવટી વિભાગમાં વહેંચી નાખ્યું. તેની વ્યવસ્થા આ પ્રમાણે કરવામાં આવી. સોવિયત યુનિયનની લાલ સેના (રેડ આર્મી)એ પૂર્વ ભાગ પર લશ્કરી કબજો જમાવ્યો હતો, જેથી પૂર્વ જર્મનીનો વહીવટ સોવિયેત યુનિયનને સોંપવામાં આવ્યો. જર્મનીના નૈઋત્ય ભાગનો વહીવટ અમેરિકાને, ફ્રાન્સની નજીક આવેલા પ્રદેશોનો વહીવટ ફ્રાન્સને, બેલ્જિયમને અડીને આવેલા જર્મન વિસ્તારનો વહીવટ બ્રિટનને સોંપવામાં આવ્યો. જર્મનીની રાજધાની બર્લિન પણ રશિયા અને સંકલન સમિતિ વચ્ચે વિભાજન કરવામાં આવી હતી. તેમની વચ્ચે વહીવટી એકતા માટે સંકલન સમિતિની રચના પણ કરવામાં આવી હતી. આ રીતે જર્મની પર ચાર દેશોનો વહીવટ સ્થાપવામાં આવ્યો. સત્તાજૂથો વચ્ચે અવિશ્વાસનું વાતાવરણ ઊભું થતાં પૂર્વ જર્મની ઉપરથી પોતાની સત્તા ચાલી જશે તેવો સોવિયત યુનિયનને ભય લાગ્યો તેથી પૂર્વ જર્મનીમાં પોતાના કહ્યામાં રહે તેવી પૂતળા સરકાર સ્થાપી દીધી.

અમેરિકા, ફ્રાન્સ અને બ્રિટને પોતાના વહીવટ હેઠળના પશ્ચિમ જર્મનીના પ્રદેશોનું એકીકરણ કરી 'ફેડરલ રિપબ્લિક ઑફ ઈસ્ટ જર્મની', તરીકે નિર્માણ કર્યું. પશ્ચિમ જર્મનીના ત્રણ વિભાગોનું એકીકરણ કરવામાં આવ્યું તેમ બર્લિનના પણ ત્રણ વિભાગોને એક કરવામાં આવ્યા. આ પ્રક્રિયાના વિરોધરૂપે સોવિયેત યુનિયને બર્લિનની નાકાબંધી જાહેર કરી (એપ્રિલ 1948). પરિણામે પશ્ચિમી દેશો અને સોવિયત યુનિયન વચ્ચે ભારે તણાવ ઊભો થયો. આ સમય દરમિયાન પશ્ચિમ બર્લિન અને પૂર્વ બર્લિનને જુદી પાડતી 42 કિમી લાંબી દીવાલ બનાવવામાં આવી. પૂર્વ બર્લિનમાં રહેતા જર્મનો જુલમી અને કડકાઈભર્યા વાતાવરણમાંથી પશ્ચિમ બર્લિનના મુક્ત અને મોકળાશભર્યા વાતાવરણમાં નાસી જવા ઉતાવળા બન્યા તથા એ વિભાગમાં પોતાના કુટુંબીજનો, સ્નેહીઓ અને મિત્રો પાસે પહોંચી જવાના અસંખ્ય બનાવો બનવા લાગ્યા. લોકો દીવાલ ઠેકીને કે જળમાર્ગે તરીને પશ્ચિમ બર્લિનમાં જવા મરણિયા પ્રયાસો કરતા. પૂર્વ જર્મનીની સામ્યવાદી સરકાર નાસી જવાના પ્રયાસ કરતા લોકોને ગોળીથી ઠાર કરવા જેવાં ક્રૂરતાભર્યાં પગલાં લેતી. આમાં ઘણા લોકોએ જાન ગુમાવ્યા. ત્યાર પછીના સાડા-ચાર દસકાના સમયમાં પશ્ચિમ જર્મનીએ ખૂબ જ વિકાસ કર્યો. તેણે આર્થિક અને અન્યક્ષેત્રોમાં સિદ્ધિ પ્રાપ્ત કરી, જે 'જર્મન ચમત્કાર' તરીકે ઓળખાય છે.

1990 સુધીના સમયમાં આંતરરાષ્ટ્રીય રાજકારણમાં મહત્ત્વનાં અને દૂરગામી પરિવર્તનો આવ્યા જેના કારણે ઠંડા યુદ્ધના પ્રવાહો મંદ પડતા ગયા. સામ્યવાદી યુરોપના પૂર્વ દેશો અને પશ્ચિમ યુરોપનાં લોકશાહી તંત્રો ધરાવતા દેશો વચ્ચેનું અંતર ઘટવા લાગ્યું. તેમની વચ્ચેના અવરોધ સમું લોખંડી આવરણ અદૃશ્ય થવા લાગ્યું. પરિણામે સોવિયત સંઘનું વિઘટન થયું (તેની ચર્ચા હવે પછી કરીશું). પૂર્વ જર્મની અને પશ્ચિમ જર્મની વચ્ચે કડવાશ ઊભી થાય તેવા કોઈ મુદ્દાઓ રહ્યા જ ન હતા આથી બંને દેશો વચ્ચે વાટાઘાટો થઈ પરિણામે બંને જર્મનીનું એકીકરણ થયું (3 ઑક્ટોબર 1990). બર્લિનની દીવાલ જે જર્મન પ્રજાના દુઃખ, વિયોગ, સંતાપ અને કરુણા અને ક્રૂરતાભર્યા જોરજુલમના પ્રતીકરૂપે હતી તેને હર્ષ અને ઉલ્લાસથી લોકોએ તોડી નાખી અને જર્મન લોકોએ દિલથી પોતાનો આનંદ વ્યક્ત કર્યો. સંયુક્ત બનેલા જર્મનીએ 1990 પછીના દશકામાં ખૂબ ઝડપી પ્રગતિ સાધી. રાજકીય, આર્થિક, વેપાર વાણિજ્ય, સામાજિક વગેરે ક્ષેત્રે પ્રગતિ સાધી તે યુરોપનું સંપન્ન રાષ્ટ્ર બન્યું છે.

### સોવિયત રશિયાનું વિઘટન

વીસમી સદીના છેલ્લા દાયકા દરમિયાન સોવિયત યુનિયનના પ્રમુખ ગૉર્બોચોવની ઉદારમતવાદી નીતિને કારણે સોવિયત યુનિયનની વિચારસરણીમાં આવેલા પરિવર્તનથી સોવિયત યુનિયન (રશિયા)નું વિભાજન થયું. સોવિયત યુનિયનનું શાંતિપૂર્ણ વિઘટન એ વિશ્વરાજકારણની શકવર્તી ઘટના ગણાવી શકાય. મિખાઈલ ગૉર્બોચોવ સામ્યવાદી પક્ષના નવા મહામંત્રી તરીકે સત્તા સ્થાને આવ્યા (11 માર્ચ 1989માં). તે ઉદારમતવાદી વલણ ધરાવતા હતા. રશિયાએ વિજ્ઞાન અને ટેક્નોલૉજી ક્ષેત્રે ખૂબ સારી પ્રગતિ કરેલી. તે અમેરિકા જેવી મહાસત્તાઓ સામે શક્તિ ધરાવતું હતું.

ગોર્બોચોવની 'ગ્લાસ્નોસ્ત' (ખુલ્લાપણું) અને 'પેરેસ્ટ્રોઈકા' (આર્થિક અને સામાજિક સુધારણાની નીતિ) નીતિઓને કારણે સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાક સંઘની સ્વાતંત્ર્ય મેળવવાની ઉત્કંઠા જાગતાં સોવિયેત સંઘનાં ઘટકરાજ્યો એક પછી એક સ્વતંત્ર બન્યાની ઘોષણા કરવા લાગ્યાં તે માટેની પ્રક્રિયા શરૂ થઈ. ધીરે ધીરે સોવિયત યુનિયનના વહીવટીતંત્ર પર સામ્યવાદી પક્ષ, અમલદારશાહી અને લાલ સેના (રેડ આર્મી)ની પકડ ઢીલી પડવા લાગી.

સોવિયત યુનિયનના વિભાજનની પ્રક્રિયા શરૂ થઈ (ઈ.સ. 1990). છેવટે દેશનાં કુલ 15 રાજ્યોમાંથી 14 રાજ્યો સ્વતંત્ર થતાં વિઘટનની પ્રક્રિયા પૂરી થઈ (ડિસેમ્બર 1991).

## આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારતનું પ્રદાન

આઝાદી પછી ભારતે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મહત્ત્વનો ફાળો આપ્યો છે. વિશ્વમાં સામ્રાજ્યવાદ, સંસ્થાનવાદ, કાળા-ગોરા વચ્ચેનો રંગભેદ વગેરે દૂષણો નાબૂદ કરવા તેમજ તેની સામે ચાલતી ચળવળોને ભારતે હંમેશાં ટેકો આપ્યો છે. સંયુક્ત રાષ્ટ્રોના આદેશથી ભારતે કોરીયાના યુદ્ધમાં ઘવાયેલા સૈનિકોની તબીબી સારવાર માટે દવાઓ અને તબીબી ટુકડીઓ મોકલી હતી. ગાઝા, સાયપ્રસ, કોંગો, શ્રીલંકા વગેરેમાં સર્જાયેલી કટોકટી વખતે સંયુક્તરાષ્ટ્રના શાંતિ સ્થાપક દળોમાં ભારતે પોતાના સૈનિકોને મોકલીને એ દેશોમાં શાંતિ સ્થાપવામાં સક્રિય કામગીરી બજાવી હતી. આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવાના તેમજ વિશ્વભરના લોકોના સ્વાતંત્ર્ય અને સુખસમૃદ્ધિ માટેના તમામ પ્રયત્નોને ભારતે સક્રિય સહકાર આપ્યો છે. સંયુક્ત રાષ્ટ્રોની મહાસભામાં પરમાણુ શસ્ત્રોના સંપૂર્ણ નિઃશસ્ત્રીકરણનો ઠરાવ રજૂ કરીને ભારતે શાંતિની ઇચ્છાને વાચા આપી છે. ઘાતક શસ્ત્રોનું ઉત્પાદન બંધ કરી તેમજ સૈન્ય સંખ્યા ઘટાડીને એ નાણાં વિશ્વની ગરીબ તથા ભૂખમરાથી પીડાતી પ્રજાના આર્થિક-સામાજિક વિકાસ માટે કરવો જોઈએ એવી માગણી હંમેશાં ભારતે સંયુક્તરાષ્ટ્ર સમક્ષ કરી છે. આમ, વિશ્વશાંતિ એ ભારતની વિદેશનીતિનો મુખ્ય સિદ્ધાંત છે. વિશ્વશાંતિ માટે રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચે સહકાર, વિશ્વાસ અને સમજણનું વાતાવરણ સ્થાપવા માટે ભારતે સતત પ્રયાસ કર્યો છે.

## ભારતના અન્ય દેશો સાથે સંબંધો

### ભારતના અમેરિકા સાથેના સંબંધો

ભારત અને યુનાઇટેડ સ્ટેટ્સ (યુ. એસ. એ.) બંને પ્રજાસત્તાક દેશો છે. ભારત અને યુનાઇટેડ સ્ટેટ્સ વચ્ચે અનેક સમાનતાઓ હોવા છતાં ભારત અને યુનાઇટેડ સ્ટેટ્સ વચ્ચે સંબંધોમાં ચઢાવ-ઉતાર આવ્યા છે.

આઝાદી મેળવ્યા પછી ભારતે કોઈ સત્તાજૂથમાં ન જોડાઈ બિનજોડાણવાદી નીતિ સ્વીકારી તે યુનાઇટેડ સ્ટેટ્સને ગમ્યું નહિ. તેને આશા હતી કે ભારત લોકશાહી  જૂથમાં જોડાશે પણ ભારતે બિનજોડાણવાદી નીતિ અપનાવી કારણ કે આથી તેણે પોતાની આર્થિક સ્થિતિ વિકસાવવાની હતી.

જમ્મુ-કશ્મીરની બાબતમાં પણ યુનાઇટેડ સ્ટેટ્સે પાકિસ્તાનની તરફેણ કરી હતી. પાકિસ્તાન યુનાઇટેડ સ્ટેટ્સના સત્તાજૂથ સાથે અને લશ્કરી સંગઠન સાથે જોડાયુ હતુ જ્યારે ભારતે બિનજોડાણવાદની નીતિ સ્વીકારી હતી. આ કારણે પણ ભારત અને યુનાઇટેડ સ્ટેટ્સ વચ્ચે સારા સંબંધો ન વિકસ્યા તેમજ ભારતે પરમાણુ શસ્ત્રો સંબંધી સંધિઓ પર હસ્તાક્ષર કર્યા નથી. કારણ કે 'સર્વગ્રાહી પરમાણુ પરીક્ષણ સંધિ' અને સર્વગ્રાહી 'પરમાણુ પરીક્ષણ પ્રતિબંધ સંધિ' પર ભારત હસ્તાક્ષર કરે એવો યુનાઇટેડ સ્ટેટ્સે આગ્રહ રાખ્યો છે; પરંતુ આ બંને સંધિઓ ભેદભાવયુક્ત અને રાષ્ટ્રીય હિતોને નુકસાનકર્તા હોવાથી ભારતે તેના પર હસ્તાક્ષર કર્યા નહિ. પોતાના ઇરાદાઓ અને આગ્રહની અવગણના થતાં યુનાઇટેડ સ્ટેટ્સ ભારત પર નારાજ થયું જ્યારે ભારતે પોખરણ (રાજસ્થાન) ખાતે સફળ પરમાણુ અખતરો કર્યો (1998) ત્યારે તેણે ગંભીર નોંધ લીધી. તેણે ભારત સામે કેટલાક પ્રતિબંધો મૂક્યા જે સમય જતાં હળવા થયા. આર્થિક અને ટેક્નિકલ ક્ષેત્રમાં ભારતને અમેરિકાની મદદ મળતી રહી છે.

યુનાઇટેડ સ્ટેટ્સના ન્યૂયૉર્કના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર 11 સપ્ટેમ્બર 2001ના રોજ થયેલા આતંકવાદી હુમલા પછી બંને દેશો વચ્ચેના સંબંધોમાં સુધાર આવ્યો છે. ભારતે પણ આર્થિક ક્ષેત્રે પ્રગતિ સાધી છે તે બાબતનો હવે તે સ્વીકાર કરે છે અને બંને દેશો વચ્ચે ગાઢ સંબંધો બંધાય તેવી ઇચ્છા ધરાવતા થયા છે.

સપ્ટેમ્બર 2014 અને 2015માં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાની મુલાકાતે ગયા હતા અને સંયુક્ત રાષ્ટ્રોની મહાસભાને પણ સંબોધી હતી. યુનાઇટેડ સ્ટેટ્સ અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાએ 26 જાન્યુઆરી 2015ના રોજ ભારતના 66મા પ્રજાસત્તાકદિન (ગણતંત્ર દિવસ) સમારોહમાં મુખ્ય મહેમાન બની ભારતની મુલાકાત લીધી હતી. ભારતીય ગણતંત્ર દિવસમાં ભાગ લેનારા તેઓ અમેરિકાના પ્રથમ પ્રમુખ હતા. આમ, ભારત અને અમેરિકાના સંબંધો સુમેળભર્યા થઈ રહ્યા છે. આતંકવાદના પ્રશ્ને બંને રાષ્ટ્રોના વડાઓ સાથે મળીને એ અંગે ચિંતિત છે.

### ભારત અને સોવિયત યુનિયન (રશિયા) વચ્ચેના સંબંધો

ભારતમાં ભારે ઉદ્યોગો સ્થાપવામાં, સંરક્ષણક્ષેત્રે સજ્જ થવામાં સોવિયત રશિયાએ આર્થિક અને તકનિકી મદદ કરી છે. કશ્મીરના પ્રશ્નમાં સોવિયત યુનિયને ભારતનો પક્ષ લીધો છે. સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિમાં કશ્મીરના મુદ્દે ભારત વિરુદ્ધ

ઠરાવ ન થાય એ માટે ઘણીવાર 'વિટો' સત્તાનો ઉપયોગ કર્યો છે. કશ્મીર પ્રશ્ને વૈશ્વિક સ્તર પર ભારતના મતનું સમર્થન કર્યું છે. આમ, રશિયા અને ભારત વચ્ચે ગાઢ મૈત્રીભર્યા સંબંધો રહ્યા છે.

### ભારત–પડોશી દેશ સાથેના સંબંધો

**ભારત–પાકિસ્તાન :** ભારતે આઝાદી મેળવ્યા પછી તુરત જ ભારત-પાકિસ્તાન વચ્ચેના સંબંધો તણાવભર્યા રહ્યા છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ઈ.સ. 1948, 1965 અને 1971 એમ ત્રણ વાર યુદ્ધો થયાં જેમાં દરેક વખતે પાકિસ્તાનનો પરાજય થયો. બંને દેશો વચ્ચે તાશ્કંદ કરાર અને સિમલા કરાર થયા છતાં પાકિસ્તાન એ કરારોને નિષ્ઠાપૂર્વક અનુસરતું નથી. 1999 (કારગિલ)માં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું છે. બંને દેશોના વડાઓ પોતાની સમસ્યાઓનો શાંતિમય સમાધાન દ્વારા ઉકેલ લાવવા પ્રયત્નો કરી રહ્યા છે.

**ભારત–ચીન :** ભારત અને ચીન વચ્ચેના સંબંધોની શરૂઆત ઈ.સ. 1954માં થઈ એમ કહી શકાય. ચીને જ્યારે પોતાની સરહદોના નકશા પ્રકાશિત કર્યા ત્યારે ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં ભંગાણ પડ્યું. આ નકશામાં ચીને ભારતનો ઘણો મોટો વિસ્તાર પોતાનો છે એમ દર્શાવ્યું જેથી ભારતે તેનો સખત વિરોધ કર્યો. ભારત અને ચીન વચ્ચેની સરહદ દર્શાવતી મેકમોહન રેખાનો ચીને અસ્વીકાર કર્યો આથી બંને દેશો વચ્ચે મતભેદ ઊભા થયા. ચીને ભારત પર આક્રમણ કર્યું (1962) અને જે પ્રદેશો એણે પોતાના પ્રદેશો તરીકે દર્શાવેલા એના ઉપર કબજો મેળવ્યો. ભારતે સરહદોનું રક્ષણ કરવા લશ્કર મોકલ્યું. ચીને એક તરફી યુદ્ધવિરામ જાહેર કર્યો અને એ રીતે યુદ્ધનો અંત આવ્યો. આ પ્રશ્નને ઉકેલવા માટે મંત્રણાઓ યોજાય છે પરંતુ કોઈ સમાધાન થઈ શક્યું નથી છતાં પણ છેલ્લા દાયકા દરમિયાન ભારત અને ચીન વચ્ચે પરસ્પર સહકાર અને મૈત્રીપૂર્ણ સંબંધો વિકસતા રહ્યા છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના વડાપ્રધાન જીન પીંગ વચ્ચે રિવરફ્રન્ટ, અમદાવાદ ખાતે સૌજન્યપૂર્ણ મુલાકાત થઈ (2014).

**ભારત–બાંગ્લાદેશ :** બાંગ્લાદેશે ઘણો સંઘર્ષ કરી સ્વતંત્રતા મેળવી. ઈ.સ. 1971માં એક સ્વતંત્ર સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે બાંગ્લાદેશનો ઉદ્ભવ થયો એ પહેલાં એ પાકિસ્તાનનો ભાગ હતો. એક નવોદિત રાષ્ટ્ર તરીકે ભારતે બાંગ્લાદેશને નાણાકીય, ટેક્નિકલ અને ભૌતિક સાધનોની ઘણી મદદ કરી, પણ કેટલીક બાબતોમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મતભેદો ઊભા થયા છે. ગંગા નદીના પાણીનો ઉપયોગ અને વહેંચણી સંબંધે થયેલી ચર્ચાઓ દ્વારા સમાધાન કરવામાં આવ્યું. અતિવૃષ્ટિ, વાવાઝોડા જેવી કુદરતી આપત્તિ વખતે ભારતે બાંગ્લાદેશને પૂરતા પ્રમાણમાં મદદ કરી છે. બંને રાષ્ટ્રો વચ્ચે 2015માં વિવાદિત જમીન વિસ્તાર અને તે ક્ષેત્રના લોકોની નાગરિકતાના પ્રશ્નોનું નિરાકરણ વાટાઘાટોથી થયેલ છે.

**ભારત–ભૂતાન :** ભારતે ભૂતાન સાથે કાયમી શાંતિ અને મિત્રતાની સંધિ કરી (1949). ભૂતાને પણ સંરક્ષણ અને વિદેશનીતિમાં ભારતને વિશ્વાસમાં લેવાનું સ્વીકાર્યું. ભારતે ભૂતાનને સંદેશાવ્યવહાર અને વાહન-વ્યવહારના વિકાસ માટે મદદ આપવાનું સ્વીકારી સંબંધો મજબૂત બનાવ્યા. વડાપ્રધાન નહેરુએ ભૂતાનની મુલાકાત લીધી હતી (1958). ભારતના રાષ્ટ્રપતિએ ભૂતાનની મુલાકાત લીધી (1970). ભૂતાનને યુ. એન.નું સભ્ય બનાવવામાં ભારતે મદદ કરી (1971). ભારતના ભૂતાન સાથેના સંબંધોમાં ક્યારેય તંગદિલી ઊભી થઈ નથી. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભૂતાનની મુલાકાત લીધી હતી (જૂન 2014) તે દરમિયાન પ્રધાન મંત્રીએ ચર્ચાઓ દરમિયાન કહ્યું હતું કે ભારત પ્રગતિ કરશે તો તેની સીધી અસર પાડોશી દેશો પર પડશે. બંને દેશો પર પરસ્પર સુરક્ષા સંબંધિત સહયોગ પર સંતોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

**ભારત–શ્રીલંકા :** શ્રીલંકા સાથે ભારતના સંબંધો ઘણા જૂના છે. ઘણા ભારતીયો ખાસ કરીને તમિળ લોકો શ્રીલંકામાં ઘણા સમયથી વસવાટ કરે છે અને ત્યાં સ્થાયી થયા છે. તે લોકોના નાગરિકત્વનો પ્રશ્ન બંને વચ્ચે મતભેદનો મુદ્દો બનેલો, પણ બંને દેશોએ વાટાઘાટો દ્વારા ઉકેલવાનો પ્રયાસ કર્યો છે. શ્રીલંકાના તમિળ લોકોને થતો અન્યાય દૂર થાય અને તમિળ સંગઠનો અને શ્રીલંકાની સરકાર તમિળ સમસ્યાનું શાંતિમય સમાધાન કરે એવી ભારતની ઈચ્છા છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શ્રીલંકાની મુલાકાત વખતે તમિલ પ્રભાવિત વિસ્તાર જાફનાની મુલાકાત લીધી (13 માર્ચ 2015). શ્રીલંકન તમિલ અસરગ્રસ્તોના પુનઃવસન માટે 27,000 જેટલાં મકાનો ભારતની આર્થિક સહાયથી બનાવાયાં છે. આજે શ્રીલંકા સાથે ભારતના મૈત્રીપૂર્ણ સંબંધો છે.

**ભારત–નેપાળ :** નેપાળ અને ભારત વચ્ચેના સંબંધોનો આરંભ બંને દેશો વચ્ચે કરવામાં આવેલી સમજૂતીથી થયો

(ઈ.સ. 1950). એ સમજૂતી મુજબ બંને દેશોએ એકબીજાના સાર્વભૌમ અને પ્રાદેશિક અખંડિતતાનું જતન સ્વીકાર્યું છે તથા બંને દેશના નાગરિકોની એકબીજાના દેશમાં મુક્ત અવરજવરને માન્ય રાખેલ છે. નેપાળના સામાજિક–આર્થિક વિકાસમાં ભારતે ઘણી મદદ કરી છે. નેપાળના ઘણા વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે ભારત આવે છે. હિમાલયમાંથી નીકળતી કેટલીક નદીઓ નેપાળમાંથી પસાર થઈને ભારતમાં આવે છે. ચોમાસામાં તેમાં ભારે પૂર આવે છે અને તેથી ભારતને ઘણું નુકસાન થાય છે. નદીઓનાં પૂર રોકવા માટે ભારત અને નેપાળ વચ્ચે સમજૂતી થાય એ માટે ભારત પ્રયત્ન કરે છે. 25 એપ્રિલ 2015ના રોજ નેપાળમાં 5.8 ની તીવ્રતાનો, ભૂકંપ આવ્યો હતો તેમાં આશરે 8000ની આસપાસ લોકો મૃત્યુ પામ્યા. આ કુદરતી હોનારતમાં ભારતે બચાવ કામગીરીમાં નેપાળને મદદ કરી, તથા રાહત અને પુનઃવસનમાં સહાય કરી.

**ભારત-અફઘાનિસ્તાન** : ભારત અફઘાનિસ્તાન સાથે મૈત્રીભર્યા સંબંધો ધરાવે છે. અફઘાનિસ્તાનના નવસર્જનમાં ભારતનો સિંહફાળો રહ્યો છે બાંધકામ ક્ષેત્રે, આરોગ્યક્ષેત્રે અને કેળવણીક્ષેત્રે ભારતનો મોટો ફાળો છે. તેના આર્થિક-સામાજિક ઉત્કર્ષ માટે ભારતે આર્થિક મદદ કરી છે. કુદરતી આપત્તિ વખતે ભારતે આર્થિક મદદ કરી છે. અફઘાનિસ્તાનના પાર્લમેન્ટ હાઉસનું બાંધકામ ભારત કરે છે.

**ભારત-મ્યાનમાર** : ભારતના મ્યાનમાર (બર્મા) સાથે પણ સુમેળભર્યા સંબંધો રહ્યા છે. ભારતની આઝાદી પછી મ્યાનમારને સ્વતંત્રતા મળી (1948). ત્યારથી બંને દેશો વચ્ચે મૈત્રીસંબંધો જળવાયા છે. આઝાદી પછી મ્યાનમારે ભારત પાસે વિકાસ માટે આર્થિક સહાયની માગણી કરી. ભારતે તાત્કાલિક સહાય મોકલી આપી કારણ કે ભારત મ્યાનમારને આર્થિક રીતે મજબૂત કરવા માગતું હતું.

ભારતની વિદેશનીતિનું ધ્યેય વિશ્વમાં શાંતિ અને સલામતી જાળવવાનું છે. જોકે પ્રસંગોપાત ભારતને પાડોશી દેશો સાથે ચઢાવ-ઉતાર આવતા રહ્યા છે છતાં સહઅસ્તિત્વની પ્રાચીન ભારતીય પરંપરા અનુસાર સબળ હોવા છતાં પોતાનાથી નાના પાડોશી રાષ્ટ્રોની આર્થિકનીતિને પ્રભાવિત કર્યા વિના પાડોશી દેશો સાથે શાંતિપૂર્ણ અને મૈત્રીભર્યા સંબંધો જાળવી રાખ્યા છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) સંયુક્ત રાષ્ટ્રસંઘના હેતુઓ જણાવો.

(2) બિનજોડાણની નીતિનો અર્થ સમજાવો.

(3) 'ઠંડા યુદ્ધ'નાં પરિણામોની સંક્ષેપમાં ચર્ચા કરો.

(4) જર્મનીના ભાગલા અને એકીકરણ વિશે ટૂંકમાં જણાવો.

(5) ભારત અને રશિયા વચ્ચેના સંબંધોની સંક્ષેપમાં ચર્ચા કરો.

(6) 'લશ્કરી જૂથો', 'નાટો', 'સિઆટો' અને 'વૉર્સો' વિશે માહિતી આપો.

**2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) બીજા વિશ્વયુદ્ધ પછી મહાસત્તાઓ વચ્ચેના સંબંધો શાથી તણાવપૂર્ણ બન્યા ?

(2) પંડિત જવાહરલાલ નહેરુ બિનજોડાણની નીતિ વિશે શું માનતા હતા ?

(3) પરમાણુ બિનપ્રસાર સંધિ એટલે શું ? ભારતે તેના પર કેમ હસ્તાક્ષર કર્યા નથી ?

**3. નીચેના પર ટૂંક નોંધ લખો :**

(1) શસ્ત્રીકરણ અને નિઃશસ્ત્રીકરણ

(2) ક્યુબાની કટોકટી

(3) સોવિયત યુનિયનનું વિઘટન

(4) બર્લિનની નાકાબંધી

**4. નીચેનાં વિધાનોનાં કારણો આપો :**

(1) સંયુક્ત રાષ્ટ્રોની સ્થાપનાએ નવા વિશ્વનો પાયો નાખ્યો છે.

(2) ક્યુબાની કટોકટીને ઠંડા યુદ્ધના અંતના આરંભ તરીકે ગણવામાં આવે છે.

**5. દરેક પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો :**

(1) સંયુક્ત રાષ્ટ્રોના ખતપત્રનો આરંભ શેનાથી થાય છે. ?

(A) ઘોષણાપત્રથી (B) આમુખથી

(C) માનવહકોથી (D) બંધારણથી

(2) ઘણા વિદ્વાનો કઈ ઘટનાને ઠંડાયુદ્ધની શરૂઆત માને છે ?

(A) બર્લિનની નાકાબંધી (B) જર્મનીના ભાગલા

(C) જર્મન ચમત્કાર (D) જર્મનીનું એકીકરણ

(3) સોવિયત યુનિયનના નેતૃત્વ હેઠળના દેશો કઈ વિચારધારામાં માનતા હતા ?

(A) લોકશાહી (B) સામ્રાજ્યવાદી

(C) સામ્યવાદી (D) ઉદારમતવાદી

(4) ભારતમાં બિનજોડાણની વિદેશનીતિના પ્રવર્તક કોણ હતા ?

(A) લાલબહાદુર શાસ્ત્રી (B) ડૉ. રાધાકૃષ્ણન્

(C) પંડિત જવાહરલાલ નહેરુ (D) શ્રીમતી ઇંદિરા ગાંધી

(5) આંતરરાષ્ટ્રીય રાજકારણમાં કઈ નીતિએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે ?

(A) બિનજોડાણવાદની નીતિએ (B) ઠંડાયુદ્ધની નીતિએ

(C) નિઃશસ્ત્રીકરણની નીતિએ (D) સંસ્થાનવાદની નીતિએ

**શિક્ષક-પ્રવૃત્તિ**

- જર્મનીના એકીકરણ વિશે માહિતી આપવી અને તે અંગેનું ચિત્ર દર્શાવવું.
- સર્વનાશ અને વિશ્વશાંતિ વચ્ચે મનુષ્યજાતિએ પસંદગી કરવાની છે–આ વિષય પર ચર્ચાસભાનું આયોજન કરવું.
- સંયુક્તરાષ્ટ્રોના ભાવિ વિશે વક્તૃત્વસ્પર્ધાનું આયોજન કરવું.

**વિદ્યાર્થી-પ્રવૃત્તિ**

- દ્વિતીય વિશ્વયુદ્ધ પછી સ્વતંત્ર થયેલા દેશોની યાદી તૈયાર કરવી.
- જૂના સોવિયત યુનિયનનો અને રશિયાના છૂટા પડેલાં પ્રજાસત્તાક રાજ્યોનો નકશો તૈયાર કરવો.
- સોવિયત રશિયા, સંયુક્ત રાષ્ટ્રો અને દ્વિતીય વિશ્વયુદ્ધ વિશે ઇન્ટરનેટ પરથી માહિતી એકઠી કરો.
- સંયુક્તરાષ્ટ્રો વિશે આવતા સમાચારોનાં કટિંગ્સ, સમાચારપત્રોમાંથી એકઠાં કરો.

•

# 7 સ્વાતંત્ર્યોત્તર ભારત

બ્રિટિશ પાર્લમેન્ટે હિંદ સ્વાતંત્ર્ય ધારો જુલાઈ 1947માં પસાર કર્યો. આ ધારાની જોગવાઈ અન્વયે હિંદનું ભારતીય સંઘ અને પાકિસ્તાન સંઘ એમ બે રાષ્ટ્રો અસ્તિત્વમાં આવ્યા. દેશ સમક્ષ મુખ્ય બે પ્રશ્નો ઉદ્‌ભવ્યા :

(1) ભારતને અનુરૂપ એવું બંધારણ ઘડવું.

(2) હિંદની રિયાસતો પરથી બ્રિટિશ તાજની સાર્વભૌમ સત્તાનો અંત આવતાં તેમને ભારત સંઘમાં જોડી અખંડ ભારતની રચના કરવી.

એ વખતે દેશી રાજ્યો - રિયાસતોની સંખ્યા 562 હતી. સ્વતંત્ર ભારતના કુલ ક્ષેત્રફળ પૈકી 48 % દેશી રાજ્યોના ક્ષેત્રફળનું હતું. તે જ રીતે ભારતની કુલ જનસંખ્યાના 20 % જનસંખ્યા દેશી રાજ્યોની હતી. કશ્મીર, હૈદરાબાદ અને મૈસુર મોટાં રાજ્યો હતાં. અન્ય નાનાં રાજ્યો પણ હતાં. એવાં રાજ્યો પણ હતાં કે જેનું કદ એક નાના ગામ કરતાં પણ નાનું હતું. આ રાજ્યોના રાજાઓ, નવાબોને ભારતીય સંઘમાં જોડાવા માટે સમજાવવા એ ભગીરથ કાર્ય હતું. આ કાર્ય ઝડપથી પાર પાડવાનું હતું.


સરદાર વલ્લભભાઈ પટેલ

આઝાદી પ્રાપ્ત થતા સૌપ્રથમ ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહે ભાવનગરમાં 'જવાબદાર સરકાર'નો શુભારંભ કર્યો (15 જાન્યુઆરી, 1948). સરદાર પટેલના પ્રયત્નથી સંયુક્ત સૌરાષ્ટ્ર રાજ્યની રચના થતા ભાવનગર રાજ્ય તેમાં વિલીન થઈ ગયું (15 ફેબ્રુઆરી, 1948). સંયુક્ત સૌરાષ્ટ્ર રાજ્યની આ ઘટનાને જવાહરલાલ નહેરુએ "સમકાલીન ઇતિહાસનું સૌથી વિશેષ નોંધપાત્ર એકીકરણ ગણાવ્યું."

સ્વતંત્રતા મેળવ્યા બાદ તત્કાલીન નાયબ વડાપ્રધાન અને ગૃહપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલે દેશી રાજાઓને અપીલ કરી કે તેમના શાસન હેઠળની પ્રજા અને ભારતીય સંઘના હિતમાં તેઓ પોતાનાં રાજ્યોને સ્વેચ્છાએ ભારતીય સંઘમાં જોડાવા સંમતિ આપે. તેમણે રાજાઓમાં દેશભક્તિ જાગ્રત કરી. વ્યવહારુ બુદ્ધિથી તેમણે લગભગ બધાં દેશી રાજ્યોનું ભારતમાં વિલીનીકરણ પ્રક્રિયા આરંભી. રાજા રજવાડાં એક મજબૂત, અખંડ અને સમૃદ્ધ ભારતનો પાયો નાંખવામાં પોતાનો સહકાર આપે તેમ જણાવ્યું. તેમના હકો અને હિતોના રક્ષણની પણ સરદાર પટેલે ખાતરી આપી. સરદાર પટેલ અને તેમના સચિવ વી. પી. મેનનની સહાયથી 'જોડાણખત' અને 'જૈસે થે કરાર'નો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો હતો. તેને સંબંધિત પ્રધાનો અને રાજાઓની સંયુક્ત સમિતિએ તેને આખરી સ્વરૂપ આપ્યું. રાજાઓને આ મુસદ્દાથી સંતોષ થયો. હૈદરાબાદ, જૂનાગઢ અને કશ્મીર સિવાય તમામ (559) રાજ્યોએ તેનો સ્વીકાર કરી ભારતીય સંઘમાં પોતાના રાજ્યને વિલીન કરી દીધાં.

## હૈદરાબાદ, જૂનાગઢ અને કશ્મીરનું જોડાણ

**હૈદરાબાદ :** દક્ષિણ ભારતમાં આવેલ હૈદરાબાદ રાજ્યના નિઝામે પોતાના રાજ્યને 15 ઑગસ્ટના રોજ સ્વતંત્ર જાહેર કર્યું. તેની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાને લેતાં તેણે ભારત સાથે જોડાવું જોઈએ. તે ચારે બાજુથી ભારતીય સંઘના પ્રદેશોથી ઘેરાયેલ હોવાથી તે એક સ્વતંત્ર રાજ્ય તરીકે ટકી શકશે નહિ તેમ તેનું ધ્યાન દોરવામાં આવ્યું, પણ નિઝામે સ્પષ્ટતા આપી કે, જો દેશના ભાગલા પડશે તો ભૌગોલિક કારણસર તે પાકિસ્તાનમાં અને વૈચારિક કારણસર ભારતમાં નહિ જોડાઈ શકે. આના કારણે તે સ્વતંત્ર રહેવાનું પસંદ કરશે. નિઝામને સમજાવવા વાટાઘાટો શરૂ કરી, નિઝામવતી વાટાઘાટો કરનારને સરદાર પટેલે સ્પષ્ટ જણાવ્યું કે હૈદરાબાદની જનતા ભારતીય સંઘમાં ભળે તેમાં જ સૌનું હિત છે. નિઝામના અધિકારી અને સેનાએ પ્રજા પર અત્યાચાર ગુજારવાનું ચાલુ કર્યું. સ્થિતિ અસહ્ય બનતાં પરિસ્થિતિથી તંગ આવીને ભારત સરકારે પોલીસ પગલું ભરીને હૈદરાબાદને ભારતીય સંઘમાં ભેળવી દીધું (18 સપ્ટેમ્બર, 1948). નિઝામે શરણાગતિ સ્વીકારી. નિઝામને તેમનાં હિતોનાં રક્ષણની બાંયધરી આપી. આમાં કનૈયાલાલ મુનશીએ અગત્યની ભૂમિકા ભજવી. ત્યાર બાદ રાજ્યોની પુનઃરચના (1956) થતાં હૈદરાબાદ રાજ્યને આંધ્રપ્રદેશમાં સમાવી લેવામાં આવ્યું.

**જૂનાગઢ :** જૂનાગઢ સૌરાષ્ટ્રમાં આવેલ છે. તેના નવાબે પોતાના રાજ્યને પાકિસ્તાન સાથે જોડાણ ખત લખી આપ્યું. પાકિસ્તાને મંજૂરી પણ આપી દીધી. મુંબઈમાં જૂનાગઢના નાગરિકોએ જૂનાગઢને ભારતીય સંઘમાં જોડાવા માટે "આરઝી હકૂમત"ની સ્થાપના કરી. સૌરાષ્ટ્રનાં લગભગ તમામ રાજ્યોએ અને લોકોએ નવાબના પાકિસ્તાન સાથેના જોડાણનો વિરોધ કર્યો. નવાબના શાસકોએ

જૂનાગઢ રાજ્યની રૈયતને ત્રાસ આપવા માંડ્યો. માંગરોળ અને માણાવદરે ભારતમાં જોડાવાની ઇચ્છા જાહેર કરતાં તેના રક્ષણ માટે ગોઠવાયેલા ભારતીય સૈન્યો અને નૌકાદળે જૂનાગઢ ફરતે ઘેરો ઘાલ્યો. જૂનાગઢના નવાબ પાકિસ્તાન ચાલ્યા ગયા અને ભારતે જૂનાગઢનો કબજો લીધો (9 નવેમ્બર, 1947). પછી લોકમત લેવાયો જેમાં પ્રચંડ બહુમતીએ ભારતમાં ભળવાની તરફેણ કરતો પોતાનો મત આપ્યો. આમ, સરદાર પટેલની કુનેહ અને જૂનાગઢના નાગરિકોની પ્રચંડ ઇચ્છાશક્તિ થકી જૂનાગઢનું ભારતીય સંઘમાં જોડાણ થયું.

**કશ્મીર** : કશ્મીરના મહારાજા હરિસિંહ ડોગરાએ ભારત સાથેના જોડાણખત પર સહી કરેલ ન હતી. આ દરમિયાન કશ્મીર પોતાની સાથે જોડાઈ જાય તે માટે પાકિસ્તાને કશ્મીર પર આક્રમણ કર્યું. આક્રમણ, અત્યાચાર, લૂંટફાટ થતાં રાજા હરિસિંહે ભારતની લશ્કરી મદદ માંગી પણ તેણે જોડાણખત પર સહી કરી ન હતી. આથી તેને સહી કરવા ભારત તરફથી જણાવવામાં આવ્યું. હરિસિંહે તાબડતોડ જોડાણખત પર સહી કરી. ભારતીય લશ્કરે તાત્કાલિક કશ્મીર જઈને તેનું રક્ષણ કર્યું પણ તે સમય દરમિયાન કશ્મીરના ત્રીજા ભાગ પર પાકિસ્તાને કબજો જમાવ્યો હતો. ભારતે પાકિસ્તાન વિરુદ્ધ સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિમાં ફરિયાદ કરી. સલામતી સમિતિએ યુદ્ધવિરામ કરવાનું જણાવ્યું. હજુ આજે પણ જમ્મુ-કશ્મીર (કશ્મીર) રાજ્યના ત્રીજા ભાગના પ્રદેશ પર પાકિસ્તાનનો અંકુશ છે; પરંતુ કશ્મીર કાયદેસર રીતે ભારતનો ભાગ છે તે હકીકત નિર્વિવાદ છે અને ભારત–પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં આજે પણ કશ્મીરનો સળગતો પ્રશ્ન છે. આમ, 1948ના અંત પહેલાં ભારતમાં રાજકીય એકતા સિદ્ધ થઈ તથા ઐતિહાસિક એવી અહિંસક ક્રાંતિ સર્જાઈ.

### ફ્રેન્ચ અને પોર્ટુગીઝ હસ્તકનાં સંસ્થાનોનું ભારતસંઘમાં જોડાણ

26 જાન્યુઆરી, 1950 સુધીમાં ભારતનાં દેશી રાજ્યો-રિયાસતોનું ભારતીય સંઘમાં જોડાણ થઈ ચૂક્યું હતું; પરંતુ યુરોપીય સામ્રાજ્યવાદના કારણે રહ્યાસહ્યા એવા પ્રદેશો ફ્રેન્ચો અને પોર્ટુગીઝોના તાબા હેઠળ હતા. ભારતે સ્વતંત્રતા પ્રાપ્ત થતાં ફ્રાન્સ અને પોર્ટુગલ સરકારોને તેમના તાબામાં રહેલા ભારતીય પ્રદેશો ભારતને સુપરત કરવા અનુરોધ કર્યો.

ભારતને સ્વતંત્રતા મળી તે સમયે ફ્રેન્ચોના તાબા હેઠળના પ્રદેશોના લોકોની તીવ્ર ઇચ્છા ભારતીય સંઘ સાથે ભળી જવાની હતી. માટે તેમણે સ્વતંત્ર થવા લડતો ચલાવી. ફ્રેન્ચ, પોર્ટુગીઝ સત્તાવાળાઓએ લડતને કચડી નાખવાના પ્રયાસો કર્યા. ફ્રેન્ચોનું આવું વલણ જોઈ પુડુચેરી (પોંડિચેરી)માં લોકોએ વિશાળ સભા યોજી ફ્રેન્ચ સરકારને 'ભારત છોડો'નું એલાન આપ્યું (1948). ઈ.સ. 1950 સુધી ફ્રાન્સ અને ભારત વચ્ચે શાંતિમય સમાધાન માટે વાટાઘાટો ચાલતી રહી. યનમમાં લોકોએ 1954ના રોજ મુક્તિસેના રચી તેનો વહીવટ પોતાના હસ્તક લઈ લીધો. ફ્રાન્સે લોકોનો મિજાજ અને ભારતીયસંઘ સાથે જોડાવાની (13 ઑક્ટોબર, 1954) તીવ્ર ઇચ્છા તથા સમયને પારખી લઈ પોતાનાં સંસ્થાનો ભારતને સુપરત કરવા વાટાઘાટોને અર્થપૂર્ણ બનાવવા સંસ્થાનોનો કબજો ભારતને સોંપવાનું સ્વીકાર્યું. ફ્રેન્ચ સરકારે તેનાં પાંચ સંસ્થાનો પુડુચેરી (પોંડિચેરી), કરાઇકલ, ચંદ્રનગર, માહે અને યનમ ભારતને સોંપી દીધાં. ભારત સરકારે આ પ્રદેશોનો વહીવટ પોતાના હસ્તક લઈ લીધો અને તેને કેન્દ્રશાસિત સંઘીયપ્રદેશ તરીકે દરજ્જો આપી દીધો જે હાલ ચાલુ છે.

ભારતના રાજ્યોની પુનઃરચના થતા પુડુચેરી (પોંડિચેરી) અને કરાઈકલ તમીલનાડુમાં, માહે કેરળમાં, યનમ આંધ્ર પ્રદેશમાં અને ચંદ્રનગર પ. બંગાળમાં છે આ બધા પ્રદેશોનું વહીવટી મથક પુડુચેરી છે.

**ગોવા, દીવ, દમણનું જોડાણ** : 15મી ઑગસ્ટ 1947થી અનેક રાજકીય પક્ષો અને સત્યાગ્રહી જૂથોએ ગોવા, દીવ અને દમણમાં પ્રવેશ કર્યો. જેમાં ત્યાંની સરકાર દ્વારા અત્યાચાર થતાં 'ગોવામુક્તિ આંદોલન'માં સત્યાગ્રહીઓ શહીદ બન્યા. પોર્ટુગીઝ સત્તાવાળાઓની અત્યાચાર નીતિ વધી ગઈ આથી ગોવામાં પરિસ્થિતિ સ્ફોટક બની. છેવટે ભારત સરકારે જનરલ ચૌધરીની આગેવાની હેઠળ 'ઑપરેશન વિજય' શરૂ કરતાં ભારતીય લશ્કરી દળોએ ગોવા, દીવ અને દમણમાં પ્રવેશ કર્યો (18 ડિસેમ્બર, 1961). પોર્ટુગીઝોની લશ્કરી ટુકડીઓ પીછેહઠ કરતી ગઈ. સ્થાનિક પ્રજાએ ભારતીય સેનાને સહકાર આપી, સ્વાગત કર્યું અને ગોવાના પોર્ટુગીઝ ગવર્નર જનરલ ડિ-સિલ્વાએ 19મી ડિસેમ્બરે રાત્રે શરણાગતિ સ્વીકારી. આમ, ગોવા, દીવ, દમણમાંથી પોર્ટુગીઝ શાસનનો અંત આવ્યો અને ભારતનો ત્રિરંગો ફરકાવ્યો અને ભારતની ધરતી પરથી પશ્ચિમી સામ્રાજ્યવાદનો અંત આવ્યો. ભારતના બંધારણમાં 12મા સુધારા મુજબ ગોવા, દીવ, દમણ, દાદરા, નગર-હવેલીને ભારતીય સંઘમાં જોડી દેવામાં આવ્યાં (12 માર્ચ 1962). આ પ્રદેશોને 'ભારતીય સંઘપ્રદેશ' (યુનિયન ટેરિટરી)નો દરજ્જો અપાયો. (1987માં 30મી મે) ગોવામાંથી દમણ અને દીવ છૂટા પાડવામાં આવ્યાં અને ગોવાને રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો. દાદરાનગર-હવેલીનું મુખ્ય મથક સિલ્વાસા અને દમણ અને દીવનું મુખ્ય મથક દમણ છે. ગોવાનું મુખ્ય મથક પણજી છે.

## નવાં રાજ્યોની રચના

ભારત સ્વતંત્ર થયું, દેશી રાજ્યો-રિયાસતોનાં એકીકરણ અંગે માહિતી મેળવી. ભારતે સંઘીય વ્યવસ્થા સ્વીકારી એટલે સંઘના ઘટકો એવાં રાજ્યોની રચના, પુનઃરચના કરવાની જરૂરિયાત ઉદ્ભવી. અગાઉના બ્રિટિશ પ્રાંતો અને રિયાસતોના એકીકરણ થવાથી રાજ્યોનું ચાર વર્ગોમાં વિભાજન કર્યું જે નીચે પ્રમાણે છે :

(અ) વર્ગનાં રાજ્યોમાં – મુંબઈ, આસામ, આંધ્ર, પંજાબ, ઉત્તરપ્રદેશ, બિહાર, મદ્રાસ, ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થતો હતો.

(બ) વર્ગનાં રાજ્યોમાં – જમ્મુ-કશ્મીર, હૈદરાબાદ, મૈસુર, મધ્યભારત, રાજસ્થાન, સૌરાષ્ટ્ર, ત્રાવણકોર-કોચીન અને પેપ્સુ (પતિયાલા એન્ડ ઈસ્ટ પંજાબ સ્ટેટ્સ યુનિયન) એમ આઠ રાજ્યોનો સમાવેશ થયો હતો.

(ક) વર્ગનાં રાજ્યોમાં – અજમેર, ભોપાલ, કૂર્ગ, દિલ્લી, બિલાસપુર, કચ્છ, હિમાચલ પ્રદેશ, ત્રિપુરા, મણિપુર અને વિંધ્ય પ્રદેશ એમ કુલ દસ રાજ્યોનો સમાવેશ થતો હતો.

(ડ) વર્ગનાં રાજ્ય તરીકે – અંદમાન અને નિકોબાર ટાપુઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ બધાં રાજ્યો ભારતીય સંઘના અભિન્ન ભાગ હતા. આ ચાર પ્રકારનાં રાજ્યોનો દરજ્જો એક સરખો ન હતો.

ભારતના રાજ્ય બંધારણનો અમલ 1950માં થયો તે વખતે આગળ દર્શાવ્યા પ્રમાણે ચાર પ્રકારનાં રાજ્યો હતાં; પરંતુ આ વ્યવસ્થા કામચલાઉ હતી. કાયમી ન હતી. ભાષાનાં ધોરણે રાજ્યની રચના કરવાની માગણી સમગ્ર દેશમાં ઉદ્ભવી. આથી, 1953માં જવાહરલાલ નેહરુએ સંસદમાં ''રાજ્ય પુનર્રચના પંચ''નીમવાની જાહેરાત કરી જેમાં સર્વોચ્ચ અદાલતના પૂર્વ ન્યાયમૂર્તિ ફઝલઅલી (ચૅરમૅન) અને બીજા બે સભ્યોમાં હૃદયનાથ કુંઝરુ અને કે. એમ. પનિકર નીમ્યા. રાજ્ય પુનઃરચના પંચે સમગ્ર દેશમાં વિવિધ પ્રજાકીય અભિપ્રાયો, મંતવ્યો, રજૂઆતો, મુલાકાતો પત્રવ્યવહાર દ્વારા પ્રજાનાં સૂચનો પ્રાપ્ત કરી પંચે ભલામણો કરી. ઉપરાંત મુંબઈનું દ્વિભાષી રાજ્ય રચાય,જેમાં મહારાષ્ટ્ર, ગુજરાત અને સૌરાષ્ટ્ર પ્રદેશ હોય અને તેની રાજધાની મુંબઈ હોય તેવો નિર્ણય લેવામાં આવ્યો. આ બધી ભલામણો સાથેનો ખરડો લોકસભા અને રાજ્યસભામાં મંજૂર થતાં તેને રાષ્ટ્રપતિની સંમતિ લઈ 1956માં ધારો બનાવાયો.

આમ, જૂનાં અ, બ, ક અને ડ પ્રકારનાં રાજ્યો નાબૂદ કરી ભારતના બંધારણના પ્રથમ પરિશિષ્ટમાં સુધારા કરવામાં આવ્યા અને એને સ્થાને ઘટકરાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો એવા બે વર્ગો પાડ્યા. જે નવાં 14 ઘટક રાજ્યો રચાયાં તે આંધ્ર, આસામ, ઓરિસ્સા, કર્ણાટક, કેરલ, ઉત્તરપ્રદેશ, જમ્મુ-કશ્મીર, પશ્ચિમબંગાળ, પંજાબ, મદ્રાસ, બિહાર, મધ્યપ્રદેશ, મુંબઈ અને રાજસ્થાન હતાં. જે પાંચ સંઘપ્રદેશો રચાયા તે દિલ્લી, હિમાચલપ્રદેશ, મણિપુર, ત્રિપુરા, લક્ષદ્વીપ ટાપુઓ હતા.

છેવટે કેન્દ્ર સરકારને મુંબઈ પુનઃરચના ધારો ઈ.સ. 1960માં પસાર કરવાની ફરજ પડી. 1960ના એપ્રિલની 25મી તારીખે તેને માન્યતા મળી અને મહારાષ્ટ્ર રાજ્યની રાજધાની મુંબઈ નક્કી કરાઈ. ગુજરાતનું સૌરાષ્ટ્ર અને કચ્છ સહિતનું નવું રાજ્ય 1 મે, 1960 બન્યુ આ દિનને ગુજરાતના સ્થાપનાદિન તરીકે ઊજવીએ છીએ.

આસામ, મેઘાલય, મણિપુર, ત્રિપુરા, અરુણાચલ, મિઝોરમ, નાગાલૅન્ડ જેવાં સાત રાજ્યોને સાત બહેન (સેવન સિસ્ટર્સ) તરીકે ઓળખાતાં રાજ્યોની રચના થઈ.

મોટાં રાજ્યોમાંથી નાનાં અલગ રાજ્યો રચવાની માગણી સતત ચાલુ રહી. છેવટે ઈ.સ. 2000માં બિહારમાંથી ઝારખંડ (રાજધાની–રાંચી), મધ્યપ્રદેશમાંથી છત્તીસગઢ (રાજધાની–રાયપુર), ઉત્તરપ્રદેશમાંથી ઉત્તરાખંડ (રાજધાની–દહેરાદૂન) એવાં ત્રણ રાજ્યોની રચના કરવામાં આવી. 2014માં આંધ્રપ્રદેશમાંથી તેલંગાણાની અલગ રાજ્ય તરીકેની રચના થઈ. હજી પણ રાજ્યોની પુનઃરચનાની માગણી ચાલુ જ છે. જેમાં મહારાષ્ટ્રમાંથી અલગ વિદર્ભ રાજ્યની માગણીનો સમાવેશ થાય છે.

હાલ, ભારતીય સંઘમાં આંધ્રપ્રદેશ, અરુણાચલપ્રદેશ, અસમ, બિહાર, ગોવા, ગુજરાત, હિમાચલપ્રદેશ, હરિયાણા, કર્ણાટક, કેરળ, જમ્મુ-કશ્મીર, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલૅન્ડ, રાજસ્થાન, ઓરિસ્સા, પંજાબ, તમિલનાડુ, તેલંગાણા, ઉત્તરપ્રદેશ, સિક્કિમ, ત્રિપુરા, પશ્ચિમબંગાળ, છત્તીસગઢ, ઉત્તરાખંડ, ઝારખંડ. આ ઉપરાંત કેન્દ્રશાસિત પ્રદેશ ચંડીગઢ, પુડુચેરી, લક્ષદ્વીપ, દમણ, દીવ, દાદરા અને નગરહવેલી છે. આમ, ભારતીય સંઘમાં 29 રાજ્યો, દિલ્લીનું રાજ્ય એક રાષ્ટ્રીય રાજધાની વિસ્તાર, છ સંઘ શાસિત વિસ્તાર છે.




7.1 ભારત - રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો

## પ્રદેશવાદ

ભારત વિવિધતામાં એકતા ધરાવતો દેશ છે, જેમાં વિવિધ ભાષા બોલનારા, વિવિધ ધર્મ, વિવિધ જાતિ-જ્ઞાતિ અને સંસ્કૃતિ ધરાવતા લોકો રહે છે. દેશમાં રહેલી વિવિધતાઓ ભાગ્યે જ બીજા કોઈ દેશમાં જોવા મળતી હશે. કોઈ એક ચોક્કસ ભૌગોલિક વિસ્તારમાં લાંબા સમયથી લોકો રહેતા હોય ત્યારે તેઓમાં પોતાનાપણાની એક ભાવાત્મક લાગણી ઉદ્દભવે છે. ભાષા, ધર્મ, રીતરિવાજો, જીવનશૈલી, ઐતિહાસિક પરંપરાઓ વગેરે એકબીજા સાથે મળતાં આવતાં હોવાથી એક જ વિસ્તારમાં રહેતા લોકોની આત્મીયતા, એકબીજા પ્રત્યેની લાગણી વધુ મજબૂત બને છે. સાંસ્કૃતિક વિકાસ એ કોઈ ચોક્કસ જાતિના કે પ્રજાના પ્રયત્નોનું પરિણામ નથી પણ એ ત્યાંની પ્રજાના સામૂહિક પ્રયત્નો અને સિદ્ધિઓનું સંયુક્ત પરિણામ છે.

પ્રદેશવાદને ઉત્તેજન આપવા કે તેનો વ્યાપ વધારવા અમુક નેતા, આગેવાનો, કેટલાંક તોફાની તત્ત્વો લોકોની લાગણીઓને બહેકાવવાની કામગીરી કરતા હોય છે. આમ, પ્રદેશવાદની વૃત્તિઓને જગાડનારા અને તેને ઉત્તેજિત કરનારાં તથા બહેકાવનારાં પરિબળો દેશની રાષ્ટ્રિય એકતા માટે નુકસાનકારક છે. વ્યક્તિનો વિકાસ સાધવા માટે મહત્ત્વાકાંક્ષા હોય તે સારી વાત છે; તેને સિદ્ધ કરવા પ્રેરણા પૂરી પાડવી જરૂરી છે. અન્ય વ્યક્તિને નુકસાન પહોંચાડી ન શકાય. આવી ભાવનાથી પ્રદેશનો વિકાસ સર્વાંગી બની શકતો નથી. વળી, જો તે ઉગ્ર સ્વરૂપ ધારણ કરે તો અનિષ્ટતા નોતરે છે. પોતાના પ્રદેશ અને રાષ્ટ્રને નુકસાન પહોંચે તેવાં કાર્યો ન કરવાં જોઈએ. સમગ્ર દેશનું હિત જોવું જરૂરી છે. દેશમાં સ્વતંત્રતા પ્રાપ્ત થયા પછી પ્રદેશ કરતાં રાષ્ટ્રનું સ્થાન ઊંચું રહેવું જોઈએ.

ભારતીય સમાજમાં વિદેશી પ્રજાઓનું અને તેમનાં સાંસ્કૃતિક મૂલ્યોનું એક પ્રકારનું સમન્વયીકરણ થયું, પણ સાથે સાથે તે બધી પ્રજા જે-જે પ્રદેશોમાં વસવાટ કરીને કાયમ રહેવાથી ત્યાંની ભૂમિ માટે એક પ્રકારનો લગાવ-લાગણી જન્મ્યાં, જેને પ્રદેશવાદની ભાવના કહીએ છીએ. આવી લાગણી કે ભાવના થવી તે લાંબાગાળાની પ્રક્રિયાનું પરિણામ હતું. સમય જતાં પ્રદેશવાદની લાગણીમાં સંકુચિતતા પેદા થવા લાગી. પ્રદેશવાદના ઉદ્ભવ અને વિકાસ માટે ભાષા, જાતિ અને ધર્મ એ ત્રણ પરિબળોને મહત્ત્વનાં ગણાવી શકાય.

**ભાષા** : ભાષાવાદે પ્રાદેશિકવાદને ઉત્તેજન આપ્યું છે. ઉત્તર ભારતમાં હિન્દીભાષા અને દક્ષિણભારત બિનહિન્દીભાષીથી પ્રદેશવાદની માગણી તીવ્ર બને છે. ભારતમાં પ્રદેશવાદની ઉગ્રતા તો દેશમાં ભાષાવાર રાજ્યોની પુનઃરચના કરવા રચાયેલા પંચની (સ્ટેટ્સ રિ-ઑર્ગેનાઇઝેશન કમિશન) ભલામણો મુજબ કેટલાક ફેરફાર સાથે ઘડાયેલા ધારા અને તેનો અમલ કરાયા પછીના સમયમાં જોવા મળી.

**ધર્મ અને જાતિ** : ભારતમાં વિવિધ ધર્મ પાળતા લોકો વસવાટ કરે છે. કેટલાંક રાજ્યોમાં કોઈ એક જ કોમની બહુમતીવાળી પ્રજા પોતાનો ધર્મ પાળીને રહે છે. દા.ત., નાગાલૅન્ડ, મિઝોરમ, મણિપુર, મેઘાલય, અરુણાચલ વગેરે તેમના રીતરિવાજો, પરંપરા, જીવનશૈલી, વ્યવસાયમાં વિવિધતા રહેલી છે. આસામમાં બોડો જાતિના લોકો પોતાના અલગ પ્રદેશ માટે ઉગ્ર આંદોલન ચલાવી રહ્યા છે. ત્યાં ઉલ્ફા ઉગ્રવાદીઓ પણ સક્રિય છે. પ્રદેશવાદને લીધે પંજાબ અને હરિયાણાનું વિભાજન થયું. આ રીતે બિહાર રાજ્યમાંથી ઝારખંડ, મધ્યપ્રદેશમાંથી છત્તીસગઢ અને ઉત્તરપ્રદેશમાંથી ઉત્તરાંચલ જેવાં નાનાં રાજ્યોની રચના થઈ છે. હાલ મહારાષ્ટ્રમાંથી અલગ વિદર્ભ રાજ્ય રચવાની પણ માગણી ચાલે છે. આમ, એક જ પ્રદેશમાં બહુમતી ધરાવતી અને એક જ ભાષા બોલતી પ્રજા પોતાના માટે અલગ રાજ્યની માગણી કરે, પોતાના પ્રદેશોનો વિકાસ કરે અને લાભ મેળવવા આંદોલનો કરે તે છેવટે તો દેશના જ હિતમાં નથી.

ભારતના બંધારણમાં ભારતને સાર્વભૌમ, સમાજવાદી, ધર્મનિરપેક્ષ લોકશાહી પ્રજાસત્તાક તરીકે જાહેર કરવામાં આવ્યો છે. રાજ્યોની પુનઃરચના વખતે પ્રાદેશિક ભાવના કરતાં સમગ્રદેશની રાષ્ટ્રીય એકતાને વિચારી નિર્ણય લેવા જોઈએ.

### પ્રાદેશિક અસમાનતા

વિદેશી શાસકોએ જ્યાં આર્થિક લાભ પ્રાપ્ત ન થાય ત્યાં આવાં વિકાસાત્મક કાર્યો કર્યા નહિ. પરિણામે આવા વિસ્તારોમાં પ્રાદેશિક અસમાનતા વિકસી.

ભારત સ્વતંત્ર બન્યા પછી સામાજિક અને આર્થિક વિકાસ માટે આયોજનપંચની રચના કરી. તેનો મુખ્ય હેતુ જુદા જુદા પ્રદેશોનો સમતોલ આર્થિક સહિત અન્ય ક્ષેત્રોમાં વિકાસ સાધવાનો હતો. પ્રદેશવાદનાં દબાણો, રાજકીય કારણોથી વિકાસ યોજનાઓ પોતાના પ્રદેશમાં લઈ જવાની ખેંચતાણ, વિકાસ માટેના સ્રોતો, વગેરે અનેક પરિબળો તેમાં ભાગ ભજવતાં રહ્યાં. આથી, સમતોલ વિકાસની બાબતોમાં અસમાનતા પ્રવર્તતી જોવા મળે છે.

આમ, દેશમાં વિકસિત, મધ્યમવિકસિત અને અલ્પવિકસિત રાજ્યો જોવા મળે છે. કેટલાંક રાજ્યોના આંતરિક-પ્રાદેશિકવિકાસમાં પણ અસમાનતા જોવા મળે છે. દા.ત., મહારાષ્ટ્ર રાજ્ય વિકસિત કક્ષામાં આવે; પરંતુ વિદર્ભ અને મરાઠવાડા જેવા વિસ્તારો પછાત છે. આંધ્રપ્રદેશ રાજ્યમાં રાયલસીમા તેમજ તેલંગાણા રાજ્યના કેટલાક વિસ્તારો અલ્પવિકસિત છે. કેટલાંક રાજ્યો કૃષિ વિકાસમાં તો કેટલાંક ઔદ્યોગિક વિકાસમાં વિશેષ આગળ છે. આમ, રાજ્યો-રાજ્યો વચ્ચેની અસમાનતા માટે ઘણાં કારણો જોવા મળે છે. તેમાંથી પ્રદેશવાદ જન્મે છે. બે પડોશી રાજ્યો ભારતનાં જ હોય તો પણ સરહદી-જમીન સંબંધમાં વિવાદ ચાલી રહ્યા છે. દા.ત., મહારાષ્ટ્ર અને કર્ણાટક રાજ્ય વચ્ચે અને પંજાબ અને હરિયાણા રાજ્યોની સરહદ માટેની જમીનના વિવાદ ચાલી રહ્યા છે.

કોઈ પ્રદેશની ભૂમિ ઉપર જળની વહેંચણી અને ખનિજ, જળ, ઔદ્યોગિક કાચોમાલ અને કૃષિક્ષેત્રની અનુકૂળતા પ્રમાણે લાભ પોતાને મળે તેવી સંકુચિત મનોવૃત્તિ કેટલીક જગ્યાએ જોવા મળે છે. આ પ્રદેશવાદ કે પ્રાદેશિકતાની સંકુચિત ભાવનાના નજીવા સ્વાર્થ કે મહત્ત્વાકાંક્ષાને લીધે રાષ્ટ્રીય એકતાને નુકસાન પહોંચે છે. દેશ સ્વતંત્ર બન્યા પછી પ્રદેશ કરતાં રાષ્ટ્રનું સ્થાન ઊંચું છે તે સ્વીકારી રાષ્ટ્રીયભાવનાનો વિકાસ વધારી રાષ્ટ્રની ગરિમા, સ્થાન ઊંચુ રહે અને જળવાઈ રહે તેવા ઉપાયો કરવા જોઈએ.

## વિજ્ઞાન અને ટેક્નોલૉજી ક્ષેત્રે વિકાસ

વિશ્વના અન્ય વિકાસશીલ દેશોની તુલનામાં ભારતે છેલ્લી અડધી સદીમાં ટેક્નોલૉજીના વિકાસના ક્ષેત્રે જે સિદ્ધિઓ મેળવી છે તે અતિવિકસિત દેશોની બરોબરી કરી શકે તેમ છે તેવું કહી શકાય. મર્યાદિત અને અલ્પ સાધનો, સાક્ષરતાનું ઓછું પ્રમાણ આ બાબતોના પરિપ્રેક્ષ્યમાં ભારતનો વિજ્ઞાન અને ટેક્નોલૉજી ક્ષેત્રનો વિકાસ નોંધપાત્ર ગણાય. સ્વતંત્રતા પછી ભારતનું નેતૃત્વ કરનારા મહાનુભાવો અને વિવિધ વિદ્વાન વૈજ્ઞાનિકો જેવા કે, ડૉ. હોમીભાભા, ડૉ. રાજા રામન્ના, ડૉ વિક્રમ સારાભાઈ, ડૉ. સી. વી. રામન તથા ઇજનેરી ક્ષેત્રના સર એમ. વિશ્વેશરીયા, સામ પિત્રોડા, ડૉ. એ. પી. જે. અબ્દુલકલામ (ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ) તથા મેટ્રો રેલવે પ્રૉજેક્ટને સફળ બનાવનાર ઈ. શ્રીધરન તથા આવા અન્ય વૈજ્ઞાનિકો, ઇજનેરો, ટેક્નોક્રેટો વગેરેનું પ્રદાન નોંધપાત્ર ગણાય. આવી પ્રવૃત્તિઓ માટેની સંસ્થાઓ જેવી કે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સીઝ અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી, ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઑર્ગેનાઇઝેશન (ઇસરો) તથા ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી સહિતની ઘણી સંસ્થાઓ ગણી શકાય. ભારતીય મહિલાઓનું પણ આ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન રહ્યું છે જે નીચે પ્રમાણે છે.

વિજ્ઞાન અને ટેક્નોલૉજી ક્ષેત્રે મહિલાઓનું પ્રદાન :

| ક્રમ | નામ | ક્ષેત્ર |
|---|---|---|
| 1. | જાનકી અમ્મા | વનસ્પતિ |
| 2. | અસીમા ચેટરજી | રસાયણશાસ્ત્ર |
| 3. | ડૉ. ઇન્દિરા આહુજા | તબીબી |
| 4. | શકુન્તલાદેવી | ગણિતશાસ્ત્રમાં માનવ સંગણક (Human computer) |
| 5. | કલ્પના ચાવલા | અવકાશક્ષેત્રે |
| 6. | સુનિતા વિલિયમ | અવકાશક્ષેત્રે |

આ ઉપરાંત વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓનું પ્રદાન અભૂતપૂર્વ રહ્યું છે અને તેમણે રાષ્ટ્રીય વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

સ્વતંત્રતા વખતે અનાજ માટે પરાવલંબી રહેતા આપણા દેશમાં આઝાદી પછી નોંધપાત્ર વસ્તીવધારો થવા છતાં કૃષિ ક્ષેત્રે ભારતમાં થયેલ હરિયાળી ક્રાંતિના પરિણામે અનાજ ઉત્પાદન ક્ષેત્રે ભારતનું સ્વાવલંબન મહત્ત્વની સિદ્ધિ ગણી શકાય. બહુહેતુક બંધો બાંધવા, જળાશયો, નહેરો, જળસંચય ઉપરાંત કૃષિ વૈજ્ઞાનિકો અને કૃષિ ક્ષેત્રે કાર્યરત ટેક્નોલૉજીનો ઉપયોગ તથા કૃષિ યુનિવર્સિટીઓની સ્થાપના થવાથી સતત થઈ રહેલાં સંશોધનોનો પણ ભારતના વિકાસમાં મહત્ત્વનો ફાળો રહેલ છે.

પરમાણુ વિજ્ઞાન અને ટેક્નોલૉજીનો શાંતિમય ઉપયોગ કરવો અને તે માટેની સંશોધન સંસ્થાઓ અને પ્રયોગશાળાઓની પણ નોંધ લેવી ઘટે. ભાભા પરમાણુ ક્ષેત્ર સંશોધન, ઉપરાંત વૈજ્ઞાનિકો, એન્જિનિયરો અને ટેક્નોક્રેટોના સંયુક્ત પુરુષાર્થ વડે બાંધવામાં આવેલાં પરમાણુ મથકો દ્વારા ઊર્જાની માંગને પહોંચી વળવા આપણે સફળ રહ્યા છીએ એટલું જ નહિ, સંરક્ષણ માટે રાજસ્થાનના પોખરણમાં બે વખત કરવામાં આવેલા અણુ ધડાકાની નોંધ સમગ્ર વિશ્વએ લેવી પડી છે.

અવકાશ સંશોધન ક્ષેત્રે ભારતે બાહ્ય અવકાશમાં ઉપગ્રહો છોડવા માટે વિશિષ્ટ પ્રકારના GSLV (ઝિયોસિંક્રોનસ સેટેલાઇટ લૉંચ વ્હીકલ) ઉપરાંત આપણે છોડેલા ઉપગ્રહો : આર્યભટ્ટ (1975), ભાસ્કર (1979), રોહિણી (1979) તથા PSLV (પોલર સેટેલાઇટ લૉંચ વ્હીકલ) અને છેલ્લે મંગળગ્રહ ઉપર પહોંચવા સુધીનું અભિયાન તથા ક્રમશઃ ઉપગ્રહો છોડવામાં સંપૂર્ણ સ્વાવલંબન એ એક અનેરી સિદ્ધિ ગણાય. આ સિદ્ધિ માટે ભારતની સંસ્થા ઇસરોની ભૂમિકા નોંધપાત્ર રહી છે એટલું જ નહિ, વૈશ્વિક કક્ષાની તથા આંતરરાષ્ટ્રીય સ્તરની સંસ્થાઓમાં ભારતીય વૈજ્ઞાનિકો વગેરેનું પ્રદાન નોંધપાત્ર જોવા મળે છે. સંદેશાવ્યવહાર ક્ષેત્રે ટેલિફોન, કમ્પ્યૂટર, ઇન્ટરનેટ, મોબાઇલ ફોન, સ્માર્ટફોન, ટેબલેટ, ફેક્સ, ઈ-મેઇલ, ટ્વીટર અને કમ્પ્યૂટર વૉટ્સએપ દ્વારા ભારત વિશ્વના અન્ય પ્રગતિશીલ દેશોની હરોળમાં આવી ગયું છે. (વહીવટી તંત્રમાં કમ્પ્યૂટરનો વધતો જતો ઉપયોગ પરોક્ષ રીતે પર્યાવરણ રક્ષણ માટે તથા કાર્બન ક્રેડિટ આપવામાં સફળ રહેલ છે.)

ઉદ્યોગો, ઊર્જા, કૃષિ અને આરોગ્ય વગેરે ક્ષેત્રોમાં બાયોટેક્નોલૉજીનો ઉપયોગ અને તેમાં સતત થઈ રહેલાં સંશોધનો અને વિકાસ (રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ)ના લીધે ડિજિટલ ઇન્ડિયા અને મેઈક ઇન ઇન્ડિયાનાં સૂત્રો વિશ્વપ્રસિદ્ધ બની રહ્યાં છે. દરિયાઈ સંશોધન ક્ષેત્રે વિકાસના પ્રયાસો, માનવ સંસાધનોના શ્રેષ્ઠતમ ઉપયોગના પ્રયાસો, રસ્તાઓ અને બંદરોનો વિકાસ તથા શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે માનવ જીવનના સર્વાંગી વિકાસ માટે થઈ રહેલા પ્રયાસો સીમાચિહ્નરૂપ છે. સંયુક્ત રાષ્ટ્રો (UNO) દ્વારા 21 જૂનનો દિવસ 'વિશ્વયોગ દિન' તરીકે ઊજવવાનો નિર્ણય એ ભારતના ઉજ્જ્વળ ભવિષ્યનું દર્શન કરાવે છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) દેશી રાજ્યોના વિલીનીકરણ અંગે સંક્ષેપમાં માહિતી આપો.

(2) હૈદરાબાદ અને જૂનાગઢનાં રાજ્યો ભારતીય સંઘમાં કેવી રીતે ભળ્યા તેની સંક્ષેપમાં ચર્ચા કરો.

(3) દીવ, દમણ અને ગોવાના ભારતીય સંઘમાં જોડાણની માહિતી આપો.

**2. નીચેના પ્રશ્નો વિશે ટૂંકમાં જણાવો :**

(1) દેશી રાજ્યોને ભારતીય સંઘમાં જોડાવા સરદાર પટેલે કઈ અપીલ કરી હતી ?

(2) હૈદરાબાદમાં શા માટે પોલીસ પગલું ભરવામાં આવ્યું હતું ?

(3) ફ્રેન્ચ સરકાર તેની ભારતમાંની વસાહતો ભારતને સોંપી દેવા શા માટે તૈયાર થઈ ?

(4) 'ઑપરેશન વિજય' એટલે શું ? તે શા માટે કરવામાં આવ્યું ?

**3. નીચેના પર ટૂંક નોંધ લખો :**

(1) દેશી રાજ્યો–રિયાસતોનાં એકીકરણમાં સરદાર પટેલનો ફાળો

(2) ભારતનો ટેક્નોલૉજી ક્ષેત્રે વિકાસ

(3) હરિયાળી ક્રાંતિ

(4) પ્રદેશવાદ

(5) પ્રાદેશિક અસમાનતા

**4. દરેક પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો :**

(1) સ્વતંત્રતા મળ્યા બાદ ભારતના તત્કાલીન ગૃહપ્રધાન તરીકે કોની નિમણૂક થઈ હતી ?

(A) સુભાષચંદ્ર બોઝ (B) વડોદરાના ગાયકવાડ

(C) સરદાર વલ્લભભાઈ પટેલ (D) મોતીલાલ નહેરુ

(2) નીચેનામાંથી કયો પ્રદેશ કેન્દ્રશાસિત પ્રદેશ નથી ?

(A) ચંદીગઢ (B) જમ્મુ-કશ્મીર

(C) લક્ષદ્વીપ (D) પુડુચેરી

(3) હાલ ભારતીય સંઘમાં કેટલાં રાજ્યો અસ્તિત્વમાં છે ?

(A) 26 રાજ્યો (B) 27 રાજ્યો

(C) 28 રાજ્યો (D) 29 રાજ્યો

(4) ઈ.સ. 2014માં આંધ્રપ્રદેશમાંથી કયું રાજ્ય અલગ પડ્યું ?

(A) ઉત્તરાખંડ (B) છત્તીસગઢ

(C) તેલંગાણા (D) બિહાર

(5) ઝારખંડ રાજ્ય કયા રાજ્યમાંથી અલગ થયું ?

(A) છત્તીસગઢ (B) બિહાર

(C) તેલંગાણા (D) ઉત્તરાંચલ

(6) નીચેનામાંથી કયું રાજ્ય સેવન સિસ્ટર્સમાંનું એક નથી ?

(A) મણિપુર, આસામ (B) ત્રિપુરા, અરુણાચલ

(C) મિઝોરમ, નાગાલૅન્ડ (D) ઉત્તરાખંડ, ઝારખંડ

(7) નીચેનામાંથી કયું રાજ્ય ભારતીય સંઘમાં 29 રાજ્યોમાંનું એક નથી ?

(A) આંધ્રપ્રદેશ (B) ગોઆ

(C) દિલ્લી (D) ગુજરાત

(8) ગુજરાત રાજ્યનો સ્થાપનાદિન કયો છે ?

(A) 1 મે, 1961 (B) 1 મે, 1960

(C) 1 મે, 1962 (D) 1 મે, 1970

(9) ભારત સ્વતંત્ર બન્યા પછી સામાજિક અને આર્થિક વિકાસ માટે કયા પંચની રચના કરી ?

(A) કૃષિપંચની (B) શિક્ષણપંચની

(C) આયોજનપંચની (D) કોઠારીપંચની

**પ્રવૃત્તિ**

- ઉત્તર-પૂર્વનાં રાજ્યો (સેવન સિસ્ટર્સ) વિશે માહિતી એકત્ર કરો.
- જૂનાગઢની આરઝી હકૂમત વિશે માહિતી એકત્ર કરો.

# એકમ 2 : આધુનિક રાષ્ટ્રનું નિર્માણ

અત્યાર સુધીમાં તમે ભારતમાં બ્રિટિશ શાસનનો ઉદય, ભારતનાં ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીય આંદોલનો, વીસમી સદીમાં વિશ્વના રાજકીય પ્રવાહો, બે વિશ્વયુદ્ધો, રશિયનક્રાંતિ, એશિયા અને આફ્રિકાના દેશોમાં પ્રવર્તતા રાષ્ટ્રવાદ ઉપરાંત સ્વાતંત્ર્યોત્તર ભારત વિશે વિગતે અભ્યાસ કર્યો.

હવે, આ એકમમાં આપણે ભારતના આધુનિક રાષ્ટ્ર તરીકેના નિર્માણનો અભ્યાસ કરીશું. સ્વતંત્રતાની પ્રાપ્તિ બાદ ભારતને સૌપ્રથમ શાસન-વ્યવસ્થા માટે બંધારણ ઘડવાની આવશ્યકતા ઊભી થઈ. બંધારણસભાએ વિશાળ ભારતના વૈવિધ્યપૂર્ણ લોકોની અપેક્ષાઓ, આકાંક્ષાઓની પૂર્તિ કરવા માટે વિશ્વના શ્રેષ્ઠ લોકશાહી દેશોના બંધારણનાં સારરૂપ તત્ત્વોને લઈને વિશદ, વિગતપૂર્ણ, લેખિત સ્વરૂપે બંધારણ ઘડ્યું, જેનો અમલ 26 જાન્યુઆરી, 1950થી શરૂ થયો અને ત્યારથી ભારત એ લોકશાહી પ્રજાસત્તાક રાજ્ય બન્યું.

અનેક ભાષાઓ, ધર્મ, જાતિઓ અને સંસ્કૃતિઓ ધરાવતા ભારત જેવા દેશનું શાસન લોકશાહી ઢબે સંચાલન ઉત્તમ રીતે થાય તે થકી ભારતમાં લોકશાહી, સાર્વભૌમ, સમાજવાદ, બિનસાંપ્રદાયિકતા અને રાષ્ટ્રીય એકતા અને બંધુતા અને સમાનતાના સિદ્ધાંતોના આધારે દેશમાં કલ્યાણરાજ સ્થાપવાનો મૂળભૂત હેતુ સ્પષ્ટ હતો.

મનુષ્યનું મનુષ્ય તરીકેનું ગૌરવ બક્ષવા માટે વ્યક્તિ-સ્વાતંત્ર્યના રક્ષણ અર્થે, રાષ્ટ્રની સ્થિરતા તથા રાજ્યની આપખુદશાહી સામેના રક્ષણ આપવા માટે દરેક વ્યક્તિને મૂળભૂત અધિકારો મળવા જરૂરી છે.

રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના આધારે રાજ્યે પોતાના અનુકૂળ સંજોગોને આધીન રહીને નીતિ-ઘડતરમાં અને તેના અમલ થકી તમામ લોકોને સામાજિક, રાજકીય તેમજ આર્થિક ન્યાય મળી રહે એવી સમાજરચના સ્થાપવાનો પ્રયત્ન કરવાનો રાજ્યોને આદેશ આપતી જોગવાઈઓ બંધારણમાં કરવામાં આવી છે.

સરકારનાં મુખ્ય ત્રણ અંગો ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર છે. આ ત્રણેય અંગોની રચના, તેમનાં કાર્યો અને સત્તાઓની વિશદ છણાવટ બંધારણના ઘડવૈયાઓએ બંધારણમાં કરી છે. લોકશાહીને વરેલા દેશનું સંચાલન કેવી રીતે કરવું, સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓથી પંચાયતરાજ સુધી લોકશાહીની પ્રક્રિયા પહોંચે અને લોકશાહીનાં મીઠાં ફળ લોકો ભોગવે તેથી બંધારણમાં વખતોવખત જોગવાઈઓને આધીન જરૂરી સુધારાઓ કરવામાં આવ્યા છે.

દેશમાં કાયદાઓના અમલ અને હકો/અધિકારોના રક્ષણ અને મૂળભૂત ફરજો માટે સ્વતંત્ર, નિષ્પક્ષ, એકસૂત્રી ન્યાયતંત્ર હોવું એ લોકશાહીનો આધારસ્તંભ છે, જ્યારે નિષ્પક્ષ, પારદર્શી અને ન્યાયી ચૂંટણીઓ યોજવી એ લોકશાહીની પારાશીશી છે. લોકશાહી શાસન-વ્યવસ્થામાં ભાગ લેવામાં દરેક નાગરિક સ્વતંત્ર અને સમાન છે. તે માટે સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર આપવામાં આવ્યો છે. લોકોને શાસન-વ્યવસ્થા સામે પોતાનો અભિપ્રાય આપવાનો અધિકાર છે. લોકોની ચૂંટણીઓ, ચૂંટણીપંચ, રાજકીય પક્ષો અને લોકમત ઘડનારી સંસ્થાઓની કામગીરી પર, વિવિધ માધ્યમો પર રાજકીય રીતે જાગ્રત નાગરિકો સતત ચાંપતી નજર રાખે છે અને ચૂંટણી ટાણે મતદાન થકી પ્રામાણિક, નિષ્ઠાવાન, જાગ્રત, વફાદાર, પ્રજાલક્ષી સેવાકાર્યોની ભાવનાવાળા લોકપ્રતિનિધિઓને ચૂંટીને મોકલે છે. આમ, લોકશાહી દેશમાં લોકો લોકશાહી ઢબે આધુનિક ભારતના નિર્માણમાં યથોચિત યોગદાન આપે છે.

# 8 ભારતના રાજ્યબંધારણનું ઘડતર અને લક્ષણો

## બંધારણ (સંવિધાન)નો અર્થ

'કોઈ પણ દેશનું શાસન ચલાવવા માટે ઘડવામાં આવેલા નિયમોના વ્યવસ્થિત સંગ્રહને દેશનું બંધારણ કહેવામાં આવે છે.'

## મહત્ત્વ

બંધારણ એ દેશનો પાયાનો અને મહત્ત્વનો દસ્તાવેજ છે. બંધારણની જોગવાઈઓના આધારે દેશમાં કાયદાઓ ઘડવામાં આવે છે. દેશના કાયદાઓ બંધારણને સુસંગત અને બંધારણીય જોગવાઈઓ આધીન જ હોવા જોઈએ. બંધારણ કાયદાઓથી સર્વોપરી છે. બંધારણમાં સમયાંતરે બદલાતી જતી લોકોની જરૂરિયાતો, અપેક્ષાઓ, આકાંક્ષાઓ, ઇચ્છાઓ અને લોકોની ઉચ્ચ ભાવનાઓનો પડઘો હોય છે, તેથી જ બંધારણને જીવંત અને મૂળભૂત દસ્તાવેજ કહેવાય છે.

## બંધારણની ઘડતર પ્રક્રિયા

આઝાદી પહેલાં બ્રિટિશ સરકાર દ્વારા 25મી માર્ચ, 1946ના રોજ ત્રણ સભ્યોના કેબિનેટ મિશનને ભારતની આઝાદીનો ઉકેલ શોધવાનું કાર્ય સોંપવામાં આવ્યું. તેમણે બંધારણના ઘડતર અંગેનું માળખું ઘડવા માટે બંધારણ સભાની રચના કરી.

બંધારણ સભામાં કુલ 385 સભ્યો હતા જેમાં જુદી - જુદી કોમ, ધર્મ, જાતિ, લિંગ અને ભૌગોલિક પ્રદેશોની વ્યક્તિઓ, રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ તેમજ વિવિધ ક્ષેત્રોની તજ્જ્ઞ વ્યક્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તદ્નુસાર મહત્ત્વના સભ્યોમાં જવાહરલાલ નેહરુ, સરદાર વલ્લભભાઈ પટેલ, મૌલાના અબુલ કલામ આઝાદ, શ્યામાપ્રસાદ મુખરજી, એચ. પી. મોદી, એચ. વી. કામથ, ફ્રેન્ક એન્થની, કનૈયાલાલ મુનશી, એન. ગોપાલ સ્વામી આયંગર કૃષ્ણ સ્વામી અય્યર, બલદેવસિંઘ તથા મહિલા પ્રતિનિધિઓમાં સરોજિની નાયડુ, વિજ્યાલક્ષ્મી પંડિત વગેરે વ્યક્તિઓનો સમાવેશ થયો હતો. બંધારણ સભાના અધ્યક્ષ તરીકે ડૉ. રાજેન્દ્ર પ્રસાદ હતા, જ્યારે બંધારણની ખરડા સમિતિના અધ્યક્ષ તરીકે ડૉ. ભીમરાવ આંબેડકર હતા.

આ બંધારણ સભાએ તેમની કામગીરી નવમી ડિસેમ્બર 1946થી શરૂ કરી હતી. બંધારણ સભાએ બે વર્ષ, અગિયાર માસ અને અઢાર દિવસોમાં મળેલી કુલ 166 બેઠકોમાં કામગીરી પૂર્ણ કરી હતી. આ પ્રક્રિયામાં તેઓએ દુનિયાના જુદા જુદા દેશોના બંધારણનાં મહત્ત્વનાં લક્ષણોનો અભ્યાસ કરીને અને વિગત-પૂર્ણ ચર્ચા-વિચારણા કરીને બંધારણને આખરી સ્વરૂપ આપ્યું હતું. બંધારણમાં પ્રથમ 395 અનુચ્છેદ (આર્ટિકલ્સ) અને 8 પરિશિષ્ટ હતાં, ત્યાર બાદ સુધારા વધારા સાથે 461 અનુચ્છેદો (આર્ટિકલ્સ) અને 12 પરિશિષ્ટ થયાં. 26મી નવેમ્બર 1949ના રોજ બંધારણ સભામાં બંધારણ સર્વાનુમતે પસાર થયું, અને કાયદાનું સ્વરૂપ અપાયું. 26મી જાન્યુઆરી 1950થી ભારતમાં બંધારણ અમલમાં આવ્યું અને ભારત 'પ્રજાસત્તાક રાષ્ટ્ર'' ઘોષિત થયું તેથી, આપણે 26મી જાન્યુઆરીને 'પ્રજાસત્તાક દિન' તરીકે શાનદાર રીતે ઊજવીએ છીએ. બંધારણસભામાં રાષ્ટ્રચિ� તરીકે 'ચાર સિંહોની મુખાકૃતિ'ને અને રાષ્ટ્ર સૂત્ર તરીકે 'સત્યમેવ જયતે' ઘોષિત કરવામાં આવ્યાં છે. આપણા બંધારણમાં લોકોના મૂળભૂત હકો, ફરજો, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો, સરકારનાં અંગો અને કાર્યો તથા વહીવટી કેટલીક સૂચનાઓ, ન્યાયતંત્રની વ્યવસ્થા જેવી અનેક મહત્ત્વની બાબતોનો સમાવેશ થયો છે. આથી ભારતનું બંધારણ વિશ્વમાં સૌથી મોટું, વિસ્તૃત અને વિશદ લેખિત દસ્તાવેજ ગણાય છે.

## આમુખ શું છે ?

આમુખ બંધારણનું પ્રારંભિક હાર્દરૂપ અને વિશિષ્ટ સ્થાન ધરાવતું તત્ત્વ છે. બંધારણની શરૂઆત આમુખથી થાય છે. આમુખમાં દર્શાવેલા શબ્દો પરથી આમુખ બંધારણનો આત્મા હોવાની પ્રતીતિ થાય છે.

આમુખમાં દર્શાવેલ શબ્દો નીચે પ્રમાણે છે :

## ભારતનું સંવિધાન

**આમુખ**

અમે ભારતના લોકો, ભારતને
સાર્વભૌમ, સમાજવાદી
બિનસાંપ્રદાયિક, લોકશાહી,
પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો
તથા તેના સર્વ નાગરિકોને :
સામાજિક, આર્થિક અને રાજકીય **ન્યાય;**
વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,
ધર્મ અને ઉપાસનાની **સ્વતંત્રતા**
દરજ્જા અને તક્ની **સમાનતા;**
પ્રાપ્ત થાય તેમ કરવાનો
અને તેઓ સર્વમાં
વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની
એક્તા અને અખંડતા સુદૃઢ કરે એવી **બંધુતા**
વિકસાવવાનો
ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને
અમારી સંવિધાનસભામાં
26 નવેમ્બર, 1949 (માગસર સુદ 7,
વિક્રમ સંવત બે હજાર છ)ના રોજ
આથી આ સંવિધાન અપનાવી,
તેને અધિનિયમિત કરી
અમને, પોતાની જાતને
અર્પિત કરીએ છીએ.

1976ના 42મા બંધારણીય સુધારાથી આમુખમાં સાર્વભૌમ શબ્દ પછી ''સમાજવાદી'' ''બિનસાંપ્રદાયિક'' શબ્દો ઉમેરવામાં આવ્યા તેમજ 'રાષ્ટ્રીય એકતા' અને 'રાષ્ટ્રની અખંડિતતા'નો પણ સમાવેશ કરવામાં આવ્યો.

આમુખ બંધારણના મૂળભૂત હેતુઓ, ધ્યેયો, આદર્શો તેમજ સિદ્ધાંતોને વાચા આપે છે. આમુખ બંધારણના ઉદ્દેશો થકી ભારતમાં 'કલ્યાણરાજ' સ્થાપવાની ઉચ્ચ ભાવનાઓ અને આદર્શોને સિદ્ધ કરવા ઇચ્છે છે એવું સ્પષ્ટ કરે છે. આમ, આમુખ દ્વારા બંધારણના ઘડવૈયાઓના માનસનો પરિચય થાય છે.

## આમુખનું મહત્ત્વ

આમુખને બંધારણનો આત્મા કહ્યો છે તે રીતે તેનું મહત્ત્વ સવિશેષ છે. કોઈ પણ કાયદાના ઘડતરમાં તથા તેને પૂરી રીતે સમજવામાં કે અર્થઘટનમાં માર્ગદર્શન મળે છે. કાયદાના હેતુ તથા તેનો આદર્શ કાયદો ઘડવા પાછળ સંસદની નીતિ શું છે તે જાણવામાં આમુખ મદદરૂપ થાય છે. કયા પ્રકારની મુશ્કેલીઓના નિવારણ અર્થે કાયદાને ઘડવામાં આવે છે તેનો નિર્દેશ આપણને આમુખમાંથી સ્પષ્ટ થાય છે. આમ, આમુખ બંધારણનો અર્ક છે.

કાયદાની કોઈ કલમમાં કે વિગતોમાં કોઈ અસ્પષ્ટતા કે વિસંવાદિતા ઊભી થાય, કાયદાનો હેતુ સ્પષ્ટ થતો ન હોય ત્યારે આમુખ કાયદાની કલમને સમજવામાં, તેનું અર્થઘટન કરવામાં મદદરૂપ બને છે. આમ, આમુખ બંધારણની જોગવાઈઓને સમજવામાં હોકાયંત્રની ગરજ સારે છે.

આમુખ રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને નાગરિકો વચ્ચેની બંધુત્વની ઉમદા ભાવનાઓનો અને આદર્શોનો પડઘો છે. આમુખને ઉચ્ચ આદર્શો તથા ધ્યેયોનું પીઠબળ છે.

## આમુખના આધારસ્તંભો

ભારતીય બંધારણના આમુખમાં વ્યક્ત થયેલા આધારરૂપ શબ્દો જેવા કે, અમે ભારતના લોકો, સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકશાહી, પ્રજાસત્તાક, બંધુતા, ન્યાય, સમાનતા, સ્વાતંત્ર્ય, રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા વગેરે છે. જે પૈકી મુખ્યત્વે નીચે દર્શાવેલા ત્રણ આધારસ્તંભો વિશે આપણે વિગતે અભ્યાસ કરીશું.

**(1) લોકશાહી** : ભારતના બંધારણમાં ભારતના લોકોને આખરી સાર્વભૌમ સત્તા આપવામાં આવી છે. કોઈ એક વ્યક્તિ કે વર્ગનું શાસન અહીં નથી; પરંતુ સત્તાની અંતિમ બાગડોર લોકો હસ્તક છે.

લોકશાહી (Democracy) શબ્દ મૂળ ગ્રીક શબ્દ 'Demos' (લોકો) અને 'Kratos' (સત્તા)માંથી ઊતરી આવ્યો છે. 'રાજ્ય સત્તા અમુક વ્યક્તિઓના હાથમાં નિરકુંશ રીતે સ્થાપિત થયેલી નથી; પરંતુ લોકોના હાથમાં છે. લોકશાહી એવી રાજ્યવ્યવસ્થા છે કે જેમાં દેશમાં લોકો સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય મેળવી શકતાં હોય અને રાજ્યવ્યવસ્થામાં ભાગ લેવાનો અધિકાર ધરાવતા હોય.

ભારતના બંધારણમાં સાર્વત્રિક પુખ્તવય મતાધિકારના ધોરણે મતદારોએ ચૂંટેલ પોતાના પ્રતિનિધિઓ દ્વારા રચાતી સંસદ (લોકસભા)ને કારોબારી (પ્રધાનમંડળ અને વહીવટીતંત્ર)ને જવાબદાર હોય છે. કારોબારીને અબાધિત સત્તા નથી. તેને નિયત સમયમર્યાદા સુધી જ સત્તાનું સુકાન સોંપાય છે. તે જ પ્રમાણે રાજ્ય અને સ્થાનિક કક્ષાએ મતદારો સરકારને ચૂંટી કાઢે છે. આમ લોકશાહી રાજ્ય એટલે લોકોનું, લોકો વડે અને લોકો માટે ચાલતું રાજ્ય.' સાચી સત્તા લોકોના પ્રતિનિધિઓમાંથી બનેલા પ્રધાનમંડળમાં જ સ્થાપિત થયેલી હોય છે, પ્રધાનમંડળની રચના સંસદમાંથી જ કરવામાં આવે છે. પ્રધાનમંડળ સંસદને જવાબદાર હોય છે. ભારત પ્રજાસત્તાક રાજ્ય એટલા માટે છે કે ભારતનો કોઈ પણ નાગરિક બંધારણમાં નિર્ધારિત કરેલી લાયકાતો ધરાવતો હોય અને તે વ્યક્તિ સાર્વત્રિક પુખ્તવય મતાધિકારથી ચૂંટાઈ આવે છે. તે કોઈ પણ વંશપરંપરાગત વારસાને આધીન આ પદ પ્રાપ્ત કરી શકતો નથી. પાંચ વર્ષ સુધી જ તે સામાન્યતઃ સત્તા ઉપર રહી શકે છે. સંસદીય સરકાર સંયુક્ત જવાબદારીના સિદ્ધાંત પર કામ કરે છે તેથી તેને 'જવાબદાર સરકાર' પણ કહેવાય છે. ભારતની લોકશાહી સરકાર સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાની

ભાવનાને સ્વીકારે છે અને તે હેતુઓને પૂર્ણ કરવા માટે પ્રયત્નશીલ રહેશે એવી સ્પષ્ટતા આમુખમાં કરવામાં આવી છે. બંધારણના ઘડવૈયાઓએ ભારતના લોકોને સાર્વત્રિક પુખ્તવય મતાધિકારનો હક આપીને હિંમતપૂર્વકની શ્રદ્ધા મૂકી છે.

લોકશાહીમાં ભારતીય બંધારણમાં મૂળભૂત હકો, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો, સંસદ, ધારાસભા, સ્વતંત્ર અને નિષ્પક્ષ ન્યાયતંત્ર અને ચૂંટણીપંચની રચના અને કાર્યો વગેરે જોગવાઈઓ ભારતને લોકશાહી રાજ્ય તરીકે ઘોષિત કરે છે.

સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર એટલે કોઈ પણ જાતિ, જ્ઞાતિ, ધર્મ, ભાષા લિંગ, શિક્ષણ, આવક કે જન્મસ્થાનના ભેદભાવ કર્યા વિના, 18 વર્ષ કે તેથી વધારે ઉંમરના ભારતના કોઈ પણ નાગરિકને મત આપવાનો અધિકાર છે. જોકે મતદાર યાદીમાં નાગરિકના નામની નોંધણી આવશ્યક છે.

**(2) સમાજવાદી** : ભારતમાં 1976માં કટોકટી શાસન દરમિયાન બંધારણના 42મા સુધારા દ્વારા આમુખમાં 'સમાજવાદી' શબ્દ ઉમેરવામાં આવ્યો છે. ભારતીય બંધારણની મોટા ભાગની જોગવાઈઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે 'સામાજિક ક્રાંતિ' દ્વારા સામાજિક અને આર્થિક સમાનતા સાધીને 'કલ્યાણ રાજ' સ્થાપવાનો મૂળ ઉદ્દેશ છે.

આમુખમાં તમામ નાગરિકોને સામાજિક, રાજકીય તેમજ આર્થિક ન્યાય અને સમાનતા પ્રાપ્ત થાય તેવી સમાજવાદી વિચારસરણી ધરાવતી સમાજ-રચનાની સ્થાપનાનું ધ્યેય રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં રાખવામાં આવ્યું છે.

સમાજવાદી સમાજરચનામાં રાષ્ટ્રીય સંસાધનોની ન્યાયયુક્ત વહેંચણી, ઉત્પાદન અને વિતરણની વ્યવસ્થા રાજ્ય હસ્તક હોય, રાજ્યમાં વિવિધ વિસ્તારો અને વ્યવસાયોમાં કાર્ય કરતાં લોકો વચ્ચે આવકની અસમાનતા ઓછી કરવાનો પ્રયત્ન કરવામાં આવતો હોય, કોઈ વ્યક્તિ કે સમૂહોના હાથમાં સંપતિ કેન્દ્રિત થયેલી ન હોય, સૌને સ્વસ્થ અને ગૌરવપૂર્વક વિકાસની તકો અને સગવડો પ્રાપ્ત થાય જે દ્વારા સામાજિક કલ્યાણ સાધવાનો અને ગરીબ-તવંગરના ભેદોને નાબૂદ કરીને લોકોનું જીવનધોરણ ઊંચું લાવીને તેઓમાં સામાજિક અને આર્થિક કલ્યાણ સાધવાનો પ્રયત્ન કરવા બંધારણમાં રાજ્યોને માર્ગદર્શન આપેલ છે. તેથી ભારતીય બંધારણ એક સામાજિક દસ્તાવેજ છે.

**(3) બિનસાંપ્રદાયિકતા** : 1976ના 42મા બંધારણીય સુધારાથી આમુખમાં 'બિનસાંપ્રદાયિક' શબ્દ ઉમેરવામાં આવ્યો છે. ભારત એક ધર્મનિરપેક્ષ કે બિનસાંપ્રદાયિક (સેક્યુલર) રાજ્ય છે. બંધારણીય જોગવાઈ મુજબ ભારત ધાર્મિક રાજ્ય બની શકે નહિ. ભારતના રાજ્યને પોતાનો કોઈ ધર્મ નથી. તેથી ધર્મની બાબતમાં રાજ્ય કોઈ દખલગીરી કરશે નહિ. તેથી રાજ્ય કોઈ પણ ધાર્મિક પ્રવૃત્તિને ટેકો આપી શકે નહિ. રાજ્ય કોઈ પણ બિનસાંપ્રદાયિક (ધર્મનિરપેક્ષ) પ્રવૃત્તિઓ સાથે ધર્મને જોડી શકશે નહિ. દેશના કોઈ પણ નાગરિકને પોતાની ઇચ્છા અનુસાર ગમે તે ધર્મ પાળવાની સ્વતંત્રતા છે. રાજ્ય ધર્મ કે સંપ્રદાયના નામે કોઈ પણ નાગરિક પ્રત્યે પક્ષપાત કે ભેદભાવ રાખી શકશે નહિ. તેને જાહેર નોકરી તેમજ રાજકીય અધિકારો ભોગવવાની સમાન તક પૂરી પાડવામાં આવે છે. આમ, બિનસાંપ્રદાયિકતા એ બંધારણનું મૂળતત્ત્વ અને લોકશાહીનું અનિવાર્ય લક્ષણ ગણાય છે.

'સર્વ ધર્મ સમદષ્ટિ' તથા 'સર્વ ધર્મ સમભાવ'ના સિદ્ધાંતને વરેલ ભારતીય બંધારણમાં કોઈ ધર્મને રાજ્યમાં ઉત્તેજન આપવામા નહિ આવે. વ્યક્તિને પોતાની ધાર્મિક માન્યતા, આસ્થા, શ્રદ્ધા રાખવા સાથે તેના પ્રચાર-પસાર કરવાના નાગરિકના અધિકારને રાજ્યનો કોઈ પ્રતિબંધ કે અવરોધ નથી.

## બંધારણનાં મૂળભૂત લક્ષણો

26મી જાન્યુઆરી 1950થી અમલમાં આવેલ વિશ્વના સૌથી મોટાં, વિસ્તૃત અને વિગતપૂર્ણ ભારતના લેખિત બંધારણના કેટલાંક વિશિષ્ટ અને મૂળભૂત લક્ષણો નીચે મુજબ છે :

**(1) લિખિત દસ્તાવેજ** : બ્રિટન અને ઇઝરાયલના અપવાદ સિવાય ભારત સહિત દુનિયાના બધા જ લોકશાહી દેશોનાં બંધારણ લિખિત સ્વરૂપે છે. ભારતની સામાજિક, ભૌગોલિક બહુવિધ પરિસ્થિતિ અને પૂર્વઇતિહાસને ધ્યાનમાં લઈને બંધારણ સભાએ બંધારણ લિખિત સ્વરૂપે રાખવાનું મુનાસિબ માન્યું હતું.

**(2) બંધારણનું કદ :** ભારતનું બંધારણ 22 ભાગોમાં વહેંચાયેલું 395 અનુચ્છેદો (આર્ટિકલ્સ) અને 8 પરિશિષ્ટો (હાલમાં 12 પરિશિષ્ટો) સાથેનું છે. આ બંધારણમાં કેન્દ્ર અને રાજ્યોની શાસનવ્યવસ્થા અને તેમનાં આંતરસંબંધો, લોકોના મૂળભૂત હકો, ફરજો, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો, ન્યાયતંત્ર, ચૂંટણીપંચ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, લઘુમતીઓ, પછાત અને વંચિત સમૂહો માટેની ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે. અને તેથી આપણું બંધારણ દુનિયાનાં અન્ય બંધારણો કરતાં લાંબું, વિસ્તૃત અને વિશદ્પૂર્ણ બન્યું છે.

**(3) એક જ નાગરિકત્વ :** અમેરિકા જેવા દેશમાં દરેક વ્યક્તિ બેવડું નાગરિકત્વ ધરાવે છે એટલે કે એક યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાનું અને બીજું તે પોતે જે રાજ્યમાં વસવાટ કરતી હોય તે રાજ્યનું નાગરિકત્વ ધરાવે છે, જ્યારે ભારતના ગમે તે રાજ્યમાં આપણે રહેતા હોઈએ; પરંતુ આપણે એક જ નાગરિકત્વ એટલે કે ભારતીય જ નાગરિકત્વ ધરાવીએ છીએ. આપણે ત્યાં રાજ્યની અલગ નાગરિકતા જેવું કાંઈ નથી. ભારતમાં, માત્ર જમ્મુ અને કશ્મીરના નાગરિકો જ બેવડું નાગરિકત્વ ધરાવે છે - એક ભારતનું અને બીજું જમ્મુ-કશ્મીર રાજ્યનું.

**(4) મજબૂત કેન્દ્રવાળું સમવાયતંત્ર :** ભારતના બંધારણમાં ક્યાંય સમવાય (ફેડરલ) શબ્દનો ઉપયોગ થયો નથી. બંધારણ ભારતને 'રાજ્યોનો સંઘ' (યુનિયન ઑફ સ્ટેટ્સ) તરીકે જ વર્ણવે છે. આમ, ભારત સંઘીય રાજ્ય છે. સંઘ શબ્દ દ્વારા ભારતમાં સંઘ (કેન્દ્ર) અને એકમ રાજ્યો વચ્ચે ક્યારેય પણ બદલી શકાય નહિ તેવા કાયમી સંબંધોની લેખિત સ્વરૂપે બંધારણમાં સ્પષ્ટતા કરવામાં આવી છે. એકમ રાજ્યોને કેન્દ્રથી છૂટા પાડવાનો અધિકાર નથી. સંઘ સરકારને કેટલીક વિશેષ અને ચડિયાતી સત્તાઓ આપવામાં આવી છે. કેન્દ્ર સરકાર અને પ્રાદેશિક રાજ્ય સરકારો વચ્ચે સત્તાની સ્પષ્ટ વહેંચણી કરવામાં આવી છે. જેથી રાજ્ય સરકાર પોતાના જ પ્રદેશ ઉપર પોતાનાં કાર્યક્ષેત્રોના અનુસંધાને પોતાના કાયદાઓ ઘડી શકે છે. કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સત્તાના વિભાજન થકી બંધારણમાં બક્ષવામાં આવેલ સત્તાઓ ભોગવે છે. સમવાયીતંત્રમાં તટસ્થ, નિષ્પક્ષ અને સ્વતંત્ર ન્યાયતંત્ર છે જે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સત્તાના અને કાર્યોના વિભાજનના સંદર્ભે કોઈ મડાગાંઠ ઊભી થાય તો તે બંધારણનું અર્થઘટન કરી તેનું નિરાકરણ લાવવાની કામગીરી કરે છે.

ભારતમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સત્તાનું સ્પષ્ટ અને વિશદ્ વિભાજન કરવામાં આવ્યું છે. જે માટે ત્રણ યાદીઓ બંધારણમાં મૂકવામાં આવી છે :

**(i) કેન્દ્ર (સંઘ) યાદી :** સંઘ યાદીમાં કુલ 97 જેટલા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં કાયદો ઘડવાની સંપૂર્ણ સત્તા સંસદ ધરાવે છે. સંરક્ષણ, વિદેશી બાબતો, અણુશક્તિ, નાણું, વીમો, બૅન્કિંગ, તાર-ટપાલ, રેલવે જેવાં રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતાં ક્ષેત્રોમાં કેન્દ્ર સર્વોપરી સત્તા ધરાવે છે.

**(ii) રાજ્યોની યાદી :** જેમાં 66 વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમના પર કાયદો ઘડવાની સંપૂર્ણ સત્તા રાજ્યોની ધારાસભાઓ (વિધાનસભા ગૃહો) ધરાવે છે. કાયદો અને વ્યવસ્થા, શિક્ષણ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, કૃષિ-સિંચાઈ, આરોગ્ય, ભૂમિ, રાજ્યોનો આંતરિક વેપાર-વાણિજ્ય વિષયક સેવાઓનો સમાવેશ થાય છે. જો કેન્દ્રને લાગે કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા પડી ભાંગ્યા છે, તો રાજ્યની સંમતિ સાથે કે રાજ્યની મરજી વિરુદ્ધ જઈને કેન્દ્ર તે રાજ્યમાં કેન્દ્રિય અનામત પોલીસદળોને મોકલી શકે છે.

**(iii) સંયુક્ત યાદી :** સંયુક્ત યાદીમાં 47 જેટલા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમના પર કાયદો ઘડવાની સત્તા કેન્દ્ર અને રાજ્યો બંને ધરાવે છે; પરંતુ જ્યારે રાજ્યોના કાયદામાં વિવાદ કે સંઘર્ષ ઊભો થાય ત્યારે ત્યાં કેન્દ્રનો કાયદો ચડિયાતો અને સર્વોપરી ગણાય છે. આમ, સમવાયતંત્રમાં કેન્દ્રને સંયુક્ત યાદીમાં પણ વિશેષ સત્તાઓ આપી છે. આ યાદીમાં દીવાની અને ફોજદારી બાબતો, લગ્ન, છૂટાછેડા અને ભરણપોષણ, શિક્ષણ, આર્થિક આયોજન, વ્યાપારી સંઘો વગેરેનો સમાવેશ થાય છે.

**શેષ સત્તાઓ**

જે વિષયોમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સત્તાની સ્પષ્ટ વહેંચણી થઈ શકી ન હોય તે વિષયોનો સમાવેશ શેષ સત્તાઓમાં કરવામાં આવ્યો છે. આ વધારાના વિષયો કે શેષ સત્તાઓમાં કાયદો ઘડવાની કે તેમાં ફેરફાર કરવાની સંપૂર્ણ સત્તા કેન્દ્ર સરકારને (સંસદ) છે.

ભારતમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે નાણાકીય સાધનોની પણ વહેંચણી કરવામાં આવી છે. આબકારી જકાત, આયાત-નિકાસ જકાત, આવકવેરો વગેરે વધુ આવકો આપતા કરવેરા કેન્દ્રને ફાળવવામાં આવ્યા છે જ્યારે વેચાણવેરો, મનોરંજન વેરો, મહેસૂલ, શિક્ષણવેરો જેવી ઓછી આવકો ધરાવતા સાધનો રાજ્યોને ફાળવવામાં આવ્યા છે. તેથી રાજ્યોએ કેન્દ્ર પાસેથી ગ્રાન્ટ સ્વરૂપે આર્થિક સહાયનો આધાર રાખવો પડે છે.

**(5) કટોકટી વેળા એકતંત્રી વ્યવસ્થા :** ભારતના બંધારણમાં ત્રણ પ્રકારની કટોકટીની જોગવાઈ કરવામાં આવી છે :

**(i)** યુદ્ધ, બાહ્ય આક્રમણ કે સશસ્ત્ર બળવો જેવાં સંજોગોમાં રાષ્ટ્રીય સલામતી જોખમાય એવી પરિસ્થિતિમાં દેશમાં સલામતી વિષયક કટોકટી જાહેર કરી શકાય છે.

**(ii)** રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પડી ભાંગી હોય અથવા બંધારણીય જોગવાઈઓ અનુસાર રાજ્યની સરકાર ચાલી શકે એમ ન હોય ત્યારે કેન્દ્ર સરકાર બંધારણીય કટોકટી જાહેર કરી શકે છે અને ''રાષ્ટ્રપતિ શાસન'' રાજ્યમાં લાગુ પડે છે.

**(iii)** સતત ભાવ વધારાના કારણે નાણાનાં મૂલ્યમાં ઝડપથી ધોવાણ થતું હોય ત્યારે નાણાકીય કટોકટી જાહેર કરી શકાય.

આમ કટોકટીની આ ત્રણેય જોગવાઈઓ હેઠળ આપણું સમવાયતંત્ર એકંદરે એકતંત્રી વ્યવસ્થામાં ફેરવાઈ જાય છે. તેટલા સમયગાળા પૂરતું સમવાયતંત્ર સ્થગિત થઈ જાય છે.

**(6) દ્વિગૃહી પ્રથા :** લોકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓમાંથી બનેલી લોકસભા છે. લોકશાહીમાં લોકસભામાં જ સાચી સત્તા સ્થાપિત થયેલી છે. સંસદનાં બે ગૃહો છે : ઉપલું ગૃહ - રાજ્યસભા અને નીચલું ગૃહ - લોકસભા છે. પ્રધાનમંડળની રચના સંસદ સભ્યોમાંથી કરવામાં આવે છે. પ્રધાનમંડળ સંસદને જવાબદાર છે. પ્રધાનમંડળ લોકસભાનો વિશ્વાસ ધરાવે ત્યાં સુધી જ સત્તા ઉપર રહી શકે છે. સંસદીય સરકાર એ સંયુક્ત જવાબદારીના સિદ્ધાંત ઉપર કામ કરે છે. પ્રધાનમંડળમાં અત્યંત મહત્ત્વના નિર્ણયો લેવાતા હોય છે. કેન્દ્રમાં રાષ્ટ્રપતિના નામે તથા રાજ્યમાં રાજ્યપાલના (ગર્વનર) નામે વહીવટ ચાલતો હોવા છતાં ખરેખર સત્તા કેન્દ્રમાં વડાપ્રધાનની આગેવાની હેઠળનું પ્રધાનમંડળ અને રાજ્યોમાં મુખ્યપ્રધાનના વડપણ હેઠળનું પ્રધાનમંડળ જ વહીવટી અને કારોબારી સત્તા ભોગવે છે. રાજ્યનું પ્રધાનમંડળ રાજ્યની વિધાનસભાને જવાબદાર હોય છે. લોકસભા એ કાયમી ગૃહ નથી. તેની મુદત પાંચ વર્ષની હોય છે. રાજ્યસભામાં સભ્યો રાજ્યોની વિધાનસભામાં ચૂંટાઈને આવેલા ધારાસભ્યો ચૂંટે છે તેઓ જે-તે રાજ્યનું પ્રતિનિધિત્વ કરે છે. રાજ્યસભામાં વિવિધ ક્ષેત્રના નિષ્ણાત, અનુભવી એવી 12 વ્યક્તિઓની સભ્ય તરીકેની પસંદગી રાષ્ટ્રપતિ કરે છે. રાજ્ય સભા એ કાયમી ગૃહ છે. તેના $\frac{1}{3}$ સભ્યો દર બે વર્ષે નિવૃત થાય છે. તેટલા જ સભ્યો ફરીથી ચૂંટાવાને પાત્ર છે. આમ, રાજ્યસભાનો સભ્ય 6 વર્ષ સુધી સભ્યપદ ધરાવે છે. રાજ્યસભાની સત્તા પ્રમાણમાં ઓછી છે જ્યારે લોકસભાની સત્તાઓ વિશેષ, ચડિયાતી અને નિર્ણાયક છે. રાજ્યસભાનું સંપૂર્ણપણે વિસર્જન થતું નથી.

**(7) સ્વતંત્ર, નિષ્પક્ષ અને એકીકૃત ન્યાયતંત્ર :** બંધારણીય જોગવાઈ અનુસાર ભારતમાં સળંગ, સ્વતંત્ર, નિષ્પક્ષ અને એકસૂત્રી ન્યાયતંત્રની સ્થાપના કરવામાં આવી છે, જેની ટોચે સર્વોચ્ચ અદાલત પછી મધ્યમાં એટલે કે રાજ્યકક્ષાએ વડી અદાલતો અને નીચે જિલ્લાકક્ષાની અને તાબાની અદાલતો ઉપરાંત વિશેષ અદાલતો હોય છે. સર્વોચ્ચ અદાલતના ચુકાદા ભારતમાં આવેલ તમામ અદાલતો માટે બંધનકર્તા છે. સંઘ સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે બંધારણીય બાબતો કે કાયદાનાં અર્થઘટનો અંગે વિવાદ થાય તો તેના ઉકેલની અંતિમ સત્તા સર્વોચ્ચ અદાલતની છે. ન્યાયતંત્ર કારોબારીથી સ્વતંત્ર છે. બંધારણના રક્ષક અને વાલી તરીકે ન્યાયતંત્ર નાગરિકોના અધિકારોનું રક્ષણ કરે છે.

**(8) બંધારણમાં સુધારો :** ભારતીય બંધારણ અન્ય દેશોના બંધારણ કરતાં પરિવર્તનશીલ છે. સમય અને સંજોગોને આધીન બંધારણમાં ફેરફાર કરવાની જરૂર પડતી હોય છે. બંધારણમાં ફેરફારની કલમોને ત્રણ ભાગમાં વહેંચવામાં આવી છે :

**(i)** અમુક જોગવાઈઓમાં સંસદના હાજર અને મત આપતા સભ્યોની સાદી બહુમતીથી સુધારો કરી શકાય છે.

**(ii)** અમુક જોગવાઈઓમાં સંસદનાં બંને ગૃહોની કુલ સભ્ય સંખ્યાની બહુમતી અને હાજર તેમજ મત આપતા સભ્યોની $\frac{2}{3}$ (બે તૃતીયાંશ) સ્પષ્ટ બહુમતીથી ફેરફાર થઈ શકે છે.

**(iii)** બંધારણના અમુક ભાગમાં સુધારો કરવા માટે સંસદનાં બંને ગૃહોની કુલ સભ્ય સંખ્યાની બહુમતી તેમજ હાજર અને મત આપતા સભ્યોની $\frac{2}{3}$ (બે તૃતીયાંશ) બહુમતી ઉપરાંત અડધા કરતાં વધુ ઘટક રાજ્યોની વિધાનસભાગૃહોની મંજૂરી જરૂરી છે.

કેન્દ્ર અને રાજ્યોના આંતરસંબંધો કે ઉચ્ચ ન્યાયતંત્રના માળખામાં સુધારો કરવાનો હોય ત્યારે કુલ રાજ્યોના ઓછાંમાં ઓછાં અડધાં રાજ્યોની સંમતિથી કરી શકાય છે. ન્યાયિક ચુકાદાના આધારે પણ સંસદ દ્વારા બંધારણમાં સુધારો કરવામાં આવે છે. બંધારણના મૂળભૂત માળખામાં ફેરફાર કરી શકાય નહિ. બંધારણની ઘણી બાબતોમાં સંસદની સાદી બહુમતીથી સુધારો કરી શકાતો હોવાથી બંધારણ સુપરિવર્તનશીલ અને લચીલું ગણાય. પરંતુ કેટલીક બાબતોમાં બંધારણમાં સાદી બહુમતીથી સુધારો થઈ શકતો નથી. રાજ્યોના અનુમોદન વગર સુધારો શક્ય ન હોવાથી તેટલા અંશે તે દુષ્કર છે. આમ, બંનેનું મિશ્રણ ભારતીય બંધારણનું આગવું લક્ષણ છે.

**(9) સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર :** આ અંગે આપણે અગાઉ વિગતે ચર્ચા કરી છે. ભારતમાં બંધારણમાં 18 વર્ષની ઉંમરના તમામ નાગરિકોને કોઈ પણ જાતના ધર્મ, જાતિ, શિક્ષણ, લિંગ, આવક, કોમ, મિલકત કે જન્મસ્થાન જેવા કોઈ પણ જાતના ભેદભાવ મુક્ત રીતે દરેક નાગરિકને સમાન મતાધિકાર આપવો એ ખરેખર પ્રગતિશીલ અને હિંમતભર્યું પગલું છે. મતાધિકારને કારણે લોકશાહીમાં પ્રત્યેક નાગરિકને ચૂંટણી સમયે પોતાની પસંદગીના ઉમેદવારને મત આપીને ચૂંટવાનો અધિકાર મળે છે. ચૂંટણીઓમાં યુવા મતદારોની ઉત્તરોત્તર વધતી સંખ્યા, સજાગતા, ઉમળકો, મતદાન જાગ્રતિના કારણે મતદાનનું વધેલું પ્રમાણ, આમ, રાજકીય ક્ષેત્રે યુવાઓની સક્રિયતા એ લોકશાહીની પરિપક્વતા અને સફળતાની નિશાની છે.

**(10) ધર્મનિરપેક્ષતા (બિનસાંપ્રદાયિકતા) :** આ અંગે પણ અગાઉ આપણે આમુખમાં અભ્યાસ કર્યો છે. ભારતીય બંધારણમાં સર્વધર્મ તરફ સમાન દૃષ્ટિ અને સમાન આદરભાવનો સ્વીકાર થયો છે. રાજ્ય દ્વારા કોઈ પણ ધર્મને ઉત્તેજન કે ટેકો નહિ. રાજ્યને પોતાનો કોઈ ધર્મ કે સંપ્રદાય નથી. રાજ્ય તટસ્થ છે. ભારતીય બંધારણ કોમી પક્ષપાત કે ધાર્મિક બાબતોથી પર છે. રાજ્ય કોઈ પણ નાગરિક પ્રત્યે ધર્મના આધારે ભેદભાવ રાખતું નથી. ધર્મના અનુયાયીઓને પોતાની પસંદગીની ધાર્મિક માન્યતા, શ્રદ્ધા અને આસ્થા અનુસારનું ધર્મનું પાલન કરવાની પ્રચાર-પ્રસારણ કરવાની સ્વતંત્રતા બંધારણમાં આપવામાં આવે છે. જોકે ભારતીય બંધારણમાં ધાર્મિક લઘુમતીઓને કેટલાક વિશેષ અધિકારો અને સવલતો આપવામાં આવી છે. સમાન નાગરિક ધારાની જોગવાઈ માર્ગદર્શક સિદ્ધાંતોમાં સમાવી આમ આ બાબતો ધર્મનિરપેક્ષ રાજ્યને ઘોષિત કરે છે.

**(11) અદાલતી સમીક્ષા :** અદાલતી સમીક્ષા બંધારણનું વિશિષ્ટ લક્ષણ છે. સંઘ અને રાજ્યો દરેક પોતાનાં કાર્યક્ષેત્રોમાં જ રહીને જે કામ કે વહીવટ કરે એ જોવાની સત્તા અદાલતને સોંપવામાં આવી છે. સંસદની સત્તાઓને અવગણ્યા વગર અદાલતી સમીક્ષા વિશેના સિદ્ધાંતો વચ્ચે એક સુમેળ સ્થાપવાનો પ્રયાસ બંધારણમાં કર્યો છે. સંસદે કે ધારાસભાઓએ ઘડેલા કાયદાઓ અને બહાર પાડેલા આદેશો, વટહુકમો, અદાલતી ચુકાદાઓ અને બંધારણીય સુધારાઓની સમીક્ષા કરવાની સત્તા અદાલતને આપવામાં આવી છે. અદાલતને જો એમ ખાતરી થાય કે ઘડવામાં આવેલ કાયદાઓ, સુધારાઓ કે બહાર પાડેલા હુકમો બંધારણની મૂળ જોગવાઈઓ સાથે સુસંગત નથી તો તેને અદાલત ગેરબંધારણીય ઠેરવીને રદબાતલ જાહેર કરી શકે છે.

**(12) મૂળભૂત હકો અને ફરજો :** ભારતના લોકો એક સ્વતંત્ર રાષ્ટ્રના નાગરિક તરીકે ગૌરવપૂર્ણ જીવન જીવી શકે તે માટે બંધારણમાં મૂળભૂત હકો આપવામાં આવ્યા છે. સર્વાંગી વિકાસની સાથે રાષ્ટ્રના વિકાસ માટે જરૂરી સ્વતંત્રતાની ખાતરી સાથે હકો અને ફરજો એ લોકશાહી સમાજની મહામૂલી મૂડી છે. બંધારણીય ઈલાજોનો હક તથા છથી ચૌદ વર્ષ સુધીના બાળકોને ફરજિયાત શિક્ષણનો હક પણ બંધારણમાં સમાવ્યો છે.

**(13) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો :** લોકોનાં રક્ષણ, સલામતીની સાથે કલ્યાણ સાધવાનો પ્રયાસ રાજ્યે કરવાનો છે. રાજ્યોને નીતિ ઘડતરમાં અને રાજ્યશાસનમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો માર્ગદર્શન આપે છે તેથી પણ તે સિદ્ધાંતો ''માર્ગદર્શક સિદ્ધાંતો'' કહેવાય છે.

**(14) પછાતવર્ગો અને આદિજાતિઓ માટેની જોગવાઈઓ :** સમાજના પછાત વર્ગો કે પછાત જાતિઓ કે વંચિત સમુદાયોના ઉત્કર્ષ અને તેઓને સામાન્ય પ્રવાહમાં ભેળવવા માટે સક્ષમ બનાવવા માટે ભારતના બંધારણમાં વિશેષ જોગવાઈઓ કરવામાં આવી છે. ધારાગૃહોમાં, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં રાજકીય પ્રતિનિધિત્વ પૂરું પાડે તે માટે અનામત બેઠકો ફાળવવામાં આવી છે. સરકારી નોકરીમાં અને શિક્ષણસંસ્થાઓમાં પ્રવેશ માટે અનામત ક્વૉટાની બેઠકો તેઓની વસ્તીના પ્રમાણમાં ફાળવીને સમાન તક આપી છે. પછાત જાતિનાં બાળકોને શિક્ષણ માટે શિષ્યવૃત્તિઓ, સવલતો, ફી માફીની સગવડોનો લાભ ''હકારાત્મક ભેદભાવનો'' કે 'રક્ષણાત્મક ભેદભાવ'ની નીતિનો ખાસ પ્રબંધ બંધારણમાં કરવામાં આવ્યો છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) ભારતના આમુખમાં કયા આદર્શો જણાવવામાં આવ્યા છે ?

(2) સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર કોને કહેવાય ?

(3) ભારતીય બંધારણ સમવાયી છે - ચર્ચો.

(4) સંસદીય પદ્ધતિની સરકારનાં લક્ષણો જણાવો.

(5) એકીકૃત ન્યાયતંત્ર એટલે શું ?

(6) બંધારણમાં સુધારાની જોગવાઈ સ્પષ્ટ કરો.

(7) સામાજિક અને આર્થિક સમાનતા વિના રાજકીય સમાનતા અધૂરી છે.

**2. નીચેનાં વિધાનો સમજાવો :**

(1) આમુખ ભારતીય બંધારણનો અર્ક છે.

(2) આમુખ એ બંધારણના ઘડવૈયાઓના માનસને સમજવાની ચાવી છે.

(3) આમુખ એ હોકાયંત્રની ગરજ સારે છે.

(4) ભારતના બંધારણમાં સમવાયી અને એકતંત્રી બંનેનો સમન્વય છે.

(5) ભારત એ બિનસાંપ્રદાયિક રાજ્ય છે.

(6) ભારત એ લોકશાહી પ્રજાસતાક રાજ્ય છે.

(7) ભારત એક અખંડ અને અવિભાજ્ય સંઘ રાજ્ય છે.

(8) ભારતનું બંધારણ વિશ્વનું સૌથી વિગતવાર અને વિસ્તૃત લેખિત દસ્તાવેજ છે.

**3. નીચેના પારિભાષિક શબ્દો સમજાવો :**

| | | | |
|---|---|---|---|
| (1) બેવડું નાગરિકત્વ | (2) સંસદીય પદ્ધતિ | (3) જવાબદાર સરકાર | (4) કેન્દ્ર યાદી |
| (5) રાજ્ય યાદી | (6) સંયુક્ત યાદી | (7) શેષસત્તા | (8) સમાજવાદ |
| (9) લોકશાહી | (10) અદાલતી સમીક્ષા | | |

**4. નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પની પસંદગી કરો :**

(1) બંધારણ ઘડતરનું કાર્ય ક્યારે પૂર્ણ થયું.

(A) ઈ.સ. 1948 (B) ઈ.સ. 1949 (C) ઈ.સ. 1950 (D) ઈ.સ. 1947

(2) કેન્દ્ર યાદીમાં કેટલા વિષયો સમાવિષ્ટ છે.

(A) 66 (B) 47 (C) 97 (D) 87

(3) ભારતના બંધારણમાં કુલ કેટલા અનુચ્છેદો અને પરિશિષ્ટો છે.

(A) 285-11 (B) 395-12 (C) 495-13 (D) 345-8

(4) ભારતીય બંધારણસભાના અધ્યક્ષનું નામ આપો.

(A) કનૈયાલાલ મુનશી (B) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (C) શ્યામા પ્રસાદ (D) સરદાર પટેલ

(5) ભારતનું બંધારણ ક્યારે અમલમાં આવ્યું છે.

(A) 26 નવે. 1949 (B) 26 જાન્યુ. 1950 (C) 15 ઑગસ્ટ 1947 (D) 9 ડિસે. 1946

(6) બંધારણ સભામાં કુલ કેટલા સભ્યો હતાં.

(A) 385 (B) 545 (C) 250 (D) 166

(7) ભારત પ્રજાસત્તાક રાજ્ય છે કારણ કે...

(A) તે સાર્વભૌમ રાજ્ય છે. (B) તે લોકશાહી રાજ્ય છે.

(C) રાજ્યના વડાને નિશ્ચિત મુદત માટે ચૂંટવામાં આવે છે. (D) પ્રજાને ધાર્મિક સ્વતંત્રતા છે.

**5. બંધારણનાં વિશિષ્ટ લક્ષણો પૈકી દ્વિગૃહી સંસદીય પદ્ધતિ, સમવાયી અને એકતંત્રીય વ્યવસ્થા, એકીકૃત અને સ્વતંત્ર ન્યાયતંત્ર, બંધારણમાં સુધારો, અદાલતી સમીક્ષા પર સવિસ્તર લખો.**

### પ્રવૃત્તિ

- આધાર પદ્ધતિથી પ્રકરણની સમજ માટે ભારતીય બંધારણની નકલનું પ્રત્યક્ષ નિદર્શન કરાવો. (જાણીતા વાંચનાલયમાંથી નકલ મેળવવી).
- અમેરિકા, ભારત, બ્રિટનના બંધારણનો તુલનાત્મક અભ્યાસ કરતો હસ્તલિખિત અંક તૈયાર કરાવવો.
- ભારતની સંસદ દ્વારા થયેલા અત્યાર સુધીના બંધારણીય સુધારાઓ પર પ્રૉજેક્ટ તૈયાર કરાવવો.
- બંધારણ અને આપણા મૂળભૂત હકો અને ફરજો પર તજ્જ્ઞ વાલી કે પ્રખર ધારાશાસ્ત્રી અથવા કાયદાની કૉલેજના વ્યાખ્યાતાનું પ્રવચન યોજો.
- બંધારણના ઘડવૈયાઓનું સચિત્ર અને વિગતસભર ભીંતપત્ર તૈયાર કરાવવું.
- શાળા કક્ષાએ વર્ગ સમિતિઓ અને વર્ગપ્રતિનિધિઓ, સામાન્ય મંત્રીની ચૂંટણી લોકસભાની જેમ યોજવી. મતગણતરીની તાલીમ આપવી.

# 9 મૂળભૂત હકો, મૂળભૂત ફરજો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

ભારતના બંધારણનું આમુખ, તેના મુખ્ય આધારસ્તંભો તથા વિશિષ્ટ લક્ષણોનો અભ્યાસ અગાઉના પ્રકરણમાં કર્યો. આ પ્રકરણમાં બંધારણના વિશેષ મહત્ત્વનાં લક્ષણો જેવાં કે મૂળભૂત હકો, મૂળભૂત ફરજો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો વિશે વિગતે માહિતી મેળવીશું.

## માનવ હકો - માનવ અધિકારો (Human Rights)

વ્યક્તિ માત્રના અસ્તિત્વ અને તેના વ્યક્તિત્વના સર્વતોમુખી વિકાસ સાધવામાં મદદરૂપ એવી સામાજિક પરિસ્થિતિનું નિર્માણ થવું અને તે ચાલુ રહે એ અત્યંત આવશ્યક છે, એને સામાન્ય રીતે માનવહકો કહેવાય છે. દરેક લોકશાહી દેશમાં તેના નાગરિકને કેટલાક પાયાના હકો આપવામાં આવ્યા છે. એ બધા હકો વ્યક્તિ કોઈ પણ જાતના ભેદભાવ વિના ભોગવી શકે એ માટે એ હકોના રક્ષણની ખાતરી આપવામાં આવી હોય છે અને સમાજ અને રાષ્ટ્ર દ્વારા તેનો સ્વીકાર કરવામાં આવ્યો હોય છે. વ્યક્તિનો મનુષ્ય તરીકે જન્મ થતાંની સાથે જ તે કેટલાક પાયાના હકોનો હકદાર બને છે, તેને માનવ હકો કહેવામાં આવે છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘની મહાસભાએ (UN) તા. 10 ડિસેમ્બર 1948ના રોજ માનવ અધિકારો જાહેર કર્યા તેથી 10 મી ડિસેમ્બરને ''માનવ હક દિન'' તરીકે આપણે ઊજવીએ છીએ. માનવ હકોની વૈશ્વિક ઘોષણાને સ્વીકૃતિ આપી ત્યાર બાદ માનવ હકો પૈકી કેટલાક અત્યંત મહત્ત્વના હકોનો આપણે ત્યાં સ્વીકાર કરવામાં આવ્યો અને તેમના રક્ષણની ખાતરી આપવામાં આવી અને બંધારણસભાએ તેમને બંધારણમાં ગૌરવભર્યું સ્થાન આપ્યું છે. આમ, જે માનવ હકોને કાયદાકીય પીઠબળ આપીને બંધારણમાં સમાવ્યા તેને મૂળભૂત હકો કહેવામાં આવે છે.

આ માનવ હકો મનુષ્યનું મનુષ્ય તરીકેનું ગૌરવ જાળવી રાખવાના હેતુથી ઘોષિત કરાયા છે. મનુષ્યનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે તેની ન્યૂનતમ જરૂરિયાતો (રોટી, કપડાં, મકાન, શિક્ષણ અને આરોગ્ય) તેને ગૌરવપૂર્વક અને સન્માનજનક સ્થિતિમાં પ્રાપ્ત થઈ શકે. ઉપરાંત તે સર્વતોમુખી વિકાસ સાધી શકે, તે જાતનું રાજકીય અને સામાજિક વાતાવરણ મળી રહે એનો રાજ્યએ સ્વીકાર કરીને તેના રક્ષણની બાંયધરી આપવામાં આવી છે. આવા પાયાના મૂળભૂત માનવ અધિકારો એ લોકશાહી શાસનપ્રથાની પાયાની ઓળખ છે.

## મૂળભૂત હકો (Fundamental Rights)

રાષ્ટ્રની સ્થિરતા, વ્યક્તિ સ્વાતંત્ર્યના રક્ષણ અર્થે તથા સરમુખત્યારશાહી સામેના રક્ષણ માટે મૂળભૂત હકો જરૂરી છે. તે નીચે મુજબ છે :

(1) સમાનતાનો હક (2) સ્વતંત્રતાનો હક (3) શોષણ સામેનો હક (4) ધાર્મિક સ્વાતંત્ર્યનો હક (5) સાંસ્કૃતિક અને શૈક્ષણિક હકો (6) બંધારણીય ઇલાજોનો હક.

**(1) સમાનતાનો હક :** 'કાયદા સમક્ષ સમાનતા' અને 'કાયદાનું સમાન રક્ષણ' આ બે ખ્યાલોનો સમાવેશ કરવામાં આવ્યો છે. કાયદા સમક્ષ સમાનતા એટલે કોઈ પણ વ્યક્તિ કે વર્ગની તરફેણમાં વિશેષાધિકારોનો અભાવ. એકસરખી પરિસ્થિતિમાં મુકાયેલ વ્યક્તિઓને એકસરખો કાયદો લાગુ પડશે. આ હક મુજબ વ્યક્તિઓ વચ્ચે જ્ઞાતિ, જાતિ, લિંગ, જન્મસ્થાન, આવક કે શિક્ષણનાં કારણોસર ભેદભાવ રાખવામાં આવશે નહિ. તેમની સાથે કાયદાનો વ્યવહાર એકસરખો રહેશે, વડાપ્રધાનથી માંડીને પટાવાળા સુધીની કક્ષાવાળી વ્યક્તિએ પોતે કાયદા વિરુદ્ધનું કૃત્ય કરેલ હોય તો તે બદલ સામાન્ય નાગરિકની જેમ સમાન ધોરણે તે જવાબદાર રહેશે અને સામાન્ય અદાલતના ચુકાદાને આધીન રહેશે. જોકે રાષ્ટ્રપ્રમુખ કે રાજ્યપાલ વગેરેને કેટલાક વિશેષાધિકારો અપાયા છે.

કાયદાના સમાન રક્ષણનો અર્થ થાય છે કે સમાન સંજોગોમાં કાયદાનો વ્યવહાર સમાન જ હોવો જોઈએ. કોઈ વ્યક્તિ કે વર્ગને અલગ રાખી તેમના પ્રત્યે ભેદભાવ દર્શાવતો કાયદો રાજ્ય ઘડી શકે નહિ. દરેક કાયદો તમામને માટે એકસરખી રીતે લાગુ પડવો જોઈએ. કોઈ પણ નાગરિકને દુકાનો, નાસ્તાગૃહો, હોટલો, જાહેર મનોરંજનનાં સ્થળોએ પ્રવેશ મેળવવાનો, જાહેરસ્થળોનો ઉપયોગ કરવાનો, જાહેર રસ્તા, તળાવો કે કૂવાઓનો વપરાશ કરવાની તમામને એકસરખી સમાન તક આપવામાં આવી છે.

સ્ત્રીઓ અને બાળકો માટે ખાસ કાયદાકીય જોગવાઈઓ લિંગના આધારે ભેદભાવ ગણાશે નહિ. તે જ પ્રમાણે સમાજની અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિઓ તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની ઉન્નતિ માટે રાજ્યને ખાસ જોગવાઈ કરતાં રોકશે નહિ. સરકારી નોકરીઓમાં કે ઉચ્ચ અભ્યાસમાં પ્રવેશ મેળવવા માટે અનામત બેઠકોની અલગ જોગવાઈ એ સમાનતાના હક્નો ભંગ ગણાશે નહિ. રાજ્યોની જાહેર નોકરીઓમાં નિમણૂક સંબંધી બાબતોમાં તમામ નાગરિકો માટે સમાન તક રહેશે. જોકે નોકરી સંબંધી જરૂરી લાયકાતો નક્કી કરવાની રાજ્યને છૂટ આપવામાં આવી છે. સામાજિક ન્યાય અને વ્યક્તિના ગૌરવની ખાતરી સ્વરૂપે અસ્પૃશ્યતાની નાબૂદી કરીને અસ્પૃશ્યતાનું કોઈ પણ સ્વરૂપમાં આચરણ પર પ્રતિબંધ છે અને શિક્ષાપાત્ર ગુનો બને છે.

સમાજમાં કૃત્રિમ ભેદભાવો ઊભા કરતા ઇલકાબો અને ખિતાબો દૂર કરવામાં આવ્યા છે, જેમકે નામની આગળ સર, દીવાનજી, રાવબહાદુર જેવાં વિશેષણો લાગતાં હતાં તે દૂર થયાં છે. સ્વતંત્રતા પછી જુદાં જુદાં ક્ષેત્રોમાં તેમનાં વિશિષ્ટ પ્રદાનને અને સિદ્ધિઓને ધરાવતી વ્યક્તિઓને બિરદાવવા માટે સરકાર દ્વારા ભારતરત્ન, પદ્મભૂષણ, પદ્મવિભૂષણ, પદ્મશ્રી જેવા વિશિષ્ટતાદર્શક એવૉર્ડ આપવામાં આવે છે. લશ્કરી સેવાઓમાં 'પરમવીરચક્ર' અપાય છે. લશ્કરી સેવાઓમાં નામની આગળ જનરલ, મેજર, ચીફ માર્શલ, ફિલ્ડમાર્શલ જેવાં વિશેષણો લાગે છે તે સમાનતાના હક્નો ભંગ ગણવામાં આવતો નથી. આમ, આ હક થકી સમાનતાવાળા સમાજની સ્થાપનાનો ઉદ્દેશ છે અને ભારતમાં 'કાયદાનું શાસન' છે, તે સ્થાપિત થાય છે.

અલગ પ્રકારના સમૂહો કે વર્ગો માટે તેમની અલગ વિશિષ્ટ સેવાઓના સંદર્ભમાં અલગ પ્રકારની કાયદાકીય જોગવાઈ હોઈ શકે છે. દા.ત., વકીલો, ડૉક્ટરો, શિક્ષકો, વીમાકંપનીઓ, સ્ત્રીઓ, સગીરો માટે અલગ અલગ કાયદાઓ છે. સમાન કામ માટે સમાન વેતનનો સિદ્ધાંત પણ આ અનુચ્છેદનો જ ભાગ છે.

**(2) સ્વાતંત્ર્યનો હક :** બંધારણ દ્વારા ભારતીય નાગરિકોને છ પ્રકારની સ્વતંત્રતાઓ બક્ષવામાં આવી છે જે નીચે પ્રમાણે છે : (1) વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા. (2) શાંતિથી અને શસ્ત્રો વિના ભેગા થવાની અને સભા ભરવાની સ્વતંત્રતા. (3) મંડળો અથવા સંઘો રચવાની સ્વતંત્રતા. (4) ભારતના કોઈ પણ પ્રદેશમાં ગમે ત્યાં મુક્તપણે હરવા-ફરવાની સ્વતંત્રતા. (5) ભારતના કોઈ પણ પ્રદેશમાં કોઈ પણ ભાગમાં રહેવાની અને સ્થાયી થવાની સ્વતંત્રતા. (6) ગમે તે વ્યવસાય, કામકાજ, વેપાર કે ધંધો કરવાની સ્વતંત્રતા.

ભારતીય નાગરિકોના વ્યક્તિત્વના સર્વતોમુખી વિકાસ અને અભિવ્યક્તિ માટે, લોકશાહીના સુચારુ સંચાલન માટે, વ્યક્તિ તંદુરસ્ત અને સ્વસ્થ જીવન જીવી શકે એ માટે આ હક્નું સવિશેષ મહત્ત્વ છે. કોઈ પણ વ્યક્તિ આ બધી સ્વતંત્રતાનો મનસ્વીપણે, બેફામપણે વર્તીને, સ્વચ્છંદી બનીને ઉપયોગ કરી શકે નહિ. રાજ્ય સમાજના વ્યાપક હિતમાં, જાહેર સુલેહ-શાંતિ અને સલામતી અર્થે આ સ્વતંત્રતાઓ પર વાજબી નિયંત્રણો અને મર્યાદાઓ મૂકી શકે છે એવી બંધારણમાં સ્પષ્ટતા થઈ છે. કઈ સ્વતંત્રતા કઈ મર્યાદાઓમાં રહીને ભોગવવાની છે તેની જાહેરાત બંધારણમાં કરવામાં આવી છે.

ભારતીય નાગરિકને પોતાના વિચારોને વાણી અને વર્તન દ્વારા અભિવ્યક્ત કરવાની સ્વતંત્રતા બક્ષવામાં આવી છે. લેખિત યા મૌખિક કે આંગિક અભિનય થકી એ વ્યક્ત કરી શકે છે; પરંતુ તે મુજબ અમર્યાદિત કે નિરંકુશ રીતે વર્તવાની કોઈને છૂટ નથી. કેટલાંક વાજબી નિયંત્રણો કે મર્યાદાઓ બંધારણે મૂક્યાં છે. જેવાં કે ભારતનું સાર્વભૌમત્વ અને અખંડિતતા, રાજ્યની સલામતી, વિદેશી રાજ્યો સાથે મૈત્રીપૂર્ણ સંબંધો, જાહેરવ્યવસ્થા એટલે જાહેર શાંતિ, સુલેહ અને સલામતી, નીતિમત્તા, શિષ્ટતાના હિતમાં, અદાલતી તિરસ્કાર, બદનક્ષી, ગુનાની હિંસાની ઉશ્કેરણી જેવી બાબતોને ધ્યાનમાં લઈને આ સ્વતંત્રતાઓના હક્નો ઉપયોગ કરવા પર રાજ્ય કાયદા દ્વારા વાજબી નિયંત્રણો મૂકી શકે છે. આ ઘણી બધી મર્યાદાઓ વાજબી છે કે નહિ તે નક્કી કરવાની સત્તા ન્યાયતંત્રની છે. અખબારી સ્વાતંત્ર્યમાં વિચારો અને અભિપ્રાયો થકી જાહેર હિતને આગળ ધપાવાનો હેતુ છે; પરંતુ આ સ્વાતંત્ર્યનો અલગ ઉલ્લેખ થયો નથી. અભિવ્યક્તિની સ્વતંત્રતામાં તેનો સમાવેશ થઈ જાય છે.

તાજેતરમાં 2009માં થયેલાં બંધારણમાં સુધારા મુજબ 6થી 14 વર્ષ સુધીની ઉંમરનાં તમામ બાળકોને નિઃશુલ્ક અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ મેળવવાનો મૂળભૂત અધિકાર છે. ગુનાના સમયે વ્યક્તિનું કૃત્ય ગુનો ન ગણાતું હોય તો તેને સજા કરી શકાય નહિ, તેમજ સજાની નિર્ધારિત જોગવાઈથી વધુ સજા કે એકના એક ગુના માટે એકથી વધુ વખત વ્યક્તિને સજા થઈ શકતી નથી. કાયદા દ્વારા સ્થાપિત જોગવાઈ મુજબ કોઈ પણ વ્યક્તિને એના જીવન અને અંગત સ્વાતંત્ર્યથી વંચિત કરી શકાય નહિ. ધરપકડ કરાયેલ વ્યક્તિને ધરપકડ કરવાનાં કારણોની શક્ય તેટલી ત્વરાથી જાણ કર્યા સિવાય કસ્ટડીમાં રાખી શકાશે નહિ, તેને પસંદગીના ધારાશાસ્ત્રીની (વકીલ) સલાહ લેવાના અને બચાવ કરવાના તેના અધિકારનો ઇન્કાર કરી શકાશે નહિ. તેમજ ધરપકડ

કરાયેલ અને કસ્ટડીમાં રખાયેલ દરેક વ્યક્તિને તેની ધરપકડ કર્યાના ચોવીસ કલાકમાં સૌથી નજીકના મૅજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવશે. મૅજિસ્ટ્રેટની પરવાનગી વિના કોઈ પણ વ્યક્તિને કસ્ટડીમાં રાખી શકાશે નહિ.

પ્રતિબંધક અટકાયતી ધારા હેઠળ જે વ્યક્તિની ધરપકડ કરાયેલ હોય તેવી વ્યક્તિને ઉપર્યુક્ત બાબતો લાગુ પડશે નહિ.

**નિવારક અટકાયત (પ્રતિબંધિત અટકાયત) :** રાજ્યને એમ લાગે કે કોઈ વ્યક્તિ તરફથી કોઈ ગુનાહિત કૃત્ય કે પ્રવૃત્તિ થવાની સંભાવના છે તો સાવચેતીનાં પગલાં તરીકે તેને નિવારક અટકાયત ધારા હેઠળ ધરપકડ કરી શકાય. આ ધારાનો હેતુ અટકાયતીને તેણે કૃત્ય કર્યા બદલ તેને શિક્ષા કરવાનો નથી; પરંતુ રાજ્ય, સમાજ કે કોઈ વ્યક્તિ વિરુદ્ધ ગુનાહિત કૃત્ય કરતો તેને અટકાવવાનો છે. આ કાયદા હેઠળ અટકાયતીને ત્રણ માસ કરતાં વધુ સમય માટે અટકાયતમાં રાખવાની સત્તા મળતી નથી. વડી અદાલતના ન્યાયાધીશો કે સલાહકાર બોર્ડના અભિપ્રાયના આધારે અટકાયત હુકમ રદ કરી શકાય છે. કેટલો સમય અટકાયત ચાલુ રાખવી એ નિર્ણય રાજ્ય સરકાર કરી શકે.

**(3) શોષણ વિરુદ્ધનો અધિકાર :** કોઈ પણ વ્યક્તિનું બીજી વ્યક્તિ દ્વારા કોઈ પણ પ્રકારે શોષણ ન થાય એવા શોષણવિહીન સમાજની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ બંધારણનો છે જે આ હક દ્વારા સિદ્ધ થયો છે. મનુષ્યનો વેપાર, વેઠપ્રથા, દાસત્વ અને બળજબરીથી કરાવાતી કોઈ પણ પ્રકારની મજૂરી પ્રતિબંધિત છે. આ જોગવાઈનો ભંગ શિક્ષાપાત્ર ગુનો ગણાય છે. અનૈતિક હેતુઓ માટે બાળકોના કે સ્ત્રીઓના વેપાર, બળજબરીથી કરાવાતી મજૂરી કે મરજી વિરુદ્ધનું દાસત્વ, વેતન વિનાની મજૂરીનો અને સદીઓથી ચાલી આવેલ વેઠપ્રથાનો અંત લાવવાનો છે. કોઈ પણ વ્યક્તિ પાસે વિના વેતનથી કે લઘુતમ વેતન કરતાં ઓછા વેતનથી બળજબરીથી કે ફરજિયાતપણે મજૂરી કે કામ કરાવવું એ શિક્ષાપાત્ર ગુનો બને છે.

ચૌદ વર્ષથી નીચેની ઉંમરના કોઈ પણ બાળકને કોઈ કારખાના, ખાણમાં કે જોખમી વ્યવસાયમાં, બાંધકામ, ગૅરેજ, હોટલ કે લારી-ગલ્લા કે ઘરનોકર તરીકે કોઈ પણ કામમાં કામે રાખી શકાશે નહિ. બાળમજૂરી નાબૂદી કાનૂન હેઠળ એ શિક્ષાપાત્ર ગુનો જાહેર કરાયો છે.

જોકે રાજ્યને જાહેરહેતુઓ માટે, લશ્કરી સેવાઓ કે રાષ્ટ્રીય ફરજો, સમાજસેવાના કોઈ ક્ષેત્રમાં ધર્મ, જાતિ, લિંગ, જ્ઞાતિ કે વર્ગના ભેદભાવ રાખ્યા વિના, ફરજિયાતપણે વ્યક્તિ પાસે સેવા લેવાનો અધિકાર છે. આ સેવા વેતન વિના કે સવેતન હોઈ શકે છે.

**(4) ધાર્મિક સ્વાતંત્ર્યનો હક :** ભારતના કોઈ પણ નાગરિકને અંતઃકરણ અનુસાર પોતાને મનપસંદ ધર્મમાં માનવાનો, તેનું પાલન કરવાનો અને તેનો પ્રચાર-પ્રસાર કરવાનો સમાન અધિકાર બંધારણે ઘડ્યો છે; પરંતુ આ સ્વતંત્રતા જાહેર વ્યવસ્થા, નીતિમત્તા અને સ્વાસ્થ્યને બાધ ન આવે તે રીતે વાજબી નિયંત્રણોને આધીન રહીને ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર ભોગવવાનો છે. ધાર્મિક ક્રિયાકાંડો, પ્રાર્થના કે પૂજા કરવાના સ્વાતંત્ર્યનો સમાવેશ આમાં થાય છે.

ભારતમાં રાજ્યને પોતાનો કોઈ ધર્મ નથી કે ભારતનું રાજ્ય કોઈ ધર્મ કે સંપ્રદાયના સિદ્ધાંતો કે માન્યતાઓને આધારે ચાલતું નથી. રાજ્ય કોઈ પણ સમુદાયની ધાર્મિક બાબતોમાં અને ધાર્મિક માન્યતાઓમાં દખલગીરી કરી શકશે નહિ. ધાર્મિક અને સખાવતી હેતુઓ માટે સંસ્થાઓ સ્થાપવાનો અને તેમનું સંચાલન અને વહીવટ કરવાની સ્વતંત્રતા પણ ધાર્મિક સમૂહોને આપવામાં આવી છે. કોઈ પણ રાજ્ય જાહેર કરવેરા દ્વારા ઊભા કરાયેલા જાહેરફંડનો ઉપયોગ કોઈ ખાસ ધર્મ કે સંપ્રદાયના લાભ કે અભિવૃદ્ધિ માટે કરી શકાય નહિ. સરકારી ગ્રાન્ટમાંથી ચલાવાતી કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાં ધાર્મિક શિક્ષણ આપી શકાશે નહિ કે ધાર્મિક શિક્ષણમાં ભાગ લેવાની કે ધાર્મિક ઉપાસનામાં હાજર રહેવાની ફરજ પાડી શકાશે નહિ.

**(5) સાંસ્કૃતિક અને શૈક્ષણિક હકો :** ભારતમાં વિવિધ ધર્મો, વિવિધ ભાષાઓ અને સંસ્કૃતિઓ ધરાવતા લોકો રહે છે. ભારતના પ્રદેશોમાં રહેતા લોકોને પોતાની આગવી ભાષા, લિપિ, સંસ્કૃતિની ઓળખ અને તેના આધારે રચાયેલા વર્ગસમૂહોને જાળવી રાખવાનો અધિકાર છે. કોઈ પણ શૈક્ષણિક સંસ્થાઓ કે જે રાજ્યની ગ્રાંટ પર નિર્ભર હોય તેમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, ભાષા કે તેવા કોઈ એક કારણસર કોઈ નાગરિકને પ્રવેશ આપવાનો ઈન્કાર કરી શકાશે નહિ.

જો કોઈ ઉમેદવાર ચૂંટણીમાં ધર્મ કે જાતિ કે ભાષાના ધોરણે પોતાને મત આપવાની અપીલ કરે તો તે લોકપ્રતિનિધિત્વ ધારાની કલમ 123(3) હેઠળ ગેરરીતિ ગણાય છે. કોઈ પણ રાજ્ય કોઈ કાયદો ઘડીને નાગરિકો કે તેના કોઈ વિભાગ પર કોઈ સંસ્કૃતિ કે કોઈ ભાષાના પાયા પર રચાયેલી તમામ લઘુમતીઓને તેમની પસંદગીની શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના અને વહીવટ કરવાનો અધિકાર આપશે. રાજ્ય પણ કોઈ ધર્મ કે ભાષા પર રચાયેલી લઘુમતી સંસ્થાઓને રાજ્યનિધિમાંથી અપાતી શૈક્ષણિક

સહાય કે શૈક્ષણિક શિષ્યવૃત્તિઓ જેવા લાભોમાં માત્ર એ કારણોસર ભેદભાવ કરશે નહિ. આવી લઘુમતી સંસ્થાઓની મિલકતનું ફરજિયાત સંપાદન કે પોતાના હસ્તક લેવા ઇચ્છે તો રાજ્ય જરૂરી વળતર આપીને જ કરી શકે છે. આમ, શૈક્ષણિક સંસ્થાઓના સંદર્ભે મહત્ત્વપૂર્ણ જોગવાઈઓ બંધારણમાં કરવામાં આવી છે.

**(6) બંધારણીય ઈલાજોનો હક** : ગમે તેટલા સારા કાયદાઓ ઘડવામાં આવે, મૂળભૂત હકોની જોગવાઈ કરવામાં આવે; પરંતુ જો તેનો અમલ યોગ્ય રીતે ન થાય, તો આવી સ્વતંત્રતાનો કે અધિકારનો કોઈ અર્થ સરતો નથી. તેથી આ હકોના અમલ માટે બંધારણમાં જોગવાઈ કરવામાં આવી છે જે અનુસાર મૂળભૂત હકોના ભંગ બદલ સીધા જ સર્વોચ્ચ અદાલતમાં કે વડી અદાલતમાં જઈને દાદ માંગવાના અધિકારને પણ મૂળભૂત હક તરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે. સર્વોચ્ચ અદાલત મૂળભૂત હકોના રક્ષણની અગત્યની ભૂમિકા બજાવે છે આ અંગે અદાલત જરૂરી લાગે તે પ્રકારના યોગ્ય આદેશો, સૂચના કે આજ્ઞાપત્રો, હુકમનામાં કાઢવાની વિશાળ સત્તા તેને બંધારણમાં બક્ષવામાં આવી છે. જે અંગે કોઈ વાંધો લઈ શકતું નથી. મૂળભૂત અધિકારોનો ભંગ થયાની કોઈ રાજ્યની ફરિયાદ કરવામાં આવે તો તેનો યોગ્ય ઉપાય કરવાનું સર્વોચ્ચ અદાલત માટે જરૂરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે ‘આ હકને બંધારણના આત્મા સમાન’ કહ્યો છે. સંસદ કાયદા દ્વારા આવા હુકમો બહાર પાડવાની સત્તા અન્ય કોઈ અદાલતને સુપરત કરી શકે છે. મૂળભૂત અધિકારોનો ભંગ થતો હોય કે તે સાથે અસંગત હોય તેવો કાયદો ઘડતાં રાજ્ય વિધાનસભાને સર્વોચ્ચ અદાલત અટકાવી શકે છે. આમ, આ હક કોઈ પણ નાગરિકને મૂળભૂત હકોના ભંગ બદલ અદાલતોમાં જવાનો હક અને એ હકોનું રક્ષણ મેળવવાનો હક છે.

આમ, બંધારણમાં બક્ષવામાં આવેલા મૂળભૂત હકો ભારતીય નાગરિકો માટે ઉપલબ્ધ કરાયા છે. આ હકો સરકારો (કેન્દ્ર અને રાજ્ય) સામે આપવામાં આવ્યા છે. મૂળભૂત હકો બધા સમય માટે બધા નાગરિકો માટે ઉપલબ્ધ છે; પરંતુ કટોકટીના સંજોગોમાં અમુક મૂળભૂત હકો સ્થગિત કરી શકાય છે. કોઈ પણ નાગરિકના મૂળભૂત હકો છીનવાઈ જાય તેવા કોઈ પણ કાયદાઓ રાજ્યો ઘડી શકતું નથી.

## મૂળભૂત ફરજો

ભારતમાં પ્રાચીન સમયથી જ લોકો હકો કરતાં ફરજો પ્રત્યે વધુ સભાન હતા. જેમ નાગરિકોને કેટલાક મૂળભૂત હકો આપવામાં આવ્યા છે તેમ નાગરિકોની કેટલીક મૂળભૂત ફરજોનો સમાવેશ 1976માં બંધારણમાં સુધારો કરીને કરવામાં આવ્યો છે. ફરજોનો સમાવેશ મૂળભૂત ફરજો દ્વારા દેશપ્રેમ, રાષ્ટ્રીય ભાવના, કેટલાક ઉચ્ચ આદર્શો અને મૂલ્ય પ્રત્યે નાગરિકોમાં જાગ્રતિ લાવીને રાષ્ટ્રની ઉન્નતિ માટે નાગરિકોને પ્રતિબદ્ધ કરવાનો હેતુ હતો. રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સાર્વભૌમત્વના રક્ષણમાં પ્રત્યેક નાગરિક પોતાનું યથાશક્તિ યોગદાન આપે તે થકી સમાજમાં શાંતિ, સલામતી, સદ્‌ભાવના, સંવાદિતતા અને કોમી એખલાસની ભાવના જાળવી રાખવાનું કર્તવ્ય પ્રત્યેક નાગરિકનું દેશ અને સમાજ પ્રત્યે છે તેનું સ્મરણ કરાવવાનો છે. પાઠ્યપુસ્તકોના પ્રથમ પાના પર આ ફરજો દર્શાવવામાં આવી છે.

(1) બંધારણનું પાલન કરવું તેમજ બંધારણમાં વ્યક્ત થયેલા આદર્શો અને સંસ્થાઓ તથા રાષ્ટ્રગીત, રાષ્ટ્રધ્વજનો આદર કરવો.
(2) સ્વાતંત્ર્ય સંગ્રામના ઉદાત્ત વિચારો અને પ્રેરણાદાયી આદર્શોનો આદર કરવો અને તે અનુસાર વર્તવું.
(3) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવું અને તેનું રક્ષણ કરવું.
(4) જ્યારે જરૂર પડે ત્યારે અને હાકલ કરવામાં આવે ત્યારે દેશનું રક્ષણ અને રાષ્ટ્રની સેવા કરવા માટે તત્પર રહેવું અને ઉત્સાહભેર જોડાવું.
(5) ભારતના બધા લોકો વચ્ચે ભાઈચારાની ભાવનામાં વૃદ્ધિ કરવી, લોકો વચ્ચે સુસંવાદિતા સ્થાપવી અને સ્ત્રીઓના ગૌરવને હાનિ પહોંચાડનારા વ્યવહારોનો ત્યાગ કરવો.
(6) રાષ્ટ્રના સમૃદ્ધ અને સમન્વિત સાંસ્કૃતિક વારસાનું જતન કરવું.
(7) જંગલો, સરોવર, નદીઓ અને વન્યજીવો સહિત કુદરતી પર્યાવરણનું રક્ષણ કરવું અને સમૃદ્ધ કરવું તથા સજીવો પ્રત્યે અનુકંપા રાખવી.
(8) વૈજ્ઞાનિક અભિગમ, માનવવાદ અને શોધવૃત્તિનો વિકાસ કરવો.
(9) જાહેર માલ-મિલકતનું રક્ષણ કરવું અને હિંસાનો ત્યાગ કરવો.

(10) વૈયક્તિક અને સામૂહિક પુરુષાર્થનાં ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટતા સિદ્ધ કરવા સતત પ્રયત્નશીલ રહેવું જેથી રાષ્ટ્ર પ્રગતિ અને સિદ્ધિનાં સોપાનો ઉત્તરોત્તર સર કરતું રહે.

(11) મફત, ફરજિયાત અને સાર્વત્રિક રીતે શિક્ષણ પોતાના પાલ્યને આપવું એ તેના માતા-પિતાની ફરજ રહેશે.

ભારતમાં 6 જાન્યુઆરીને 'મૂળભૂત ફરજદિન' તરીકે ઊજવવાનું નક્કી થયું છે.

આ બધી ફરજો પૈકી કેટલીક ફરજોને કાનૂની પીઠબળ છે. એનું પાલન નહિ કરનારને સજા થાય છે. નાગરિકો ફરજોનું પાલન કરે એ માટે તેમનામાં સભાનતા અને જાગરુકતા ઊભી કરવાનો પ્રયાસ શિક્ષકોએ પ્રયત્નશીલ બનીને કરવો જોઈએ. સમાજમાં પ્રવર્તતા કેટલાંક સામાજિક દૂષણો કે અનિષ્ટો જેવાં કે અસ્પૃશ્યતા, વેઠપ્રથા, બાળમજૂરી, સ્ત્રીશોષણ, જાતીય સતામણી, દહેજપ્રથા, સ્ત્રીભ્રૂણ હત્યા, કુરિવાજો, અંધશ્રદ્ધા-વહેમ સદંતર નાબૂદ થાય એ જોવાની જવાબદારી અને ફરજ નાગરિક તરીકે આપણી છે. સંવેદનશીલ અને જાગ્રત નાગરિક તરીકે આપણે શું કરવું જોઈએ તેનું સ્પષ્ટ દિશાસૂચન આ ફરજો આપણને આપે છે. જો ભવિષ્યના નાગરિક એવાં બાળકો અને કિશોરોમાં આ ફરજોનો વ્યાપક પ્રચાર-પ્રસાર થાય અને તેના મહત્ત્વ અને ઉપયોગિતાનું સતત અને સઘન શિક્ષણ આપવામાં આવે તો ભવિષ્યના નાગરિકોમાં સામાજિક અને રાષ્ટ્રીય ઉત્તરદાયિત્વની ભાવના, વિશ્વબંધુત્વ, ન્યાયી અને શોષણવિહીન સમાજની રચનાના ઉચ્ચ આદર્શો ફળીભૂત થઈ શકે.

## રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ બંધારણના ચોથા ભાગમાં કરવામાં આવ્યો છે. આ માર્ગદર્શક સિદ્ધાંતોનો ઉદ્દેશ વર્તમાન અને ભાવિ કેન્દ્ર અને રાજ્ય સરકારોને જુદાં જુદાં નીતિવિષયક ક્ષેત્રોમાં કઈ કઈ નીતિઓ ઘડવી એ સંબંધે માર્ગદર્શન આપવાનો છે. આ સિદ્ધાંતો માર્ગદર્શક છે. એનો અમલ કરવા રાજ્ય સરકારો બંધાયેલી નથી; પરંતુ નીતિઘડતરમાં આ સિદ્ધાંતોને કેન્દ્રમાં રાખીને નીતિઓ ઘડવાની અને તેનો અમલ કરવાની રાજ્યની નૈતિક ફરજ છે.

આ સિદ્ધાંતોનો સૌથી મહત્ત્વનો ઉદ્દેશ તમામને રાજકીય, સામાજિક તેમજ આર્થિક ન્યાય મળી રહે તેવી સમાજરચનાની સ્થાપના કરવાનો છે. રાજ્યના ઉદ્દેશો અને ધ્યેયોની પૂર્તિ માટે રાજ્યની નીતિઘડતરમાં દિશાસૂચન આપવાનો છે. ન્યાયતંત્ર દ્વારા આ સિદ્ધાંતોનો અમલ કરવાની જોગવાઈ બંધારણમાં નથી. આ મૂળભૂત સિદ્ધાંતોથી આપણને કોઈ કાનૂની અધિકારો પ્રાપ્ત થતા નથી કે તેનાથી કોઈ કાનૂની પીઠબળ મળતું નથી, કે કાનૂની ઉપાયો પ્રાપ્ત થતા નથી. તેમ છતાં રાજ્યના કાયદાઓ ઘડતી વખતે તથા તેના સંચાલનમાં તે પાયાના છે. કેટલાક હકોનો સમાવેશ બંધારણમાં મૂળભૂત હકોમાં સમાવેશ કર્યો છે જે તત્કાળ આપી શકાય તેવા હતા; પરંતુ બીજા ઘણા હકોનો સમાવેશ રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં કરવામાં આવ્યો છે. જે જેમ જેમ રાજ્યવ્યવસ્થા સધ્ધર અને મજબૂત બનતી જાય તેમ તેમ ભવિષ્યમાં આ હકો આપતા જવાનો વિચાર બંધારણસભાનો હતો. ડૉ. બાબાસાહેબ આંબેડકરે તેનું મહત્ત્વ દર્શાવતાં તેને 'દેશના શાસનના તેઓ પાયારૂપ સિદ્ધાંતો છે.' એવું જણાવ્યું હતું. આપણા બંધારણમાં રાજકીય લોકશાહી સ્થાપવાનો આપણે પ્રયાસ કર્યો છે; પરંતુ સામાજિક અને આર્થિક લોકશાહીની સ્થાપના વિના રાજકીય લોકશાહી અધૂરી છે.

આ માર્ગદર્શક સિદ્ધાંતોને વિવિધ વિભાગોમાં દર્શાવીને જાણકારી મેળવીએ.

**(1) આર્થિક નીતિઓ સંદર્ભે સિદ્ધાંતો :** આર્થિક નીતિઓના ઘડતરમાં ઘણા મહત્ત્વના સિદ્ધાંતોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે નીચે મુજબ છે :

(i) સૌ નાગરિકનું મહત્તમ કલ્યાણ અને શ્રેય સધાય એ રીતે સમાજમાં ભૌતિક સંસાધનોની માલિકી અને અંકુશનું વિતરણ કરવું.

(ii) સંપત્તિ અને ઉત્પાદનનાં સાધનોનું કોઈ ચોક્કસ સમૂહ કે વર્ગોમાં કેન્દ્રીકરણ ન થાય એવી અર્થવ્યવસ્થા રચવા રાજ્ય પ્રયાસ કરશે.

(iii) પુરુષો અને સ્ત્રીઓને સમાન કામ માટે સમાન વેતન મળે એવા રાજ્ય પ્રયાસ કરશે.

(iv) કામનાં સ્થળે તમામ કામદારોનું આરોગ્ય જળવાઈ રહે તેવી માનવીય પરિસ્થિતિનું સર્જન કરવું. સ્ત્રી-પુરુષો અને કુમળી વયનાં બાળકોનું આર્થિક મજબૂરીના કારણે આરોગ્ય કથળે એવા કામધંધા કે બિનઆરોગ્યપ્રદ સ્થળોએ, જોખમી કાર્યો કરવા ન પડે.

(v) ઔદ્યોગિક એકમોમાં સંચાલનમાં કામદારોની સહભાગીદારી માટે રાજ્ય પ્રયાસ કરશે.

(vi) બાળકોને આર્થિક લાચારીના કારણે તેમનું કોઈ પણ પ્રકારે શોષણ ન થાય તથા તે સ્વસ્થ અને સ્વતંત્ર રીતે ગૌરવપ્રદ સ્થિતિમાં તંદુરસ્ત વિકાસ સાધે તે માટે જરૂરી તકો અને સવલતો ઊભી કરવા માટે રાજ્ય ખાસ પગલાં ભરશે.

(vii) સ્ત્રીઓને પ્રસૂતિ સમયે જરૂરી રજાઓ તથા રાહત પૂરી પાડવામાં આવે. કામદાર રાજ્ય વીમાધારો, બોનસધારો, પ્રસૂતિ રજાનો ધારો, ગ્રેચ્યુઈટીધારો વગેરે કાયદાઓ માનવીય ધોરણે મળે તેવા ઉદ્દેશથી ઘડવામાં આવ્યા છે.

(viii) કૃષિ અને પશુપાલનનો આધુનિક અને વૈજ્ઞાનિક ધોરણે વિકાસ થાય તેવી વ્યવસ્થા કરવાનો પ્રયત્ન રાજ્ય કરશે. ગાયો, વાછરડાંઓ, અન્ય દુધાળાં પ્રાણીઓ, ભારવાહક ઢોરોની ઓલાદોની જાળવણી માટે તથા બળદ, ગધેડાં, ગાયોની કતલ અટકાવવા પ્રયાસ કરશે.

(ix) રાજ્યમાં સૌને ન્યાયની સમાન તક મળે. આર્થિક કે અસમર્થતાઓના કારણે કોઈ પણ જરૂરતમંદ નાગરિકને ન્યાય મેળવવા માટેની તકોનો ઈન્કાર કરવામાં નહિ આવે તથા તેઓને મફત કાનૂની સહાય મળી રહે તેવો રાજ્ય પ્રબંધ કરે અને કાયદા ઘડશે.

**(2) સામાજિક નીતિઓ સંબંધી સિદ્ધાંતો :** અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, વંચિત સમૂહો જેવા સમાજના નબળા વર્ગોનાં શૈક્ષણિક અને આર્થિક હિતોના ઉત્કર્ષ માટે રાજ્યે વિશેષ પ્રયાસો કાળજીપૂર્વક કરવાના રહેશે. જેથી સામાજિક અન્યાય અને શોષણ સામે તેમનું રક્ષણ કરશે.

ભારતમાં રહેતાં તમામ નાગરિકોને માટે સમાન દીવાની કાયદો ઘડવા (યુનિફૉર્મ સિવિલ કોડ) ન્યાય વ્યવસ્થાનું સંચાલન કરીને સૌને ન્યાય મળી રહે એ રીતે રાજ્ય પ્રયત્ન કરશે. લગ્ન, લગ્નવિચ્છેદ, ભરણપોષણ, સગીરો, દત્તકવિધાન, વસિયત વગેરેમાં એક સરખો દીવાની કાયદો ઘડીને સામાજિક ન્યાયની દિશામાં સરકાર પગલાં ભરશે.

રાજ્યમાં સૌ નાગરિકોને કામ કરવાનો હક પ્રાપ્ત થાય, વૃદ્ધાવસ્થા, માંદગી કે અમંગલ પ્રસંગે, વિના વાંકે વેઠવી પડતી તંગીના અન્ય પ્રસંગે શિક્ષણ અને જાહેર સહાય પ્રાપ્ત થાય તે માટે અસરકારક જોગવાઈઓ કરશે.

**(3) રાજકીય અને વિદેશ નીતિવિષયક સિદ્ધાંતો :**

(i) રાજ્ય ગ્રામપંચાયતોની સ્થાપના કરવા માટે જરૂરી પગલાં ભરશે. તેઓ સ્વરાજ્યના એકમ તરીકે કાર્ય કરી શકે તે માટે તેમને જરૂરી સત્તા અને અધિકારો અને આર્થિક સહાય આપશે.

(ii) રાજ્ય સેવાઓમાં ન્યાયતંત્રને કારોબારીથી અલગ અને સ્વતંત્ર કરવા પગલાં ભરશે જેથી ન્યાયાધીશો નિષ્પક્ષ, નીડર અને નિર્ભીક રીતે ન્યાય ચૂકવી શકે.

(iii) આંતરરાષ્ટ્રીય શાંતિ, સલામતી અને ઉન્નતિ માટે, રાષ્ટ્રો વચ્ચે ન્યાયી અને માનપૂર્વકના સંબંધો જાળવવા માટે, આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને સંધિઓને લગતી ફરજો પ્રત્યેનો આદર વધારવા અને આંતરરાષ્ટ્રીય મતભેદો અને તકરારી પ્રશ્નોનું લવાદ દ્વારા શાંતિમય નિરાકરણ લાવવાનો પ્રયત્ન રાજ્ય કરશે અને એ બાબતોને અગ્રિમ પ્રોત્સાહન આપશે.

**(4) શૈક્ષણિક અને સાંસ્કૃતિક નીતિઓ સંબંધી સિદ્ધાંતો :** 14 વર્ષની ઉંમર સુધીનાં તમામ બાળકોને, બંધારણના આરંભ થયાના દસ વર્ષની અંદર, મફત અને ફરજિયાત શિક્ષણ પ્રાપ્ત થાય એ માટે રાજ્ય પ્રયાસ કરશે. જે હવે મૂળભૂત હક બન્યો છે.

રાષ્ટ્રીય મહત્ત્વ તરીકે જાહેર કરાયેલા દરેક કલાત્મક અને ઐતિહાસિક મહત્ત્વ ધરાવતાં સ્મારકો, સ્થળો, કલાકૃતિઓ, ઈમારતોનું, પદાર્થોનું યથાપ્રસંગ, લૂંટફાટ, બગાડ, વિકૃતિ, સ્થળાંતર, નિકાલ કે તેનો નાશ થતો અટકાવવાનો અને રક્ષણ કરવાની રાજ્યની ફરજ રહેશે. આમ, રાષ્ટ્રના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાનું યોગ્ય રીતે જતન થાય તે જોવાનો ઉદ્દેશ છે.

**(5) આરોગ્યવિષયક નીતિઓ સંબંધી સિદ્ધાંતો :**

(i) લોકોનું આરોગ્ય અને પોષણનું સ્તર સુધરે એ માટે રાજ્ય પ્રયાસ કરે તથા જાહેર આરોગ્ય અને જનસુખાકારી વધારવાને માટેનાં પગલાંને રાજ્ય પોતાની પ્રાથમિક ફરજોમાં ગણશે.

(ii) આરોગ્ય માટે હાનિકારક એવા કેફી પદાર્થો, પીણાં, નશાયુક્ત/માદક દ્રવ્યો વગેરે પર રાજ્ય પ્રતિબંધ મૂકવાનો પ્રયાસ કરશે. ઔષધિના હેતુઓ સિવાયનાં માદક પીણાં, ડ્રગ્ઝ અને નશાયુક્ત પદાર્થોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકશે.

(iii) દેશના પર્યાવરણનું રક્ષણ થાય અને તેમાં જરૂરી સુધારા થાય એ માટે રાજ્ય પ્રયાસ કરે, દેશનાં જંગલો અને વનસૃષ્ટિના રક્ષણ માટેનો ખાસ પ્રબંધ રાજ્ય કરશે.

(iv) કામદારોને કામના સ્થળે આરોગ્યપ્રદ વાતાવરણ પ્રાપ્ત થાય તથા નવરાશની પળોમાં સામાજિક અને સાંસ્કૃતિક વિકાસની પૂરતી તકો તેઓને પૂરી પાડીને, માનસિક તંદુરસ્તી બક્ષવા માટે, મનોરંજનની સુવિધા મળી રહે તેવા પ્રયત્નો રાજ્યોને કરવા જણાવેલ છે.

આમ, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો હેતુ એવી સમાજવ્યવસ્થા અને રાજ્યવ્યવસ્થા ઊભી કરવાનો છે. જેમાં શક્ય હોય એટલું સત્તાનું વિકેન્દ્રીકરણ થાય. ધાર્મિક કે જ્ઞાતિ આધારિત ભેદભાવ રહિતની સમાજરચનાનું સમતામૂલક, શોષણમુક્ત અને કલ્યાણલક્ષી સમાજવ્યવસ્થા અને અર્થવ્યવસ્થા સ્થાપવાનો ઉદ્દેશ છે. અર્થાત્ સામાજિક લોકશાહી અને આર્થિક લોકશાહીની સ્થાપનાનો છે. સામાજિક સલામતી દ્વારા સમાજના નબળા વર્ગોના ઉત્કર્ષ માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓનો અમલ રાજ્ય કરશે એવી અપેક્ષા રાખવામાં આવી છે. લોકશાહી કેવળ રાજકીય ક્ષેત્ર પૂરતી સીમિત ન રહે પણ સામાજિક અને આર્થિકક્ષેત્ર સુધી તેનું વિસ્તરણ થવું જોઈએ જે થકી શોષણ અને અન્યાયમુક્ત એવી સમતામૂલક, ન્યાયી સમાજવ્યવસ્થાનું સ્વપ્ન સાકાર કરવાની જવાબદારી રાજ્ય સરકારને શિરે મૂકવામાં આવી છે. મૂળભૂત હકો રાજ્યની સત્તાને મર્યાદિત કરે છે જ્યારે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો રાજ્યની સત્તાને વિસ્તારે છે. મૂળભૂત હકો રાજકીય લોકશાહી સ્થાપે છે, જ્યારે સિદ્ધાંતો સામાજિક અને આર્થિક લોકશાહી સ્થાપવાનું ધ્યેય ધરાવે છે. તેમની વચ્ચે કોઈ વિરોધ નથી. તેઓ એકબીજાનાં પૂરક છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) બંધારણમાં સમાવિષ્ટ મૂળભૂત ફરજો વિશે જણાવો.
(2) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનું મહત્ત્વ દર્શાવો.
(3) મૂળભૂત હકોની અગત્ય સમજાવો.
(4) વાજબી નિયંત્રણો અને મર્યાદાઓ એટલે શું ?
(5) નિવારક અટકાયત (પ્રતિબંધિત અટકાયત ધારા) વિશે લખો.
(6) ભારતના બંધારણમાં આવેલ બંધારણીય અધિકારો જણાવો.
(7) લઘુમતીઓને બક્ષવામાં આવેલ બંધારણીય અધિકારો જણાવો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) સમાનતાનો હક
(2) બંધારણીય ઈલાજોનો હક
(3) સ્વતંત્રતાનો હક
(4) શોષણ સામેનો હક
(5) આર્થિકનીતિઓ સંદર્ભે માર્ગદર્શક સિદ્ધાંતો
(6) રાજકીય અને વિદેશી સંબંધો વિશેના સિદ્ધાંતો

**3. નીચેનાં વિધાનો કારણો આપી સમજાવો :**

(1) મૂળભૂત હકોના ભંગ સામે અદાલતનો આશરો લઈ શકાય છે.
(2) બંધારણીય ઈલાજોનો હક 'બંધારણના આત્મા' સમાન છે.
(3) સ્વતંત્રતાઓ અમર્યાદિત કે નિરંકુશ હોઈ શકે નહિ.
(4) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ એ મૂળભૂત હકોના ઉપયોગ માટેની પૂર્વશરત છે.
(5) માર્ગદર્શક સિદ્ધાંતો અને મૂળભૂત હકો એ એકબીજાના વિરોધી નથી બલ્કે એકબીજાના પૂરક છે.
(6) શોષણમુક્ત સમાજની રચના એ આપણા બંધારણનું મુખ્ય ધ્યેય છે.
(7) હકો અને ફરજો એક સિક્કાની બે બાજુઓ છે.
(8) બાળમજૂરી સજાપાત્ર ગુનો છે.
(9) માર્ગદર્શક સિદ્ધાંતોના અમલ માટે અદાલતોનો આશરો લઈ શકાતો નથી.
(10) માર્ગદર્શક સિદ્ધાંતો દેશના શાસનમાં પાયારૂપ સિદ્ધાંતો છે.

(11) આર્થિક અને સામાજિક લોકશાહી વિના રાજકીય લોકશાહી અધૂરી છે.

(12) સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાનું જતન થાય એ જોવાની ફરજ સૌની છે.

**4. નીચેનામાંથી યોગ્ય વિકલ્પની પસંદગી કરો :**

(1) ડૉ. બાબાસાહેબ આંબેડકરે કયા હકને બંધારણનો આત્મા કહ્યો છે ?

(A) સ્વતંત્રતાનો હક (B) સમાનતાનો હક

(C) સાંકૃતિક અને શૈક્ષણિક હક (D) બંધારણીય ઇલાજોનો હક

(2) કોના મતે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો દેશના પાયા રૂપ સિદ્ધાંતો છે ?

(A) નરેન્દ્ર મોદી (B) જવાહરલાલ નહેરુ

(C) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (D) ડૉ. બાબાસાહેબ આંબેડકર

(3) પ્રતિબંધિત અટકાયત હેઠળના આરોપીને કેટલા સમય સુધી અટકાયત હેઠળ રાખી શકાય છે ?

(A) 24 કલાક (B) 6 માસ

(C) 3 માસ (D) આજીવન

(4) કઈ ઉંમરનાં બાળકોને મફત અને નિ:શુલ્ક પ્રાથમિક શિક્ષણ મેળવવાનો અધિકાર છે ?

(A) 6 થી 14 વર્ષનાં (B) 3 વર્ષ સુધીનાં

(C) 14 વર્ષથી ઉપરનાં (D) 18 વર્ષનાં

(5) કઈ ઉંમરનાં બાળકોને જોખમી વ્યવસાયમાં રોકી શકાય નહિ ?

(A) 14 વર્ષથી નીચેનાં (B) 18 વર્ષથી નીચેનાં

(C) 6 થી 14 વર્ષનાં (D) 28 વર્ષના ઉપરનાં

(6) ક્યું આચરણ ભારતનું સામાજિક કલંક ગણાય ?

(A) અસ્પૃશ્યતા (B) બાળમજૂરી

(C) દહેજપ્રથા (D) વહેમ અંધશ્રદ્ધા

**પ્રવૃત્તિ**

- 'શું આપણું બંધારણ આપણા મૂળભૂત હકોના રક્ષક-વાલી તરીકે સફળ રહ્યું છે ખરું ?'શાળામાં ચર્ચાસભા-મોક પાર્લમેન્ટ યોજો.
- મતદાતા જાગ્રતિ દિનની શાળામાં ઉજવણી કરીએ તથા એક ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરીએ.
- માનવ હક/અધિકાર દિનની ઉજવણી પ્રસંગે પ્રખર ધારાશાસ્ત્રી કે માનવ અધિકાર પંચના કોઈ સભ્ય સાથે પૅનલ ચર્ચાનું આયોજન કરો.
- ગાંધીજયંતિ કે આંબેડકર જયંતિની ઉજવણી પ્રસંગે માનવહકો, મૂળભૂત ફરજો કે માર્ગદર્શક સિદ્ધાંતો પર આધારિત સ્લોગન સ્પર્ધા યોજીને શાળાની આસપાસના વિસ્તારમાં જનજાગૃતિ અર્થે એક રેલીનું આયોજન કરીશું.
- મૂળભૂત હકો અને માર્ગદર્શક સિદ્ધાંતોમાં કોણ ચડિયાતું છે ? માનવ હક દિનના દિવસે શાળામાં શિક્ષકો-વિદ્યાર્થીઓની બાળસંસદ યોજીશું.
- તમારા રહેણાંક વિસ્તારમાં વિવિધ પ્રકારે થતી બાળમજૂરી અંગેની મોજણી હાથ ધરીને તેને અટકાવવા તમે શું પગલાં ભર્યાં તેનો અહેવાલ તૈયાર કરો.
- 14મી નવેમ્બરે (બાળદિને) બાળમજૂરી નાબૂદી ઝુંબેશના કાર્યક્રમો–રેલી, ચિત્રસ્પર્ધા યોજવી અને સંબંધિત આવેદનપત્ર અધિકારીઓને આપવું.
- ડૉ. આંબેડકરના જીવનકવન પર હસ્તલિખિત અંક કે પ્રોજેક્ટકાર્ય કરાવીશું.

# 10 સરકારનાં અંગો

સરકારનાં ત્રણ અંગો છે **ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર.** આ ત્રણ અંગોની રચના કેવી રીતે થાય છે, તેઓ શું કાર્ય કરે છે, તેમની સત્તાઓ કઈ કઈ છે, તેમના અરસપરસના સંબંધો કેવા છે, તે અંગે આપણે વિગતે અભ્યાસ કરીશું.

રાજ્યના મૂળભૂત હેતુઓમાં એક હેતુ કાયદો અને વ્યવસ્થાની જાળવણી દ્વારા લોકોની સુખાકારી અને સલામતી સાધવાનો છે. લોકોનું સર્વતોમુખી કલ્યાણ સાધીને તેમનાં સ્વાતંત્ર્ય અને મૂળભૂત હકોનું જતન અને રક્ષણ કરવાનો છે. રાજ્યના ગતિશીલ વિકાસની સિદ્ધિ અર્થે સરકારનાં ત્રણ અંગોમાં ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચે પરસ્પર ઐક્ય, સહકાર અને સંકલન સ્થાપિત કરીને સરકાર અસરકારક અને કાર્યક્ષમ શાસન કરી શકે છે. ધારાસભા ધારા (કાયદા) ઘડવાનું, જ્યારે કારોબારી ઘડેલા કાયદાઓનો અમલ કરવાનું અને ન્યાયતંત્ર કાયદાનો ભંગ કરનારને સજા અથવા દંડ કરવાનું કાર્ય કરે છે.

ભારતીય બંધારણમાં ધારાસભા એટલે સંઘ (કેન્દ્ર) કક્ષાએ સંસદ અને રાજ્યોમાં વિધાનગૃહો, કારોબારી એટલે સંઘ (કેન્દ્ર)માં રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને પ્રધાનમંડળ અને તેનું કાર્યાલય તથા વહીવટી તંત્ર, જ્યારે રાજ્યકક્ષાએ રાજ્યપાલ, મુખ્યપ્રધાન અને તેનું પ્રધાનમંડળ, તેનું કાર્યાલય અને વહીવટીતંત્ર એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. જ્યારે ન્યાયતંત્રમાં સર્વોચ્ચ અદાલત ટોચ પર અને રાજ્યોમાં વડી અદાલતો અને તેના હાથ નીચેની તાબાની અદાલતો, જિલ્લા ન્યાયાલયો, વિશેષ ખાસ અદાલતો છે. આમ, ન્યાયતંત્ર, ધારાસભા અને કારોબારી બંનેથી તદ્દન અલગ, સ્વતંત્ર અને સુગ્રથિત છે.

ભારત જુદાં જુદાં ઘટક રાજ્યોનું બનેલું એક સંઘ રાજ્ય છે. કોઈ પણ ઘટક રાજ્ય સ્વતંત્ર અને સાર્વભૌમ નથી. ભારતમાં સંઘ અને રાજ્યકક્ષાએ સંસદીય પદ્ધતિની રાજ્ય સરકારો વચ્ચે સત્તા વિશ્લેષના સિદ્ધાંત અનુસાર સત્તાનો વિશ્લેષ થયો હોવાથી ધારાસભા અને કારોબારી વચ્ચે પરસ્પર ગાઢ અને પરસ્પરાવલંબીના સંબંધો છે. જ્યારે ન્યાયતંત્રનું અલગ, સ્વતંત્ર, નિષ્પક્ષ એવું વિશિષ્ટ સ્થાન છે.

## સત્તા વિશ્લેષનો સિદ્ધાંત

રાજ્ય વતી સરકાર જે કાર્યો કરે છે તે એકબીજાથી જુદાં હોય છે. ત્રણે અંગોનાં કાર્યો એકબીજાથી ભિન્ન તથા દરેક કાર્યમાં વિશેષ પ્રકારની નિપુણતાની જરૂર પડે છે. એટલે કે જુદાં જુદાં અંગો દ્વારા જુદી જુદી વ્યક્તિઓ દ્વારા કાર્યો થવા જોઈએ અને છેલ્લે દરેક અંગે પોતપોતાનું અલગ કાર્ય કરવું જોઈએ. સત્તાવિશ્લેષ થવાથી સત્તાના બેફામ ઉપયોગની સંભાવના ઘટે છે. ત્રણેય અંગોનાં કાર્યો થકી સરકારનો વહીવટ સરળ અને કાર્યક્ષમ બને તે માટે તેમની વચ્ચે સત્તાનો વિશ્લેષ કરવો જરૂરી છે. દા.ત., ધારાસભાને કાયદો ઘડવાની સત્તા છે. તે તેનો દુરુપયોગ ન કરે તેથી કારોબારી અને ન્યાયતંત્રને કેટલીક એવી સત્તા હોય જેથી તે ધારાસભાને નિયંત્રણમાં રાખે. તે જ રીતે કારોબારી પર ધારાસભા અને ન્યાયતંત્ર દ્વારા અંકુશ મૂકવામાં આવ્યો છે, તે જ રીતે ન્યાયતંત્રને ધારાસભા અને કારોબારી પર નિયંત્રણ મૂકવાની કેટલીક સત્તાઓ આપવામાં આવી છે.

**(1) ધારાસભા :** ભારત સંસદીય લોકશાહી ધરાવતું પ્રજાસત્તાક રાજ્ય છે. લોકોનું પ્રતિનિધિત્વ સંઘ (કેન્દ્ર) કક્ષાએ સંસદમાં અને રાજ્યકક્ષાએ વિધાનસભામાં જોવા મળે છે. દેશની મહત્ત્વની અને સર્વોપરી સંસ્થા સંસદ છે. ભારતીય સંસદમાં રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, રાજ્યસભા અને લોકસભાનો સમાવેશ થયો છે. ધારાસભાનાં બે પ્રકાર છે :

**(અ) એકગૃહી ધારાસભા :** જ્યાં ધારાસભા એક જ ગૃહની બનેલી હોય છે તેથી તેને એકગૃહી ધારાસભા કહેવામાં આવે છે.

**(બ) દ્વિગૃહી ધારાસભા :** જ્યાં ધારાસભા બે ગૃહની બનેલી હોય તેને દ્વિગૃહી ધારાસભા કહે છે.

સંઘ (કેન્દ્ર) કક્ષાએ ધારાસભાનું ઉપલું ગૃહ રાજ્યસભા છે જ્યારે નીચલા ગૃહને લોકસભા કહે છે. રાજ્યકક્ષાએ ધારાસભા - વિધાનસભા અને વિધાન પરિષદ એમ બે ગૃહો છે. મોટાભાગનાં રાજ્યોમાં એક જ ગૃહ - વિધાનસભા હોય છે. જ્યારે બિહાર, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર જેવાં કેટલાંક રાજ્યોમાં વિધાન પરિષદ પણ હોય છે.

**(1) કેન્દ્ર કક્ષાએ ધારાસભા (સંસદ) લોકસભા :** લોકસભા એ સંસદનું નીચલું ગૃહ છે. લોકસભામાં સભ્યો પ્રત્યક્ષ મતદાનથી ચૂંટાયેલા લોકોના પ્રતિનિધિઓ છે. લોકસભામાં સભ્યોની સંખ્યા 545 છે. જેમાં 2 સભ્યો ઍંગ્લોઇન્ડિયન સમુદાયના પ્રતિનિધિઓ છે, જેમની પસંદગી રાષ્ટ્રપતિ કરે છે.

રાષ્ટ્રપતિ એ સંસદનો (લોકસભા અને રાજ્યસભા) ભાગ છે. જોકે રાષ્ટ્રપતિ સંસદમાં સંસદની પ્રથમ બેઠકનું ઉદ્ઘાટન પ્રવચન અને સંસદની સંયુક્ત બેઠકને સંબોધન કરે તે સિવાય ક્યારેય હાજરી આપતા નથી. રાષ્ટ્રપતિ સંસદનાં બંને ગૃહોનું સત્ર બોલાવે છે, ગૃહોને મોકૂફ રાખે છે તેમજ લોકસભાનું વિસર્જન કરવાની સત્તા પણ ધરાવે છે. સંસદનાં બંને ગૃહોમાં ત્રણેય વાંચનમાંથી પસાર થયેલા ખરડા ઉપર રાષ્ટ્રપતિની સહી થાય ત્યાર પછી જ ખરડો કાયદો બને છે. લોકસભા એ કાયમી ગૃહ નથી. તેની મુદત પાંચ વર્ષની હોય છે, સિવાય કે તેનું વહેલું વિસર્જન કરવામાં આવેલ હોય.

ભારતીય સંસદે બંધારણમાં દર્શાવેલી મર્યાદાઓમાં રહીને પોતાની સત્તાઓ ભોગવવાની છે, તેથી બંધારણ સર્વોપરી છે, સંસદ નથી. સંસદે ઘડેલ કાયદાઓમાં બંધારણીય જોગવાઈઓનો ભંગ થતો હોય, વિસંગત હોય તો તેને અદાલતમાં પડકારી શકાય છે. જો અદાલતને એમ ખાતરી થાય કે તેનાથી બંધારણની જોગવાઈઓનો ભંગ થાય છે તો તેને ગેરબંધારણીય ગણીને રદબાતલ ઠેરવી શકે છે.

**સંસદ સભ્યની લાયકાતો :** લોકસભાના સભ્ય તરીકે લાયકાત મુજબ તે ભારતીય નાગરિક હોવો જોઈએ. ચૂંટણી લડવા માટે ઓછામાં ઓછી 25 (પચીસ) વર્ષની ઉંમર હોય અને સંસદે નક્કી કરેલી અન્ય લાયકાતો ધરાવતો હોય; પરંતુ તે નાદાર કે માનસિક રીતે અસ્થિર જાહેર કરાયેલ ન હોય, કેન્દ્ર કે રાજ્યસરકારમાં સવેતન હોદ્દો ધરાવતો ન હોય, સક્ષમ અદાલત દ્વારા ગુનેગાર પુરવાર થયેલ ન હોય તેવી જ વ્યક્તિ સંસદમાં ઉમેદવારી કરી શકે. સંસદની બે બેઠકો વચ્ચે છ માસથી વધુ સમયગાળો પસાર ન થાય તે રીતે ગૃહની બેઠક બોલાવવી પડે છે. લોકસભાનું વિસર્જન વડાપ્રધાનની સલાહથી જ રાષ્ટ્રપતિ કરી શકે છે. જે ગૃહનો સભ્ય હોય તે વ્યક્તિ તે ગૃહની કાર્યવાહીમાં ભાગ લઈ શકે છે અને મતદાન કરી શકે છે; પરંતુ મંત્રીમંડળનો કોઈ સભ્ય સંસદના નીચલા ગૃહનો સભ્ય ન હોય તો પણ તે બંને ગૃહોની ચર્ચામાં ભાગ લઈ શકે, સંબોધન કરી શકે છે; પરંતુ જે ગૃહમાં સભ્ય હોય તે જ ગૃહમાં તેઓ મતદાન કરી શકે છે. લોકસભામાં ગુજરાતની 26 બેઠકો છે. લોકસભાની મુદત 5 વર્ષની હોય છે જોકે તે અગાઉ રાષ્ટ્રપતિ તેને વિખેરી નાંખી શકે છે. રાષ્ટ્રીય કટોકટીમાં તેઓ 1 વર્ષ સુધી લંબાવી શકે છે. રાષ્ટ્રપતિએ લોકસભાનું વિસર્જન કર્યું હોય તો તે પગલાંને અદાલતમાં પડકારી શકાતું નથી.

**કોરમ :** કોરમ એટલે ગૃહની 'કાર્યસાધક' સંખ્યા. ગૃહનું કામકાજ હાથ ધરવા અને ચાલુ રાખવા, કુલ સભ્યોમાંથી હાજર સભ્યોની સંખ્યા. લોકસભાના કુલ સભ્યો 545 સંખ્યાના $\frac{1}{10}$ એટલે કે 55 સભ્યોની ગૃહમાં હાજરી જરૂરી ગણાય.

જ્યારે રાજ્યસભામાં કાર્યસાધક સંખ્યા રાજ્યસભાના કુલ સભ્યો 250ના $\frac{1}{10}$ અર્થાત્ 25 સભ્યસંખ્યા ગણાય છે.

**(2) રાજ્યસભા :** રાજ્યસભા એ સંસદનું ઉપલું ગૃહ છે. તે રાજ્યોનું પ્રતિનિધિત્વ ધરાવતું ધારાગૃહ છે. રાજ્યસભામાં 250થી વધે નહિ એટલા સભ્યોની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં પરોક્ષ રીતે જે-તે રાજ્યોની અને સંઘ પ્રદેશોની વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો દ્વારા સપ્રમાણ પ્રતિનિધિત્વ પદ્ધતિથી ચૂંટવામાં આવે છે, રાજ્ય સભાના ચૂંટાયેલા સભ્યોની સંખ્યા 238 છે. બાકીના 12 સભ્યો રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્ત કરેલ સભ્યો હોય છે. જેઓ સાહિત્ય, વિજ્ઞાન, કલા, સાંસ્કૃતિક, રમતગમત અને સમાજસેવાનાં ક્ષેત્રોમાં વિશેષ જ્ઞાન અને વ્યવહારુ અનુભવ ધરાવતા હોવા જોઈએ.

કોઈ એક વ્યક્તિ એક સાથે બે ગૃહની સભ્ય રહી શકતી નથી.

**લાયકાત :** રાજ્યસભાના સભ્ય થવા માટે તે વ્યક્તિ ભારતીય નાગરિક હોવી જોઈએ અને 30 વર્ષ કે તેથી વધુ ઉંમર ધરાવતી હોવી જોઈએ. તે નાદાર, માનસિક રીતે અસ્થિર મગજની કે સજા પામેલ ગુનેગાર હોવી જોઈએ નહિ. સરકારી સંસ્થાઓમાં સવેતન કે નફાકારક કોઈ હોદ્દો ધરાવતી હોવી જોઈએ નહિ. રાજ્યસભામાં ગુજરાતને 11 (અગિયાર) બેઠકો ફાળવવામાં આવી છે. રાજ્યસભા એ કાયમી ગૃહ છે. તેનું વિસર્જન થતું નથી કે વિખેરી શકાતું નથી. રાજ્યસભાના એક તૃતીયાંશ સભ્યો દર બીજા વર્ષે નિવૃત્ત થાય છે. એટલી સંખ્યામાં સભ્યોની ચૂંટણી કરવામાં આવે છે. આમ, રાજ્યસભાના સભ્ય વધુમાં વધુ છ વર્ષ માટે સભ્ય તરીકે રહી શકે. જોકે તેઓ ફરીથી ચૂંટાવાને કે પસંદગીને પાત્ર છે.

સંસદનાં બંને ગૃહોનાં સામાન્ય રીતે વર્ષમાં ત્રણ સત્રો મળે છે. જેમ કે અંદાજપત્ર સત્ર, ચોમાસું સત્ર અને શિયાળુ સત્ર છે. ભારતના ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજ્યસભાના ચૅરમૅન (સભાપતિ) છે. જ્યારે ડેપ્યુટી ચૅરમૅન (ઉપસભાપતિ)ની ચૂંટણી રાજ્યસભાના સભ્યો પોતાનામાંથી કરે છે. રાજ્યસભાના પ્રથમ ચૅરમૅન ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ હતા.

## લોકસભાના સ્પીકર (અધ્યક્ષ)

લોકસભાનું કામકાજ વ્યવસ્થિતપણે અને ચોક્કસ નીતિ-નિયમો અનુસાર ચાલે તે જોવાનું, ગૃહમાં શિસ્ત, વ્યવસ્થા અને ગૃહનું ગૌરવ જાળવવાનું મુખ્ય કાર્ય લોકસભાના સ્પીકરનું છે. લોકસભાના સભ્યો પોતાનામાંથી જ અધ્યક્ષ અને ઉપાધ્યક્ષને ચૂંટે છે. અધ્યક્ષ લોકસભાની બેઠકો દરમિયાન ગૃહનું અધ્યક્ષપદ સંભાળીને તેની કાર્યવાહીનું સંચાલન અને નિયમન કરે છે. અધ્યક્ષ સભ્યો પાસે લોકસભામાં શિસ્તપાલનની અપેક્ષા રાખે છે. તેઓ ગૃહની મર્યાદાના રક્ષક છે. તેમના નિર્ણયો ગૃહમાં આખરી અને અંતિમ છે.

અધ્યક્ષ કોઈ પણ રાજકીય પક્ષના સભ્ય કે પક્ષનું પીઠબળ ધરાવતાં હોઈ શકે છે; પરંતુ તેઓ અધ્યક્ષપદે ચૂંટાયા પછી તેમણે ગૃહની કાર્યવાહી તટસ્થ અને નિષ્પક્ષ રીતે ચલાવવાની રહે છે. લોકસભાના વિસર્જન કે ભંગ સાથે અધ્યક્ષની મુદત પણ પૂરી થાય છે; પરંતુ નવી લોકસભાની રચના થાય ત્યાં સુધી તેઓ હોદ્દા પર ચાલુ રહે છે. 14 દિવસની નોટિસથી લોકસભાના સભ્યો સાદી બહુમતીથી ઠરાવ પસાર કરીને સ્પીકરને હોદ્દા પરથી દૂર કરી શકે છે. લોકસભામાં કે ધારાગૃહમાં થતાં ભાષણો, ટીકાઓ અધ્યક્ષને ઉદ્દેશીને જ થાય છે. સંસદનાં બંને ગૃહોમાં કાર્યવાહી અંગ્રેજી કે હિંદીમાં થઈ શકે છે; પરંતુ આ બંને ભાષા ન જાણનાર સભ્યને તેમની માતૃભાષામાં સંબોધવાની પરવાનગી અધ્યક્ષ આપી શકે છે. અધ્યક્ષની પરવાનગી મેળવ્યા વિના સતત 60 (સાઠ) દિવસ સુધી સભ્ય લોકસભામાં ગેરહાજર રહે તો તેની બેઠક ખાલી થયેલી ગણાય છે. અધ્યક્ષ ગૃહની સભાને મુલતવી રાખે છે.

**કાસ્ટિંગ વોટ (નિર્ણાયક મત) :** ગૃહની કોઈ કાર્યવાહીમાં જ્યારે કોઈ પ્રશ્ન, બાબત કે સમસ્યા અંગે, ખરડા પરની ચર્ચા-વિમર્શના અંતે નિર્ણય વખતે તરફેણમાં કે વિરુદ્ધમાં સરખા મત પડે ત્યારે અધ્યક્ષ પોતાનો 'નિર્ણાયક મત' (કાસ્ટિંગ વોટ) આપી શકે છે. તે સિવાય તેઓ ગૃહમાં મતદાનમાં ભાગ લઈ શકતા નથી. લોકસભાના પ્રથમ અધ્યક્ષ ગણેશ વાસુદેવ માવળંકર હતા.

અધ્યક્ષની ગેરહાજરીમાં ઉપાધ્યક્ષ ગૃહની બેઠકોનું સંચાલન કરે છે. અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ બંનેની ગેરહાજરીમાં ગૃહના સંચાલન સંબંધે વિવિધ રાજકીય પક્ષોના પીઢ, અનુભવી અને સંસદીય પ્રક્રિયાના જાણકાર એવા તજ્જ્ઞ સભ્યોની એક 'સ્પીકર્સ પૅનલ' તૈયાર કરવામાં આવે છે, તેના સભ્યો બંનેની ગેરહાજરીમાં ગૃહનું કામકાજ સંભાળે છે.

## ખરડો (વિધેયક) ક્યારે કાયદો બની શકે ?

કાયદા માટેની દરખાસ્તને ખરડો (વિધેયક) કહેવાય છે.

સંસદ વર્તમાન કાયદામાં સુધારા કરવાનું, નવા કાયદા ઘડવાનું અને જૂના અને અપ્રસ્તુત કાયદાઓને રદ કરવાનું મહત્ત્વનું કાર્ય સંસદ ધરાવે છે. સામાન્ય ખરડો, નાણાકીય ખરડો અને બંધારણીય સુધારાનો ખરડો નીચે મુજબની પ્રક્રિયાના અંતે કાયદાનું સ્વરૂપ લે છે. જેની સામાન્ય જોગવાઈઓ નીચે મુજબ છે :

કોઈ પણ ખરડાને સંસદનાં બે ગૃહોમાંથી કોઈ પણ એક ગૃહમાં રજૂ કરી શકાય છે. ખરડો પ્રધાન અથવા ગૃહના કોઈ સભ્ય દ્વારા રજૂ થઈ શકે છે. સંસદનાં બંને ગૃહોએ સુધારા વિના કે સુધારા સાથે સંમતિ આપેલ હોય તેવા સુધારાઓ સહિત, કોઈ ખરડાને ગૃહ દ્વારા સંમતિ અપાયેલ ન હોય ત્યાં સુધી તે ખરડો સંસદનાં બંને ગૃહોમાં પસાર કરેલ હોવાનું ગણાશે નહિ. સંસદમાં વિચારાધીન કોઈ ખરડો ગૃહોની સત્ર સમાપ્તિના કારણે રદ થશે નહિ. રાજ્યસભામાં વિચારાધીન હોય અને લોકસભાએ પસાર ન કરેલ હોય તો તેવો ખરડો લોકસભાનું વિસર્જન થતાં રદ થશે નહિ. લોકસભામાં વિચારાધીન હોય અથવા પસાર કરેલ હોય અને રાજ્યસભામાં તે ખરડો વિચારણા હેઠળ હોય તો લોકસભાનું વિસર્જન થતાં રદ થશે. જ્યારે સંસદનાં બંને ગૃહો વચ્ચે કોઈ ખરડો પસાર કરવાની બાબતમાં મતભેદ ઊભા થાય ત્યારે રાષ્ટ્રપતિ સંસદનાં બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવી શકે છે. જેમાં ખરડો બહુમતીથી પસાર કરી શકે છે. સંયુક્ત બેઠકનું સંચાલન લોકસભાના અધ્યક્ષ (સ્પીકર) જ સંભાળતા હોય છે.

**(1) ખરડામાંથી કાયદો બનાવવાની વિધિ – સામાન્ય ખરડો (બિનનાણાકીય) :** તમામ સામાન્ય ખરડાઓને પ્રધાનો દ્વારા ગૃહમાં રજૂ કરવાની (પ્રસ્તુત કરવાની) પ્રક્રિયાને પ્રથમ વાચન કહે છે. જેમાં ખરડાનું શીર્ષક, ઉદ્દેશો, કારણોનું વર્ણન હોય છે. આ ખરડો પહેલાં ધારાગૃહમાં રજૂ કરતાં પહેલાં તે ગૃહના અધ્યક્ષની, અને નાણાકીય ખરડો રજૂ કરવા માટે કેન્દ્રમાં રાષ્ટ્રપતિની અને રાજ્યમાં રાજ્યપાલની ભલામણથી રજૂ થાય છે. પ્રથમ વાચનમાં ખરડાની સામાન્ય માહિતી પર મુખ્ય મુદ્દાઓની ચર્ચા થાય છે. વિરોધ સકારણ જણાવાય છે અને જરૂર પડે તો મતદાન કરવામાં આવે છે.

બીજા વાંચન દરમિયાન ખરડાના પ્રત્યેક મુદ્દાઓની કલમવાર ચર્ચા થાય છે. તેના હેતુઓ અને તેના પ્રત્યાઘાતોની છણાવટ થાય છે. તેમાં જનતા, જૂથો, સમૂહો કે સંસ્થાઓના, વિરોધપક્ષોના અભિપ્રાય આધારે સુધારાઓ કરવામાં આવે છે અને અંતે તેના પર મતદાન થાય છે.

કેટલીક વાર ગૃહમાં કાર્યબોજ વધુ હોવાથી ખરડા પર વિગતે ચર્ચા થઈ શકતી નથી. માટે જે-તે વિષયના તજ્જ્ઞો, વિશેષ જ્ઞાન ધરાવતા સભ્યોની 'પ્રવર સમિતિ'ને સોંપવામાં આવે છે. જેઓ ખરડાને ચકાસે છે. લોકમતનો ખ્યાલ રાખી વિગતવાર ચર્ચાના અંતે જરૂરી સુધારાની ભલામણ સૂચવતો અહેવાલ ગૃહને સોંપે છે અને ખરડાને ત્રીજા વાંચન માટે રજૂ કરવા મોકલી આપે છે.

ત્રીજું વાંચન માત્ર ઔપચારિક જ હોય છે. ભલામણોનો સ્વીકાર કે અસ્વીકાર કરવા પાછળના તર્ક રજૂ કર્યાના અંતે ખરડાના સ્વીકાર્ય સ્વરૂપ પર મતદાન કરવામાં આવે છે. જો તેને બહુમતીનો ટેકો મળે તો તે ખરડો પસાર થયેલો જાહેર થાય છે. તેના પર પ્રથમ ધારાગૃહના અધ્યક્ષની સહી લઈને બીજા ધારાગૃહમાં મોકલી આપવામાં આવે છે. બીજા ગૃહમાં પણ ખરડો આ જ પ્રક્રિયામાંથી પસાર થાય છે. બીજા ગૃહના જરૂરી સુધારા સાથે બીજા ગૃહમાં ખરડો સરળતાથી પસાર થાય તો રાષ્ટ્રપતિની સહી માટે મોકલાય છે અને મંજૂરી મળ્યેથી ખરડો કાયદો બને છે.

પરંતુ બીજા ગૃહમાં તે મંજૂર ન થાય તો તેને પુનઃ પ્રથમ ગૃહને પરત મોકલવામાં આવે છે. જો બીજા ગૃહમાં ખરડો છ માસ સુધી પડતર રાખી મૂકે તો તેનો અસ્વીકાર થયો છે એમ મનાય છે. જ્યારે બંને ગૃહો વચ્ચે મતભેદ વધી જાય કે ઉપલા ગૃહમાં (રાજ્યસભામાં) સત્તાધારી પક્ષની બહુમતી ન હોય ત્યારે ખરડાની મંજૂરી મળવી સરળ ન હોય ત્યારે બંને ગૃહોની 'સંયુક્ત બેઠક' બોલાવી તેમાં ખરડો સાદી બહુમતીથી પસાર કરવામાં આવે છે. છે.

ખરડા પર રાષ્ટ્રપતિની મંજૂરી મેળવવાના સમયે પણ રાષ્ટ્રપતિ પાસે ત્રણ વિકલ્પો રહે છે :

(1) તે ખરડા પર સહી કરીને મંજૂરી આપે અથવા

(2) તેઓ ખરડો પોતાની પાસે રાખી મૂકે અથવા

(3) તેને પુનઃવિચાર માટે સંસદમાં પરત મોકલી આપે.

રાષ્ટ્રપતિ કોઈ ખરડાને મંજૂરી આપે પછી કાયદો સરકારી ગેઝેટ્સમાં પ્રકાશિત થયા બાદ તેમાં દર્શાવેલ તારીખથી તેનો અમલ શરૂ થયેલો ગણાય છે.

**(બ)** બંધારણમાં સુધારાને લગતા ખરડાને ગૃહમાં રજૂ કરવામાં આવે ત્યારે તેને પ્રત્યેક ગૃહની કુલ સભ્ય સંખ્યાની બહુમતી તેમજ હાજર રહીને મતદાન કરનારા બે તૃતીયાંશ સભ્યોની બહુમતી અનિવાર્ય છે. કેન્દ્ર અને રાજ્યોના સંબંધોને સ્પર્શતી બાબતોમાં ફેરફારને લગતી રાજ્યોને સ્પર્શતી હોય તો ભારતીય સંઘના અડધા કરતાં ઓછા નહિ એટલાં ઘટક રાજ્યોની વિધાનસભાની મંજૂરી અનિવાર્ય છે. સામાન્ય ખરડાની વિધિ માફક આ ખરડો વિવિધ તબક્કાઓમાંથી પસાર થાય છે.

**(ક)** નાણાકીય ખરડા વિષયક વિધિ : ખરડો નાણાકીય છે કે કેમ એ લોકસભાના અધ્યક્ષ નક્કી કરે છે. અંદાજપત્રને લગતી અને નાણાકીય જોગવાઈઓ ધરાવતા ખરડાને નાણાકીય ખરડો કહેવાય છે. કેન્દ્રનું અંદાજપત્ર (બજેટ) નાણામંત્રી મોટે ભાગે 28મી ફેબ્રુઆરીએ લોકસભામાં રજૂ કરે છે. બધા જ નાણાકીય ખરડા પ્રથમ લોકસભામાં જ રજૂ કરવામાં આવે છે. જે નીચે જણાવેલ તબક્કામાંથી પસાર થાય છે :

(i) લોકસભામાં રજૂ થતા નાણાકીય ખરડા (અંદાજપત્ર) ઉપર બે-ત્રણ દિવસ પ્રાથમિક ચર્ચા થાય છે.

(ii) અંદાજપત્રના ખર્ચની માગણીઓ ઉપર ચર્ચા-વિચારણા થાય છે. નાણામંત્રી તેની બધી વિગતો આંકડાકીય માહિતી સંસદમાં રજૂ કરે છે.

(iii) જે-તે વિભાગના મંત્રીઓ જેમ કે કૃષિ, વિજ્ઞાન, સંરક્ષણ, વેપાર-વાણિજ્ય અને માનવસંસાધન વિભાગ વગેરે પોતાના વિભાગની માગણીઓ લોકસભા સમક્ષ ચર્ચા-વિચારણા માટે મૂકે છે અને તેના પર મતદાનથી મંજૂરી લેવી પડે છે.

(iv) અંદાજપત્રનાં આવકનાં પાસાંઓ અને કરવેરાના પ્રસ્તાવ જુદા જુદા સ્વરૂપે મુકાય છે અને તેની મંજૂરી લેવી પડે છે.

લોકસભામાં પ્રથમ પસાર થયેલો ખરડો રાજ્યસભામાં ભલામણ અર્થે રજૂ કરાય છે. રાજ્યસભાએ તે ખરડાને અંગે જરૂરી ભલામણો સહિત લોકસભાને 14 દિવસમાં પરત મોકલવો પડે છે. લોકસભા-રાજ્યસભાની તમામ કે અંશતઃ ભલામણોનો સ્વીકાર કે અસ્વીકાર કરી શકે છે. જો 14 દિવસમાં નાણાકીય ખરડો લોકસભામાં પરત ન કરવામાં આવે તો તે ખરડો રાજ્યસભામાંથી પસાર થયેલો માનવામાં આવે છે. રાજ્યસભાએ સૂચવેલી ભલામણોનો લોકસભામાં સ્વીકાર કરે તો બંને ગૃહોમાં સુધારેલો ખરડો પસાર થયેલો ગણાય છે; પરંતુ જો રાજ્યસભાની ભલામણોનો લોકસભા અસ્વીકાર કરે તો લોકસભામાં પુનઃ મૂળ સ્વરૂપે પસાર કરે તો તે નાણાકીય ખરડો બંને માટે પસાર કરેલો ગણાય છે. આમ, નાણાકીય બાબતોમાં રાજ્યસભાની સત્તા મર્યાદિત છે.

આ રીતે વિવિધ પ્રક્રિયાના અંતે બંને ગૃહોમાં પસાર થયેલા નાણાકીય ખરડાને રાષ્ટ્રપતિની મંજૂરી માટે રજૂ કરવામાં આવે છે. આ નાણાકીય ખરડા પર રાષ્ટ્રપતિએ મંજૂરીની મહોર મારવી જ પડે છે. જો અંદાજપત્ર ગૃહમાં પસાર નહિ થાય તો સરકારે રાજીનામું આપી દેવું પડે છે.

આ ઉપરાંત ધારાગૃહોમાં દેશના સામાજિક, આર્થિક, રાજકીય, સંરક્ષણ, સલામતી તેમજ વિદેશી સંબંધોને લગતાં વિવિધ ક્ષેત્રના પ્રશ્નોની ચર્ચા-વિચારણા કરવામાં આવે છે. લોકસભા કારોબારી, પ્રધાનમંડળ અને અમલદારોનાં કામકાજ પર દેખરેખ અને નિયંત્રણ રાખે છે. જાહેર નાણાંનો કાર્યક્ષમ યથાયોગ્ય રીતે ઉપયોગ થાય તે જોવાનું કાર્ય લોકો દ્વારા ચૂંટાઈને આવેલા પ્રતિનિધિઓનું છે. આમ, લોકસભામાં જાહેર નાણાંના વપરાશ પર સીધો અને અંતિમ અંકુશ ધરાવે છે. ધારાગૃહોની પૂર્વમંજૂરી વિના નવા કરવેરા નાંખી શકાતા નથી કે ચાલુ કરવેરામાં ફેરફાર કરી શકાતો નથી. કારોબારીના ખર્ચા પર ધારાગૃહનો અંકુશ હોવાથી તેને જાહેરનાણાંના રખેવાળ (કસ્ટોડિયન) કહેવામાં આવે છે. ઉપરાંત સંસદ, રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતોના ન્યાયમૂર્તિઓ, મુખ્ય ચૂંટણી કમિશનર, ઑડિટર જનરલ કે ઍટર્ની જનરલ વગેરે સામે બંધારણનો ભંગ કરવાના આરોપસર, 'મહાભિયોગ' (Impeachment) ચલાવીને હોદ્દા પરથી દૂર કરી શકે છે.

## રાજ્યકક્ષાએ ધારાસભા

**(અ) વિધાનસભા :** દરેક રાજ્યને ધારાગૃહ હોય છે જેને વિધાનસભા કહે છે. વિધાનસભા એ નીચલું ગૃહ છે.

**(બ) વિધાન પરિષદ :** ધારાગૃહના બીજા ગૃહને વિધાન પરિષદ કહે છે. બિહાર, મહારાષ્ટ્ર, કર્ણાટક, ઉત્તરપ્રદેશ, તમિલનાડુ, જમ્મુ-કશ્મીર, તેલંગાણા જેવાં રાજ્યોમાં બે ગૃહ જોવા મળે છે. ત્યાં ઉપલું ગૃહ વિધાન પરિષદ અને નીચલું ગૃહ વિધાનસભાના નામથી ઓળખવામાં આવે છે. ગુજરાતમાં વિધાન પરિષદ નથી.

જુદાં જુદાં રાજ્યોમાં વિધાનસભાના સભ્યોની સંખ્યામાં તફાવત જોવા મળે છે. બંધારણની જોગવાઈ મુજબ કોઈ પણ વિધાનસભામાં સભ્યોની સંખ્યા 60થી ઓછી નહિ અને 500થી વધારે હોઈ શકશે નહિ. ગુજરાતમાં અત્યારે વિધાનસભામાં સભ્યોની સંખ્યા 182 છે.

**સભ્યની લાયકાત :** જે કોઈ વ્યક્તિ ભારતીય નાગરિક હોય અને 25 વર્ષ કે તેથી વધારે વયની હોય અને અન્ય કોઈ પ્રકારે કાયદેસર રીતે ગેરલાયક ઠર્યો ન હોય તેવી વ્યક્તિ વિધાનસભ્ય તરીકે ઉમેદવારી કરી શકે છે.

**સમયગાળો :** વિધાનસભા એ કાયમી ગૃહ નથી. તેની મુદત સામાન્ય સંજોગોમાં 5 વર્ષની હોય છે. વિધાનસભાનું મુદત પૂરી થતાં વિસર્જન થાય છે. કેટલીક અસામાન્ય પરિસ્થિતિઓમાં બંધારણીય જોગવાઈ અનુસાર સરકાર ચાલી શકે એમ નથી કે સરકારની રચના થઈ શકે એમ ન હોય ત્યારે રાજ્યપાલ રાષ્ટ્રપતિને ધારાસભાનું વિસર્જન કરવાની ભલામણ મોકલી અને રાષ્ટ્રપતિ વિધાનસભાને બરખાસ્ત કરીને 'રાષ્ટ્રપતિ શાસન' લાદે છે. તે સમય દરમિયાન રાજ્યપાલ રાજ્યનું સંચાલન કરે છે. વિધાનસભ્યો તેમનામાંથી જ વિધાનસભાના સરળ સંચાલન માટે અધ્યક્ષ (સ્પીકર) અને ઉપાધ્યક્ષ (નાયબ સ્પીકર)ને ચૂંટી કાઢે છે.

વિધાન પરિષદના સભ્યોમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, નોંધાયેલા સ્નાતકો, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષકો મતદાર મંડળો દ્વારા ચૂંટાય છે. વિધાન પરિષદના સભ્ય તરીકે 30 વર્ષ કે તેથી વધારે વયનો ભારતીય નાગરિક હોવો જોઈએ. વિધાન પરિષદ એ કાયમી ગૃહ છે. રાજ્ય સભાની માફક તેનો દરેક સભ્ય 6 વર્ષની મુદત માટે ચૂંટાય છે. તેના એક તૃતીયાંશ સભ્યો દર બીજા વર્ષે નિવૃત્ત થાય છે. વિધાન પરિષદ રાખવી કે નહિ તે રાજ્યે નક્કી કરવાનું છે. લોકસભાની માફક વિધાનસભા વધારે સત્તા ધરાવે છે. તેમાં નાણાકીય તથા સામાન્ય ખરડાઓ રજૂ થઈ શકે છે. ખરડાઓ વિવિધ તબક્કાઓમાંથી પસાર થઈને તે રાજ્યપાલની મંજૂરી માટે મોકલી આપવામાં આવે છે. રાજ્યપાલની મંજૂરી મળતાં તે ખરડો કાયદો બને છે.

**(2) કારોબારી** : સરકારનું સૌથી વધુ કાર્યશીલ, સૌથી વધુ પ્રભાવશાળી અને નજર સામે રહેલું અંગ તે કારોબારી છે. સંઘીય કારોબારી એટલે કેન્દ્ર સરકારની રાજકીય કારોબારીમાં વડાપ્રધાન અને પ્રધાનમંડળ, રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને કાયમી અમલદારોના બનેલા વહીવટી તંત્રનો વહીવટી કારોબારીમાં સમાવેશ થાય છે.

રાજકીય અને વહીવટી કારોબારીના અધિકારીઓ અને કર્મચારીઓ લોકોના સીધા સંપર્કમાં આવે છે. તેમનાં કાર્યોથી લોકો પ્રભાવિત થાય છે. ધારાસભાએ ઘડેલા કાયદાઓને વ્યવહારમાં અમલીકૃત કરવાનું કાર્ય કારોબારીનું છે. સરકારે લોકોની આકાંક્ષા, અપેક્ષાઓ અને લોકમતના આધારે ઘડેલી નીતિઓ, યોજનાઓ કે કાર્યક્રમોનો અમલ કરવાનું કાર્ય વહીવટી કારોબારી કરે છે.

રાજકીય કારોબારી દર પાંચ વર્ષે મુદત પૂરી થતાં કે સત્તા ત્યાગ કરતાં બદલાય છે. જ્યારે વહીવટી કારોબારી એ કાયમી નિમણૂક પામેલ અમલદારોની બનેલી હોઈ તે કાયમી છે. જોકે વહીવટી અમલદારોની નિવૃત્તિવય દેશનાં જુદાં જુદાં રાજ્યોમાં જુદી જુદી હોય છે. જો સેવા દરમિયાન તેઓ ગંભીર ગેરરીતિ આચરે, બેદરકારી દાખવે કે ફરજપાલનમાં ચૂક કરે તો ચોક્કસ તપાસ કાર્યવાહીના અંતે તેમને નોકરીમાંથી બરતરફ કે ફરજ મોકૂફી કરી શકાય છે. રાજકીય કારોબારીના સભ્યો કોઈ રાજકીય પક્ષના સભ્ય હોય છે. તેઓ પક્ષ પ્રત્યેની વૈયક્તિક વફાદારી, લોકચાહના અને લોકમતના આધારે જે-તે સમય માટે ચૂંટાઈ આવવું એ એમની મુખ્ય લાયકાત છે, જ્યારે વહીવટી કારોબારીમાં શૈક્ષણિક લાયકાત, ગુણવત્તા, અનુભવના આધારે તેમજ જાહેર સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી તેમની કાયમી નિમણૂક થાય છે. વહીવટી અધિકારીઓની સેવાને 'સનદી સેવા' તરીકે ઓળખવામાં આવે છે. કેન્દ્ર કક્ષાએ રાજકીય કારોબારીમાં ભારતીય બંધારણના વડા રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને તેમનું પ્રધાનમંડળ છે.

### રાષ્ટ્રપતિ

ભારતમાં રાષ્ટ્રપતિ બંધારણીય વડા છે. સંઘ સરકારની બધી કારોબારી સત્તા બંધારણ દ્વારા રાષ્ટ્રપતિને આપવામાં આવે છે. કેન્દ્ર સરકારનો બધો વહીવટ તેમના નામે થાય છે. તેઓ રાષ્ટ્રના વડા તથા ભારતીય પ્રજાસત્તાકના પ્રથમ નાગરિક છે.

**લાયકાત** : રાષ્ટ્રપતિનો ઉમેદવાર ભારતીય નાગરિક હોવા ઉપરાંત 35 વર્ષ કે તેથી વધારે વયનો હોવો જોઈએ. સવેતન નોકરી કે નફાકારક હોદ્દો કે પગારદાર કર્મચારી હોવો જોઈએ નહિ તથા તે સંસદના કે રાજ્યોની ધારાસભાના કોઈ પણ ગૃહનો સભ્ય પણ રહી શકતો નથી. રાષ્ટ્રપતિની ચૂંટણી સંસદનાં બંને ગૃહોનાં તેમજ રાજ્યોની વિધાનસભાઓના ચૂંટાયેલા સભ્યોના બનેલ મતદાર મંડળોના મતદાન દ્વારા પરોક્ષ રીતે ચૂંટણી દ્વારા થાય છે. રાષ્ટ્રપતિ પાંચ વર્ષની મુદત માટે ચૂંટાય છે અને તેઓ બીજી મુદત માટે ચૂંટણીમાં ઊભા રહી શકે છે. રાષ્ટ્રપતિ હોદ્દા પર ચાલુ હોય ત્યાં સુધી તેમની સામે કોઈ ફોજદારી મુકદ્દમો ચલાવી શકાતો નથી કે તેમની ધરપકડ કે કેદનો હુકમ થઈ શકતો નથી.

**કાર્યો અને સત્તાઓ :** તેઓ લોકસભામાં બહુમતી ધરાવતા પક્ષના નેતાની નિમણૂક વડાપ્રધાન તરીકે કરે છે તથા વડાપ્રધાનની સલાહ મુજબ પ્રધાનમંડળના અન્ય પ્રધાનોની નિમણૂક કરે છે, તેમને શપથ લેવડાવે છે તથા ખાતાંની વહેંચણી કરે છે. જ્યાં સુધી લોકસભાનો ટેકો હોય ત્યાં સુધી રાષ્ટ્રપતિ પ્રધાનમંડળને બરતરફ કરી શકે નહિ. રાષ્ટ્રપતિ સંરક્ષણદળોના સર્વોચ્ચ વડા છે. રાષ્ટ્રપતિને અન્ય રાષ્ટ્રો સામે યુદ્ધ જાહેર કરવાની, યુદ્ધ બંધ કરવાની કે સંધિ કરવાની સત્તા છે. રાજ્યોના રાજ્યપાલો, સર્વોચ્ચ અદાલતોના વરિષ્ઠ ન્યાયમૂર્તિઓની, ઍટર્ની જનરલ, ચૂંટણીપંચના મુખ્ય ચૂંટણી અધિકારીઓ, જાહેરસેવા આયોગના અધ્યક્ષો અને સભ્યોની તથા વિવિધ દેશોમાં ભારતના રાજદૂતોની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે. આમ, કારોબારી અને વહીવટી વિષયક વિશાળ અને અધિકૃત સત્તાઓ રાષ્ટ્રપતિ હસ્તક ગણાય છે. ગુનેગારને માફી આપવાની, ફોજદારી ગુનાની સજાની મુદત ઘટાડવા

અને તેનો અમલ મોકૂફ રાખવાની અથવા સત્તાનું સ્વરૂપ કે પ્રમાણ બદલવાની સત્તા રાષ્ટ્રપતિને છે. સંસદનાં બંને ગૃહોની બેઠકો બોલાવવાની, મુલતવી રાખવાની અને લોકસભાને બરખાસ્ત કરવાની સત્તા તેઓ ધરાવે છે. યુદ્ધ, બાહ્ય આક્રમણ કે સશસ્ત્ર આંતરિક બળવાથી ભારત કે ભારતના કોઈ ભાગની સલામતી સામે ભય ઊભો થાય તો તેઓ કટોકટીની સ્થિતિ જાહેર કરી શકે છે. કટોકટી જાહેર કરવાના નિર્ણયને અદાલતમાં પડકારી શકાતો નથી. રાજ્યના રાજ્યપાલના અહેવાલના આધારે તેઓ રાજ્યમાં બંધારણીય કટોકટી જાહેર કરી શકે છે. રાજ્યના પ્રધાનમંડળને બરતરફ કરીને રાજ્યમાં 'રાષ્ટ્રપતિનું શાસન' સ્થાપી શકે છે અને રાજ્યનો વહીવટ પોતાના હસ્તક લઈ શકે છે.

દેશમાં આર્થિક સંકટ, નાણાકીય કટોકટીના સમયે તમામ સરકારી કર્મચારીઓનાં પગાર-ભથ્થામાં ઘટાડો કરી શકે છે. રાષ્ટ્રપતિને વિશાળ સત્તાઓ અને બંધારણીય વડા હોવા છતાં સંસદીય લોકશાહીની પ્રણાલિકા અનુસાર રાષ્ટ્રપતિ, પ્રધાનમંડળની સલાહ લેવા અને તે અનુસાર વર્તવા બંધાયેલા છે.

### ઉપરાષ્ટ્રપ્રમુખ

રાષ્ટ્રપતિની ગેરહાજરીમાં ઉપરાષ્ટ્રપતિ ફરજો બજાવે છે. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી સંસદનાં બંને ગૃહોના સભ્યોના બનેલા મતદાર મંડળ દ્વારા થાય છે. ઉપરાષ્ટ્રપતિ પદનો ઉમેદવાર ભારતીય નાગરિક અને 35 વર્ષ કે તેથી વધુ ઉંમર ધરાવતો હોવો જોઈએ. તેમની મુદત પાંચ વર્ષની હોય છે. હોદ્દાની રૂએ તેઓ રાજ્યસભાના સભાપતિ છે. રાષ્ટ્રપતિ પોતાનું રાજીનામું ઉપરાષ્ટ્રપતિને સોંપે છે.

### વડાપ્રધાન

વડાપ્રધાન સંઘ સરકારના વાસ્તવિક કારોબારી વડા છે. વડાપ્રધાન લોકસભામાં બહુમતી પક્ષના સભ્યોના સર્વમાન્ય નેતા છે. તેમની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા ઔપચારિક રીતે થાય છે. પ્રધાનમંડળના સભ્યોની નિમણૂક વડાપ્રધાનની સલાહ અનુસાર ઔપચારિક રીતે રાષ્ટ્રપતિ કરે છે અને તેઓને ખાતાંઓની વહેંચણી કરે છે. કોઈ પણ પ્રધાનને પ્રધાનમંડળમાં લેવો કે ચાલુ રાખવો કે પ્રધાનમંડળમાંથી પડતો મૂકવાનો નિર્ણય વડાપ્રધાન કરે છે. પ્રધાનમંડળની બેઠકોનું અધ્યક્ષપદ વડાપ્રધાન સંભાળે છે, તેઓ જુદાં જુદાં ખાતાંઓની કામગીરીઓનું સંકલન અને દેખરેખ રાખે છે. નીતિવિષયક નિર્ણયો તેઓ લે છે. હોદ્દાની રૂએ વડાપ્રદાન આયોજનપંચના (જે હવે નીતિપંચ) અધ્યક્ષ છે. વડાપ્રધાનના નેતૃત્વ હેઠળ પ્રધાનમંડળમાં કૅબિનેટ કક્ષાના પ્રધાનો, રાજ્યકક્ષાના પ્રધાનો અને નાયબ પ્રધાનો એમ ત્રિસ્તરીય પ્રધાનમંડળ છે. વડાપ્રધાન સંઘનાં બંને ગૃહોમાંથી કોઈ પણ એક ગૃહના સભ્ય હોવા જરૂરી છે. પ્રધાનમંડળ સંયુક્ત જવાબદારીના સિદ્ધાંત પર કાર્ય કરે છે અને તેઓ લોકસભાને જવાબદાર રહે છે. નીતિવિષયક નિર્ણયો માટે સમગ્ર પ્રધાનમંડળ જવાબદાર છે. જો લોકસભામાં અમુક મુદ્દાઓની સરકારી નીતિ કે મુદ્દાને નામંજૂર કરે તો સમગ્ર પ્રધાનમંડળ જવાબદાર ઠરે છે અને સામૂહિક જવાબદારી સ્વીકારીને રાજીનામું આપી દેવું પડે છે.

### રાજ્યપાલ

રાજ્યપાલ (ગવર્નર) અને રાજ્યના મુખ્યપ્રધાન અને પ્રધાનમંડળના સભ્યોનો સમાવેશ રાજ્યની કારોબારીમાં થાય છે. રાજ્યમાં સર્વોચ્ચ સ્થાને રાજ્યપાલની નિમણૂક, કેન્દ્રિય પ્રધાનમંડળની સલાહ મુજબ રાષ્ટ્રપ્રમુખ દ્વારા કરવામાં આવે છે. 35 વર્ષ કે તેથી વધુ વયનો ભારતનો નાગરિક રાજ્યપાલના હોદ્દા માટે લાયક ગણાય છે. રાજ્યપાલની નિમણૂક સામાન્યતઃ પાંચ વર્ષની હોય છે. છતાં તે રાષ્ટ્રપતિની ખુશી હોય ત્યાં સુધી હોદ્દા પર રહી શકે છે. તેમને હોદ્દા પરથી દૂર કરી શકાય છે અને બીજા રાજ્યના રાજ્યપાલ તરીકે બદલી કરી શકાય છે. કોઈકવાર બે રાજ્યોનું સંચાલન પણ સોંપવામાં આવે છે. રાજ્યપાલ જેતે રાજ્યના બંધારણીય અને ઔપચારિક વડા છે. તેઓ રાજ્યની વિધાનસભાના બહુમતી પક્ષના નેતાની મુખ્યપ્રધાન તરીકે નિમણૂક કરે છે અને મુખ્યપ્રધાનની સલાહ મુજબ પ્રધાનમંડળના અન્ય સભ્યોની નિમણૂક કરે છે અને તેઓ ખાતાંઓની વહેંચણી કરે છે. તેઓ રાજ્યના ઍડ્વોકેટ જનરલ અને રાજ્યના જાહેરસેવા આયોગના અધ્યક્ષ તેમજ અન્ય સભ્યોની નિમણૂક કરે છે. રાજ્યની વડીઅદાલતના ન્યાયાધીશોની નિમણૂક રાષ્ટ્રપતિ તેમની સાથે ચર્ચા-વિમર્શ કરીને કરે છે. રાજ્યની વિધાનસભાની બેઠકો બોલાવવી, તેને વિખેરી નાંખવી, વટહુકમો બહાર પાડવા, ધારાસભાએ પસાર કરેલ ખરડાને કાયદા તરીકે મંજૂરી આપવાની ધારાકીય સત્તાઓ ધરાવે છે. રાજ્યમાં આવેલી યુનિવર્સિટીઓના હોદ્દાની રૂએ કુલાધિપતિ (ચાન્સેલર) હોય છે. તેઓ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરની નિમણૂક કરવાની ઔપચારિક સત્તા ધરાવે છે. રાજ્યપાલની સત્તા વ્યવહારમાં મુખ્યપ્રધાન અને તેનું મંત્રીમંડળ ભોગવે છે. રાજ્યપાલ કોઈ રાજકીય પક્ષ સાથે સંકળાયેલા હોઈ શકે છે; પરંતુ હોદ્દો ગ્રહણ કર્યા પછી તેઓએ સક્રિય રાજકારણથી પર રહીને તટસ્થ અને નિષ્પક્ષ રહીને ફરજો બજાવવાની રહે છે.

### મુખ્યપ્રધાન અને પ્રધાનમંડળ

મુખ્યપ્રધાનની નિમણૂક રાજ્યપાલ દ્વારા કરવામાં આવે છે. રાજ્યપાલ વિધાનસભામાં બહુમતી પક્ષના નેતાની નિમણૂક મુખ્યપ્રધાન તરીકે કરે છે. જો કોઈ એક પક્ષને વિધાનસભામાં બહુમતી મળી ન હોય તો જુદા જુદા પક્ષોએ જોડાણ કરીને મેળવેલી બહુમતીના નેતા અથવા અન્ય પક્ષોનો ટેકો ધરાવતા સૌથી મોટા પક્ષના નેતાને સરકાર રચવા આમંત્રણ આપે છે અને મુખ્યપ્રધાનપદના શપથ લેવડાવે છે. મુખ્યપ્રધાનની સલાહ અનુસાર રાજ્યપાલ પ્રધાનમંડળના અન્ય સભ્યોની નિમણૂક કરે છે. રાજ્યપાલના નામે રાજ્યનો સમગ્ર વહીવટ થાય છે; પરંતુ ખરી હકીકતમાં રાજ્યપાલની લગભગ મોટાભાગની સત્તાઓ મુખ્યપ્રધાન અને તેમનું પ્રધાનમંડળ ભોગવે છે. ગુજરાતમાં મુખ્યપ્રધાન અને તેના પ્રધાનમંડળનું કાર્યાલય નવા સચિવાલય-સ્વર્ણિમસંકુલ ગાંધીનગરમાં આવેલ છે. રાજ્યપાલ પ્રધાનમંડળ અને મુખ્યપ્રધાનને હોદ્દાના તેમજ ગુપ્તતાના શપથ લેવડાવે છે અને ત્યાર બાદ પ્રતિજ્ઞાપત્ર પર સહી કરાવે છે. રાજ્યના પ્રધાનમંડળમાં ચાર કક્ષાના પ્રધાનો હોય છે : (અ) કેબિનેટ (બ) રાજ્યકક્ષા (ક) નાયબકક્ષા (ડ) સંસદીય સચિવ. મુખ્યપ્રધાન પ્રધાનોને ખાતાંઓની વહેંચણી, સરકારની નીતિ-નિર્ધારણ અને પારદર્શક વહીવટ, પ્રજાના પડતર અને પ્રાણપ્રશ્નોના ઉકેલ માટે કેન્દ્ર સમક્ષ સબળ રજૂઆત કરે છે. આપત્તિ વેળા લોકોની પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડે, પ્રેમ અને હૂંફ આપે છે. ધારાસભામાં સબળ નેતૃત્વ પૂરું પાડે છે. મુખ્યપ્રધાન રાજ્યના વિકાસ અંગેની સરકારની નીતિઓના ઉદ્‌ઘોષક, પથદર્શક અને સમર્થ સુકાની છે.

**વહીવટીતંત્ર (વહીવટી કારોબારી)** : રાજકીય કારોબારી જુદાં જુદાં ક્ષેત્રોમાં નીતિઓ ઘડે છે જેનો વિગતપૂર્ણ, કાર્યક્ષમતાથી અમલ કરવાનું કાર્ય વહીવટી કારોબારીઓનું છે. વહીવટી કારોબારી રાજ્યકારોબારીને નીતિ-વિષયક બાબતોમાં સલાહ-સૂચન આપે છે. જરૂરી માહિતી અને આંકડા પૂરાં પાડે છે. જોકે રાજકીય કારોબારી તેમની સલાહ અનુસાર વર્તવા બંધાયેલી નથી.

નીતિઓ, કાયદાઓ ગમે તેટલા સારા અને લોકોપયોગી હોય; પરંતુ જો તેનો અમલ વહીવટી કારોબારી દ્વારા અસરકારક અને સંતોષકારક રીતે ન થાય તો તેનો હેતુ માર્યો જાય છે. આમ, નીતિ-ઘડતરમાં અને નીતિના અમલીકરણની સતત ચાલતી પ્રક્રિયામાં કારોબારીને વહીવટીતંત્ર પીઠબળ પૂરું પાડે છે. અનેક ક્ષેત્રોમાં નિષ્ણાત, વ્યાવસાયિક કુશળતા અને અનુભવ ધરાવતા, તજ્જ્ઞ અને બાહોશ સનદી અધિકારીઓ (વહીવટી કારોબારી) એ સરકારની કરોડરજ્જુ સમાન છે. જિલ્લા કક્ષાએ વહીવટી વડા તરીકે કલેક્ટર નીમવામાં આવે છે. તેમની કચેરી જિલ્લા સેવાસદનમાં આવેલી છે. તેઓના નિષ્ણાત જ્ઞાન, વહીવટી સૂઝબૂઝ, બહોળો અનુભવ, દીર્ઘદૃષ્ટિ, વહીવટી ક્ષમતાના કારણે તેઓ કાર્યક્ષમ વહીવટ કરી શકે છે. સરકારનાં અંગોમાં રાજ્ય કારોબારી લોકોનાં કલ્યાણ અને સુખાકારીની ચિંતા અને ચિંતન કરતા મગજ સમાન છે. જ્યારે વહીવટી કારોબારી એ તેના હાથપગ છે. બંને વચ્ચેના નિખાલસ, મૈત્રીપૂર્ણ સંબંધો એ રાજ્યના સુશાસન અને વિકાસની પૂર્વશરત છે.

સરકારની સત્તા અને પ્રભાવ અમલદારશાહીમાં વધુ કેન્દ્રિત થવા લાગ્યા છે. તુમારશાહી, લાગવગ, સગાવાદ, ભ્રષ્ટાચાર, અપ્રમાણિકતા, બિનકાર્યક્ષમતા, ગેરરીતિઓ, જવાબદારીમાંથી પલાયન થવાની વૃત્તિ એ અમલદારશાહીનાં અનિષ્ટો છે. જેથી તેને રોકવા માટે વહીવટમાં તકેદારીપંચ, લોકપાલ કે લોકાયુક્તની જરૂર વધતી ગઈ છે. લાંચરુશવતની બદી રોકવા માટે ગુજરાત રાજ્યસરકારે લાંચ-રુશવત વિરોધી બ્યૂરો (ઍન્ટિ કરપ્શન બ્યૂરો) નામે એક અલગ વિભાગ શરૂ કર્યો છે અને ટોલ ફ્રી ફોન નંબર (1800 2334 4444) જાહેર કરીને પ્રજાની ફરિયાદોને આવકારવાનું ખુલ્લા મને સ્વીકાર્યું છે.

દેશમાં જુદા જુદા રાજકીય પક્ષોની સરકારો હોવાથી તેઓ સાથેના વહીવટમાં રાજકીય તટસ્થતાની અપેક્ષા વહીવટીતંત્ર પાસે રાખવામાં આવે છે. તેઓ દ્વારા રાજ્યની અનેક વિકાસલક્ષી યોજનાઓ અને કાર્યક્રમોનો અમલ કરીને સરકારની વિકાસયાત્રાની ગતિ સાતત્યપૂર્ણ રીતે જાળવી રાખવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે.

### સ્થાનિક કક્ષાએ શાસન વ્યવસ્થા :

કેન્દ્ર સરકારની અનેકવિધ જવાબદારીઓની વચ્ચે એક જ સ્થાનેથી સમગ્ર દેશનું સંચાલન કરવું અત્યંત કઠિન અને કપરું છે. વિવિધ સમસ્યા, વિભિન્ન જરૂરિયાતો, અપેક્ષાઓ, વિપુલ વસ્તીની અનેક આકાંક્ષાઓના સુચારુ અને સ્વીકાર્ય ઉકેલ સમયસર થાય તે હેતુસર સત્તાનું વિકેન્દ્રીકરણ કરવામાં આવે છે, જે થકી વહીવટી સરળતા, સુગમતા અને કરકસરભર્યા વહીવટ અર્થે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનો ઉદ્‌ભવ થયો છે. ગામ, નગર કે મહાનગરોનો વહીવટ પોતાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા સ્થાનિક સ્તરની સંસ્થાઓમાં થાય તેને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા કહે છે. ભૌગોલિક પ્રાદેશિક વિસ્તારોને વહીવટી સરળતા ખાતર વિભાજિત કરીને તેને સ્થાનિક જવાબદારી તેમજ કાર્યોની સોંપણી કરીને વહીવટ સોંપવામાં આવ્યો છે. તદનુસાર, શહેરી વિસ્તારોમાં નગરપાલિકા, મહાનગરપાલિકા અને મહાનગરનિગમ (મેગાસિટી) એ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ છે. તે જ રીતે ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતો મુખ્યત્વે હોય છે.


સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના વહીવટ થકી ગ્રામકક્ષાએથી ચૂંટણી, મતદાન, ફરજો, હકો-જવાબદારી, વહીવટ અને સત્તાધારી કે વિરોધપક્ષની ભૂમિકાની તાલીમ મળે છે. સ્વવિકાસની તક મળે છે. આ સંસ્થાઓમાં યોજનાઓના અમલમાં કાયદાની વિસંગતતાથી નીચલા સ્તરે ઊભી થતી સમસ્યાઓને સમજીને ઉપલીકક્ષાએ અમલમાં મૂકતાં પૂર્વે પૂરતી કાળજી, ચકાસણી અને સુધારણાને અવકાશ રહે છે તેથી જ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ લોકશાહીની તાલીમશાળા અને વહીવટ સુધારણાની પ્રયોગશાળા કહેવાય છે.

1992માં સમગ્ર દેશમાં એક સરખા ‘પંચાયતીરાજ’ અને ‘શહેરી સ્વશાસનની સંસ્થાઓ’ અસ્તિત્વમાં આવી છે.

**પંચાયતી રાજ્યનું ત્રિસ્તરીય માળખું :**

**(અ) ગ્રામ્ય કક્ષાએ સ્વશાસનની સંસ્થાઓ** : ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત એ ત્રિસ્તરીય માળખું છે. પ્રત્યેક સંસ્થા નીચેથી ઉપર તરફ પરસ્પર સંબંધોથી જોડાયેલી છે. પંચાયતી રાજના તમામ સ્તરે સ્થાનિક વિકાસકાર્યો, યોજના અને કલ્યાણલક્ષી કાર્યક્રમો આ સંસ્થાઓ વધુ કાર્યક્ષમ રીતે પાર પાડી શકે તે માટે તેઓને જરૂરી નાણાકીય સહાય અને સાધન-સામગ્રી સ્વરૂપે સહાય પ્રાપ્ત થાય છે. જિલ્લા પંચાયતના પ્રમુખ અને તેની વિવિધ સમિતિઓના અધ્યક્ષો હોય છે, જ્યારે વહીવટી વડા ‘જિલ્લા વિકાસ અધિકારી’ (DDO) (ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ ઑફિસર) હોય છે અને જિલ્લા પંચાયતનું કાર્યાલય જિલ્લા મથકે રાખવામાં આવે છે.

તે જ પ્રમાણે તાલુકા પંચાયતની ચૂંટાયેલી પાંખના નેતા તાલુકા પંચાયત પ્રમુખ કહેવાય છે જ્યારે તેની વહીવટી પાંખના વડા ‘તાલુકા વિકાસ અધિકારી’ (TDO) હોય છે. નીચલા સ્તરે ગ્રામકક્ષાએ ‘સરપંચ’ તરીકે એ ચૂંટાયેલ લોકપ્રતિનિધિઓના નેતા હોય છે અને વહીવટીવડા ‘તલાટી-કમ-મંત્રી’ એ ગ્રામપંચાયતનો વહીવટ સંભાળે છે. જે ગ્રામપંચાયતોમાં સર્વસંમતિથી ચૂંટણી નિવારવામાં આવે છે અને સરપંચની સર્વમાન્ય પસંદગી થાય તેને ‘સમરસ્ ગ્રામ’ તરીકે જાહેર કરીને વિશેષ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે છે.




આકૃતિ - 1

**(બ) શહેરી સ્વશાસનની સંસ્થાઓ** : બંધારણના 74મા સુધારાથી શહેરી વિસ્તારોને વસ્તીના પ્રમાણના આધારે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની જોગવાઈ કરવામાં આવી છે. પ્રથમ સ્તરે નગરપાલિકા, દ્વિતીય સ્તરે મહાનગરપાલિકા અને ત્રીજું એકમ મહાનગર નિગમ-મેગાસિટી છે. આ ત્રણેય સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં રાજકીય કારોબારીમાં ચૂંટાયેલી બહુમતી પાંખના નેતા મેયર કહેવાય છે અને વિવિધ સમિતિના ચૅરમૅનો અને વૉર્ડવાર ચૂંટાયેલા કૉર્પોરેટર હોય છે. વૉર્ડદીઠ કૉર્પોરેટરની સંખ્યામાં સ્ત્રી પ્રતિનિધિત્વ અને અનામત જાતિની બેઠકોનું અનામતનું પ્રમાણ જાળવવાની જોગવાઈ કરવામાં આવી છે. વિવિધ સમિતિઓ વિકેન્દ્રિત ધોરણે વિવિધ ક્ષેત્રોનાં કાર્યોની જવાબદારી ઉપાડી લે છે. નગર આયોજન, જમીન સંપાદન, રસ્તા, પુલો, ફ્લાયઓવર બ્રીજનું નિર્માણ, પાણી-પુરવઠાનો પ્રબંધ, સફાઈ-ગટર વ્યવસ્થાનો પ્રબંધ, મકાનોનું નિર્માણ, પર્યાવરણ સુવિધા, અગ્નિશામક સેવા, શિક્ષણ-આરોગ્ય વિષયક સેવાઓની ઉપલબ્ધિ, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને સૌંદર્યજનક અને મનોરંજન સ્થળો, શહેરી વિકાસ, સ્મશાન ગૃહો - કબ્રસ્તાનોનો વિકાસ અને તેને નિભાવવા, ઝૂંપડપટ્ટી વિસ્તારની (સ્લમ વિસ્તાર) નાબૂદી જેવા લોકોના સર્વતોમુખી વિકાસ અને સુખાકારી માટેનાં કાર્યો સ્થાનિક શહેરી સ્વશાસનની સંસ્થાઓ કરે છે. જે કાર્યો લોકો પાસેથી સખાવતો, પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપના (PPP) ધોરણે તેમજ લોકો પાસેથી ઉઘરાવેલા કરવેરા અને સરકારી ગ્રાંટમાંથી કરવામાં આવે છે. મહાનગરપાલિકાના વહીવટી પાંખના વડા 'મ્યુનિસિપલ કમિશનર' હોય છે તથા તેમના હાથ નીચે ટેક્નિકલ અને વહીવટી જ્ઞાન ધરાવતા ઝોનલ વડાઓ, અન્ય અધિકારીઓ અને કર્મચારીઓનું તંત્ર સતત કાર્યશીલ રહે છે. જો ચૂંટાયેલી પાંખ અને વહીવટી પાંખ વચ્ચે ખુલ્લા મન સાથે, સંકલન સાધીને લોકહિતાર્થે કાર્યો થાય ત્યારે શહેરો વિકાસ પામે છે.

### ન્યાયતંત્ર

ભારતના બંધારણમાં ભારતના નાગરિકોને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય મળે એવા ઉચ્ચ આદર્શોને સ્વીકારવામાં આવ્યાં છે. જે થકી સૌને વિકાસની સમાન તક, સૌ સાથે સમાન વ્યવહાર દ્વારા શોષણવિહીન ન્યાયી સમાજની રચના કરવાનું ધ્યેય બંધારણમાં સ્વીકાર્યું છે. રાજ્યના કાયદાઓનું નાગરિકોએ પાલન કરવાનું છે. જો કોઈ નાગરિક એ કાયદાઓનો ભંગ કરે તો તેને સજા અથવા દંડ કરવો એ ન્યાયતંત્રનું કાર્ય છે. દેશનું બંધારણ એ દેશનો મૂળભૂત કાનૂન છે. દેશનું શાસન બંધારણ મુજબ થાય છે કે નહિ તે જોવાનું કાર્ય ન્યાયતંત્રએ કરવાનું છે. દેશના કાયદાઓ બંધારણ સાથે સુસંગત છે કે કેમ તેની ચકાસણી કરવાનું કામ પણ ન્યાયતંત્ર કરે છે. જો કાયદો બંધારણને સુસંગત ન હોય તો તે એ કાયદાને ગેરબંધારણીય અને રદબાતલ ઠેરવી શકે છે.

સમવાયીતંત્રમાં ઘટક રાજ્યો અને કેન્દ્ર વચ્ચે સત્તા અને કાર્યોનું વિભાજન કરવામાં આવે છે. દરેક ઘટક રાજ્ય અને કેન્દ્ર સરકાર પોતપોતાના નિર્ધારિત કાર્યક્ષેત્રોમાં જ રહીને કામ કરે અને એકબીજાનાં કાર્યક્ષેત્રમાં દખલગીરી કરે નહિ તે જોવાનું કાર્ય ન્યાયતંત્રનું છે. કેન્દ્ર સરકાર અને ઘટક રાજ્યો વચ્ચે તકરાર કે મતભેદ ઊભા થાય ત્યારે તેનું નિરાકરણ કરવાનું કામ સર્વોચ્ચ અદાલત કરે છે. ભારતમાં ન્યાયતંત્રનું એકસૂત્રી અને સળંગ, રૈખિક વ્યવસ્થાતંત્ર છે. ટોચ પર કેન્દ્રમાં સર્વોચ્ચ અદાલત વચ્ચે રાજ્યોમાં વડીઅદાલત અને જિલ્લા સ્તરે ટ્રાયલ કોર્ટો, દીવાની અને ફોજદારી અદાલતો અને અન્ય તાબાની અદાલતો હોય છે.

ન્યાયતંત્ર વિશે વિગતે અભ્યાસ આપણે આગળનાં પ્રકરણમાં કરીશું.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) સત્તા વિશ્લેષનો સિદ્ધાંત એટલે શું ?

(2) સાંસદની લાયકાત કઈ છે ?

(3) લોકસભા અને રાજ્યસભાની કાર્યસાધક સંખ્યા કેટલી છે ?

(4) રાજ્યસભાના સભ્યોની પસંદગી કઈ રીતે થાય છે ?

(5) સ્પીકર ગૃહની મર્યાદાના રક્ષક છે. શાથી ?

(6) રાષ્ટ્રપતિની કટોકટીવેળાની સત્તાઓ જણાવો.

(7) મહાભિયોગની કાર્યવાહી શું છે ?

(8) સંસદની સત્તાઓ અંગે ઉલ્લેખ કરો.

(9) સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ વિશે જણાવો.

(10) અમલદારશાહીનાં અનિષ્ટો જણાવો.

## 2. નીચેનાં વિધાનોનાં કારણ સમજાવો :

(1) ભારતીય સંસદ દ્વિગૃહી છે.

(2) રાજ્યસભા કાયમીગૃહ છે.

(3) ભારતમાં સંસદ સર્વોપરી નથી; પરંતુ બંધારણ સર્વોપરી છે.

(4) સ્વતંત્ર, નિષ્પક્ષ ન્યાયતંત્ર લોકશાહીની આધારશિલા છે.

(5) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ લોકશાહીની તાલીમશાળા અને બંધારણ સુધારણાની પ્રયોગશાળા છે.

(6) રાજ્યની વિધાનસભા રાજ્યના લોકોની ઈચ્છાનું પ્રતિબિંબ પાડે છે.

(7) રાજ્યપાલ એ રાજ્ય અને કેન્દ્ર વચ્ચે કડીરૂપ ભૂમિકા અદા કરે છે.

(8) લોકસભા દેશની ચાવીરૂપ પ્રજાકીય સંસ્થા છે.

(9) રાજકીય કારોબારી અને વહીવટી કારોબારી વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો રાજ્યના સુશાસનની પૂર્વશરત છે.

(10) સક્ષમ અને બાહોશ સનદી અધિકારીઓ સરકારની કરોડરજ્જુ સમાન છે.

## 3. ટૂંક નોંધ લખો :

(1) રાજ્યપાલનું સ્થાન અને કાર્યો

(2) રાજ્યની વિધાનસભાની કારોબારી વિષયક સત્તાઓ

(3) વડાપ્રધાનનું સ્થાન અને કારોબારી સત્તાઓ

(4) રાષ્ટ્રપતિની ધારાકીય સત્તાઓ અને વહીવટી સત્તાઓ

(5) ખરડો કાયદો ક્યારે બને ? પ્રક્રિયા વર્ણવો

(6) નાણાકીય ખરડા અંગેની બંધારણીય જોગવાઈઓ

(7) રાજ્યસભાની ઉપયોગિતા અને મર્યાદા

## 4. નીચેનામાંથી યોગ્ય વિકલ્પની પસંદગી કરો :

(1) વિધાનસભાના સભ્યપદ માટે વયમર્યાદા કેટલા વર્ષની નક્કી થઈ છે :

(A) 25 વર્ષ (B) 30 વર્ષ

(C) 35 વર્ષ (D) 18 વર્ષ

(2) લોકસભાનું સંખ્યાબળ અને રાજ્યસભાનું સંખ્યાબળ કેટલું નિર્ધારિત કર્યું છે.

(A) 545;250 (B) 455;350

(C) 182;11 (D) 543;238

(3) નીચેના કયા રાજ્યમાં ધારાસભાનાં બે ગૃહો અસ્તિત્વમાં નથી ?

(A) કર્ણાટક (B) આંધ્રપ્રદેશ

(C) તમિલનાડુ (D) રાજસ્થાન

(4) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશને કોણ નીમે છે ?

(A) વડાપ્રધાન (B) રાજ્યપાલ

(C) રાષ્ટ્રપતિ (D) ઉપરાષ્ટ્રપતિ

(5) લોકસભાના સભ્યોની સમયમર્યાદા કેટલાં વર્ષની છે ?

(A) 4 વર્ષ (B) 6 વર્ષ

(C) 2 વર્ષ (D) 5 વર્ષ

(6) રાષ્ટ્રપતિ કયા ગૃહમાં બે ઍંગ્લો-ઇન્ડિયન સભ્યની નિમણૂક કરે છે ?

(A) રાજ્યસભા (B) લોકસભા

(C) ગોવા વિધાનસભા (D) આયોજનપંચ

(7) વડાપ્રધાનને હોદ્દા અને ગુપ્તતાના શપથ કોણ લેવડાવે છે ?

(A) ઉપરાષ્ટ્રપતિ (B) રાષ્ટ્રપતિ

(C) સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ (D) લોકસભાના પ્રોટેમ સ્પીકર

(8) જોડકાં જોડો :

| વહીવટી સંસ્થાઓ | વહીવટી વડાઓ |
|---|---|
| (1) જિલ્લા સેવાસદન | (A) મેયર |
| (2) મહાનગરપાલિકા | (B) ડીડીઓ |
| (3) જિલ્લા પંચાયત | (C) કલેક્ટર |
| | (D) કમિશનર |

(A) 1-A, 2-C, 3-D (B) 1-C, 2-D, 3-B (C) 1-B, 2-C, 3-D (D) 1-C, 2-A, 3-B

(9) રાજ્યસભામાં રાષ્ટ્રપતિ કેટલા સભ્યો નીમે છે ?

(A) 238 (B) 12 (C) 2 (D) 14

(10) સંસદમાં અંદાજપત્ર કોણ રજૂ કરે છે ?

(A) વડાપ્રધાન (B) ગૃહપ્રધાન

(C) નાણાં પ્રધાન (D) સંસદ સભ્ય

**પ્રવૃત્તિ : (વર્ગને જૂથમાં વહેંચી પ્રવૃત્તિઓ ફાળવો)**

- ભારતના અત્યાર સુધીના વડાપ્રધાનો અને તેમનો કાર્યકાળ તેમજ ભારતના રાષ્ટ્રપતિઓ અંગે સચિત્ર હસ્તલિખિત અંક તૈયાર કરાવો.
- ગુજરાતના તમામ મુખ્યપ્રધાનો અને તેમના સમયગાળા અંગે સચિત્ર ભીંતપત્ર તૈયાર કરાવો.
- તમારા વિસ્તારના એક સાંસદ, એક ધારાસભ્ય અને એક કૉર્પોરેટર કે સરપંચને શાળામાં આમંત્રિત કરીને તેમની કામગીરી વિશે માહિતી મેળવો તથા સરકારી યોજના વિશે જાણો.
- શાળામાં કોઈ સામાજિક, આર્થિક સમસ્યા પર 'મોક પાર્લમેન્ટ'નું આયોજન કરી ચર્ચાનું આયોજન કરો.
- વિદ્યાર્થીઓને વિધાનસભાગૃહની કે કૉર્પોરેશનની સભાની પ્રત્યક્ષ મુલાકાત દ્વારા કાર્યવાહીનું જીવંત નિદર્શન કરાવવા પ્રવાસનું આયોજન કરો.
- શાળામાં બંધારણ, મૂળભૂત હકો, ફરજો, માર્ગદર્શક સિદ્ધાંતો અને સરકારનાં અંગો પર આધારિત ક્વીઝ સ્પર્ધા યોજો.
- શું આપણે ભારતમાં પંચાયતીરાજ દ્વારા કલ્યાણરાજ સ્થાપવામાં સફળ રહ્યા છીએ ? ચર્ચાસભાનું આયોજન કરો.
- કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર તથા સ્થાનિક કક્ષાએ સ્વશાસનની સંસ્થાઓ દ્વારા શિક્ષણ, મહિલાઓ અને બાળકોના ઉત્કર્ષ અને કલ્યાણસંબંધી વિવિધ યોજનાઓ, નીતિ-કાર્યક્રમો પર પ્રૉજેક્ટ કે હસ્તલિખિત અંક તૈયાર કરાવો.

•

# 11 ભારતનું ન્યાયતંત્ર

સંઘસરકારનાં બે અંગો ધારાસભા અને કારોબારીનો અભ્યાસ કર્યા બાદ આપણે તેના ત્રીજા સ્વતંત્ર, નિષ્પક્ષ અને સળંગ એકસૂત્રીયએવા વિશિષ્ટ અંગ ન્યાયતંત્ર વિશે વિગતે અભ્યાસ કરીશું.

ભારતની સંઘીય રાજ્ય પદ્ધતિમાં સમગ્ર દેશમાં એક જ સોપાનબદ્ધ, સળંગ અને એકસૂત્રીય ન્યાયપદ્ધતિ છે. ભારતના ન્યાયતંત્રની વ્યવસ્થા સુગ્રથિત પિરામિડ સ્વરૂપે જોવા મળે છે. આપણે ત્યાં એકસૂત્રી ન્યાયતંત્રની રચના કરવામાં આવી છે તદનુસાર કેન્દ્ર કક્ષાએ ટોચ પર દેશની સર્વોચ્ચ અદાલત (સુપ્રીમ કોર્ટ) હોય છે, જ્યારે તેની મધ્યમાં રાજ્યકક્ષાએ વડી અદાલત (હાઈકોર્ટ) અને તેના તાબા હેઠળ જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ સ્થાનિક અદાલતો અને તાબા હેઠળની વિશિષ્ટ અદાલતો, ટ્રાયલ કોર્ટો ઉપરાંત જુદા જુદા હેતુઓ માટે રચવામાં આવેલી ટ્રિબ્યુનલો.




## ન્યાયતંત્રનું મહત્ત્વ

ભારતમાં નાગરિકોના હકોના રક્ષણ અને જતન કરવા તેમજ કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના કે રાજ્ય-રાજ્ય વચ્ચેના કાર્યવિભાજનને લગતી કોઈ વિસંવાદિતા સર્જાય તો તેના બંધારણની જોગવાઈ મુજબ ઉકેલ લાવીને સમાધાન કરવા માટે સમવાયતંત્રમાં તટસ્થ અને નિષ્પક્ષ ન્યાયતંત્રની આવશ્યકતા છે. બંધારણની સર્વોપરિતાને અસર ન થાય તેથી કોઈ કાયદાની કલમ કે જોગવાઈઓ બંધારણીય સુસંગતતા તપાસવા માટે, તેના અર્થઘટન કરવા ન્યાયતંત્ર મહત્ત્વનું અંગ છે. ધારાસભા અને કારોબારી દ્વારા બંધારણીય મર્યાદાઓનું ઉલ્લંઘન ન થાય તેની ચકાસણી કરવા માટે દેશમાં એક સ્વતંત્ર, તટસ્થ, નિષ્પક્ષ અને નિર્ભીક ન્યાયતંત્ર એ લોકશાહીની આધારશિલા છે. ન્યાયિક પ્રક્રિયામાં ક્ષતિ કે વિલંબ ન થાય અને નાગરિકોને ઝડપી, સસ્તો અને સમાન ન્યાય મળે તો જ બંધારણનો હેતુ સરે છે.

કારોબારી અને સજાગ ધારાસભા હોય ત્યાં ન્યાયતંત્ર સક્રિય રહે એ હરહંમેશ જરૂરી છે; પરંતુ કેટલીક વખત કારોબારી અને વહીવટી કારોબારીની નિષ્ક્રિયતા અને બેજવાબદારપણાને કારણે તથા ધારાસભાની આપખુદશાહીના પરિણામે જાગ્રત, નીડર, સ્વતંત્ર, નિષ્પક્ષ એવા ન્યાયતંત્રે ન્યાયિક સક્રિયતા દર્શાવી છે.

## સર્વોચ્ચ અદાલત (સુપ્રીમ કોર્ટ)

દેશના ન્યાયતંત્રમાં તેના સૌથી ટોચના સ્થાને સર્વોચ્ચ અદાલત છે. ભારતીય બંધારણ મુજબ તે દેશની સર્વોચ્ચ ન્યાયિક સંસ્થા છે. તેની બેઠક નવી દિલ્લીમાં છે. ભારતમાં આવેલી તમામ દીવાની અને ફોજદારી કોર્ટોએ સર્વોચ્ચ અદાલતના તાબા હેઠળ તેની સહાયમાં કામ કરવાનું હોય છે. સર્વોચ્ચ અદાલતમાં એક મુખ્ય ન્યાયમૂર્તિ ઉપરાંત 28 ન્યાયાધીશોની સંખ્યાની જોગવાઈ કરી છે. રાષ્ટ્રપતિ સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની નિમણૂક કરે છે. સર્વોચ્ચ અદાલતોના ન્યાયાધીશોની સંખ્યામાં સંસદ ફેરફાર કરે છે પરંતુ જો રાષ્ટ્રપતિને એમ લાગે કે સર્વોચ્ચ અદાલતમાં ન્યાયિક કાર્યવાહીનો બોજો વધી ગયો છે તો તેઓ બંધારણીય સત્તા મુજબ ઍડ્હોક ન્યાયાધીશોની નિમણૂક કરી શકે છે. સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ ન્યાયાધીશોની નિમણૂક શ્રેયાનતા (સિનિયોરિટી)ના ધોરણે થાય છે. મુખ્ય ન્યાયમૂર્તિ સિવાયના અન્ય ન્યાયાધીશોની નિમણૂકમાં મુખ્ય ન્યાયમૂર્તિ અન્ય વરિષ્ઠ ન્યાયાધીશો સાથે હંમેશાં ચર્ચા-વિમર્શ કરીને કરવામાં આવે છે.

**લાયકાતો** : સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ તરીકે નિમણૂક પામનાર વ્યક્તિ -

(1) ભારતની નાગરિક હોવી જોઈએ. તેમજ

(2) ભારતની કોઈ પણ વડી અદાલતમાં ન્યાયાધીશ તરીકે ઓછાંમાં ઓછાં પાંચ (5) વર્ષ સુધી સેવા બજાવી હોય અથવા

(3) કોઈ પણ વડી અદાલતમાં ઓછાંમાં ઓછાં દસ (10) વર્ષ સુધી વકીલ તરીકે વકીલાતનો અનુભવ ધરાવતી હોય અથવા

(4) રાષ્ટ્રપતિના મતમુજબ તે નામાંકિત ન્યાયવિદ્ કે પ્રસિદ્ધ કાયદાશાસ્ત્રી હોવી જોઈએ તથા

(5) તે વ્યક્તિ (65) પાંસઠ વર્ષ કે તે કરતાં વધુ ઉંમર ધરાવતી ન હોવી જોઈએ.

આમ, સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિઓની નિવૃત્તિવય મર્યાદા 65 વર્ષની છે ત્યાં સુધી તે હોદ્દા પર રહી શકે છે.

**સમયાવધિ :** સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશની નિવૃત્તિવય 65 વર્ષ નિર્ધારિત કરવામાં આવી છે. જોકે સંસદ તેમાં કાયદો ઘડીને ફેરફાર કરી શકે છે. નિવૃત્તિ બાદ તેઓ ભારતની કોઈ પણ અદાલતમાં વકીલાત કરી શકતા નથી; પરંતુ અસાધારણ સંજોગોમાં કે પ્રસંગોમાં તપાસ માટે નીમાયેલ તપાસપંચોની કામગીરી તેઓ કરી શકે છે. તેઓ નિવૃત્તિ મુદત પહેલાં પોતાની ફરજો અદા કરવામાં અશક્તિમાન હોય તો સ્વેચ્છાએ લેખિત રાજીનામું રાષ્ટ્રપતિને આપીને ફરજમાંથી મુક્ત થઈ શકે છે; પરંતુ પોતાની અયોગ્યતા સાબિત થવાથી, ગેરવર્તણૂક કે બિનકાર્યક્ષમતાને કારણે પદ પરથી દૂર કરવાના સંજોગોમાં તેમજ બંધારણીય મર્યાદાઓના ભંગ કરવાનાં કારણોસર કે ગંભીર ગેરરીતિ કે ભ્રષ્ટાચાર આચરવાના આક્ષેપોસર તેમની સામે સંસદમાં **"મહાભિયોગ"**ની કાર્યવાહીથી ન્યાયાધીશને હોદ્દા પરથી બરતરફ કરી શકાય. તે માટેની કાર્યવાહી આ પ્રમાણે છે. સંસદના દરેક ગૃહે તે ગૃહની કુલ સભ્ય સંખ્યાની બહુમતીના તથા તે ગૃહમાં હાજર રહીને મત આપનાર ઓછામાં ઓછા $\frac{2}{3}$ (બે તૃતીયાંશ) સભ્યોની બહુમતીના ટેકાવાળું નિવેદનને રાષ્ટ્રપતિ સમક્ષ જે-તે સત્રમાં રજૂ કરાયેલ હોય તે પરથી રાષ્ટ્રપતિના હુકમના આધારે હોદ્દા પરથી દૂર કરી શકાય છે. સંસદ ન્યાયાધીશના ગેરવર્તન અંગેનું નિવેદન રજૂ કરવા માટેની અને તપાસની કાર્યવાહી તેમજ સાબિતી માટેની કાર્યવાહીનું નિયમન કરશે. સંબંધિત ન્યાયાધીશને સંસદમાં હાજર રહીને પોતાના બચાવમાં પોતાનું નિવેદન રજૂ કરવાની તક આપવામાં આવી છે.

સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિઓને હોદ્દો ગ્રહણ કરતા પહેલાં રાષ્ટ્રપતિ હોદ્દાની ગુપ્તતા અને બંધારણ પ્રત્યે વફાદાર રહેવાના શપથ લેવડાવે છે અને તેઓએ પ્રતિજ્ઞાપત્ર પર સહી કરવી પડે છે.

### સર્વોચ્ચ અદાલતની સત્તાઓ અને કાર્યક્ષેત્ર :

ભારતની સર્વોચ્ચ અદાલત દુનિયાની કોઈ પણ સર્વોચ્ચ અદાલતો કરતાં વિશેષ સત્તાઓ અને વિશાળ કાર્યક્ષેત્ર ધરાવે છે. આ કાર્યક્ષેત્રને મૂળભૂત ક્ષેત્રાધિકાર, વિવાદ ક્ષેત્રાધિકાર, સલાહકારી ક્ષેત્રાધિકાર એમ ત્રણ પ્રકારમાં વહેંચી શકાય છે.

**(1) મૂળભૂત ક્ષેત્રાધિકાર :** જ્યારે અદાલતને સૌપ્રથમ જ તકરાર સાંભળીને નિર્ણય આપવાની સત્તા હોય તેને મૂળ અધિકાર ક્ષેત્ર (મૌલિક હકૂમત) કહેવાય છે અને કેસનો નિર્ણય કરવાની સત્તા જે અન્ય કોઈ અદાલતોને નથી તે સર્વોચ્ચ અદાલતને છે. આ અધિકાર ક્ષેત્રમાં નીચેના પક્ષકારો હોવા જોઈએ જેમના વિવાદનું નિરાકરણ કરવાની સત્તા ધરાવે છે :

(i) સંઘ સરકાર અને એક કે તેથી વધુ રાજ્યો વચ્ચેના ઝઘડા કે વિવાદનું નિવારણ કરવાની સત્તા ધરાવે છે.

(ii) એક તરફ ભારત સરકાર અને એક કે તેથી વધુ રાજ્યો બીજી તરફ એક કે તેથી વધુ અન્ય રાજ્યો વચ્ચેના મતભેદો કે તકરારો કે સંઘર્ષનો ઉકેલ લાવવાની સત્તા.

(iii) બે કે તેથી વધુ રાજ્યો વચ્ચેની એટલે કે રાજ્યો-રાજ્યો વચ્ચેની તકરારો કે ઝઘડાઓના સંદર્ભે ચુકાદો આપવાની સંપૂર્ણ સત્તા ધરાવે છે.

(iv) સર્વોચ્ચ અદાલતને સંઘ સરકારના કોઈ પણ કાયદાના કે બંધારણીય કાયદેસરતાને લગતા તમામ પ્રશ્નો અંગેના ચુકાદા આપવાનો અધિકાર છે.

(v) આ અદાલતને નાગરિકોના મૂળભૂત હકોના રક્ષણ અને જતન કરવાની સત્તા ઉપરાંત મૂળભૂત હકોના ભંગ બદલ હાજર હુકમ, અધિકાર હુકમ કે પ્રતિબંધ હુકમ વગેરે બહાર પાડવાની સત્તા છે.

રાજ્ય-રાજ્ય વચ્ચેના કે રાજ્યો-રાજ્ય કે રાજ્ય-રાજ્યો કે રાજ્યો-રાજ્યો વચ્ચેના નદીના પાણીની વહેંચણી, ઉપયોગ બાબતેના વિવાદો ઉકેલવાની સત્તા સર્વોચ્ચ અદાલતની હકૂમત બહાર છે. તે માટે અલગ 'પાણી ન્યાયપંચ' (ટ્રિબ્યુનલો) ચુકાદા આપે છે. સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ અંતિમ હોય છે, તે અન્યત્ર પડકારી શકાતા નથી. તે બધા માટે શિરોમાન્ય હોય છે.

**(2) અપીલનું ક્ષેત્રાધિકાર (વિવાદ અધિકારક્ષેત્ર) :** સર્વોચ્ચ અદાલતના વિવાદ અધિકાર ક્ષેત્રમાં ત્રણ પ્રકારના વિવાદોમાં જ અપીલ થઈ શકે છે : (i) બંધારણીય અર્થઘટનના કેસો (ii) દીવાની દાવાઓ અંગેના કેસો (iii) ફોજદારી દાવાના કેસો.

(i) ભારતમાંની કોઈ પણ વડી અદાલતના કોઈ પણ દાવાઓના ચુકાદાઓના હુકમનામા તેમજ આખરી હુકમ સામે સર્વોચ્ચ અદાલતમાં અપીલ ત્યારે જ થઈ શકે કે જ્યારે વડી અદાલતે ચુકાદામાં એ પ્રકારનું પ્રમાણપત્ર આપેલ હોય કે કેસમાં બંધારણની કોઈ કલમના અર્થઘટનનો અગત્યનો કાયદાકીય પ્રશ્ન સંકળાયેલો છે અને તે પ્રશ્નોનો ખોટી રીતે નિર્ણય આપાયેલ છે એ કારણોસર નારાજ પક્ષકાર સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરી શકે છે. જો કોઈ વડી અદાલત આવું પ્રમાણપત્ર ન આપે પરંતુ સર્વોચ્ચ અદાલતને ખાતરી થાય કે ચુકાદામાં બંધારણીય અર્થઘટનનો પ્રશ્ન સમાવિષ્ટ છે તો તે ખાસ પરવાનગી (અપીલ માટે) આપવાની સત્તા

ધરાવે છે. અલબત્ત અપીલમાં નવું કારણ ઉમેરી શકાતું નથી. કેસનો પક્ષકાર જ એ જ કારણોસર અપીલ કરી શકે છે કે પ્રશ્નનો નિર્ણય વડી અદાલતમાં કે અન્ય અદાલતમાં ખોટી રીતે અપાયો છે. જે વ્યક્તિ વડી અદાલતની કાર્યવાહીમાં પક્ષકાર તરીકે હોય તે જ વ્યક્તિ સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરી શકે છે.

(ii) દીવાની કેસોમાં વડી અદાલત એવું પ્રમાણપત્ર આપે કે કેસ વ્યાપક મહત્તા ધરાવે છે અને તેમાં કાયદાના અર્થઘટનનો મહત્ત્વનો પ્રશ્ન સમાવિષ્ટ છે અને તે પ્રશ્નનો નિર્ણય સર્વોચ્ચ અદાલત કરે તે જરૂરી છે ત્યારે સર્વોચ્ચ અદાલતમાં અપીલ થઈ શકે છે. કોઈ પણ વડી અદાલતના એક લાખથી વધુ રકમના દીવાની દાવાઓના ચુકાદા કે નિર્ણય વિરુદ્ધ સર્વોચ્ચ અદાલતમાં અપીલ થઈ શકે છે.

(iii) ફોજદારી કેસોમાં નીચલી અદાલતે આરોપીને મૃત્યુદંડની સજામાંથી મુક્ત કર્યો હોય પરંતુ વડી અદાલતે આરોપીને મૃત્યુદંડની સજા ફરમાવી હોય ત્યારે અપીલ થઈ શકે છે. વડી અદાલતે પોતાના તાબા હેઠળની નીચલી અદાલતમાંથી કોઈ કેસ પોતાની પાસે પાછો લઈને આરોપીને મૃત્યુદંડની સજા ફરમાવી હોય અને એવું પ્રમાણપત્ર આપેલ હોય કે સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરવા માટેનો યોગ્ય કેસ છે અને પુનઃવિચાર માટે યોગ્ય છે ત્યારે અપીલ થઈ શકે છે. સર્વોચ્ચ અદાલત પોતાના આપેલ ચુકાદાઓનું પોતે જ પુનરાવલોકન (પુનઃસમીક્ષા) કરી શકે છે. અન્ય કોઈ પણ અદાલતમાં ચાલતા કેસને પોતાની અદાલતમાં તબદીલ (ટ્રાન્સફર) કરી શકે છે. સંસદ કાયદા ઘડીને આ અદાલતની સત્તા–અધિકારોમાં વધારો કરી શકે છે.

**(3) સલાહ ક્ષેત્રાધિકાર (સલાહકારી અધિકાર ક્ષેત્ર) :** જો રાષ્ટ્રપતિને અમુક ચોક્કસ બાબતો કે પ્રશ્નો જેમ કે અગત્યનો કાયદાકીય પ્રશ્ન અથવા જાહેરહિતને સ્પર્શતો કોઈ મુદ્દો હોય તેમાં સર્વોચ્ચ અદાલતનો અભિપ્રાય લેવાનું યોગ્ય લાગે તો તે પ્રશ્ન રાષ્ટ્રપતિ સર્વોચ્ચ અદાલતને વિચારણા માટે મોકલી શકે છે. આ જોગવાઈ હેઠળ કાયદાનો પ્રશ્ન, હકીકતનો કોઈ પ્રશ્ન, બંધારણીય અર્થઘટનનો કોઈ પ્રશ્ન, કોઈ ખરડાની કાયદેસરતાને લગતા પ્રશ્નો પર રાષ્ટ્રપતિ સર્વોચ્ચ અદાલતની સલાહ મેળવી શકે છે; પરંતુ જો સર્વોચ્ચ અદાલતને વિચારણા હેઠળ મોકલેલ પ્રશ્ન પર વિચારણા કે અભિપ્રાય આપવાનું યોગ્ય ન જણાય તો સર્વોચ્ચ અદાલત તે રાષ્ટ્રપતિને પરત મોકલી શકે છે અને જો અભિપ્રાય કે સલાહ આપે તો તે સલાહ કે અભિપ્રાય રાષ્ટ્રપતિ માનવા માટે બંધનકર્તા નથી.

**(4) અન્ય સત્તાઓ :** સર્વોચ્ચ અદાલતને અગાઉ આપેલ પોતાના નિર્ણય કે ચુકાદાની પુનઃસમીક્ષા કરવાની સત્તા છે. સર્વોચ્ચ અદાલત 'અદાલતી તિરસ્કાર' માટે સજા ફરમાવી શકે છે. રાષ્ટ્રપતિ કે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટેના ચૂંટણી પંચના ચૂંટણી વિષયક વિવાદ ઉકેલવાની સત્તા છે. નાગરિકોના મૂળભૂત હકોના રક્ષણ કરવા સંબંધમાં કારોબારીનાં કોઈ પગલાંને, કાયદાને, આદેશને કે હુકમને જે બંધારણ સાથે સુસંગત નથી તેના આધારે તે હુકમોને ગેરબંધારણીય અને રદબાતલ કરવાની સત્તા ધરાવે છે. એ સત્તા તેને બંધારણીય ઈલાજોના હકના રક્ષણ હેઠળ બંધારણમાં સર્વોચ્ચ અદાલતને આપવામાં આવી છે. આમ, સર્વોચ્ચ અદાલત બંધારણના અને નાગરિકોના હકોના રક્ષક–વાલી તરીકેની ફરજો અદા કરે છે.

## નઝીરી અદાલત (કોર્ટ ઑફ રેકોર્ડ્સ)

નઝીરી અદાલત એટલે એવી અદાલત કે જેનું રેકર્ડ પુરાવાકીય મૂલ્ય ધરાવે છે અને જ્યારે તે રજૂ કરાય ત્યારે તેની કાયદેસરતા સામે કોઈ વાંધો લઈ શકાતો નથી. સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ અથવા નિર્ણયો કાયમી દસ્તાવેજો ગણાય છે અને તે સર્વેને શિરોમાન્ય ગણાય છે. તેનો ઉપયોગ તાબાની અદાલતોના મુકદમાઓમાં નિર્ણય વખતે સંદર્ભ તરીકે લેવાય છે. તેનાં ધારાધોરણો તાબાની અદાલતો માટે બંધનકર્તા છે. તેના પ્રત્યે અવગણના કે તિરસ્કાર બતાવનાર સજાને પાત્ર ઠરે છે.

## વડી અદાલતો (હાઈકોર્ટ)

ભારતના સળંગ, સુગ્રથિત, એકતંત્રી પિરામિડ આકારના ન્યાયતંત્રની વ્યવસ્થામાં વચલી કડી રૂપ મહત્ત્વની રાજ્યસ્તરે આવેલ અદાલત તે વડી અદાલતો છે. જે રાજ્યના વિસ્તારોમાં સર્વોપરી છે. પ્રત્યેક એકમ રાજ્યમાં એક વડી અદાલતની બંધારણમાં જોગવાઈ કરવામાં આવી છે. બે અથવા વધુ રાજ્યો માટે એક સામાન્ય વડી અદાલત રચવાની સત્તા રાષ્ટ્રપતિને છે. ભારતમાં આજે પણ પંજાબ, હરિયાણા અને ચંદીગઢ રાજ્યો વચ્ચે એક જ વડી અદાલત છે તે જ પ્રમાણે આસામ વડી અદાલતની હકૂમત આસામ ઉપરાંત મણિપુર, મેઘાલય, નાગાલૅન્ડ, ત્રિપુરા, મિઝોરમ અને અરુણાચલ પ્રદેશ સુધી વિસ્તરે છે.

**રચના :** વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશની નિમણૂક રાષ્ટ્રપતિ સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ ન્યાયાધીશ તથા સંબંધિત રાજ્યના રાજ્યપાલ સાથે ચર્ચા-વિચારણા કરીને કરે છે. અન્ય ન્યાયાધીશોની નિમણૂકમાં વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિની સાથે વિચાર-વિમર્શ કરવામાં આવે છે. અલબત, રાષ્ટ્રપતિ એટલે વડાપ્રધાન અને પ્રધાનમંડળની સલાહ અનુસાર વર્તનાર રાષ્ટ્રપતિ, એ અભિપ્રેત છે. તેથી વડાપ્રધાનની અને મુખ્યમંત્રીની સાથે ચર્ચા-વિમર્શ કર્યા અનુસાર વડી અદાલતોના ન્યાયાધીશોની નિમણૂક થાય છે.

વડી અદાલતોના ન્યાયાધીશોની મુદત 62 વર્ષની વયની હોય છે. તેઓ રાષ્ટ્રપતિને સંબોધીને રાજીનામું આપી શકે છે. વડી અદાલતના કોઈ પણ ન્યાયાધીશને તેમની સામેના ગેરવર્તન કે ગેરરીતિનાં કારણોસર રાષ્ટ્રપતિ બંધારણીય જોગવાઈ અનુસાર સંસદમાં મહાભિયોગની કાર્યવાહીની પ્રક્રિયા પૂર્ણ કર્યેથી, આરોપ સાબિત થયેથી હોદ્દા પરથી બરતરફ કરી શકે છે. વડી અદાલતના ન્યાયાધીશોની ભારતના કોઈ પણ રાજ્યમાં બદલી કરી શકાય છે. બધી વડી અદાલતોમાં ન્યાયાધીશોની સંખ્યા એક સરખી હોતી નથી. રાષ્ટ્રપતિને જરૂર જણાય તેવા પડતર કેસોની સંખ્યા અને કામકાજના બોજાને ધ્યાનમાં લઈને બે વર્ષની મુદત માટે ઍડ્હોક ધોરણે વધારાના કાર્યકારી હાઈકોર્ટના ન્યાયાધીશોની નિમણૂક પણ કરી શકે છે. સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતોનું કામકાજ અંગ્રેજી ભાષામાં થાય છે પણ જો કોઈ રાજ્યની ધારાસભા પોતાના રાજ્યની ભાષામાં જે-તે રાજ્યની વડી અદાલતમાં પોતાનું કામકાજ કરી શકે એવો ઠરાવ પસાર કરે તો તે રાજ્યની વડી અદાલતમાં તે ભાષામાં કામકાજ કરી શકે છે.

**લાયકાતો :** બંધારણીય જોગવાઈ અનુસાર વડી અદાલતમાં નિમણૂક પામનાર વ્યક્તિ (i) તે ભારતનો નાગરિક હોવો જોઈએ તેમજ (ii) ભારતનાં રાજ્યોમાં આવેલી કોઈ પણ નીચલી અદાલતોમાં ઓછાંમાં ઓછાં 10 (દસ) વર્ષ સુધી તેણે ન્યાયિક હોદ્દો ધારણ કરેલ હોવો જોઈએ અથવા (iii) તેણે વડી અદાલતમાં ઓછાંમાં ઓછાં 10 (દસ) વર્ષ સુધી વકીલાત કરી હોય તે ઉપરાંત (iv) રાષ્ટ્રપતિની દૃષ્ટિએ તે ન્યાયવિદ્ કે નિષ્ણાત બંધારણવિદ્ કે પ્રસિદ્ધ કાયદાશાસ્ત્રી હોવા જોઈએ તથા (v) તેની ઉંમર 62 વર્ષ કરતાં ઓછી હોવી જોઈએ.

વડી અદાલતના ન્યાયાધીશ તરીકે નિમાયેલ વ્યક્તિએ પોતાનો હોદ્દો ધારણ કરતાં પહેલાં રાજ્યના રાજ્યપાલ અથવા આ સંદર્ભમાં તેમણે નિમેલ કોઈ વ્યક્તિ સમક્ષ હોદ્દાની ગુપ્તતાના શપથ લેવાના હોય છે અને પ્રતિજ્ઞાપત્ર પર સહી કરવાની હોય છે.

**વડી અદાલતના અધિકાર ક્ષેત્રો :** વડી અદાલતની સત્તા અને કાર્યક્ષેત્રને નીચેનાં ત્રણ અધિકાર ક્ષેત્રોમાં વહેંચી શકાય છે :

**(1) મૂળભૂત અધિકાર ક્ષેત્ર :** વડી અદાલતોને નાગરિકોના મૂળભૂત હકોના ભંગ બદલ કોઈ વ્યક્તિ, સત્તામંડળ કે સરકાર સામે આદેશો, હુકમો અથવા પરમાદેશ, બંદી પ્રત્યક્ષીકરણ (હેબિયસ કોર્પસ) જેવાં આજ્ઞાપત્રો ફરમાવવાની તથા રીટ કાઢવાની સત્તા છે. કંપનીને લગતા, લગ્ન, છૂટાછેડા અને ભરણ-પોષણને લગતા કેસો ચલાવવાની સત્તા પણ વડી અદાલતને છે. અદાલતી તિરસ્કારને લગતા, જમીન-મહેસૂલ અને તેની ઉઘરાણીને લગતાં, જમીન સંપાદન અને વળતર સંબંધી દાવાઓના કેસો ચલાવવાની સત્તા વડી અદાલત ધરાવે છે. તમામ દીવાની અને ફોજદારી કેસોમાં નીચલી અદાલતોએ આપેલ ચુકાદાઓ સામેની રીટ અરજીઓ, ચૂંટણીને પડકારતી, કાયદાને પડકારતી તેમજ પ્રવેશ-પરીક્ષા સંબંધી જોગવાઈઓને પડકારતી પિટિશનો વડી અદાલતમાં થઈ શકે છે.

**(2) વિવાદી (અપીલ) અધિકાર ક્ષેત્ર :** વડી અદાલતના કાર્યક્ષેત્રમાં, રાજ્યમાં આવેલી નીચલી અદાલતોના ચુકાદાઓ વિરુદ્ધમાં વડી અદાલત અપીલ સાંભળે છે તેને અપીલ ક્ષેત્રાધિકાર કહે છે. વડી અદાલત પોતાના તાબાની અદાલતો કે ટ્રિબ્યુનલોના ચુકાદાઓ સામે અપીલ દાખલ કરી સાંભળે છે. જિલ્લાની ફોજદારી અદાલતો (સેશન્સ કોર્ટ)ના ન્યાયાધીશે જ્યારે આરોપીને તેના ગુના બદલ ચાર વર્ષ કરતાં વધારે મુદતની સજા કરી હોય તો તે ચુકાદા વિરુદ્ધ વડી અદાલતમાં પક્ષકાર અપીલ કરી શકે છે. સેશન્સ કોર્ટે કોઈ આરોપીને તેની નીચેની ફોજદારી અદાલતના ચુકાદાથી વિરુદ્ધ હત્યાના આરોપસર મૃત્યુદંડની સજા ફરમાવી હોય ત્યારે વડી અદાલતમાં અપીલ થઈ શકે છે. ટ્રિબ્યુનલોના ચુકાદાથી નારાજ થયેલ પક્ષકારો પણ વડી અદાલતમાં અપીલ કરીને ન્યાય માંગી શકે છે. વડી અદાલત કોઈ કેસમાં બંધારણના અર્થઘટન સંબંધી કાયદાના મહત્ત્વના પ્રશ્ન પર નિર્ણય કરવાનો અધિકાર ધરાવે છે.

**(3) વહીવટી અધિકાર ક્ષેત્ર :** દરેક વડી અદાલતને રાજ્યમાંની કે જે પ્રદેશોમાં તેની હકૂમત વિસ્તરતી હોય તે પ્રદેશમાંની તમામ અદાલતો અને ન્યાયપંચો (ટ્રિબ્યુનલો) પર દેખરેખ રાખવાની અને કાર્યવાહીનું નિયમન કરવાની સત્તા ધરાવે છે. વડી અદાલતો જરૂર જણાય તો આવી અદાલતો પાસેથી કેસ પેપર્સ કે પત્રકો મંગાવવાની અને કેસ ચલાવવાની સત્તા ધરાવે છે. પોતાના તાબા હેઠળની અદાલતોના વ્યવહાર અને કાર્યવાહીનું નિયમન કરવા માટે સામાન્ય નિયમો ઘડી શકે છે. વડી અદાલતો વિવિધ

પ્રકારની ફીનાં ધોરણો, કોષ્ટકો નક્કી કરી શકે છે. આ બધી જોગવાઈઓ બંધારણને આધીન અને સુસંગત હોવી જોઈએ. તાબાની અદાલતોને તેઓએ હિસાબો અને નોંધો કેવી રીતે રાખવા તેનું માર્ગદર્શન વડી અદાલત આપે છે.

વડી અદાલત નઝીરી અદાલત તરીકે (કોર્ટ ઑફ રેકોર્ડ્સ)નું સ્થાન ધરાવે છે. વડી અદાલતે પોતે આપેલા ચુકાદાઓ, નિર્ણયોને યોગ્ય અને વ્યવસ્થિત સ્વરૂપમાં સંગ્રહિત કરીને પ્રસિદ્ધ કરવાનું કાર્ય કરે છે. જે ચુકાદાઓ કે નિર્ણયો તાબાની અદાલતો માટે આખરી ગણાય છે અને ભવિષ્યમાં અન્ય મુકદમાઓમાં નિર્ણય લેવામાં માર્ગદર્શક બને છે. વકીલો તેમની તરફેણ અને વિરુદ્ધમાં દલીલોમાં આ ચુકાદાને સંદર્ભ તરીકે ટાંકીને ઉપયોગ કરતાં હોય છે. આ અદાલતને પોતાના તિરસ્કાર બદલ સજા કરવાની સત્તા હોય છે.

ગુજરાતમાં વડી અદાલત સરખેજ-ગાંધીનગર હાઈવે, સોલા, અમદાવાદમાં આવેલી છે.

### તાબાની (અધીનસ્થ) અદાલતો

રાજ્યની વડી અદાલતની દેખરેખ અને નિયમન હેઠળ જિલ્લાની અને તાલુકાઓની અદાલતો, ફાસ્ટટ્રેક કોર્ટ, પોટા અદાલતો, ટ્રિબ્યુનલો અને કેટલીક વિશેષ અદાલતો છે. પ્રત્યેક રાજ્યને વહીવટી એકમ–જિલ્લામાં વહેંચવામાં આવે છે જેમાં દીવાની, ફોજદારી અને મહેસૂલી અદાલતોનો સમાવેશ થાય છે.

### જિલ્લા ન્યાયાધીશ

કોઈ પણ રાજ્યના જિલ્લા ન્યાયાધીશ તરીકે વ્યક્તિઓની નિમણૂક અને તેમની જગ્યા પર નિયુક્તિ અને બઢતી, તે રાજ્ય સંબંધમાં હકૂમત વાપરતી વડી અદાલત સાથે ચર્ચા-વિમર્શ કરીને જે-તે રાજ્યના રાજ્યપાલ દ્વારા કરવામાં આવે છે.

**લાયકાતો :** જિલ્લા ન્યાયાધીશ તરીકે નિમણૂક પામનાર વ્યક્તિ ભારતની નાગરિક હોવી જોઈએ, વધુમાં ઓછામાં ઓછો 7 (સાત) વર્ષ સુધી વકીલાત કર્યાનો અનુભવ હોવો જોઈએ. કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારમાં ન્યાયતંત્રમાં અધિકારી તરીકેની સેવા માટેની યોગ્યતા ધરાવે છે. જિલ્લા ન્યાયાધીશ સિવાયની અન્ય ન્યાયાધીશોની નિમણૂક રાજ્યપાલ કે વડી અદાલત રાજ્ય જાહેર સેવા પંચ સાથે સલાહ-મસલત કરીને બંધારણે ઘડેલા નિયમોને આધીન રહીને કરવામાં આવે છે.

જિલ્લાની અદાલતોમાં દીવાની દાવાઓ (સિવિલ મેટર) જે ન્યાયાધીશ ચલાવે તેને જિલ્લા ન્યાયાધીશ તથા ફોજદારી દાવા જે મૅજિસ્ટ્રેટ ચલાવે તેઓને સેશન્સ ન્યાયાધીશ કહેવામાં આવે છે. જિલ્લા અદાલતો તેના તાબા હેઠળની અદાલતોના ચુકાદાઓ સામેની અરજીઓની સુનાવણી કરે છે. પ્રત્યેક જિલ્લાની દીવાની અદાલતોમાં એક લાખ રૂપિયા સુધીના દાવાઓ સરકારે કરેલા કે સરકાર સામેના કેસો ચલાવવાની સત્તા છે. આ કોર્ટોના સિવિલ જજ સરકાર સામેના દાવાઓ ઉપરાંત લગ્ન, છૂટાછેડા, ભરણપોષણ, જમીન સંપાદનને લગતા કે વળતરને લગતા દાવાઓ, વાલીપણાને લગતા કેસોને ચલાવવાની સત્તા ધરાવે છે.

ફોજદારી અદાલતોમાં સેશન્સ કોર્ટ, ફર્સ્ટક્લાસ જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ, સેકન્ડ ક્લાસ જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટની કોર્ટ તથા મામલતદાર અને એક્ઝિક્યુટિવ મૅજિસ્ટ્રેટની કોર્ટ હોય છે. આ કોર્ટોમાં ત્રણ વર્ષ સુધીની કેદથી માંડીને 10 વર્ષ સુધીની કેદની સજા અને ₹ 5000 કે તેથી વધુ રકમ સુધીના દંડની તથા હત્યાના કેસમાં મૃત્યુદંડ, ફાંસીની, જન્મટીપની, આજીવન કારાવાસ જેવી સજા કરવાની સત્તા ધરાવે છે.

આ ઉપરાંત સ્મોલ કોઝ કોર્ટ, ફેમિલી કોર્ટ પણ જિલ્લામાં હોય છે. જમીન-મહેસૂલના કેસો માટે મહેસૂલ અદાલત અને મજૂરોના વિવાદ માટે મજૂર અદાલત (લેબર કોર્ટ) રચાઈ છે તથા કેટલીક ખાસ અદાલતો (ટ્રિબ્યુનલો)ની રચના કરવામાં આવી છે જેમકે વાહન-અકસ્માતમાં વળતર માટેની ટ્રિબ્યુનલ, શિક્ષક-અધ્યાપકોના નોકરીના હક-હિતના રક્ષણ અર્થે ''ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ, દેવા-રિકવરી માટેની ટ્રિબ્યુનલો, ગ્રાહક સુરક્ષા માટે 'ગ્રાહક તકરાર નિવારણ ફોરમ' પણ અદાલતની ભૂમિકા ભજવે છે અને પક્ષકારોને થયેલ નુકસાન અંગેના દાવાઓનો નિકાલ કરીને વળતર અપાવી ન્યાય કરે છે. આ ઉપરાંત ગુજરાત રાજ્યના પ્રત્યેક જિલ્લામાં કેટલાક કેસોના ઝડપી નિકાલ અને અરજદારને ઝડપી ન્યાય મળે તે હેતુસર 'ફાસ્ટ ટ્રેક કોર્ટ'ની વ્યવસ્થા થઈ છે. પોટાના કેસો ચલાવવા અલગ પોટા અદાલતો પણ ગુજરાતમાં રચવામાં આવી છે. આ બધી અદાલતોએ ન્યાયિક કાર્યવાહીનું વિકેન્દ્રીકરણ કરી તથા એકસૂત્રી ધોરણે સ્વતંત્ર અને નિષ્પક્ષ રહીને, તટસ્થ અને ન્યાયિક કામગીરી કરીને સૌનું ધ્યાન ખેંચ્યું છે. લોકો જાગ્રત બનીને તેનો લાભ ઉઠાવતા થયા છે.

### લોકઅદાલતો

ગરીબો અને સમાજના નબળા અને શોષિતોને ઝડપી અને સસ્તો ન્યાય મળે તથા ન્યાયમાં થતો વિલંબ નિવારવા ગુજરાત રાજ્ય દ્વારા સૌપ્રથમવાર રાજ્યમાં લોક અદાલતની રચના કરવામાં આવી છે. આ અદાલત અન્વયે ''કાનૂની સેવા સત્તામંડળ, અમદાવાદના ઉપક્રમે મફત કાનૂની સહાય અને માર્ગદર્શન કેન્દ્ર તરીકે કાર્ય કરે છે. લોકઅદાલત રજાના દિવસોમાં કે રવિવારે

પણ પક્ષકારોની સંમતિથી સ્વૈચ્છિક ધોરણે જિલ્લા અને તાલુકા મુખ્ય મથકે યોજવામાં આવે છે. લોકઅદાલતોમાં મુખ્યત્વે મોટર-વાહન અકસ્માત અને વળતરના, લગ્નવિચ્છેદ (છૂટાછેડા), ભરણપોષણ, સામાન્ય લેણાંની, ખાનગી ફરિયાદો, પોલીસ ફરિયાદો વગેરે અંગેના હોય છે. લોકઅદાલતોમાં વકીલો, સામાજિક કાર્યકરો, કેળવણીકારો, પ્રતિષ્ઠિત નાગરિકો, ઉદ્યોગપતિઓ, પોલીસ અધિકારીઓ, વીમાકંપનીના અધિકારીઓ, ન્યાયાધીશ કે ન્યાયિક અધિકારી હોય છે. અહીં બંને પક્ષકારો વચ્ચે તેમને સંતોષ થાય તે રીતે કાયમી શાંતિ, સુલેહ માટે સમાધાન થાય છે, જેમાં કોઈની પણ હાર કે જીત હોતી નથી. લોકઅદાલતોમાં નાણાંનો, સમયનો બચાવ થાય છે. વર્ષોના અટવાયેલા કે વિલંબમાં પડેલા કેસોનો ઝડપી નિકાલ થાય છે. લોકઅદાલતના ચુકાદાઓને કાનૂની પીઠબળ પૂરું પાડવામાં આવ્યું છે. આથી જ લોકઅદાલતો લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે.

### ન્યાયતંત્રની સ્વતંત્રતા

ભારતીય બંધારણમાં નાગરિકોના મૂળભૂત હકોના રક્ષણ અને સામાજિક, રાજકીય અને આર્થિક સમાનતા અને ન્યાય સ્થાપવાનું ન્યાયતંત્ર માટે ધારાસભા અને કારોબારીથી સ્વતંત્ર, તટસ્થ અને નિર્ભીક બનીને કરવાનું સુનિશ્ચિત કર્યું છે. ન્યાયતંત્ર સરકાર તરફી કે સરકાર પ્રત્યે પક્ષપાતીભર્યું વલણ ધરાવતું હોવું જોઈએ નહિ. ન્યાયાધીશોની નિમણૂક સંબંધે લાયકાતનાં ધોરણો, નિમણૂક પ્રક્રિયા, પગાર ભથ્થાં, બદલી, બઢતી, નિવૃત્તિવય વગેરે સુસ્થાપિતવિધિ અનુસાર બંધારણીય જોગવાઈઓને આધીન કારોબારી દ્વારા કરવામાં આવે છે. તેમની ચોક્કસ મુદત માટે નિમણૂક કરવામાં આવે છે. મનસ્વીપણે કે રાજકીય પ્રભાવ હેઠળ કારોબારી કોઈ ન્યાયાધીશને હોદ્દા પરથી દૂર કરી શકતી નથી. તેમનાં પગારભથ્થાં, નોકરીની શરતો, બઢતી, બદલી, નિવૃત્તિના લાભો, પેન્શનફંડ બધી જ બાબતોમાં તેમને નુકસાન થાય તે રીતે ફેરફાર કરી શકાતો નથી. ન્યાયાધીશોની ફરજ દરમિયાન તેમનાં વર્તન અંગે, ચુકાદા અંગે સંસદ કે વિધાનસભામાં ચર્ચા થઈ શકતી નથી કે ટીકાત્મક સમીક્ષા પણ થઈ શકતી નથી. ન્યાયાધીશ નિવૃત્તિ બાદ કોઈ પણ અદાલતમાં વકીલાત કરી શકતા નથી. આ તમામ જોગવાઈ પાછળનો મૂળભૂત ઉદ્દેશ ન્યાયાધીશો નીડરતાથી, પ્રમાણિકપણે, સ્વાભિમાન સાથે, નિર્ભીકપણે, સ્વતંત્ર અને તટસ્થ રહી પોતાની ફરજો અદા કરી શકે અને લોકોને સાચો, પારદર્શીય અને ઝડપી, ન્યાય આપી શકે. આમ, ભારતીય બંધારણે ન્યાયતંત્રને સ્વતંત્રતા, નિષ્પક્ષ, તટસ્થ એકસૂત્રી વિશિષ્ટ સ્થાન બક્ષ્યું છે. સર્વોચ્ચ અદાલતમાં જાહેર હિતના દાવા, જાહેર હિતના પ્રશ્નો કે મહત્ત્વની જાહેર સમસ્યાઓના ઉકેલ માટે માત્ર પોસ્ટકાર્ડ કે સામાન્ય પત્ર દ્વારા થયેલી ફરિયાદને જાહેર હિતની અરજી તરીકે સ્વીકારીને વહીવટી તંત્રને આંચકારૂપ ચુકાદાઓ આપ્યા છે. જે ન્યાયતંત્રની સક્રિયતા બતાવે છે.

હમણાં ન્યાયતંત્ર પાસે અંદાજે 3.5 કરોડથી વધુ કેસોનો ભરાવો છે. અપૂરતી કોર્ટો અને ન્યાયાધીશોની અને સ્ટાફની અપૂરતા પ્રમાણમાં થયેલ નિમણૂક થકી ન્યાયમાં થતા અસહ્ય વિલંબને અટકાવવા તથા અંદાજે દોઢ હજારથી વધુ જૂના અને અપ્રસ્તુત કાયદાઓને બદલવાની તૈયારી વર્તમાન કેન્દ્ર સરકારે કરી છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની નિમણૂકની લાયકાતો જણાવો.
(2) સર્વોચ્ચ અદાલતની મૂળભૂત ક્ષેત્રાધિકાર હેઠળની સત્તાઓ વિશે જણાવો.
(3) સર્વોચ્ચ અદાલતના અધિકારક્ષેત્ર બહારની વિગતો વિશે જણાવો.
(4) મહાભિયોગની કાર્યવાહી સમજાવો.
(5) ફોજદારી દાવા અંગેની અપીલમાં સર્વોચ્ચ અદાલતની સત્તાઓ વર્ણવો.
(6) વડી અદાલતોના ન્યાયાધીશોની લાયકાતનાં ધોરણો વર્ણવો.
(7) તાબા હેઠળની વિવિધ અદાલતો જણાવો.

**2. નીચેનાં વિધાનો સમજાવો :**

(1) ન્યાયતંત્ર લોકશાહીની આધારશિલા છે.
(2) સર્વોચ્ચ અદાલત બંધારણ અને નાગરિકોના હકોના રક્ષક–વાલી છે.
(3) વડી અદાલત કડીરૂપ સ્થાન ધરાવે છે.
(4) લોકઅદાલતો આકર્ષણનું કેન્દ્ર બની છે.
(5) ધારાસભા અને કારોબારી બેજવાબદાર બને ત્યારે ન્યાયતંત્રની સક્રિયતા આશીર્વાદરૂપ બને છે.
(6) સર્વોચ્ચ અદાલત નઝીરી અદાલત ગણાય છે.
(7) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો નિવૃત્તિ બાદ પણ કોઈ પણ કોર્ટમાં વકીલાત કરી શકતા નથી.

**3. ટૂંક નોંધ લખો :**

(1) ન્યાયતંત્રની સ્વતંત્રતા

(2) વડી અદાલતનું અપીલી ક્ષેત્રાધિકાર

(3) નઝીરી અદાલત

(4) લોકઅદાલતો અને જાહેર હિતના દાવાઓ

(5) તાબાની અદાલતો

**4. નીચેનામાંથી યોગ્ય વિકલ્પની પસંદગી કરો :**

(1) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો અને વડી અદાલતના ન્યાયાધીશની નિવૃત્તિવય છે.

(A) 65 અને 58 (B) 65 અને 60 (C) 60 અને 65 (D) 65 અને 62

(2) જિલ્લા ન્યાયાધીશની લાયકાતમાં વકીલ તરીકેનો અનુભવ જરૂરી છે.

(A) ત્રણ વર્ષ (B) સાત વર્ષ (C) દશ વર્ષ (D) પાંચ વર્ષ

(3) મિઝોરમ અને ત્રિપુરાની વડી અદાલત કયા રાજ્યમાં આવેલી છે ?

(A) મેઘાલય (B) અરુણાચલ (C) અસમ (D) નાગાલેન્ડ

(4) મફત કાનૂની સત્તા સેવા મંડળની કચેરીનું વડું મથક ક્યાં આવેલું છે ?

(A) વડોદરા (B) રાજકોટ (C) અમદાવાદ (D) ગાંધીનગર

(5) સર્વોચ્ચ અદાલતના ન્યાયધીશની નિમણૂક કોણ કરે છે ?

(A) વડાપ્રધાન (B) રાષ્ટ્રપતિ (C) ઉપરાષ્ટ્રપતિ (D) કાયદા પ્રધાન

(6) ગ્રાહકોની ફરિયાદના નિવારણ માટે કઈ સંસ્થાની રચના થઈ છે ?

(A) મફત કાનૂની સલાહ કેન્દ્ર (B) દિવાની કોર્ટ

(C) ગ્રાહક ફોરમ (D) સ્મોલ કોઝ કોર્ટ

### પ્રવૃત્તિ

- શાળામાં 'વિદ્યાર્થી અદાલત'ની રચના કરવી તથા શાળામાં થતી નાની-મોટી અશિસ્તની ઘટના અંગે કસૂરવારો સામે ન્યાયિક કાર્યવાહી કરી સજા-દંડ કરવાની પ્રત્યક્ષ તાલીમ પૂરી પાડવી.
- સર્વોચ્ચ અદાલતો અને વડી અદાલતોના મુખ્ય ન્યાયાધીશોની સચિત્ર નોંધ સાથેનો હસ્તલિખિત અંક તૈયાર કરાવો.
- છેલ્લાં (પાંચ) વર્ષના ધ્યાનાકર્ષક ચુકાદાઓની સ્ક્રેપ બુક તૈયાર કરાવો.
- ન્યાયતંત્રએ નિષ્પક્ષ, નીડર અને તટસ્થ રહેવું જોઈએ એ વિષય પર શાળામાં નિષ્ણાત ધારાશાસ્ત્રીની અધ્યક્ષતામાં ચર્ચાસભા યોજો.
- 'લોકઅદાલત' અને 'ગ્રાહક ફોરમ (કોર્ટ)'ની કામગીરીનું પ્રત્યક્ષ નિદર્શન કરાવીને સ્વાનુભવ પર નિબંધસ્પર્ધા કે અહેવાલ લેખન કરાવો.
- ન્યાયતંત્રની સર્વોપરિતા અને સ્વતંત્રતા પર પ્રસિદ્ધ ધારાશાસ્ત્રીનો વાર્તાલાપ યોજો.
- માનવ અધિકાર દિન કે ગ્રાહક સુરક્ષા દિનની ઉજવણી નિમિત્તે પોસ્ટર સ્પર્ધા, સ્લોગન સ્પર્ધા યોજી પોતાના વિસ્તારમાં 'જનજાગ્રતિ' રેલીનું આયોજન કરો.

•

# 12 ભારતીય લોકશાહી

આપણો દેશ આખી દુનિયામાં સૌથી વધારે મતદારો ધરાવતો દેશ છે. વસ્તીની રીતે વિશ્વમાં સૌથી મોટી લોકશાહી આપણા દેશની છે. આ અનોખી લોકશાહીને આજે સાડા છ દાયકા કરતાં વધારે વર્ષો થયાં છે. આ સમય દરમિયાન આપણાં દેશમાં અનેક રાજકીય ઝંઝાવાતો અને ઉતાર-ચઢાવ આવ્યા છે. તેમ છતાં પણ આપણી લોકશાહી મતદારોની નિષ્ઠા અને કોઠાસૂઝને કારણે ટકી શકી છે. આપણે લોકશાહીના રક્ષણ અને જતન માટેના પ્રયત્નો કરીએ છીએ. હવે આપણે ભારતીય લોકશાહીના કેટલાંક મહત્ત્વનાં લક્ષણોનો અહીં અભ્યાસ કરીશું.

## લોકશાહીમાં ચૂંટણી

વિશ્વમાં અનેક દેશમાં લોકશાહી છે. લોકશાહી હોવા છતાં દરેક શાસનવ્યવસ્થામાં ભિન્નતા જોવા મળે છે. લોકશાહીમાં મતદાર પોતાનો મત આપે છે. શાસનવ્યવસ્થામાં ભિન્નતા હોવા છતાં દરેક લોકશાહીમાં મતાધિકાર અને મતદાન સર્વસામાન્ય બાબત છે. મતદાર ચૂંટણી વખતે પોતાનો મત આપી લોકશાહીને જીવંત રાખવામાં સહયોગી બને છે. આપણા દેશમાં સંસદીય વ્યવસ્થા છે. સંસદ લોકોનું પ્રતિનિધિત્વ કરતી રાષ્ટ્રીય સંસ્થા છે. સંઘની સંસદમાં રાષ્ટ્રપ્રમુખ, ઉપરાષ્ટ્રપ્રમુખ, રાજ્યસભા અને લોકસભાનો સમાવેશ થાય છે. આપણે અગાઉના પ્રકરણમાં જોયું કે સંસદનું ઉપલું ગૃહ રાજ્યસભા અને નીચલું ગૃહ લોકસભા છે. રાજ્યમાં વિધાનસભા હોય છે. કેટલાક રાજ્યોમાં વિધાનપરિષદ કાર્યરત છે. રાજ્યસભા, લોકસભા, વિધાનસભા અને વિધાન પરિષદની રચનાના કેન્દ્રમાં મતદાર છે. આપણા દેશમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મતદાન દ્વારા ચૂંટણી થાય છે. આમ, ચૂંટણી દ્વારા લોકશાહી ચરિતાર્થ થાય છે.

## લોકશાહી અને મતદાર

લોકશાહીમાં મતદાર મહત્ત્વ ધરાવે છે. આપણા દેશમાં સાર્વત્રિક અને પુખ્ત મતાધિકાર છે. 18 વર્ષ કે તેથી મોટી ઉંમરની વ્યક્તિનું મતદાર યાદીમાં નામ નોંધાવેલ હોય તે વ્યક્તિ મતદાન કરી શકે છે. જેણે નાદારી નોંધાવી ન હોય તેમજ માનસિક રીતે અસ્થિર જાહેર ન થયેલ હોય તેવો પ્રત્યેક ભારતીય નાગરિક કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર મતાધિકાર પ્રાપ્ત કરી શકે છે. શિક્ષણનું ઓછું પ્રમાણ, ગરીબી અને આવી અનેક બાબતો વચ્ચે પણ સાર્વત્રિક પુખ્ત મતાધિકાર દ્વારા બંધારણે મતદાર ઉપર વિશ્વાસ મૂક્યો છે. સાર્વત્રિક પુખ્ત વય મતાધિકારમાં 'વ્યક્તિ દીઠ એક મત'નો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે. લોભ, લાલચ અને ડર વગર મતદાન કરવાની દરેક નાગરિકની ફરજ છે. મતદાર જાગ્રત તેમજ પોતાની ફરજ પ્રત્યે સભાન હોવો જોઈએ. બંધારણમાં દરેક નાગરિકને જ્ઞાતિ, ધર્મ, જાતિ કે શિક્ષણના ભેદભાવ વગર મતદાનનો અધિકાર આપવામાં આવ્યો છે. લોકશાહીમાં મતદાન એક મહત્ત્વપૂર્ણ પ્રક્રિયા છે. આપણા દેશમાં સાર્વત્રિક મતાધિકાર છે. મતદાન મતદારનો અધિકાર હોવા ઉપરાંત મતદાન આપણી ફરજ પણ છે. દરેક મતદારે પોતાના અધિકારનો ઉપયોગ કરવો જોઈએ.

## લોકશાહીનો આધારસ્તંભ–ચૂંટણી

લોકશાહીનો આધાર એટલે ચૂંટણી. ચૂંટણી વખતે ઉત્સવ જેવું વાતાવરણ જોવા મળે છે. ચૂંટણી વખતે પ્રજા તેમના પ્રતિનિધિનું મૂલ્યાંકન કરી શકે છે. નિર્ધારિત લાયકાત ધરાવતી દરેક વ્યક્તિને લોકશાહીમાં ચૂંટણી લડવાનો અધિકાર છે. ચૂંટણીમાં રાજકીય પક્ષો ઉપરાંત અપક્ષ ઉમેદવારો ચૂંટણી લડે છે. ચૂંટણીમાં જે રાજકીય પક્ષ અથવા જે રાજકીય પક્ષોના ગઠબંધનના સૌથી વધારે ઉમેદવારો વિજેતા બન્યા હોય તે સત્તા પર આવે છે. લોકશાહીમાં લોકોનું સમર્થન મેળવીને જ સત્તા સુધી પહોંચી શકાય છે. આપણી લોકશાહી વ્યવસ્થામાં દેશની સૌથી ટોચની સંસ્થા સંસદ અને સૌથી પાયાનો એકમ ગ્રામપંચાયત છે. ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત જેવી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પણ ચૂંટણી થાય છે. આ સંસ્થાઓમાં લોકોના મતદાન વડે જ વિજેતા સભ્યોની પસંદગી થાય છે. નાનાં શહેરોમાં નગરપાલિકા કે મોટાં શહેરોમાં મહાનગરપાલિકાની ચૂંટણી થાય છે. ચૂંટણી લોકશાહીને જીવંત અને ધબકતી રાખે છે.

રાજકીય પક્ષો તેમજ ચૂંટણીના ઉમેદવારો માટે ચૂંટણી ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. ચૂંટણી લોકશાહીની પારાશીશી છે. ચૂંટણી મતદારને તેના ઉમેદવારનું મૂલ્યાંકન કરવાની તક આપે છે. ચૂંટણી દેશમાં નવી રાજકીય વ્યવસ્થા કે રાજકીય વમળો સર્જે છે. ચૂંટણીથી દેશના સામાજિક અને આર્થિક વાતાવરણનો ખ્યાલ આવે છે. ચૂંટણી દ્વારા સરકારોનું ભવિષ્ય નક્કી થાય છે. રાજકીય પક્ષો ઉપરાંત અપક્ષો અને સંગઠનો ચૂંટણી લડતા હોય છે. સંસદીય લોકશાહીમાં જે રાજકીય પક્ષના ઉમેદવારો વધારે સંખ્યામાં ચૂંટાઈ આવે તે પક્ષ અથવા ગઠબંધનને આધારે ચૂંટાયેલ સભ્યોનો સમૂહ સત્તામાં આવે અને સરકાર રચે છે. લોકશાહીમાં લોકોનું સમર્થન ચૂંટણી દ્વારા જ જાણી શકાય છે. લોકોના સમર્થન દ્વારા જ સત્તા મેળવી કે ટકાવી શકાય છે. લોકશાહીનો પ્રાણ ચૂંટણી હોઈ ચૂંટણી પ્રક્રિયા પારદર્શક હોય તે ખૂબ જ મહત્ત્વનું છે.

### લોકશાહીમાં લોકમત

આપણા દેશમાં પ્રાતિનિધિક લોકશાહી છે. અહીં મતદાન દ્વારા વિજેતા જાહેર થાય તે લોક પ્રતિનિધિ બને છે. આમ, પ્રાતિનિધિક વ્યવસ્થામાં સત્તાધારી પક્ષ સત્તા ટકાવી રાખી ફરી સત્તામાં આવવાનું વિચારે છે. સત્તામાં ન હોય તે પક્ષ સત્તા મેળવવા માટે લોકમત ઊભો કરવાનો પ્રયત્ન કરે છે. સત્તા ટકાવી રાખવા કે સત્તામાં આવવા માટે લોકોને પોતાની સાથે જોડવા જરૂરી થઈ પડે છે. સરકારને ટકાવી રાખવા માટે સરકારની કામગીરી, નીતિ કે વિવિધ પ્રશ્નો અંગે લોકોના વિચારો ઉપરાંત લોકમતને ધ્યાનમાં રાખવો જરૂરી થઈ પડે છે. લોકમત રાજકીય પક્ષો, પ્રતિનિધિઓ અને સંગઠનો માટે ખૂબ જરૂરી છે. સંગઠિત લોકમતનું લોકશાહીમાં અત્યંત મહત્ત્વ રહેલું છે.

પ્રબળ અને સંગઠિત લોકમત લોકશાહીમાં વિશેષ મહત્ત્વ ધરાવે છે. લોકમત સરકારને ગેરવહીવટ કરતાં રોકે છે. લોકમત દ્વારા દેશહિતને અવગણી ન શકાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થઈ શકે છે. જાગ્રત, બુદ્ધિશાળી અને માહિતગાર નાગરિકોને સરકાર ભરમાવી શકતી નથી. આધુનિક સમયમાં લોકમત કેળવવા કેટલાંક માધ્યમો ખૂબ ઉપયોગી સાબિત થયાં છે. આ માધ્યમોનો વિગતે પરિચય મેળવીએ.

### લોકશાહીમાં લોકમત ઘડતરનાં માધ્યમો

લોકમાનસના ઘડતર માટે તેમજ લોકજુવાળ ઊભો કરવા પ્રચાર-પ્રસારનાં માધ્યમો ખૂબ જ ઉપયોગી થઈ પડે છે. આધુનિક સમયમાં લોકો સુધી વાત કે વિચારને પહોંચાડવા અનેક માધ્યમોનો ઉપયોગ થાય છે. આ માધ્યમોને મુખ્યત્વે બે ભાગમાં વહેંચી શકાય.

**મુદ્રિત માધ્યમ :** આધુનિક સમયમાં દેશ અને દુનિયાની ઘટનાઓ વિશે લોકો જાણી શકે, માહિતી મેળવી શકે તે માટે દૈનિક સમાચારપત્રો, પાક્ષિકો અને ચોક્કસ પ્રકારનાં સામયિકો મહત્ત્વ ધરાવે છે. આવાં માધ્યમમાં છપાઈને આવતી વિગતો લોકો વાંચી, જાણકારી મેળવી પોતાના અભિપ્રાય સાથે વાતનો સ્વીકાર કે અસ્વીકાર કરે છે. વિવિધ વિચારસરણી ધરાવતા લોકો એક જ વિગત વાંચીને જુદાં જુદાં તારણ ઉપર આવે તેવું બની શકે છે. છપાયેલી એક જ પ્રકારની વિગતોને પોતપોતાના વ્યક્તિગત અભિપ્રાયો આપે છે. આ અભિપ્રાયોની વિગત સાચી, તટસ્થ અને કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ વગરની હોય તે જરૂરી છે. જો આ વિગતો પૂર્વગ્રહ સાથે છપાઈ હોય તો ખોટો લોકમત ઊભો થવાની સંભાવના છે. ખોટો લોકમત ઊભો કરવા સરકાર પોતાની સિદ્ધિઓ જ બતાવે અને તેની ભૂલો, નિષ્ફળતાઓ કે ખામીઓ છુપાવે એવું ન બને તે માટે 'અખબારી સ્વાતંત્ર્ય' હોવું અત્યંત જરૂરી છે. આપણો દેશ ભાષા, સંસ્કૃતિ અને પ્રાદેશિક વિવિધતા ધરાવતો હોઈ દેશની વિવિધતા વચ્ચે પ્રાદેશિક ભાષાનાં સ્થાનિક અખબારો વાચકોના આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે. આ કારણે તેઓ લોકમત ઘડતરમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. જ્યાં સાક્ષરતાનું પ્રમાણ ઓછું હોય તેવા દેશ કે પ્રદેશમાં મુદ્રિત માધ્યમો લોકમત કેળવવામાં અસરકારક સાબિત થતાં નથી. આમ છતાં મુદ્રિત સાહિત્યના પ્રભાવને કારણે આજે વિવિધ સંગઠનો, ઔદ્યોગિક જૂથો અને રાજકીય પક્ષો પોતાનાં દૈનિકપત્રો કે મુખપત્રોનું પ્રકાશન કરે છે. સરકાર દ્વારા અનેક પ્રકારનાં સામયિકો, માહિતી આપતા અંકોનું પણ પ્રકાશન કરવામાં આવે છે.

**વીજાણુ માધ્યમ :** લોકમત ઘડતરમાં રેડિયો, ટેલિવિઝન, સિનેમા જેવાં દૃશ્ય-શ્રાવ્ય માધ્યમોનું સ્થાન મહત્ત્વનું છે. જ્યાં નિરક્ષરતાનું પ્રમાણ વધુ હોય ત્યાં વીજાણુ માધ્યમ વધુ અસરકારક છે. વર્તમાનપત્રો કે સામયિકો કરતાં રેડિયો અને ટેલિવિઝનનું મહત્ત્વ વધારે જોવા મળે છે. દેશ-વિદેશની ઘટનાઓ આજે રેડિયો કે ટેલિવિઝન દ્વારા તે જ સમયે જીવંત પ્રસારણ દ્વારા વ્યક્તિ

સુધી સરળતાથી પહોંચે છે. ધારાવાહિકો, નાટકો અને ફિલ્મ દ્વારા મનોરંજનની સાથે અસ્પૃશ્યતા, દહેજપ્રથા, શોષણ, ગરીબી જેવી સામાજિક અને આર્થિક ઉપરાંત અનેક સમસ્યાઓની રજૂઆત અસરકારક રીતે કરીને લોકમત કેળવી શકાય છે.

આધુનિક સમયમાં ટેલિવિઝન ઉપરાંત ઇન્ટરનેટનાં આગમન અને તેના ફેલાવાથી લોકો ઘરે બેઠાં સમાચારો, ધારાવાહિકો, નાટકો અને ફિલ્મનો આનંદ માણે છે. આજે આ માધ્યમ દ્વારા રજૂ થતી વિકૃત, બીભત્સ અને હિંસાની માણસ પર ખરાબ અસર થઈ શકે છે. આવા મહત્ત્વના માધ્યમમાં અયોગ્ય પ્રસારણ ન થાય અને તેના ઉપર યોગ્ય નિયંત્રણ મુકાય તે જરૂરી છે. વીજાણુ માધ્યમમાં પ્રસારિત થતા વિવિધ બીભત્સ અને હિંસા દર્શાવતા કાર્યક્રમો સામે રાજકીય પક્ષો અને સ્વૈચ્છિક સંગઠનો યથાયોગ્ય સમયે આંદોલન કરે તે લોકશાહીમાં આવકાર્ય છે.

આજકાલ ટેક્નોલૉજી એટલી ઝડપી છે કે ઇન્ટરનેટ અને સેલફોન દ્વારા સતત લોકો એકબીજાથી સંપર્કમાં રહી પોતાની વાત કે વિચારો ફેલાવવાનું કાર્ય કરે છે. આજે લોકમત કેળવવા માટે વીજાણુ માધ્યમોનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય છે. ટેલિવિઝન, રેડિયો, ખાનગી રેડિયો એટલે કે એફ. એમ. આધુનિક સમયમાં લોકમત કેળવવા માટે વિશિષ્ટ માધ્યમ છે.

તટસ્થ વિગતો કે જાણકારી વગર આધુનિક સમયમાં ઘટનાની માહિતી ઝડપથી ફેલાઈ જાય છે. ખોટી વિગતોને આધારે ક્યારેક ખોટો લોકમત કેળવાઈ જવાનો ડર રહે છે. વીજાણુ માધ્યમ દ્વારા થતાં વિવિધ પ્રકારના સર્વે લોકમત કેળવવાનું કાર્ય કરે છે. કોઈ ચોક્કસ વિગતોને આધારે લોકમત જાણવા સરવે કરવામાં આવે છે. ચૂંટણી સમયે 'ઓપિનિયન પોલ' રજૂ કરવામાં આવે છે. ઓપિનિયન પોલ દ્વારા લોકમત કઈ દિશામાં ઢળી રહ્યો છે તેનો અંદાજ આવે છે. ઓપિનિયન પોલ દરેક વખતે સાચાં જ અને વિશ્વસનીય હોતા નથી.

આજના સમયમાં વીજાણુ માધ્યમો ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. લોકશાહીમાં લોકો અને સરકારે ધીરજ રાખવી જરૂરી થઈ પડે છે. લોકોની વાત, વિચાર કે વિગત સરકાર સુધી પહોંચે અને સરકારની વિવિધ યોજનાની વિગતો તથા સરકારની સિદ્ધિઓ લોકો સુધી પહોંચાડવામાં આ માધ્યમો ખૂબ જ ઉપયોગી છે. રેડિયો દૂર તેમજ અંતરિયાળ પ્રદેશો સુધી પોતાનું કાર્યક્ષેત્ર ધરાવે છે. માત્ર શ્રાવ્ય માધ્યમ હોવાથી રેડિયો અસરકારક માધ્યમ બની શક્યો નથી. રેડિયોની સરખામણીમાં ટેલિવિઝન ઉપર પ્રસારિત કાર્યક્રમો ખર્ચાળ હોવા છતાં વીજાણુ માધ્યમ તરીકે લોકભોગ્ય બન્યાં છે. લોકશાહીમાં લોકો પ્રથમ રાષ્ટ્રહિતને મહત્ત્વ આપીને જ પોતાનો લોકમત રજૂ કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

## લોકશાહીના પ્રકાર

વિશ્વમાં અનેક દેશોમાં લોકશાહી છે. લોકશાહી શાસનવ્યવસ્થામાં પણ ભિન્નતા જોવા મળે છે. આપણા દેશમાં સંસદીય લોકશાહી શાસનવ્યવસ્થા છે. અમેરિકા જેવા દેશમાં પ્રમુખીય લોકશાહી શાસનવ્યવસ્થા જોવા મળે છે. સંસદીય લોકશાહી અને પ્રમુખીય લોકશાહી એમ મુખ્ય બે પ્રકાર વિશે આપણે જોઈશું.

**સંસદીય લોકશાહી** : આપણા દેશે સંસદીય લોકશાહીનો સ્વીકાર કર્યો છે. જેમાં લોકસભામાં જે પક્ષને સ્પષ્ટ બહુમતી મળી હોય તેના નેતાને  રાષ્ટ્રપ્રમુખ વડાપ્રધાન તરીકે નીમે છે. વડાપ્રધાન સરકારની રચના કરે છે. આ સંસદીય સરકાર લોકસભાને સંપૂર્ણપણે જવાબદાર છે. જ્યાં સુધી સરકાર લોકસભાના બહુમતી સભ્યોનો વિશ્વાસ ધરાવતી હોય ત્યાં સુધી જ તે સત્તા ઉપર રહી શકે છે.

**પ્રમુખીય લોકશાહી** : પ્રમુખીય શાસનવ્યવસ્થા લોકશાહીનો બીજો મહત્ત્વનો પ્રકાર છે. પ્રમુખીય લોકશાહીમાં સામાન્ય રીતે પ્રમુખ સીધેસીધા લોકો દ્વારા ચૂંટાય છે. પ્રમુખ બંધારણમાં નિશ્ચિત કરવામાં આવેલી મુદત સુધી સત્તા ઉપર રહે છે. અમેરિકા અને દુનિયાના બીજા કેટલાક દેશોમાં આવી પ્રમુખીય લોકશાહી શાસનવ્યવસ્થા છે.

## લોકશાહીમાં ચૂંટણી તંત્ર

આપણો દેશ વિશ્વમાં સૌથી વધારે મતદારો ધરાવતો દેશ છે. આ ચૂંટણી પ્રક્રિયાનું સંચાલન, નિયમન અને નિરીક્ષણ ચૂંટણી પંચ કરે છે. દેશની લોકશાહી જીવંત રહે તે માટે ચૂંટણી પંચ સ્વતંત્ર, નિષ્પક્ષ અને સ્વાયત્ત હોવું જરૂરી છે. ચૂંટણી પંચની સ્વાયત્તતા જળવાઈ રહે તે જરૂરી છે. આ માટે ચૂંટણી કમિશનરોની નિમણૂક, નોકરીની શરતો અને હોદ્દા પરથી મુક્ત કરવા કે દૂર કરવા માટે બંધારણમાં ચોક્કસ જોગવાઈ કરવામાં આવી છે. સંસદ, રાજ્યોની વિધાનસભા, વિધાન પરિષદ ઉપરાંત રાષ્ટ્રપ્રમુખ અને ઉપરાષ્ટ્રપ્રમુખની ચૂંટણી કરવા માટેની જવાબદારી અને સત્તા ચૂંટણી પંચની છે. આપણા દેશની ચૂંટણી ગુપ્ત મતદાન દ્વારા થાય છે. વિધાનસભા કે સંસદની પાંચ વર્ષની મુદત પૂર્ણ થાય ત્યારે તેનું વિસર્જન કરી નવેસરથી ચૂંટણી કરવામાં આવે છે. કોઈના અવસાન કે રાજીનામાથી ખાલી પડેલ બેઠક ભરવા માટે યોજાતી ચૂંટણીને પેટા ચૂંટણી કહે છે. ચૂંટણીની તારીખોની જાહેરાત,

ઉમેદવારી પત્ર ભરવાથી લઈ તેની ચકાસણી, ઉમેદવારીપત્ર પાછું ખેંચવાની તારીખ, ઉમેદવારની અંતિમ યાદીની જાહેરાત, ચૂંટણી પ્રતીક ફાળવવા માટે નક્કી કરવા જેવી બાબતો ચૂંટણી પંચનાં કાર્યક્ષેત્રમાં આવે છે. ચૂંટણીની તારીખો જાહેર થાય તે સમયથી જ આચારસંહિતા લાગુ પડે છે. સરકાર આચારસંહિતાના અમલ દરમિયાન લોકમતને પ્રભાવિત થાય તેવા કોઈ નીતિવિષયક નિર્ણયો કે લાભકારી જાહેરાતો કરી શકતી નથી.

ચૂંટણી પહેલાં ઉમેદવાર કે તેમનો રાજકીય પક્ષ પોતાનો ચૂંટણી ઢંઢેરો બહાર પાડે છે. આ ચૂંટણી ઢંઢેરામાં આર્થિક, સંરક્ષણ તેમજ વિદેશનીતિ અને સરકારની કરવા ધારેલી કામગીરી અને યોજનાઓ ઉપરાંત વિવિધ સમસ્યાઓ અને તેના નિરાકરણ સંદર્ભે પોતાનું કે રાજકીય પક્ષનું વલણ સ્પષ્ટ કરે છે.

### લોકશાહીમાં ગુપ્ત મતદાન

આપણાં દેશમાં સંપૂર્ણ ગુપ્ત અને સ્વતંત્ર રીતે મતદાન દ્વારા ચૂંટણી યોજાય છે. ભારતની સંસદની ચૂંટણીને વિશ્વની સૌથી મોટી મતદાનની પ્રક્રિયા માનવામાં આવે છે. ચૂંટણી વખતે વિવિધ પક્ષો, સંગઠનો અને અપક્ષ ઉમેદવાર ચૂંટણી લડે છે. સૌ પોતાના વિચારો, કરેલાં કાર્યો અને ભાવી આયોજન મતદાર સામે રજૂ કરે છે. મતદારો કોઈ પ્રકારના લોભ, લાલચ કે ડર વગર મતદાન કરે તે અપેક્ષિત છે.

ચૂંટણી પ્રક્રિયા દરમિયાન 'ગુપ્ત મતદાન'ને મહત્ત્વ આપવામાં આવ્યું છે. મતદારને પોતાનો મત ગુપ્ત રાખવાનો અધિકાર મળ્યો છે. મતદારે કોને મત આપ્યો તેવું પૂછી શકાતું નથી. ચૂંટણી પંચની અદ્ભુત પ્રક્રિયાને લીધે મતદારનો મત ગુપ્ત રહે છે. ચૂંટણી પ્રક્રિયામાં જોડાએલ સૌ કર્મચારીઓ, સેનાના સૈનિક પણ ચૂંટણીમાં મતદાન કરી શકે તેવી વ્યવસ્થા ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવે છે. મતદાન કરવા માટે મુખ્યત્વે બે પ્રક્રિયા ઉપયોગમાં લેવાય છે. (અ) મતપત્રકો દ્વારા મતદાન (બ) વીજાણુ મશીન (EVM) દ્વારા મતદાન. મતપત્રો દ્વારા થયેલ મતદાનની ગણતરી કરવામાં સમય જાય છે. આધુનિક સમયમાં મોટા ભાગની ચૂંટણી વીજાણુ મશીનથી થાય છે. આ મશીનને Electronic Voting Machine કે EVM તરીકે પણ ઓળખવામાં આવે છે. આ મશીનને કારણે મતગણતરી ઝડપી બની છે. માનવ કલાકો અને માનવ શ્રમનો બચાવ થાય છે. કાગળનો બચાવ થતો હોવાથી પર્યાવરણનું નુકસાન થતું પણ અટકાવી શકાય છે. ઉમેદવારો પૈકી એક પણ ઉમેદવારને મત ન આપવા માંગે તો મતદાર (નન ઑફ ધી એબોવ – NOTA કે (નોટા)નો ઉપયોગ કરી શકે છે.

### લોકશાહી અને રાજકીય પક્ષો

આપણા દેશમાં બહુપક્ષીય લોકશાહી હોવાથી દેશમાં અનેક નાના-મોટા રાજકીય પક્ષો છે. પક્ષને માન્યતા આપવા માટે ચૂંટણી પંચે ચોક્કસ ધોરણો નક્કી કર્યા છે. રાષ્ટ્રીય કે પ્રાદેશિક પક્ષ તરીકે ચૂંટણી પંચ ચોક્કસ નીતિ અને નક્કી કરેલાં ધોરણોને આધારે માન્યતા આપે છે. જે રાજકીય પક્ષ ઓછાંમાં ઓછાં ચાર રાજ્યમાંથી ચૂંટણી લડે. આ ચારેય રાજ્યમાં યોજાયેલ છેલ્લી ચૂંટણીમાંના કુલ મતદાનના ચાર ટકા મત મેળવનાર રાજકીય પક્ષને રાષ્ટ્રીય પક્ષ અને અન્ય પક્ષને પ્રાદેશિક પક્ષ તરીકે માન્યતા આપવામાં આવી છે. ચૂંટણીપંચ દ્વારા આપવામાં આવેલ માહિતી અનુસાર 10 માર્ચ, 2014 સુધી દેશમાં 1593 રાજકીય પક્ષો નોંધાયા છે. છેલ્લા વર્ષે 239 પક્ષોનો વધારો થયો છે.

આપણાં દેશમાં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ INC (Congrece) અને ભારતીય જનતા પક્ષ (BJP) મુખ્ય રાજકીય પક્ષો છે. ઉપરાંત બહુજન સમાજવાદી પાર્ટી (BSP) કૉમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઇન્ડિયા (CPI), કૉમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઇન્ડિયા (માર્કસિસ્ટ) (CPIM) અને રાષ્ટ્રીય કૉંગ્રેસ પાર્ટી (NCP) જેવા રાષ્ટ્રીય સ્તરના પક્ષો છે. આ ઉપરાંત શિવસેના, તૃણમૂલ કૉંગ્રેસ, સમાજવાદી, પાર્ટી (SP), (દ્રવિડ મુનેત્રકઝગમ) (DMK), (ઓલ ઇન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્રકઝગમ) (AIADMK) અને આમ આદમી પાર્ટી (AAP), જનતાદળ યુનાઇટેડ (JDU), રાષ્ટ્રીય જનતા દળ (RJD) જેવા પ્રાદેશિક પક્ષો છે. રાષ્ટ્રીય પક્ષ તરીકે માન્ય પક્ષની માન્યતા, મેળવેલ મતના આધારે રદ થઈ શકે છે - જ્યારે કેટલાક પ્રાદેશિક પક્ષોને રાષ્ટ્રીય પક્ષ તરીકેની માન્યતા પણ મળી શકે છે. સરકાર બનાવનાર, સત્તા ભોગવનાર પક્ષ–સત્તાપક્ષ અને વિરોધ કરનાર પક્ષ–વિરોધપક્ષ તરીકે ઓળખાય છે. સરકારનો નીતિવિષયક લોકતાંત્રિક ઢબે વિરોધ દર્શાવીને લોકમત ઘડતરનું કાર્ય કરે છે. જરૂર પડે તેવા સામાજિક અને જાહેર હિત ધરાવતા પ્રશ્નોમાં સરકારને સહકાર આપે તે તંદુરસ્ત લોકશાહીમાં અપેક્ષિત છે. સરકારપક્ષ અને વિરોધપક્ષના સમતોલ સંબંધો ઉપર લોકશાહીની સફળતાનો આધાર છે. અસરકારક અને સબળ વિરોધપક્ષ એ જીવંત લોકશાહી માટે અનિવાર્ય શરત છે. લોકશાહી એક રથ છે. સત્તાપક્ષ અને વિરોધપક્ષ લોકશાહીના રથનાં બે પૈડાં છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) કેટલાં વર્ષે મતદાન કરવાનો અધિકાર મળે છે ?

(2) લોકમત કેળવવા કયાં કયાં માધ્યમોનો ઉપયોગ થાય છે ?

(3) ભારતમાં કયા કયા પ્રાદેશિક અને રાષ્ટ્રીય રાજકીય પક્ષો સક્રિય છે ?

**2. વિધાનનાં કારણ સમજાવો :**

(1) મતદાર લોકશાહીને જીવંત રાખે છે.

(2) સંસદીય લોકશાહી અનોખી અને મહત્ત્વની છે.

(3) પ્રસાર માધ્યમો એ લોકમત કેળવવાનું સઘન માધ્યમ છે.

(4) ચૂંટણી એ લોકશાહીની પારાશીશી છે.

**3. ટૂંક નોંધ લખો :**

(1) રાજકીય પક્ષના પ્રકારો (2) મતદાર અને સરકાર (3) ચૂંટણી પંચ અને રાજકીય પક્ષો

**4. તફાવત લખો :**

(1) રાષ્ટ્રીય પક્ષો અને પ્રાદેશિક પક્ષો

(2) સંસદીય લોકશાહી અને પ્રમુખીય લોકશાહી

(3) મુદ્રિત માધ્યમો અને વીજાણુ માધ્યમો

**5. ખાલી જગ્યા પૂરો :**

(1) આપણાં સાર્વત્રિક પુખ્ત મતાધિકારમાં ...... સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે.

(A) વ્યક્તિ દીઠ બહુમત (B) વ્યક્તિ દીઠ એકમત (C) વ્યક્તિ દીઠ વિરોધમત (D) વ્યક્તિ દીઠ જાહેરમત

(2) લોકમત ઘડતર માટે ...... માધ્યમ ઓછું અસરકારક છે.

(A) દૃશ્ય-શ્રાવ્ય માધ્યમ (B) દૃશ્ય માધ્યમ (C) શ્રાવ્ય માધ્યમ (D) મુદ્રિત માધ્યમ

(3) EVM સાચું નામ ...... છે.

(A) ઇલેક્ટ્રૉનિક વેલ્યુ મશીન (B) ઇલેક્ટ્રૉનિક વેઇટ મશીન

(C) ઇલેક્ટ્રૉનિક વોટિંગ મૅથડ (D) ઇલેક્ટ્રૉનક વોટિંગ મશીન

**આટલું કરીએ :**

- રાષ્ટ્રીય મતદાતા દિવસ ( 25મી જાન્યુઆરી)ની ઉજવણી ઉપરાંત મતદાન મહાદાન... મતદાન મતદારનો અધિકાર... મતદાર જાગે... વિકાસ માંગે... મતદાર બનાવે છે સરકાર જેવા વિષયો અંગે ચર્ચાનું આયોજન કરવું.
- લોકશાહીને જીવંત રાખતાં વિવિધ ચિત્રો, ફોટોગ્રાફ કે કાર્ટૂન એકઠાં કરી તેનું શાળા કક્ષાએ પ્રદર્શન રાખી શકાય. વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરી શકાય. લોકશાહીને જીવંત રાખી શકાય તેવી ખાસ વ્યવસ્થા અને પ્રવૃત્તિઓનું શાળામાં આયોજન કરી શકાય.
- શાળામાં સંસદીય ચૂંટણી ઢબે વિદ્યાર્થીમંડળની ચૂંટણી પ્રક્રિયા ગોઠવો.
- આપણાં મુખ્ય બે પ્રકારનાં માધ્યમો વિશે ચર્ચાને આધારે તેના યોગ્ય અને અયોગ્ય ઉપયોગ અંગે વિચાર અહીં રજૂ કરો :

| મુદ્રિત માધ્યમનો વ્યક્તિગત યોગ્ય ઉપયોગ | વીજાણુ માધ્યમનો વ્યક્તિગત યોગ્ય ઉપયોગ |
|---|---|
| • | • |
| • | • |
| • | • |
| મુદ્રિત માધ્યમનો વ્યક્તિગત અયોગ્ય ઉપયોગ | વીજાણુ માધ્યમનો વ્યક્તિગત અયોગ્ય ઉપયોગ |
| • | • |
| • | • |
| • | • |

•

# એકમ 3 : ભારતભૂમિ અને લોકો

ગત સદીના દેશ અને દુનિયાને પ્રભાવિત કરનાર સંજોગો કે ઘટનાક્રમથી આપણે પરિચિત થયા. દેશનો સ્વાધીનતા સંગ્રામ અને સ્વતંત્રતાની પ્રાપ્તિ એ ગતસદીની વિશ્વને સ્પર્શતી અત્યંત મહત્ત્વની ઘટનાઓમાં સ્થાન પામે છે. નવા સ્વતંત્ર થયેલા રાષ્ટ્ર સામેના પડકારોને સફળતાપૂર્વક પાર પાડીને આપણે વિકાસની નવી રાહ કંડારી છે. જવાબદાર રાજ્યતંત્ર, નાગરિક અધિકારો, મુક્ત ન્યાયતંત્ર વગેરે સહિત રાષ્ટ્રના નવનિમાર્ણ માટે આપણે સહુ પ્રતિબદ્ધ છીએ.

એકવીસમી સદીના બીજા દસકાના પૂર્ણ થવા તરફની આપણી આ વિકાસયાત્રા સ્વતંત્ર ભારતની સાડા છ દાયકા ઉપરાંતની મજલને અંતે એક સિંહાવલોકન કરતાં આપણને વિકાસનું આયોજન કરવામાં સુગમતા રહેશે.

કોઈ પણ ક્ષેત્ર કે દેશ માટે તેની કુદરતી સંપત્તિ તેનું સ્થાન ભવિષ્યની આર્થિક પ્રવૃત્તિઓની અને વિકાસની અસીમ સંભાવનાઓ માટેની પૃષ્ઠભૂમિ છે. આ સંદર્ભે આપણા દેશના ભૂપૃષ્ઠ, જળ-પરિવાહ, જૈવવૈવિધ્યનો અભ્યાસ અત્યંત રસપ્રદ બની રહેશે. દેશના ભાતીગળ લોકજીવનની ઝાંખી, ખાન-પાન, પહેરવેશ કે રીતરિવાજોની વિવિધતા વિશાળ રાષ્ટ્રની છબી તાદશ્ય કરે છે. તો વળી આપત્તિઓના પ્રબંધનની જાણકારીથી આપણે તેની અસરોની તીવ્રતાને ઘટાડી શકીશું.

•

# 13 ભારત : સ્થાન, ભૂસ્તરીય રચના અને ભૂપૃષ્ઠ - I

વિશ્વના દેશોમાં ભારત આગવું સ્થાન ધરાવે છે. ભારત એક વિશાળ દેશ છે. ભારતીય સંસ્કૃતિ પ્રાચીનતમ છે. તે વિશ્વનો લોકશાહી ધરાવતો સૌથી મોટો દેશ છે. ભારતીય સંસ્કૃતિની સમન્વયકારી ભાવનાએ કોઈ પણ ધર્મ, જાતિ કે પ્રજાને તરછોડી નથી પરંતુ દરેકને માટે તેણે દ્વાર ખુલ્લા રાખી તેમને આવકાર્યા છે. આમ, સર્વધર્મ પ્રજા અને જાતિ પ્રત્યે સમભાવ એ ભારતની આગવી લાક્ષણિકતા છે. તેથી તો ભારત 'સંસ્કૃતિનું સમન્વય' બન્યું છે.

કુદરતી અને માનવસર્જિત અનેક આપત્તિઓ આવી હોવા છતાં ભારતે પોતાની પ્રગતિ અને વિકાસ અવિરતપણે ચાલુ રાખ્યા છે. આ ઉપરાંત ભારતીય સંસ્કૃતિના ઘડતર અને વિકાસમાં ભૌગોલિક પરિસ્થિતિએ પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.




13.1 વિશ્વમાં ભારત

### ભારત : સ્થાન - કદ - વિસ્તાર

ભૌગોલિક દૃષ્ટિએ ભારત ઉત્તર ગોળાર્ધમાં આવેલો છે. તે એશિયાખંડના દક્ષિણભાગમાં વિસ્તરેલો છે. ભારતના મુખ્ય ભૂમિખંડનો વ્યાપ 8°4' થી 37°6' ઉત્તર અક્ષાંશ વૃત્ત અને 68°7' થી 97°25' પૂર્વ રેખાંશવૃત્ત વચ્ચે આવેલો છે. ભારતની મધ્યમાંથી 'કર્કવૃત્ત' પસાર થાય છે જે 23°30' ઉ. અક્ષાંશવૃત્ત પર આવેલ છે અને દેશને બે ભાગોમાં વિભાજિત કરે છે. તેનો ઉત્તરભાગ વધુ પૂર્વ-પશ્ચિમ દિશાઓમાં ફેલાયેલો છે. અહીં વિશાળ મેદાનો તથા હિમાલય પર્વતશ્રેણી આવેલાં છે. કર્કવૃત્તથી દક્ષિણે આવેલું ક્ષેત્ર ત્રિકોણ આકાર ધરાવે છે. તેનો દક્ષિણ તરફનો ભૂ-ભાગ સાંકડો થતો જાય છે. આ મુખ્યત્વે દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશનો ભાગ છે તેમાં પૂર્વ તથા પશ્ચિમના કિનારાનાં સાંકડાં મેદાનોનો સમાવેશ થાય છે.

ભારત દેશના અક્ષાંશીય અને રેખાંશીય વ્યાપ બંને લગભગ સરખા અર્થાત્ 30° છે પરંતુ વાસ્તવિક રીતે કશ્મીરથી કન્યાકુમારી ઉત્તરથી દક્ષિણ લંબાઈ 3214 કિમી છે. પશ્ચિમે ગુજરાતથી શરૂ કરી પૂર્વે અરુણાચલ પ્રદેશ સુધીનો વિસ્તાર 2933 કિમી છે. રેખાંશીય તફાવતને કારણે તેના પૂર્વ તથા પશ્ચિમે આવેલા દૂરનાં સ્થળોના સ્થાનિક સમયમાં આશરે બે કલાકનો તફાવત છે. જ્યારે અરુણાચલ પ્રદેશના પૂર્વભાગમાં સૂર્યોદય થાય છે, એ જ સમયે પશ્ચિમ ગુજરાતમાં રાત હજુ બાકી હોય છે. આમ, ભારતના પ્રમાણ સમયની રેખા 82°.30' પૂર્વ રેખાંશવૃત્ત છે જે પાંચ રાજ્યોમાંથી પસાર થાય છે, તેની સ્થાનિક સમય જ સમગ્ર ભારતનો પ્રમાણસમય માનવામાં આવે છે.




13.2 ભારત - વિસ્તાર અને પ્રમાણસમય રેખા

ભારતનો કુલ વિસ્તાર 32.8 લાખ ચોકિમી છે અને ક્ષેત્રફળની દષ્ટિએ જોતાં ભારત વિશ્વમાં સાતમા ક્રમે આવે છે. ભારત વિશ્વના ભૂમિભાગ ક્ષેત્રના કેવળ 2.42 ટકા ધરાવે છે. વિશ્વના જે છ દેશો ભારતથી મોટા છે, તે અનુક્રમે (1) રશિયા (2) કેનેડા (3) યુ.એસ. (4) ચીન (5) બ્રાઝિલ (6) ઓસ્ટ્રેલિયા છે.

ભારતનો ભૂમિભાગ એશિયાખંડની દક્ષિણ તરફ આવેલો છે. તેની ઉત્તરમાં ઊંચી પર્વત શ્રેણીઓ સેંકડો કિલોમીટર લંબાઈમાં પશ્ચિમથી પૂર્વ દિશામાં પથરાયેલી છે. તેના કારણે તિબ્બત તથા ચીન સાથે આવન-જાવન કેવળ ઊંચાઈએ આવેલા પર્વતીય-ઘાટ મારફતે જ શક્ય છે. દક્ષિણમાં ભારતીય દ્વીપકલ્પની પૂર્વમાં બંગાળાની ખાડી, પશ્ચિમમાં અરબ સાગર તથા દક્ષિણે હિંદ મહાસાગર આવેલો છે. આ સમુદ્રનો જળમાર્ગ તરીકે ઉપયોગ થાય છે. જમીનમાર્ગો પર્વતીય અવરોધોથી ઘેરાયેલ હોવા છતાં ભારતે બહારથી આગમન થયેલાં સાંસ્કૃતિક તત્ત્વોને સ્વીકાર્યાં છે અને તેઓ ભારતીય સમાજમાં ભળી ગયાં છે.




13.3 ભારતનું વ્યૂહાત્મક સ્થાન

ભારત પૂર્વ ગોળાર્ધમાં મોકાનું સ્થાન ધરાવે છે અને તેનું વ્યૂહાત્મક મહત્ત્વ પણ વિશેષ છે. જેમાં પ્રાચીનકાળમાં પરસ્પર સંબંધોને વિકસાવવામાં સમુદ્રોનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. હિંદ મહાસાગરના શીર્ષસ્થ સ્થાને ભારત આવેલો છે. પૂર્વ આફ્રિકા, પશ્ચિમ એશિયા, દક્ષિણ એશિયા તથા દક્ષિણ પૂર્વ-એશિયાના દેશોની સાથે સમુદ્ર માર્ગો દ્વારા ભારતનો સંબંધ પ્રાચીનકાળથી રહ્યો છે. પરિણામે ભારતે આ દેશોની સાથે ઘનિષ્ઠ સાંસ્કૃતિક અને વ્યાપારિક સંબંધો પોતાના વિશિષ્ટ સ્થાનને કારણે વિકસાવ્યા છે. હિંદ મહાસાગરમાં કોઈપણ દેશની તટીયસીમા ભારત જેવી નથી. ભારતના આ મહત્ત્વના સ્થાનને કારણે એક મહાસાગરનું નામ એટલે કે હિંદ મહાસાગર તેના નામ પરથી રાખવામાં આવ્યું છે.

આંતરરાષ્ટ્રીય જળમાર્ગો પર ભારતનું સ્થાન પણ મહત્ત્વનું છે. ઈ.સ. 1869માં સુએઝ નહેર શરૂ થવાથી ભારત અને યુરોપ વચ્ચેનું અંતર આશરે 7000 કિલોમીટર ઘટી ગયું છે. પૂર્વ તથા દક્ષિણ પૂર્વ એશિયા અને ઑસ્ટ્રેલિયાથી આફ્રિકા તથા યુરોપને સાંકળતા જળ માર્ગો હિંદ મહાસાગર થઈને જાય છે. દક્ષિણ આફ્રિકા થઈને આવતો જળમાર્ગ તથા સુએઝ જળમાર્ગ ભારત પાસેથી પસાર થાય છે એ જ માર્ગ દ્વારા ઇન્ડોનેશિયાની મલાક્કા સામુદ્રધુની થઈને પેસિફિક મહાસાગર પસાર કરીને કેનેડા તથા યુ.એસ. પહોંચી શકાય છે.

ભારતનો સંપર્ક વિશ્વના અનેક દેશો સાથે સદીઓથી છે. વસ્તુઓ અને વિચારોનું આદાન-પ્રદાન પ્રાચીન કાળથી થઈ રહ્યું છે. આ જ પ્રમાણે ઉપનિષદોના વિચારો, રામાયણ તથા પંચતંત્રની વાર્તાઓ, ચિકિત્સા પદ્ધતિ, ભારતીય અંક અને દશાંશ પદ્ધતિ વગેરે વિશ્વના વિભિન્ન ભાગો સુધી પહોંચી શક્યાં છે.

### ભારતના પાડોશી દેશો

દક્ષિણ એશિયામાં ભારતનું એક મહત્ત્વપૂર્ણ સ્થાન છે. ભારતમાં 29 રાજ્યો, દિલ્હીનું રાજ્ય એક રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ અને 6 સંઘ શાસિત પ્રદેશ છે.

**● આટલું જાણવું ગમશે...**

**2 જૂન, 2014ના રોજ તેલંગણા તેના માતૃરાજ્ય આંધ્રપ્રદેશમાંથી નવું 29મું રાજ્ય બન્યું છેમેગાસિટી.**

ભારતની જમીન સીમા ઉત્તર-પશ્ચિમમાં પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સાથે અને ઉત્તર-પૂર્વમાં ચીન, નેપાળ, ભૂતાન દેશ સાથે તથા પૂર્વમાં મ્યાનમાર અને બાંગ્લાદેશ સાથે જોડાયેલી છે.




13.4 ભારત અને પડોશી દેશો

ભારતની દક્ષિણ દિશામાં સમુદ્રકિનારે આપણા પડોશી દેશો શ્રીલંકા અને માલદીવ આવેલા છે. ભારત અને શ્રીલંકા પાલ્ક (Palk)ની સામુદ્રધુની અને મન્નારના અખાત દ્વારા અલગ પડતા જોવા મળે છે. અરબ સાગરમાં લક્ષદ્વીપ ટાપુઓ આવેલા છે જ્યારે બંગાળાની ખાડીમાં અંદમાન-નિકોબાર ટાપુઓ આવેલા છે.


● **આટલું જાણવું ગમશે...**

ભારતનો દક્ષિણતમ છેડો 'ઇંદિરા પૉઇન્ટ' વર્ષ 2004માં આવેલ ત્સુનામીમાં જળમગ્ન થઈ ગયો હતો. આ સાથે અંદમાન-નિકોબારના પણ કેટલાક ટાપુઓ સમુદ્રમાં ડૂબી ગયા.

## ભૂસ્તરીય રચના

ભારતના વર્તમાન ભૂપૃષ્ઠનું સ્વરૂપ પૃથ્વીની ભૂ-સંચલન પ્રક્રિયા અને બાહ્ય હલન-ચલનનું પરિણામ છે. આ બંને પરિબળોની વિનાશક અને રચનાત્મક અસર જોવા મળે છે.

પૃથ્વીની સંરચના વિશેની જાણકારી ખૂબ જ રોચક છે. પૃથ્વીનો ઉપરનો પોપડો તેની નીચે રહેલા ઍસ્થેનોસ્ફિયરના અર્ધ-દ્રવિત ખડકોની ઉપર તરી રહ્યો છે. પૃથ્વીના પેટાળમાં થતી કિરણોત્સર્ગી પ્રક્રિયાને પરિણામે ગરમી ઉદ્ભવે છે. જે દ્રવિત ખડકોમાં સંવહનિક તરંગો ઉત્પન્ન કરીને ભૂ-સપાટી તરફ જવાનો પ્રયત્ન કરે છે. ભૂ-કવચ તરફ ઉદ્ભવતા તરંગો દ્વારા ઉપરનું પડ ફાટીને મોટા મોટા ટુકડાઓમાં વિભાજિત થઈ જાય છે. જેને 'મૃદાવરણીય પ્લેટ' (લિથોસ્ફિરિક પ્લેટ) કહે છે. આવી સાત મુખ્ય ભૂસંચલનીય તકતીઓ (પ્લેટો) છે. (1) પૅસેફિક પ્લેટ (2) ઉત્તર અમેરિકન પ્લેટ (3) દક્ષિણ અમેરિકન પ્લેટ (4) યુરેશિયન પ્લેટ (5) આફ્રિકન પ્લેટ (6) ઇન્ડો-ઑસ્ટ્રેલિયન પ્લેટ (7) ઍન્ટાર્કટિક પ્લેટના નામે ઓળખાય છે. કેટલીક જગ્યાએ આ પ્લેટો એકબીજાથી દૂર થઈ રહી છે જેને **'અપસારી પ્લેટ'** કહેવાય છે. જ્યારે કેટલીક એકબીજાની નજીક આવી રહી છે જે **'અભિસારી પ્લેટ'** તરીકે ઓળખાય છે. અપસરણ અને અભિસરણની ક્રિયાથી ભૂપૃષ્ઠ પર સ્તરભંગ અને ગેડીકરણ થાય છે. આ પ્લેટની ગતિવિધિઓ થકી લાખો વર્ષો દરમિયાન ભૂમિખંડોના આકારો અને સ્થાનફેર પણ થયા છે. એકબીજાથી વિપરીત દિશામાં ખસી જવાની આ પરસ્પર પ્રતિક્રિયા જ પૃથ્વીની બધી ભૂકંપીય અને જ્વાળામુખીય ક્રિયાઓ માટે જવાબદાર છે. સરકતી કે ખસતી આ પ્લેટો જ્યાં એકબીજા સાથે ટકરાઈ રહી છે, પર્વત નિર્માણનું કારણ બને છે. પ્લેટો જ્યાં એકબીજાથી દૂર ખસે છે ત્યાં ભૂમિખંડો અને મહાસાગરોમાં ફાટોનું નિર્માણ કરે છે. આ પ્લેટો પર આવેલા ભૂમિખંડો નિરંતર ખસતા રહે છે. આ પ્રકારની પ્લેટોને **'રૂપાંતરિત પ્લેટ'** કહે છે.




13.5 ભૂસંચલનીય તકતીઓ (પ્લોટ્સ)



13.6 મુખ્ય ભૂસ્તરીય પ્લેટો

ભારત કરોડો વર્ષ પહેલાં ગોંડવાનાલૅન્ડ નામના પ્રાચીન વિશાળ ભૂમિખંડનો ભાગ હતો. આ વિશાળ ભૂમિખંડમાં આજના દક્ષિણ અમેરિકા, આફ્રિકા, ઑસ્ટ્રેલિયા તથા એન્ટાર્કટિકાનો સમાવેશ થતો હતો. કાળક્રમે ગોંડવાનાલૅન્ડથી અલગ થઈને 'ઇન્ડો-ઑસ્ટ્રેલિયન પ્લેટ' ધીમે ધીમે ઉત્તર તરફ સરકવા લાગી. તે ઉત્તર ગોળાર્ધની ઘણી મોટી 'યુરેશિયન પ્લેટ' સાથે લગભગ પાંચ કરોડ વર્ષ પહેલાં ટકરાઈ હોવાનું મનાય છે. ઇન્ડો-ઑસ્ટ્રેલિયન પ્લેટ અને યુરેશિયન પ્લેટનાં ટકરાવ થકી ટેથિસ સમુદ્રમાંથી હિમાલય પર્વતશ્રેણીનું નિર્માણ થયું.

હિમાલય પર્વતશ્રેણીની દક્ષિણે એક વિશાળ ખીણ બની જેમાં સમય જતાં ઉત્તર-દક્ષિણથી વહેતી નદીઓનો કાંપ ઠલવાયો. આ રીતે હિમાલય અને દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશની વચ્ચે અત્યારનો ગંગાનો મેદાની પ્રદેશ બન્યો. દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશના ઉત્તર-પશ્ચિમ ભાગમાં એક વિસ્તૃત જ્વાળામુખી પ્રસ્ફોટન થયું. જેથી ઉચ્ચપ્રદેશનો પશ્ચિમ ભાગ તૂટીને નિમજ્જિત થઈ ગયો અને પરિણામે અરબ સાગરનું નિર્માણ થયું. આ ભૂ-નિમજ્જનને કારણે જ પશ્ચિમઘાટ વધારે સુસ્પષ્ટ થઈ ગયો.

આમ, ભારતીય ભૂખંડમાં અનેક વિવિધતા જોવા મળે છે. ઉત્તરમાં ઊંચી વિસ્તૃત પર્વતમાળા આવેલી છે. તેમાં ઉચ્ચપ્રદેશો, શિખરો, ઘાટ વગેરે આવેલાં છે. ઉત્તર ભાગનાં મેદાનોમાં ગંગા, યમુના અને બ્રહ્મપુત્ર નદીઓ વહે છે. તેના કાંપથી આ મેદાનો રચાયાં છે. દક્ષિણનો દ્વીપકલ્પીય પ્રદેશ પ્રાચીનતમ છે. દક્ષિણ ભારતના ઉચ્ચપ્રદેશની બે ધાર સ્વરૂપો, પૂર્વ-પશ્ચિમ છેડા ઉપર તટીય મેદાનો આવેલા છે. આમ, ભારત વૈવિધ્યસભર ભૂપૃષ્ઠ ધરાવે છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો :**

(1) ભારતનું પૂર્વગોળાર્ધમાં મોકાનું સ્થાન છે. શાથી ?

(2) ભારત વૈવિધ્યસભર ભૂપૃષ્ઠ શાથી ધરાવે છે ?

(3) ભારતનો આંતરરાષ્ટ્રીય વેપાર કેમ સરળ બન્યો છે ?

(4) ભારત 'સંસ્કૃતિનું સમન્વયતીર્થ' બન્યું છે – સમજાવો.

(5) મૃદાવરણીય પ્લેટો કેટલી છે અને કઈ કઈ છે તે જણાવો.

**2. નીચેના શબ્દોની સંકલ્પના સમજાવો :**

(1) પ્રમાણ સમય

(2) કર્કવૃત્ત

(3) દ્વીપકલ્પ

(4) અપસારી

(5) ગોળાર્ધ

(6) અભિસરણ

**3. નીચેના પ્રશ્નોના જવાબ લખો :**

(1) ભારતનાં સ્થાન અને વિસ્તાર વિશે માહિતી આપો.

(2) સુએઝ નહેર શરૂ થવાથી ભારતને કયો લાભ થયો છે ?

(3) પૃથ્વીની રચના વિશે વિસ્તૃત માહિતી આપો.

**4. નીચેના પ્રશ્નોનો સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો :**

(1) ભારતની પ્રમાણસમયની રેખા કયા રાજ્યમાંથી પસાર થતી નથી ?

(A) ઉત્તરપ્રદેશ (B) છત્તીસગઢ (C) મધ્યપ્રદેશ (D) તમિલનાડુ

(2) ભારતની ઉત્તરે : ચીન, ભારતની વાયવ્યે : ......... ?

(A) બાંગ્લાદેશ (B) પાકિસ્તાન (C) શ્રીલંકા (D) નેપાળ

(3) નીચે આપેલાં રાજ્યોને દક્ષિણથી ઉત્તર દિશાના ક્રમમાં ગોઠવો :

ઉત્તરાખંડ, કેરળ, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, દિલ્લી

(A) ઉત્તરાખંડ, દિલ્લી, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, કેરળ

(B) કેરળ, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, દિલ્લી, ઉત્તરાખંડ

(C) આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્લી, કેરળ

(D) કેરળ, આંધ્રપ્રદેશ, દિલ્લી, મધ્યપ્રદેશ, ઉત્તરાખંડ

(4) નીચેના પૈકી ક્યો દેશ ભારતના ક્ષેત્રફળ સંદર્ભે વધુ વિશાળ છે ?

(A) કેનેડા (B) ઇંગ્લૅન્ડ (C) પાકિસ્તાન (D) થાઈલૅન્ડ

(5) ભારતના પડોશી દેશોના સંદર્ભે કઈ જોડી અયોગ્ય છે ?

(A) અફઘાનિસ્તાન - ઉત્તર-પશ્ચિમ

(B) નેપાળ - ઉત્તર-પૂર્વ

(C) ચીન - ઉત્તર

(D) બાંગ્લાદેશ - પશ્ચિમ


**પ્રવૃત્તિઓ**

- શિક્ષકની મદદથી દિશાઓનું જ્ઞાન મેળવી આપના ઘર અને શાળાના વર્ગખંડમાં કઈ દિશામાં શું આવેલું છે તેની યાદી તૈયાર કરો.
- ઇન્ટરનેટની મદદથી આપ ક્યાં છો તે શોધો.
- ઍટલાસનો અભ્યાસ કરી ભારતના પાડોશી દેશો અને તેની રાજધાનીઓની યાદી બનાવો.
- ભારતની ચારે દિશામાં આવેલા અંતિમ સ્થળોનાં નામ જાણી નોંધપોથીમાં લખો.

•

# 14 ભારત : સ્થાન, ભુસ્તરીય રચના અને ભૂપૃષ્ઠ - II


પૃથ્વી પર આવેલા અનિયમિત અને ઊર્ધ્વ આકાર ધરાવતા ભૂમિભાગની વિષમતાઓને ભૂપૃષ્ઠ કહેવાય છે. જેમાં પર્વતો, ઉચ્ચપ્રદેશો, મેદાનો વગેરેનો સમાવેશ થાય છે.




14.1 ભૂપૃષ્ઠનાં સ્વરૂપો

ભૂપૃષ્ઠના વૈવિધ્યને આધારે ભારતને નીચે મુજબના પ્રાકૃતિક વિભાગોમાં વહેંચી શકાય :

(1) ઉત્તરનો પર્વતીય પ્રદેશ
(2) ઉત્તરનો વિશાળ (બૃહદ) મેદાની પ્રદેશ
(3) દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ
(4) તટીય મેદાનો (દરિયાકિનારાના મેદાની પ્રદેશો)
(5) દ્વીપસમૂહો




14.2 ભારત-ભૂપૃષ્ઠ

## 1. ઉત્તરનો પર્વતીય પ્રદેશ

ભારતનો આ ઘણો જ મહત્ત્વનો પ્રાકૃતિક પ્રદેશ છે. તે ઉત્તરમાં પશ્ચિમ-પૂર્વ દિશામાં લગભગ 2400 કિમી લંબાઈમાં પથરાયેલી હિમાલય પર્વતશ્રેણી કહેવાય છે. તે ચાપ આકાર ધરાવે છે. તેની પહોળાઈ 240 કિમીથી 320 કિમી વચ્ચે વધઘટ થતી રહે છે. હિમાલય કોઈ એકાકી પર્વત નથી પણ અનેકવિધ પર્વતશ્રેણીઓનું સંકુલ છે. પશ્ચિમે અફઘાનિસ્તાનથી પૂર્વ તરફ આગળ વધતાં તે ભારત, નેપાળ, ભૂતાન થઈને મ્યાનમાર સુધી પહોંચે છે. ઉત્તરમાં તેનો વ્યાપ તિબ્બતમાં ફેલાયેલો છે. તે મધ્ય એશિયાની પામીરની ગ્રંથિ નામે ઓળખાતી મુખ્ય પર્વતશ્રેણીનો જ એક ભાગ છે.

સમગ્ર હિમાલય પર્વતશ્રેણીના બે મુખ્ય વિભાગ પડે છે :

(1) ઉત્તરનો હિમાલય પર્વતીય પ્રદેશ (2) પૂર્વ હિમાલય

**(1) ઉત્તરનો હિમાલય પર્વતીય પ્રદેશ :** આ પ્રદેશમાં એકબીજાને સમાંતર એવી ત્રણ ગિરિમાળાઓ આવેલી છે. તેમાં ઉત્તર બાજુની હારમાળા બૃહદ હિમાલય તરીકે ઓળખાય છે. સમગ્ર હિમાલયની આ સૌથી વધુ ઊંચી પર્વતશ્રેણી છે. જેમાં 40થી વધુ શિખરો એવાં છે કે જેમની ઊંચાઈ 7000 મીટર કરતાં વધુ છે. તેમાં સૌથી વધુ જાણીતું શિખર 'માઉન્ટ ઍવરેસ્ટ' છે જે 8848 મીટર ઊંચું છે અને નેપાળ-ચીનની સરહદે આવેલું છે. તેને તિબ્બતમાં 'સાગર મથ્થા' પણ કહે છે. અન્ય પ્રખ્યાત શિખરોમાં માઉન્ટ ગોડવિન ઑસ્ટિન અથવા $K^2$ નો સમાવેશ થાય છે, જે ભારતનું સર્વોચ્ચ શિખર છે. હિમાલયની ત્રણ સ્પષ્ટ પર્વતશ્રેણીઓ છે. જે એકબીજાને લગભગ સમાંતર ફેલાયેલી છે એ પૈકી બૃહદ હિમાલયમાં જેલાપ લા, નાથુ લા, શિપ્કી લા વગેરે ઊંચા પર્વતીય ઘાટ પણ આવેલા છે. પવિત્ર યાત્રાધામ ગણાતું પ્રખ્યાત માનસરોવર (ચીન) પણ આ હારમાળામાં આવેલું છે.

**આટલું જાણવું ગમશે...**

| | |
|---|---|
| માઉન્ટ ઍવરેસ્ટ | 8848 મીટર |
| $K^2$ (માઉન્ટ ગોડવિન ઑસ્ટિન) | 8611 મીટર |
| કાંચનજંઘા | 8598 મીટર |
| મકાલુ | 8481 મીટર |
| ધવલગિરિ | 8198 મીટર |
| અન્નપૂર્ણા | 8070 મીટર |

બૃહદ હારમાળાની દક્ષિણે આવેલી બીજી હારમાળા પણ ઘણા વિસ્તારમાં પથરાયેલી છે. તેને મધ્ય હિમાલય અથવા લઘુ હિમાલય (હિમાચલ શ્રેણી)ની હારમાળા કહે છે. આશરે 80 થી 100 કિમી પહોળાઈ ધરાવતી આ હારમાળામાં પીરપંજાલ, મહાભારત, નાગટીબા વગેરે ગિરિમાળાઓ આવેલી છે. મધ્યમસરની ઊંચાઈ ધરાવતી આ ગિરિમાળામાં ગિરિમથકો વિકસ્યાં છે. ડેલહાઉસી, ધરમશાલા, શિમલા, મસૂરી, રાનીખેત, અલમોડા, નૈનિતાલ, દાર્જિલિંગ વગેરે મુખ્ય છે. ગંગોત્રી, યમનોત્રી, બદરીનાથ, કેદારનાથ, હેમકુંડ સાહિબ વગેરે જાણીતાં યાત્રાધામ પણ આવેલાં છે. કુલ્લુ (Kullu), કાંગડા તથા કશ્મીર આ વિભાગના અત્યંત રમણીય પ્રાકૃતિક ખીણ પ્રદેશો છે.

ત્રીજી હારમાળા વધુ દક્ષિણમાં આવેલી છે. શિવાલિક (બાહ્ય હિમાલય) નામે ઓળખાતી આ હારમાળાનો ઘણો વધારે વ્યાપ ભારતમાં છે. તે 10થી 15 કિમી પહોળાઈ ધરાવે છે. સરેરાશ 1000 મીટર ઊંચાઈ ધરાવતી શિવાલિક હારમાળામાં કેટલીક વિશિષ્ટ ખીણ રચનાઓ થઈ છે. તે કંકર, પથ્થરો તથા જાડા-કાંપથી ઢંકાયેલી રહી છે અને સ્થાનિક ભાષામાં તેમને દૂન (DUN) કહે છે, જેમકે દહેરાદૂન, પાટલીદૂન, કોથરીદૂન વગેરે.

**(2) પૂર્વ હિમાલય :** હિમાલયશ્રેણીના પૂર્વ ભાગમાં આવેલી હારમાળાઓ ઓછી ઊંચાઈ ધરાવે છે. તેમાંથી ઘણી હારમાળાઓ ટેકરીઓ (Hills) તરીકે વધુ પ્રખ્યાત બની છે. પૂર્વ હિમાલયમાં આવેલી આ ટેકરીઓ નાની હારમાળાઓ સ્વરૂપે જ ફેલાયેલી છે. તેમાં પતકાઈ અરુણાચલમાં, નાગા ટેકરીઓ નાગાલૅન્ડમાં અને લુસાઈ (મિઝો) ટેકરીઓ મિઝોરમમાં આવેલી છે. આ ટેકરીઓ ભારતની પૂર્વ સરહદ પાસે આવેલી છે અને તેમનું અનુસંધાન મ્યાનમારમાં આવેલી આરાકાનયોમા હારમાળા સાથે છે. ગારો, ખાસી અને જૈન્તિયા ટેકરીઓ મેઘાલયમાં આવેલી છે. પહાડી વિસ્તારમાં વરસાદનું પ્રમાણ ઘણું વધારે છે તેથી અહીં અત્યંત ગીચ જંગલો બન્યાં છે. આ જંગલોનો પ્રદેશ હોવાના કારણે ત્યાં સડકમાર્ગો કે રેલવ્યવહારનો વિકાસ ઘણો જ ઓછો થયો છે.

## 2. ઉત્તર ભારતનો વિશાળ મેદાની પ્રદેશ

ઉત્તરના વિશાળ મેદાની પ્રદેશનું સ્થાન ભારતના ઉત્તરના પર્વતીય પ્રદેશ અને દક્ષિણના ઉચ્ચપ્રદેશની વચ્ચે છે. આ મેદાનની રચના હિમાલયમાંથી વહેતી સતલુજ, ગંગા અને બ્રહ્મપુત્ર નદીઓ અને તેની શાખા નદીઓએ કાંપ પાથરીને કરી છે. આ મેદાનના કેટલાક ભાગમાં 50 મીટરની જાડાઈ સુધીના કાંપના થર આવેલા છે. આ મેદાનો ઉત્તર ભારતનો ઘણો વિસ્તાર રોકતા હોવાથી ઉત્તર ભારતનો વિશાળ મેદાની પ્રદેશ કહેવામાં આવે છે.

આ મેદાની પ્રદેશ આશરે 2400 કિમી લાંબો છે. નદીઓએ બનાવેલા દુનિયાના સૌથી મોટા નદી મેદાન તરીકે તેની ગણના થાય છે. પૂર્વભાગ કરતાં પશ્ચિમ ભાગ વધુ સાંકડો છે. આ મેદાન લગભગ સપાટ છે. તેના કોઈ પણ ભાગની ઊંચાઈ સમુદ્રની સપાટીથી 180 મીટર કરતાં વધુ નથી. દિલ્લી પાસે આ મેદાન સાંકડું છે. દિલ્લીની પશ્ચિમ બાજુએ સતલુજનું અને પૂર્વ બાજુએ ગંગાનું મેદાન આવેલું છે આથી, દિલ્લીને ગંગાના મેદાનનું પ્રવેશદ્વાર કહેવામાં આવે છે. આ મેદાન ભારતનો સૌથી વધુ સમૃદ્ધ પ્રદેશ ગણાય છે. દિલ્લી, આગ્રા, કાનપુર, લખનૌ, અલાહાબાદ, વારાણસી, પટના, કોલકાતા વગેરે મહત્ત્વનાં શહેરો આ પ્રદેશમાં આવેલાં છે.

સિંધુ અને તેની શાખા નદીઓ ઝેલમ, ચિનાબ, રાવી, બિયાસ તથા સતલુજ હિમાલય ક્ષેત્રમાંથી નીકળે છે. સિંધુ નદી પશ્ચિમ તરફ વહીને ઝડપી વળાંક લઈને દક્ષિણ તરફ વહી અરબ સાગરને મળે છે. સામાન્ય રીતે બે નદીઓની વચ્ચેની ભૂમિને 'દોઆબ' (દો એટલે બે અને આબ એટલે જળ) કહે છે. આમ, પાંચ નદીઓ દ્વારા નિર્મિત થયેલા આ મેદાનને પંજાબ (પંજ + આબ) કહે છે. આ મેદાનનો મોટો ભાગ પાકિસ્તાનમાં છે.

ભૂપૃષ્ઠના આધારે મેદાની પ્રદેશને ચાર વિભાગોમાં વિભાજિત કરવામાં આવે છે : (1) ભાબર (2) તરાઈ (3) બાંગર (4) ખદર. સિંધુ નદીથી તિસ્તાનદી સુધી શિવાલિકની તળેટીમાં કંકર-પથ્થરોની એક પાતળી પટ્ટી નદીના પ્રવાહને સમાંતર ગોઠવાયેલી છે. આ પટ્ટી લગભગ 8 થી 16 કિમી પહોળી છે. અને તેને **'ભાબર'** કહે છે. ભાબર પછી તરાઈનું ક્ષેત્ર આવે છે. જે વધારે ભીનાશવાળું અને દલદલીય છે, અહીં ગીચ જંગલો તથા વિવિધ વન્યજીવો જોવા મળે છે. મેદાનોના જૂના કાંપને **'બાંગર'** કહે છે. નિરંતર થતા જતા કાંપના નિક્ષેપને કારણે સોપાન આકાર જેવો બની જાય છે. જે પૂરનાં મેદાનથી ઊંચા હોય છે. પૂરના મેદાનોનો નવો કાંપ **'ખદર'** કહેવાય છે.

### 3. દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ

ભારતનો આ પ્રાચીનતમ ભાગ છે. આ પ્રદેશ ઊંધા ત્રિકોણાકારે વિસ્તરેલો છે. તેની સરેરાશ ઊંચાઈ 600થી 900 મીટર જેટલી છે. આ પ્રદેશનો ઉત્તર ભાગ ઉત્તર-પૂર્વ ઢોળાવ ધરાવે છે જે ચંબલ, શોણ અને દામોદર નદીના વહેણ દ્વારા સ્પષ્ટ થાય છે. દક્ષિણ ભાગનો ઢાળ દક્ષિણ-પૂર્વ તરફ છે. આ પ્રદેશનો મોટો ભાગ દક્ષિણમાં આવેલો હોવાથી તેને દક્ષિણનો ઉચ્ચપ્રદેશ કહેવાય છે. આ ઉચ્ચપ્રદેશની ત્રણે બાજુએ સમુદ્રો આવેલા હોવાથી તેને દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ કહેવામાં આવે છે.

દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશના બે વિભાગો પડે છે : (1) માળવાનો ઉચ્ચપ્રદેશ (2) દખ્ખણનો ઉચ્ચપ્રદેશ

**(1) માળવાનો ઉચ્ચપ્રદેશ :** માળવાના ઉચ્ચપ્રદેશના ઉત્તર-પશ્ચિમ ભાગમાં અરવલ્લીની ગિરિમાળા આવેલી છે. અરવલ્લી વિશ્વની પ્રાચીનતમ ગિરિમાળા પૈકીની એક છે. જે ગેડ પર્વત સંરચના ધરાવે છે. માઉન્ટ આબુ આ ગિરિમાળામાં આવેલું ગિરિમથક છે. તે સુંદર અને રમણીય છે. ગુરુશિખર એનું સૌથી ઊંચું શિખર છે. તેની ઊંચાઈ 1722 મીટર છે. આ પ્રદેશની દક્ષિણે વિંધ્યાચલમાંથી નીકળતી નદીઓ ચંબલ અને બેતવા ઉત્તર તરફ વહી યમુનાને મળે છે તો શોણ નદી ઉત્તર તરફ વહી ગંગાને મળે છે. આ નદીઓના વહેણની દિશા પરથી જાણી શકાય છે કે આ ઉચ્ચપ્રદેશનો ઢાળ ઉત્તર તરફ છે. મધ્યવર્તી ઉચ્ચભૂમિના આ ઉત્તર પૂર્વ ભાગને બુંદેલખંડ કહે છે. આ સિવાય લૂણી અને બનાસનદીઓ ઉત્તર-પશ્ચિમ ભાગમાં આવેલી અરવલ્લીની ગિરિમાળામાંથી નીકળે છે. આ નદીઓ કચ્છના રણમાં લુપ્ત થઈ જાય છે. જ્યારે સાબરમતી અને મહી નદી ખંભાતના અખાતને મળે છે. આ નદીઓનાં વહેણ પરથી ખ્યાલ આવે છે કે પશ્ચિમ તરફના માળવાના ઉચ્ચપ્રદેશનો ઢાળ દક્ષિણ-પશ્ચિમ તરફ છે. રાજમહલની ટેકરીઓ તથા શિલૉંગનો ઉચ્ચપ્રદેશ, છોટાનાગપુરનો ઉચ્ચપ્રદેશનો જ એક ભાગ છે. છોટાનાગપુરના ઉચ્ચપ્રદેશને અંતર્ગત રાંચીના ઉચ્ચપ્રદેશનો પણ સમાવેશ થાય છે.

**(2) દખ્ખણનો ઉચ્ચપ્રદેશ :** માળવાના ઉચ્ચપ્રદેશની દક્ષિણે આવેલી સાતપુડા, મહાદેવ તથા મૈકલ ટેકરીઓની દક્ષિણે દખ્ખણનો ઉચ્ચપ્રદેશ આવેલો છે. ઉચ્ચપ્રદેશના ઉત્તર-પશ્ચિમી ભાગો મુખ્યત્વે લાવા-નિક્ષેપોથી બનેલા છે. પશ્ચિમ તરફ તેની સીમા પશ્ચિમઘાટ દ્વારા નિર્ધારિત છે. જે અરબ સાગરના કિનારે ઉત્તર-દક્ષિણ દિશામાં વ્યાપ્ત છે. તેનાં અનેક સ્થાનિક નામો છે. મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં તેને **સહ્યાદ્રિ** કહે છે. તમિલનાડુમાં તેને **નીલગિરિ**ના નામથી ઓળખે છે અને કેરલ-તમિલનાડુની સીમા પર તેને **અન્નામલાઈ** અને **કાર્ડેમમ્** ટેકરીઓનાં નામથી ઓળખવામાં આવે છે. પશ્ચિમઘાટનો દક્ષિણ ભાગ પ્રમાણમાં વધારે ઊંચો છે.

સામાન્ય રીતે દખ્ખણના ઉચ્ચપ્રદેશની ઊંચાઈ 900 મીટરથી 1100 મીટર છે. જોકે કેટલીક જગ્યાએ તે એકાએક વધુ ઊંચાઈ પ્રાપ્ત કરે છે. ઘણી ઓછી ઊંચાઈ ધરાવતી તૂટક ટેકરીઓ જેમની ઊંચાઈ ક્યાંક 900 મીટરથી વધારે છે, તે તૂટક શૃંખલાના સ્વરૂપે આ ઉચ્ચપ્રદેશની પૂર્વ-સીમા બનાવે છે. આને **'પૂર્વઘાટ'** કહે છે. આ વિસ્તારનો સામાન્ય ઢોળાવ પૂર્વ તથા દક્ષિણ-પૂર્વ તરફનો છે. જે નદીઓની પ્રવાહ દિશાથી પણ જાણી શકાય છે. પશ્ચિમ તરફ વહેતી નર્મદા તથા તાપીને બાદ કરતાં દખ્ખણના ઉચ્ચપ્રદેશની મોટાભાગની નદીઓ પૂર્વ તરફ વહીને બંગાળાની ખાડીને મળે છે.

## 4. તટીય મેદાનો (દરિયાકિનારાનાં મેદાન)

દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ કચ્છથી ઓડિશા સુધી મેદાનોની સાંકડી પટ્ટીથી ઘેરાયેલો છે. તેને પશ્ચિમ તથા પૂર્વનાં તટીય મેદાનોમાં વહેંચવામાં આવે છે. પશ્ચિમનું તટીય મેદાન ગુજરાતથી કેરળ સુધી ફેલાયેલું છે. ગુજરાતને બાદ કરતાં તે મોટાભાગે સાંકડું મેદાન છે. તે ઘણું જ અસમાન અને ઊબડ-ખાબડ છે અને ગોવાથી દક્ષિણમાં તેને **મલબાર તટ** કહે છે.

પશ્ચિમ-તટની નદીઓ પોતાના નદી-મુખ વિસ્તારમાં ખાડીઓનું નિર્માણ કરે છે. મોટાભાગની ખાડીઓ નદીના પાણી હેઠળ ડૂબી ગયેલી ખીણો છે. જે સમુદ્રતળના ઊંચકાવથી બનેલી છે. તે મત્સ્યપ્રવૃત્તિના વિકાસયોગ્ય સંજોગો પેદા કરે છે. પશ્ચિમ તટે અનેક ઉત્તમ કુદરતી બંદરો આવેલાં છે. જેમાં મુંબઈ તથા માર્મગોવાનો સમાવેશ થાય છે. દક્ષિણમાં કેરલના તટ પર પશ્ચજળ (Back Waters) જોવા મળે છે તેને સ્થાનિક ભાષામાં **કાયલ** કહે છે.

પૂર્વનું તટીય મેદાન, પશ્ચિમના તટીય મેદાન કરતાં પ્રમાણમાં વધારે પહોળું છે. અહીં કાવેરી, કૃષ્ણા, ગોદાવરી અને મહાનદી જેવી નદીઓના મુખત્રિકોણ પ્રદેશોમાં કાંપ-નિક્ષેપણ વધારે થયું છે. ઉત્તરે ઉત્તર સિરકાર તટ અને દક્ષિણે આંધ્રપ્રદેશ તથા તમિલનાડુનો તટીય પ્રદેશ 'કોરોમંડલ તટ'ના નામથી જાણીતો છે.

## (5) દ્વીપસમૂહો

ભારતમાં કેટલાક દ્વીપસમૂહો આવેલા છે. અંદમાન-નિકોબાર અને લક્ષદ્વીપ એમ મુખ્ય દ્વીપસમૂહો છે. લક્ષદ્વીપમાં અનેક નાના ટાપુઓ આવેલા છે. અરબી સમુદ્રમાં કેરળ તટથી થોડે દૂર આ ટાપુઓ આવેલા છે. તેનો આકાર ઘોડાની નાળ જેવો છે. આ પ્રકારના પરવાળા દ્વીપોને 'ઍટોલ' કહે છે.

અન્ય દ્વીપસમૂહોમાં બંગાળાની ખાડીમાં આવેલા અંદમાન-નિકોબારનો સમાવેશ થાય છે. અહીં ટાપુઓની સંખ્યા ઘણી છે અને ભારતના કિનારાથી દૂર આવેલા છે. ત્યાં પર્વતની હારમાળા છે. એમાંના કેટલાક ટાપુઓ જ્વાળામુખીની પ્રક્રિયાથી બન્યા છે. આ ટાપુઓ 350 કિમીના વિસ્તારમાં પથરાયેલા છે. તેનું વ્યૂહાત્મક મહત્ત્વ વિશેષ છે.

**આટલું જાણવું ગમશે...**


અંદમાન-નિકોબાર દ્વીપસમૂહોમાં આવેલ **'બૅરન'** એક માત્ર ભારતનો સક્રિય જ્વાળામુખી છે જ્યારે તેની નજીકમાં જ સુષુપ્ત જ્વાળામુખી તરીકે 'નારકોન્ડમ્'નું સ્થાન છે.

આમ, ભારતના ભૂપૃષ્ઠમાં વિવિધતા જોવા મળે છે. દરેક ભાગને પોતાની આગવી લાક્ષણિકતા છે અને છતાં બધા વિભાગો એકબીજા સાથે જોડાયેલા છે. દેશની સમૃદ્ધિમાં તે બધાનો ફાળો અગત્યનો છે અને વન્ય સંસાધનો માટે ઉપયોગી છે. ઉત્તરના ફળદ્રુપ કાંપના મેદાનને અનાજનો ભંડાર કહેવામાં આવે છે. દક્ષિણભારતનો ઉચ્ચપ્રદેશ એ વિવિધ ખનીજ સંસાધનથી સમૃદ્ધ છે જેના થકી દેશના ઔદ્યોગિક વિકાસને વેગ મળ્યો છે. ઉત્તરનો પર્વતીય પ્રદેશ વિપુલ જળરાશિ ધરાવતી નદીઓનાં ઉદ્ભવસ્થાન તરીકે અને વન સંસાધનના વૈવિધ્ય માટે જાણીતો છે.

## ખડક

એક કે તેથી વધુ ખનીજોના બનેલા સંગઠિત પદાર્થને 'ખડક' તરીકે ઓળખવામાં આવે છે. ખડકો નક્કર હોઈ શકે અને મૃદુ પણ હોઈ શકે છે. છિદ્રાળુ અને અછિદ્રાળુ તથા વજનમાં ભારે અને હલકા પણ હોઈ શકે છે. વિવિધ પ્રક્રિયાઓના કારણે જુદા જુદા પ્રકારના ખડકોનું નિર્માણ થાય છે. નિર્માણ પ્રક્રિયાને આધારે ખડકોનાં ત્રણ વિભાગ પડે છે :

(1) આગ્નેય ખડકો (2) પ્રસ્તર અથવા નિક્ષિપ્ત ખડકો (3) રૂપાંતરિત ખડકો



**(1) આગ્નેય ખડકો :** આ ખડકોની રચનામાં પૃથ્વીના પેટાળમાં રહેલી પ્રચંડ ગરમી કારણભૂત છે. ભૂગર્ભમાં ગરમીના આ પ્રચંડ પ્રમાણને લીધે પૃથ્વીનું પેટાળ હંમેશાં ધીકતું રહે છે. આથી અહીં રહેલા પદાર્થો અર્ધપ્રવાહી સ્થિતિમાં હોય છે. તે પદાર્થોને 'મૅગ્મા' કહે છે. સમયાંતરે આ મેગ્મા ઠંડો પડે ત્યારે તેના ખડકો રચાય છે. આ ખડકો ગરમીની અસરથી બને છે. તેથી તેમને આગ્નેય કે અગ્નિકૃત ખડકો કહે છે. પૃથ્વીના ભૂસ્તરીય નિર્માણમાં આવા ખડકો સર્વપ્રથમ નિર્માણ પામ્યા; તેથી તેમને પ્રાથમિક અથવા આદ્ય ખડકો પણ કહે છે.

ભારતમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને દક્ષિણ દ્વીપકલ્પમાં ઘણાં સ્થળે આવા ખડકો રચાયા છે. આગ્નેય ખડકો સૌથી વધુ નક્કર હોય છે. 'ગ્રેનાઇટ' એ અંતઃસ્થ પ્રકારના ખડકનું જાણીતું દૃષ્ટાંત છે, બેસાલ્ટ પણ આ પ્રકારના ખડકો છે.

**(2) પ્રસ્તર ખડકો :** પાણી તથા અન્ય બળોની સંયુક્ત અસરથી આગ્નેય ખડકો તૂટે છે. તૂટેલા ખડક પદાર્થોનું જળમાં નિક્ષેપણ થતું રહે છે અને તેમના સ્તર રચાય છે. આમ, ખડકપદાર્થો અથવા ખડક બોજનું વિવિધ સ્તરોમાં નિક્ષેપણ થાય છે, સર્વ પ્રથમ રચાયેલા અને સૌથી નીચે રહેલા સ્તર ઉપર તેની ઉપર બનેલા સ્તરોના વજન (દબાણ)ને લીધે નીચેના સ્તર દબાય છે અને કાળક્રમે તેમાંથી સ્તર રચના ધરાવતા ખડકો તૈયાર થાય છે. તેથી આવા ખડકોને **'પ્રસ્તર ખડકો'** પણ કહે છે. જેનાં ઉદાહરણોમાં ચિરોડી (જિપ્સમ), ચૂના ખડક અને કોલસો પ્રસ્તર ખડકો છે. બિહાર અને ઝારખંડ વગેરે રાજ્યોમાંથી કોલસો અને ચિરોડી મળે છે.

**(3) રૂપાંતરિત ખડકો :** કેટલીક વિશિષ્ટ પરિસ્થિતિમાં મૂળ ખડકોનું સ્વરૂપ, બંધારણ અને ગુણધર્મો રૂપાંતરિત થઈ જાય છે. હકીકતમાં ઊંચું તાપમાન અને ખડક સ્તરોનું વધુ દબાણ આ બે મુખ્ય પરિબળોની સંયુક્ત અસરને લીધે આગ્નેય અને પ્રસ્તર ખડકો તદ્દન નવું સ્વરૂપ ધારણ કરે છે. આ રીતે નવા રચાતા ખડકોને રૂપાંતરિત ખડકો કહે છે.

રાજસ્થાનમાંથી મળી આવતા આરસપહાણ (માર્બલ) અને ક્વાર્ટઝાઇટ તેનાં ઉત્તમ ઉદાહરણો છે.

## ખનીજો

કુદરતી કાર્બનિક કે અકાર્બનિક ક્રિયાથી તૈયાર થતા અમુક ચોક્કસ રાસાયણિક બંધારણ ધરાવતા પદાર્થોને 'ખનીજ' તરીકે ઓળખવામાં આવે છે. ખનીજો પૃથ્વીની સપાટી કે પેટાળમાંથી ઘન, પ્રવાહી કે વાયુ સ્વરૂપે મળે છે. ખનીજો પૃથ્વીની સપાટીની ભૂસ્તરીય રચના પર આધાર રાખે છે. લોખંડ, તાંબું, જસત, સોનું, ચાંદી વગેરે ખનીજો આગ્નેય ખડકોમાંથી મળે છે. કોલસો, ખનીજ તેલ અને કુદરતી વાયુ વગેરે પ્રસ્તર ખડકોમાંથી પ્રાપ્ત થાય છે; જ્યારે સ્લેટ, આરસપહાણ, હીરા વગેરે રૂપાંતરિત ખડકોમાંથી મળે છે.

**ખનીજોનું વર્ગીકરણ :** આપણા રોજિંદા વ્યવહારમાં લગભગ 200 જેટલાં ખનીજોનો ઉપયોગ સીધી કે આડકતરી રીતે થાય છે. ખનીજોનું સર્વમાન્ય વર્ગીકરણ શક્ય નથી. તેમનું સામાન્ય વર્ગીકરણ નીચે પ્રમાણે કરી શકાય :

**(1) ધાતુમય ખનીજો (ધાત્વિક ખનિજો) :**

(અ) કીમતી ધાતુમય ખનીજો : સોનું, ચાંદી, પ્લેટિનમ વગેરે

(બ) હલકી ધાતુમય ખનીજો : મૅગ્નેશિયમ, બૉક્સાઇટ, ટીટાનિયમ વગેરે

(ક) સામાન્ય ઉપયોગમાં લેવાતાં ખનીજો : લોખંડ, તાંબું, સીસું, જસત, કલાઈ, નિકલ વગેરે

(ડ) મિશ્રધાતુ રૂપે વપરાતાં ખનીજો : ક્રોમિયમ, મૅંગેનીઝ, ટંગસ્ટન, વેનેડિયમ વગેરે

**(2) અધાતુમય ખનીજો (અધાત્વિક ખનિજો) :** ચૂનાના ખડકો, ચૉક, ઍસ્બેસ્ટોસ, અબરખ, ફ્લોરસ્પાર, જિપ્સમ (ચિરોડી), સલ્ફર, હીરા વગેરે.

**(3) સંચાલન શક્તિ માટે ઉપયોગમાં લેવાતાં ખનીજો :** કોલસો, ખનીજતેલ અને કુદરતી વાયુ, યુરેનિયમ, થોરિયમ વગેરે.

### મુખ્ય ખનીજો અને તેનું ક્ષેત્રીય વિતરણ

| ક્રમ | ખનીજ | રાજ્યો |
|---|---|---|
| 1. | લોખંડ | ઝારખંડ, છત્તીસગઢ, આંધ્રપ્રદેશ, ગોવા, ઓરિસ્સા, તમિલનાડુ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, કર્ણાટક, બિહાર, મધ્યપ્રદેશ |
| 2. | મૅંગેનીઝ | કર્ણાટક, ઓરિસ્સા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગોવા |
| 3. | તાંબું | ગુજરાત, કર્ણાટક, આંધ્રપ્રદેશ, ઉત્તરપ્રદેશ, સિક્કિમ, મેઘાલય, મહારાષ્ટ્ર પશ્ચિમ બંગાળ |
| 4. | બૉક્સાઇટ | ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, ઝારખંડ, ગુજરાત |
| 5. | સીસું | રાજસ્થાન, આંધ્રપ્રદેશ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, ઓરિસ્સા, મહારાષ્ટ્ર, મેઘાલય, સિક્કિમ, ગુજરાત |
| 6. | અબરખ | આંધ્રપ્રદેશ, રાજસ્થાન, બિહાર, ઝારખંડ |
| 7. | ચૂના ખડક | મધ્યપ્રદેશ, છત્તીસગઢ, આંધ્રપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, કર્ણાટક, હિમાચલપ્રદેશ |

## જમીન અને તેનું વિતરણ


મિત્રો, તમે જાણો છો કે જમીન ખેતી માટે મૂળભૂત સંસાધન છે. કૃષિ પ્રવૃત્તિ ઉપરાંત પણ આ જમીન ખૂબ જ મહત્ત્વની છે.

જમીન એ પૃથ્વીની સપાટી પરના જૈવિક અને અજૈવિક દ્રવ્યોનું બનેલું એક પાતળું સ્તર છે. જેમ કોઈ સક્કરજનને તેની પાતળી છાલ સાથેનો જેવો સંબંધ છે તેવો આ પૃથ્વીની સપાટી સાથે જમીનનો સંબંધ જોડાયેલો છે. પૃથ્વીના પોપડાના ઉપરના પાતળા સ્તરને 'જમીન' કહે છે.

**જમીન-નિર્માણ :** જમીન એ ખડકોના ખવાણની ફલિત પેદાશ છે. ખડકોની સપાટીવાળા ભાગોનું તાપમાન, વરસાદ, હિમ, હવા, વનસ્પતિ અને જીવ-જંતુઓ વગેરે પરિબળોથી ખવાણ થતાં ખડકોની ભૂકો બને છે અને ભૂમિ-આવરણ તૈયાર થાય છે. આ ભૂમિ-આવરણમાં ખડકોના નાના-મોટા ટુકડા, કાંકરા, માટી, રજ વગેરે હોય છે. જે 'રેગોલિથ' તરીકે ઓળખાય છે. જેમાં કેવળ ખનીજ દ્રવ્યો હોય છે. તે પછી તેમાં જૈવિક દ્રવ્યો હવા અને પાણી ભળે છે. છેવટે તેમાંથી જમીન બને છે. જમીન-નિર્માણની આ પ્રક્રિયા ઘણા લાંબા સમયની છે.

**ભારતમાં જમીનના પ્રકારો :** ભારતની જમીનોને નીચે મુજબ છ પ્રકારોમાં વહેંચવામાં આવે છે :

(1) કાંપની જમીન (2) કાળી જમીન કે રેગુર જમીન (3) રાતી જમીન (4) પડખાઉ જમીન કે લેટેરાઈટ જમીન (5) પર્વતીય જમીન અને (6) રણપ્રકારની જમીન




14.3 જમીનના મુખ્ય પ્રકારો

**(1) કાંપની જમીન :** કાંપની જમીનના બે પેટા પ્રકાર પડે છે : (1) ખદર અને (2) બાંગર. નદીઓના નિક્ષેપણથી તૈયાર થતી આ નવા કાંપની જમીનને ખદર તરીકે ઓળખવામાં આવે છે. પૂરનાં મેદાનોથી બનેલી આ જમીનો મુખ્યત્વે નદીઓની નજીકનાં ક્ષેત્રોમાં જોવા મળે છે. તે પ્રમાણમાં રેતાળ હોય છે. જ્યારે નદી ખીણોના ઉપરવાસમાં આવેલી એકંદરે જૂનો કાંપ ધરાવતી જમીન બાંગર તરીકે જાણીતી છે. તે ચીકણી અને ઘેરા રંગની હોય છે. કાંપની જમીન દેશના ઘણામોટા વિસ્તારમાં જોવા મળે છે. આ જમીનની ફળદ્રુપતા જુદાં જુદાં સ્થળોએ ભિન્ન ભિન્ન જોવા મળે છે પરંતુ સામાન્ય રીતે આ જમીન ઘણી જ ઉપજાઉ હોય છે. પંજાબ, ઉત્તરપ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ વગેરે રાજ્યોમાં આ પ્રકારની જમીન આવેલી છે.

**(2) કાળી જમીન :** આ જમીન મુખ્યત્વે મહારાષ્ટ્ર, પશ્ચિમી મધ્યપ્રદેશ, ગુજરાત, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને તમિલનાડુમાં જોવા મળે છે. કાળી જમીન દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશની ભેટ છે. આ જમીન ચીકણી અને કસવાળી હોય છે. તે લાંબા સમય સુધી ભેજગ્રહણ કરવાની ક્ષમતા ધરાવે છે. આ જમીન રૂપાંતરિત ખડકો દ્વારા તૈયાર થયેલી છે અને કપાસના પાક માટે વધુ અનુકૂળ છે. તેથી જ તો તે કપાસની કાળી જમીન તરીકે જાણીતી બની છે. આ જમીન 'રેગુર' નામે પણ ઓળખાય છે.

**(3) રાતી જમીન :** આગ્નેય અને રૂપાંતરિત ખડકો ધરાવતાં ક્ષેત્રોમાં રાતી જમીન આવેલી છે. લોહતત્ત્વ અને અન્ય સેન્દ્રિય તત્ત્વોને લીધે આ જમીનનો રંગ રાતો દેખાય છે. આ જમીન પ્રમાણમાં છિદ્રાળુ અને ઉપજાઉ હોય છે. ગોવા, તમિલનાડુ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, ઓડિશા અને ઝારખંડના કેટલાક ભાગોમાં રાતી જમીન જોવા મળે છે.

**(4) પડખાઉ જમીન કે લેટેરાઈટ જમીન :** વધુ વરસાદને કારણે તીવ્ર ધોવાણના પરિણામ સ્વરૂપે પડખાઉ જમીન તૈયાર થાય છે. વધુ વરસાદને કારણે જમીનના ઉપરના સ્તરમાંથી પોષક તત્ત્વો ધોવાઈને નીચેના સ્તરમાં ઊતરે છે. જૈવિક દ્રવ્યોનું પ્રમાણ ઓછું હોવાથી આ જમીન ઓછી ફળદ્રુપતા ધરાવે છે. અહીં લાલ રેતીના પથ્થરોમાં લોહ અને ઍલ્યુમિનિયમ તત્ત્વો હોય છે. આ પથ્થરોના ધોવાણથી અહીંની જમીન રાતા રંગની હોય છે. આવી જમીન દખ્ખણના પહાડીપ્રદેશો, કર્ણાટક, કેરલ, ઓડિશા અને પૂર્વોત્તરના કેટલાક ભાગોમાં જોવા મળે છે.

**(5) પર્વતીય જમીન :** જંગલોને કારણે જૈવિક દ્રવ્યોનું પ્રમાણ વધારે હોય છે. જોકે અલગ અલગ સ્થળો પર તે ભિન્નતા પણ ધરાવે છે. શિવાલિક પર્વતશ્રેણીઓ પર આ જમીન ઓછી કસવાળી અને અપરિપક્વ જણાય છે. આ જમીન રેતાળ, છિદ્રાળુ અને જૈવિક દ્રવ્યોના અભાવવાળી જોવા મળે છે.આવી જમીન દેશના પર્વતીય વિસ્તારોમાં જોવા મળે છે. મેઘાલય, અરુણાચલ પ્રદેશ, પૂર્વની પર્વતશ્રેણીઓ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ તથા જમ્મુ-કશ્મીર રાજ્યમાં આવી જમીન જોવા મળે છે.

**(6) રણપ્રકારની જમીન :** આ જમીન શુષ્ક અને અર્ધશુષ્ક વિસ્તારોનાં ભારતમાં મુખ્યત્વે ગુજરાત, રાજસ્થાન, પંજાબ અને હરિયાણાનાં વિસ્તૃત શુષ્કક્ષેત્રોમાં મુખ્યત્વે આ જમીન જોવા મળે છે. ક્ષારકણોની અધિકતા અને જૈવિક પદાર્થોની ઓછપ જોવા મળે છે. સિંચાઈની સગવડથી આ જમીનમાં ખેતી શક્ય બની છે.

આમ, આબોહવા અને ભૂપૃષ્ઠના વૈવિધ્યને કારણે દેશની જમીનોમાં ઘણી વિવિધતા જોવા મળે છે.

## સ્વાધ્યાય

**1. નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો :**

(1) હિમાલય પર્વતશ્રેણીઓમાં કયા કયા ઘાટ આવેલા છે?

(2) રેગોલિથ એટલે શું ?

(3) ખડકોના મુખ્ય કેટલા અને કયા કયા પ્રકારો પડે છે.

(4) જમીન-નિર્માણની પ્રક્રિયા વિશે જણાવો.

**2. નીચેની શબ્દ-સંકલ્પનાઓ સમજાવો :**

(1) નિક્ષેપણ

(2) બાંગર

(3) ખનીજ

(4) ખડક

(5) જમીન

**3. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર આપો :**

(1) ભારતના દ્વીપસમૂહો

(2) ભારતની જમીનના પ્રકારો જણાવી વિસ્તૃત માહિતી આપો.

(3) ખનીજોનું વર્ગીકરણ કરો.

**4. નીચે આપેલા પ્રશ્નોમાં યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ પૂર્ણ કરો :**

(1) પતકાઈ ટેકરીઓ : અરુણાચલ પ્રદેશ :: લૂસાઈ : ......

(A) નાગાલૅન્ડ (B) મણિપુર (C) મિઝોરમ (D) મેઘાલય

(2) નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ? શોધો

(A) કશીશ : સોનું, ચાંદી, પ્લેટિનમ કીમતી ધાતુમય ખનીજો છે.

(B) કિન્ની : બૉક્સાઇટ, ટીટાનિયમ અને મૅગ્નેશિયમ વગેરે હલકી ધાતુમય ખનીજો છે.

(C) ધ્રુવી : ટંગસ્ટન, મૅંગેનીઝ અને ક્રોમિયમ વગેરે અધાતુમય ખનીજો છે.

(D) નિધિ : સીસું, તાંબું અને લોખંડ વગેરે સામાન્ય ઉપયોગમાં લેવાતાં ખનીજો છે.

(3) સાચાં જોડકાં જોડો :

| અ | બ |
|---|---|
| (1) પ્રસ્તર ખડક | (A) ગ્રૅનાઇટ |
| (2) રૂપાંતરિત ખડક | (B) ચૂનાનો ખડક |
| (3) આગ્નેય ખડક | (C) આરસપહાણ (માર્બલ) |

(A) 1-B, 2-C, 3-A

(B) 1-A, 2-C, 3-B

(C) 1-C, 2-B, 3-A

(D) 1-B, 2-A, 3-C

(4) નીચેનાંમાંથી કયું વિધાન સાચું છે ?

(A) પશ્ચિમઘાટ ઉત્તરક્ષેત્રમાં વધુ ઊંચાઈ ધરાવે છે.

(B) કર્ણાટકમાં પશ્ચિમઘાટને નીલગિરિ કહે છે.

(C) પશ્ચિમઘાટ અરબસાગરને કિનારે અવિચ્છિન્ન રૂપે ઉત્તર-દક્ષિણમાં વ્યાપ્ત છે.

(D) કેરળ અને તમિલનાડુની સીમા પર પશ્ચિમઘાટને સહ્યાદ્રિ કહે છે.

(5) અરવલ્લી અને વિંધ્યાચળની વચ્ચે કયો ઉચ્ચપ્રદેશ આવેલો છે ?

(A) છોટા નાગરપુરનો (B) માળવાનો

(C) દખ્ખણનો (D) શિલૉંગનો

**પ્રવૃત્તિઓ**

- ભારતના મુખ્ય દ્વીપસમૂહોની મુલાકાતનું આયોજન કરો.
- ઍટલાસની મદદથી ભારતના ભૂપૃષ્ઠનો નકશો જુઓ અને તેનો અભ્યાસ કરો.
- ભૂકંપ અને જ્વાળામુખી જેવી કુદરતી આપત્તિઓ વિશેની માહિતી એકત્ર કરીને આલ્બમ બનાવો અને તેનાં મૉડલ પણ તૈયાર કરો.

•

# 15 જળ-પરિવાહ

જળ-પરિવાહ શબ્દ એ એક ક્ષેત્રની નદીતંત્રની વ્યવસ્થિત પ્રણાલી માટે વપરાય છે. ભારતનું ભૂપૃષ્ઠ જોતાં જણાય છે કે એક મુખ્ય નદી અને તેની શાખા નદીઓ જુદી જુદી દિશાએથી આવીને જોડાય છે. આ નદીઓનું જળ કોઈ જળાશય, સમુદ્ર કે રણપ્રદેશને મળે છે. આ પ્રકારે એક નદી-તંત્ર દ્વારા તેનો પ્રવાહ જે ક્ષેત્રમાંથી પસાર થાય છે તેને નદી-બેસીન કહે છે. કોઈ પર્વત કે ઉચ્ચભૂમિ નદીઓના જળ-પરિવાહને એકબીજાથી અલગ કરે છે તેને જળ-વિભાજક કહે છે.




15.1 જળ-વિભાજક

**આટલું જાણવું ગમશે...**

વિશ્વમાં સૌથી મોટો નદી-બેસીન એમેઝોન નદીનો છે. ભારતમાં સૌથી મોટો નદી-બેસીન ગંગા નદીનો છે.

## ભારતનો જળ-પરિવાહ

ભારતના જળ-પરિવાહની રચના ભૌગોલિક રચનાના આધારે કરવામાં આવે છે. તેના આધારે ભારતની નદીઓને બે વિભાગમાં વહેંચવામાં આવે છે :

(1) હિમાલયની નદીઓ (2) દ્વીપકલ્પીય નદીઓ

પ્રાકૃતિક રચનાની વિશેષતાને કારણે ભારતની નદીઓના બે વિભાગ પાડવામાં આવ્યા છે. આને કારણે બંને - હિમાલયની નદીઓ અને દ્વીપકલ્પીય નદીઓમાં મોટો તફાવત જોવા મળે છે. હિમાલયની નદીઓમાં જળ પ્રવાહ કાયમી જોવા મળે છે. તેમાં બારેમાસ જળપ્રવાહ રહે છે કેમકે ચોમાસામાં વરસાદના કારણે અને ઉનાળામાં શિખરોનો બરફ પીગળતાં તળેટીના જળજથ્થામાં વધારો થતાં નદીઓના પ્રવાહમાં વધારો થાય છે. હિમાલયની મુખ્ય બે નદીઓ સિંધુ અને બ્રહ્મપુત્ર આ પર્વતમાળાના ઉત્તરના ભાગમાંથી નીકળે છે. આ નદીઓએ પર્વતોને કાપીને કોતરોનું નિર્માણ કર્યું છે. હિમાલયની નદીઓ તેનાં ઉદ્ભવસ્થાનેથી નીકળીને સમુદ્રને મળવા સુધીનો લાંબો રસ્તો પસાર કરે છે.




15.2 નદીની વિભિન્ન અવસ્થાઓ




15.3 નદી પ્રણાલીઓ

## નદી-પરિવાહની ત્રણ અવસ્થા

(1) ઊપરવાસ (2) મધ્યસ્થભાગ (3) હેઠવાસ

નદી જ્યારે પર્વતીય ક્ષેત્રોમાંથી નીકળે છે ત્યારે ત્યાં તીવ્ર ઘસારણ કરે છે. અહીંથી પોતાની સાથે પુષ્કળ પ્રમાણમાં રેતી અને કાંપ વહાવી જાય છે. મધ્ય તથા હેઠવાસમાં નદીઓનો પ્રવાહ ધીમો પડે છે. અહીં તેઓનું અપવહન વિસર્પી (સર્પાકાર) જોવા મળે છે. નદીઓના વિસર્પણને કારણે તથા પૂરના પ્રભાવથી મેદાનોમાં ઘોડાની નાળ જેવા નાળ આકાર સરોવરો રચાય છે. મુખ-પ્રદેશ આગળ નદી અનેક શાખાઓમાં વિભાજિત થાય છે. કાળક્રમે આ વિભાજિત ભાગ ત્રિકોણ આકારના અતિશય રસાળ-ફળદ્રુપ ભાગમાં રૂપાંતર પામે છે, જેને 'ડેલ્ટા' કહે છે.

દ્વીપકલ્પીય નદીઓ મોસમી છે, કારણ કે તેનો જળજથ્થો માત્ર વરસાદ પર આધારિત હોય છે. શુષ્ક ઋતુ દરમિયાન તેનો પ્રવાહ ઘટી જાય છે અથવા બંધ થઈ જાય છે. હિમાલયની નદીઓની સરખામણીમાં આ નદીઓની લંબાઈ પણ ઓછી છે તેમજ આ નદીઓ છીછરી છે. ભારતની પ્રાકૃતિક રચના તેમજ પહાડોના ઢોળાવના કારણે મોટા ભાગની દ્વીપકલ્પીય નદીઓ પશ્ચિમઘાટમાંથી નીકળી પૂર્વ તરફ વહી બંગાળાની ખાડીને મળે છે. દ્વીપકલ્પીય નદીઓ માટે **પશ્ચિમઘાટ** એ મુખ્ય જળ વિભાજક બને છે.

- **આટલું જાણવું ગમશે...**

**જળ-પરિવાહની ગોઠવણી :**

મુખ્ય નદી અને તેની શાખા નદીઓની ગોઠવણી નીચે પ્રમાણે જોવા મળે છે :

**(A) વૃક્ષાકાર પ્રણાલી :**

મુખ્ય નદી અને તેની શાખા નદીઓની ગોઠવણીથી એક વૃક્ષની ડાળીઓ જેવી સુંદર રચના થાય તેને વૃક્ષાકાર નદી રચના તરીકે ઓળખાય છે. જેમકે, ગંગા.

**(B) જાળી આકાર પ્રણાલી :**

પર્વતીય પ્રદેશમાંથી નીકળતાં ઝરણાં પહાડી ઢોળાવને કારણે એકબીજાને મળે છે ત્યારે તેની રૂપરચના જાળી આકારની બને છે. જેમકે હિમાલયના ઢોળાવો પરથી નીકળતાં અનેક ઝરણાં.

**(C) આયતાકાર પ્રણાલી :**

મુખ્ય નદી અને શાખા નદીઓ એકબીજાને કાટખૂણે મળતી હોય તો આ નદી રૂપરચનાને આયતાકાર રચના કહે છે. મોટા ભાગે ફાટખીણમાંથી વહેતી નદીઓ આ પ્રકારની રૂપરચના ધરાવે છે. જેમકે નર્મદા.

**(D) કેન્દ્રત્યાગી (પર્વતાકાર) પ્રણાલી :**

પર્વતીય વિસ્તારમાં એક પર્વતની ચારે બાજુથી ઝરણાં નીકળી ચારે બાજુ નદી રૂપરચના બનાવતા હોય તેને પર્વતાકાર નદી રૂપરચના તરીકે ઓળખવામાં આવે છે. જેમકે સૌરાષ્ટ્રની નદીઓ.




**15.4 ભારત-મુખ્ય નદીઓ, સરોવરો**

**(1) હિમાલયની નદીઓ :** સિંધુ, ગંગા તથા બ્રહ્મપુત્ર હિમાલયમાંથી નીકળતી મુખ્ય નદીઓ છે. આ નદીઓ લાંબી છે તેમજ અનેક શાખા નદીઓ તેમને મળે છે. કોઈ એક મોટી નદી તથા તેની શાખા નદીઓ એકબીજાને મળે ત્યારે જે સ્વરૂપ રચાય છે તેને જળ-પરિવાહ પ્રણાલી કહેવામાં આવે છે.

**સિંધુ નદી પ્રણાલી :** સિંધુ નદીનું ઉદ્‌ગમસ્થાન તિબ્બતમાં આવેલ માનસરોવરની નજીક છે. પ્રથમ તે પશ્ચિમમાં વહી ઉત્તર પશ્ચિમ તરફ ગતિ કરે છે. આમ તે જમ્મુ-કશ્મીરના લદાખ જિલ્લામાં પ્રવેશ કરે છે. અહીં તેણે દુર્ગમ કોતરોનું નિર્માણ કર્યું છે. અહીં તેને ઝાસ્કર, નૂબરા શ્યોક તથા હુંજા જેવી નદીઓ મળે છે. સિંધુ નદી બાલ્ટિસ્તાન તથા ગિલગિટ ક્ષેત્રમાં વહી અટક આગળ પર્વતીય ક્ષેત્રમાંથી બહાર નીકળે છે. સતલુજ, બિયાસ, રાવી, ચિનાબ અને ઝેલમ તેને મળતી શાખા નદીઓ છે. આ પાંચે નદીઓ પાકિસ્તાનના મિથાનકોટ પાસે સિંધુ નદીને મળે છે. આ બધી નદીઓનો સંયુક્ત પ્રવાહ દક્ષિણ તરફ વહી છેવટે પાકિસ્તાનમાં થઈને અરબ સાગરને મળે છે. આ નદી મેદાની પ્રદેશમાં મંદ પ્રવાહે વહે છે. આ નદી-બેસીનનો ત્રીજો ભાગ ભારતના જમ્મુ-કશ્મીરના પર્વતીય ક્ષેત્રોમાં આવેલો છે.

**આટલું જાણવું ગમશે...**

- સિંધુ નદીની લંબાઈ 2900 કિમી છે.
- સિંધુ નદીના પાણીની વહેંચણી માટે 1960માં પાકિસ્તાન સાથે વહેંચણી કરાર કરવામાં આવ્યો.
- તે અનુસાર તેના જળજથ્થામાંથી ભારત માત્ર 20 % જળનો ઉપયોગ કરી શકે.
- સતલુજ, રાવી અને બિયાસના જળના ઉપયોગથી પંજાબ, હરિયાણા અને રાજસ્થાનનાં દક્ષિણ-પશ્ચિમ ક્ષેત્રોમાં સિંચાઈ શક્ય બની છે.

**ગંગા નદી પ્રણાલી :** હિમાલયની ગંગોત્રી હિમનદીમાંથી નીકળેલ ભાગીરથી અને અલકનંદા દેવપ્રયાગમાં (ઉત્તરાખંડ) પરસ્પર મળે છે. પહાડી પ્રદેશો છોડી ગંગા હરિદ્વાર આગળથી મેદાની પ્રદેશમાં પ્રવેશે છે.

હિમાલયમાંથી આવતી અનેક નદીઓ ગંગા નદીને મળે છે. જેમાંની મુખ્ય નદીઓ યમુના, ઘાઘ્રા, ગંડક તથા કોસી છે. હિમાલયના યમનોત્રી (યમ્નોત્રી) માંથી યમુના નીકળે છે. આ નદી ગંગાની જમણી બાજુ વહીને અલાહાબાદ પાસે ગંગામાં ભળી જાય છે. ઘાઘ્રા, ગંડક તથા કોસીનાં મૂળ નેપાળમાં છે. તેના કારણે ઉત્તરના મેદાની પ્રદેશોમાં દર વર્ષે પૂરનો પ્રકોપ જોવા મળે છે. કેટલાક વિસ્તારોમાં ભારે જાન-માલની હાનિ થાય છે; તેમ છતાં આ નદીઓએ રચેલા ફળદ્રુપ કાંપનાં મેદાનોમાંથી ભારત કૃષિક્ષેત્રે સમૃદ્ધિ પ્રાપ્ત કરી શક્યું છે.

દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશમાંથી નીકળતી કેટલીક નદીઓ - ચંબલ અને બેતવા યમુનાને તથા શોણ ગંગા નદીને મળે છે. આ નદીઓ અર્ધ શુષ્ક ક્ષેત્રોમાંથી નીકળે છે તેમજ તેમની લંબાઈ પણ ઓછી છે. તેઓનો જળજથ્થો પણ મર્યાદિત છે.

ઉત્તર તથા દક્ષિણમાંથી મળતી નદીઓનો સંયુક્ત પ્રવાહ આગળ વધી બે ભાગમાં વહેંચાય છે. એક ફાંટો બાંગ્લાદેશમાં પ્રવેશે છે, અહીં તેને **પદ્માના** નામે ઓળખવામાં આવે છે. બીજો ફાંટો પશ્ચિમ બંગાળામાં ભાગીરથી-હુગલી નામે ઓળખાય છે. છેવટે આ બંને પ્રવાહો બંગાળાની ખાડીને મળે છે.

ગંગાનો પ્રવાહ બાંગ્લાદેશમાં પદ્માના નામે ઓળખાય છે. અહીં તે બ્રહ્મપુત્ર નદીના પ્રવાહની સાથે ભળી જાય છે. આ બંનેનો સંયુક્ત પ્રવાહ **મેઘના** નામે ઓળખાય છે. ગંગા અને બ્રહ્મપુત્ર નદીનો મુખત્રિકોણ પ્રદેશ એ સૌથી વધુ રસાળ ફળદ્રુપ પ્રદેશ છે. તેને સુંદરવનના નામે ઓળખવામાં આવે છે.

**આટલું જાણવું ગમશે...**

- ગંગાના મુખત્રિકોણ પ્રદેશને 'સુંદરવન' એટલા માટે કહેવામાં આવે છે કે અહીં 'સુંદરી' નામનાં વૃક્ષો પુષ્કળ પ્રમાણમાં થાય છે.
- ભારતના સંદર્ભે સુંદરવન મુખપ્રદેશ એ મેન્ગ્રુવ જંગલો માટે અત્યંત જાણીતો છે.
- ગંગા નદીની કુલ લંબાઈ 2500 કિમીથી વધુ છે. અંબાલા શહેર ગંગા અને સિંધુ નદી વચ્ચે જળ વિભાજકનું કામ કરે છે.અંબાલાથી સુંદરવન સુધીની લંબાઈ લગભગ 1800 કિમી છે; પરંતુ અહીંથી ધીમો ઢોળાવ છે. અંબાલા સમુદ્ર સપાટીથી 300 મીટરની ઊંચાઈએ છે અને સુંદરવન સમુદ્ર સપાટીની નજીક છે. આ ગણતરીએ વિચારતાં પ્રત્યેક 6 કિમીએ એક મીટર ઢોળાવ ઓછો થાય, તેથી આ નદીમાં વિસર્પણ વધારે જોવા મળે છે.

**બ્રહ્મપુત્ર નદી પ્રણાલી :** બ્રહ્મપુત્ર નદી તિબ્બતમાં આવેલા માનસરોવરની પૂર્વમાંથી તથા સિંધુ અને સતલુજના મૂળની નજીકથી નીકળે છે. તેની વધુ પ્રવાહ લંબાઈ ભારતની બહાર છે. આ નદી હિમાલયની શ્રેણીને સમાંતર પૂર્વમાં વહે છે. નામચાબરવા પાસેથી અંગ્રેજી U આકારે વળાંક લઈ ભારતના અરુણાચલ પ્રદેશમાં પ્રવેશે છે. અહીં તે દિહાંગના નામે ઓળખાય છે. દિહાંગ, લોહિત અને કેનુલા જેવી શાખા નદીઓ મળીને અસમમાં બ્રહ્મપુત્ર તરીકે ઓળખાય છે.

**આટલું જાણવું ગમશે...**

- બ્રહ્મપુત્ર નદી એકમાત્ર પુરુષવાચક સર્વનામ ધરાવતી નદી છે. જેની લંબાઈ લગભગ 2900 કિમી છે.
- બ્રહ્મપુત્ર નદીને તિબ્બતમાં ત્સાંગપો અને બાંગ્લાદેશમાં જમુના નામે ઓળખાવામાં આવે છે.
- બ્રહ્મપુત્રના સમગ્ર પ્રવાહ દરમિયાન 'માઝુલી' નામનો એક નદીય ટાપુ (Riverine Island) જે વિશ્વમાં સૌથી મોટો છે.

તિબ્બતમાં આ નદીમાં કાંપનું પ્રમાણ બહું ઓછું છે. ભારતમાં આ નદી વધારે વરસાદવાળાં ક્ષેત્રોમાંથી પસાર થાય છે.

તેથી અહીંથી જળ જથ્થાની અને કાંપની માત્રામાં વધારો થાય છે. અસમમાં અનેક શાખા નદીઓ તેને મળે છે. આમ, બ્રહ્મપુત્ર નદી ગુંફિત સ્વરૂપમાં વહે છે.

દર વર્ષે વર્ષાઋતુમાં આ નદીના જળજથ્થામાં મોટા પ્રમાણમાં વધારો થાય છે. પરિણામે અસમ અને બાંગ્લાદેશમાં વારંવાર આવતા પૂરથી ભારે વિનાશ થાય છે. ઉત્તર ભારતની બીજી નદીઓ કરતાં આ નદીમાં વિરોધાભાસ જોવા મળે છે. અસમમાં ચોમાસા દરમિયાન પડતા વરસાદને કારણે અહીં વધારે માત્રામાં નિક્ષેપણ થાય છે. આ નદીમાં રેતીના પ્રમાણમાં વધારો થતાં તેની સપાટી ઊંચે આવતી જાય છે. તેથી આ નદીના પ્રવાહમાં વારંવાર માર્ગ પરિવર્તન જોવા મળે છે.

**(2) દ્વીપકલ્પીય નદીઓ** : પશ્ચિમઘાટ દ્વીપકલ્પીય નદીઓનો મુખ્ય જળ વિભાજક ગણાય છે. પશ્ચિમઘાટ દક્ષિણ ભારતના પશ્ચિમ કિનારે દક્ષિણથી ઉત્તરદિશામાં વ્યાપ્ત છે. મહાનદી, ગોદાવરી, કૃષ્ણા, કાવેરી વગેરે દ્વીપકલ્પની મુખ્ય નદીઓ છે. આ બધી નદીઓ પૂર્વ તરફ વહી બંગાળાની ખાડીને મળે છે અને મુખત્રિકોણ પ્રદેશ (ડેલ્ટા) ધરાવે છે. પશ્ચિમઘાટની પશ્ચિમે અનેક નદીઓ વહે છે. અલબત્ત નર્મદા અને તાપી જેવી મોટી નદીઓ પૂર્વથી વહી પશ્ચિમે આવેલા અરબ સાગરને મળે છે.

**નર્મદા-બેસીન :** નર્મદા મધ્યપ્રદેશના અમરકંટક પાસેથી નીકળે છે. તે પશ્ચિમ બાજુએ એક ફાટ-ખીણમાં થઈ વહે છે. જબલપુર પાસે સંગેમરમરના ખડકાળ પ્રદેશમાંથી વહે છે. અહીં ઢોળાવને કારણે તીવ્ર વેગથી વહે છે, જ્યાં ધુંઆધાર નામના જળધોધની રચના થયેલી છે.

આ નદીની શાખા નદીઓની લંબાઈ વધારે નથી. મોટા ભાગની નદીઓ કાટખૂણે મળે છે. આ નદીનો બેસીન મધ્યપ્રદેશ અને ગુજરાતમાં વ્યાપ્ત છે. નર્મદા નદીની લંબાઈ લગભગ 1312 કિમી છે.

**તાપી-બેસીન :** મધ્યપ્રદેશમાં સાતપુડાની ગિરિમાળાઓ છે. અહીંના બેતૂલ જિલ્લામાંથી તાપી નદી નીકળે છે. તે નર્મદાની સમાંતર એક ફાટ-ખીણમાં થઈને વહીને અરબ સાગરને મળે છે. મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં તેનું બેસીન ક્ષેત્ર વ્યાપ્ત છે.

અરબ સાગર તથા પશ્ચિમઘાટની વચ્ચેનું કિનારાનું મેદાન સાંકડું છે. અહીંની નદીઓની લંબાઈ ખૂબ જ ઓછી છે. પશ્ચિમ બાજુએ વહેતી મુખ્ય નદીઓની લંબાઈ ખૂબ જ ઓછી છે. પશ્ચિમ બાજુએ વહેતી મુખ્ય નદીઓમાં સાબરમતી અને મહી (મહીસાગર)નો સમાવેશ થાય છે. તાપી નદીની લંબાઈ લગભગ 724 કિમી છે.

**ગોદાવરી–બેસીન :** આ નદી દ્વીપકલ્પીય નદીઓમાં સૌથી મોટી નદી છે. તે મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના પશ્ચિમ ઘાટના ઢોળાવોમાંથી નીકળે છે. તેની લંબાઈ લગભગ 1465 કિમી છે. આ નદી પૂર્વમાં વહી બંગાળાની ખાડીને મળે છે. દ્વીપકલ્પીય નદીઓમાં તેનું બેસીન ક્ષેત્ર સૌથી મોટું છે. આ નદી બેસીનનો 50 % ભાગ મહારાષ્ટ્રમાં છે. બાકીનું બેસીન ક્ષેત્ર મધ્યપ્રદેશ અને આંધ્રપ્રદેશમાં છે.

ગોદાવરીને અનેક શાખા નદીઓ મળે છે. જેમાં પૂર્ણા, વર્ધા, પ્રાણહિતા, માંજરા, વેનગંગા તથા પેનગંગાનો સમાવેશ થાય છે. ગોદાવરીનો પ્રવાહન માર્ગ લાંબો અને બેસીન ક્ષેત્ર વિસ્તૃત છે તેથી તેને દક્ષિણની ગંગા તરીકે ઓળખવામાં આવે છે.

**મહાનદી-બેસીન :** મહાનદીનું ઉદ્‌ગમસ્થાન છત્તીસગઢના પહાડી ક્ષેત્રમાં છે.તે ઓડિશામાંથી વહીને બંગાળાની ખાડીને મળે છે. તેની લંબાઈ લગભગ 860 કિમી છે. તેનું બેસીન ક્ષેત્ર છત્તીસગઢ, ઝારખંડ તથા ઓડિશામાં છે.

**કૃષ્ણા-બેસીન :** તે મહારાષ્ટ્રના પશ્ચિમઘાટના મહાબળેશ્વર પાસેથી નીકળે છે. તે લગભગ 1400 કિમી લંબાઈ ધરાવે છે. તેને મળતી શાખા નદીઓમાં તુંગભદ્રા, કોયના, ઘાટપ્રભા, મુસી તથા ભીમા છે. તેનું બેસીન ક્ષેત્ર મહારાષ્ટ્ર, કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં ફેલાયેલું છે.

**કાવેરી-બેસીન :** કાવેરી પશ્ચિમ ઘાટની બ્રહ્મગિરિ પર્વતમાળામાંથી નીકળે છે. તેની લંબાઈ લગભગ 760 કિમી છે. તેને મળતી શાખા નદીઓ અમરાવતી, ભવાની, હેમાવતી તથા કાલિનિ છે. તેનું બેસીન ક્ષેત્ર કેરળ, કર્ણાટક અને તમિલનાડુમાં વ્યાપ્ત છે. તે તમિલનાડુના કુડલૂરના દક્ષિણમાં (કાવેરી પટ્ટનમથી) બંગાળાની ખાડીને મળે છે.

આ સિવાય અન્ય નાની નદીઓ પણ છે, જે પૂર્વ તરફ વહી બંગાળાની ખાડીને મળે છે. તેમાં દામોદર, બ્રાહ્મણી, વૈતરણી, તથા સુવર્ણરેખાનો સમાવેશ થાય છે.

**આટલું જાણવું ગમશે...**

- પૃથ્વી સપાટી પર આશરે 71 % જલાવરણ છે.
- તેમાંથી 97 % જળ ખારું છે.
- માત્ર 3 % જળ પેયજળ તરીકે ઉપલબ્ધ છે. તેનો ચોથો ભાગ બરફના રૂપમાં છે.

### સરોવરો

ભારતમાં અનેક નાનાં-મોટાં સરોવરો આવેલાં છે. મીઠા પાણીનાં સરોવરો હિમાલયના પહાડી વિસ્તારોમાં જોવા મળે છે. મોટા ભાગનાં સરોવરોમાં ચોમાસા દરમિયાન પાણી હોય છે. શુષ્ક ક્ષેત્રોમાં અંતઃસ્થળીય નદીઓ વડે, કશ્મીરીક્ષેત્રમાં સરોવરોની રચના હિમનદીથી થયેલી છે. કેટલાંક સરોવરો પવન, નદીઓ અને માનવ પ્રવૃત્તિને કારણે રચાયેલા છે. વિસર્પી નદીઓમાં પૂરના પ્રકોપના કારણે ઘોડાની નાળ જેવાં સરોવરો રચાયા છે. સમુદ્રની ભરતીના કારણે 'લગૂન' સરોવરો રચાયેલાં છે. ચિલ્કા, કોલેરું અને પુલિકટ આ પ્રકારનાં સરોવરોનું ઉત્તમ ઉદાહરણ છે. રાજસ્થાનમાં આવેલું સાંભર સરોવર ખારાપાણીનું સરોવર છે, જેમાંથી મીઠું પકવવામાં આવે છે.

મીઠા પાણીનાં સરોવરો હિમાલયના ક્ષેત્રમાં છે. જે હિમ નદી દ્વારા નિર્માણ પામ્યા છે. જે-તે સમયે હિમ નદીના ગર્તમાં પાણી ભરાવાથી સરોવરો રચાયા. હિમ નદીનો બરફ પીગળી જતાં અહી સુંદર સરોવરો બન્યા. કશ્મીરનું વુલર સરોવર ભૂગર્ભીય ક્રિયાઓ દ્વારા રચાયેલું છે. આ સિવાય દલ, ભીમતાલ, નૈનીતાલ, લોકતાલ અને બડાપાની વગેરે સરોવરો આ ક્ષેત્રોમાં જોવા મળે છે.

**સરોવરની ઉપયોગિતા :** સરોવરો માનવીને અનેક રીતે ઉપયોગી છે. કેટલીક નદીઓ સરોવરમાંથી પણ ઉદ્ભવે છે. જ્યાં વધુ વરસાદ પડે છે તેવા ક્ષેત્રોમાં આવેલાં સરોવરોમાં વધારે પ્રમાણમાં જળ સંચિત કરી શકાય છે અને સંચિત કરેલા જળનો ઉપયોગ સિંચાઈ અને અન્ય ઉપયોગ માટે થાય છે. સરોવરમાં સંગ્રહ કરેલા પાણીનો ઉપયોગ દુષ્કાળ વખતે પણ થઈ શકે છે માનવીદ્વારા નિર્મિત નદી પર બંધાયેલા બંધો અને તેને અંતર્ગત કેટલાંક સરોવરો જળવિદ્યુત ઉત્પાદન માટે ખૂબ જ ઉપયોગી છે. ઘણાં સરોવરો તો કુદરતી સૌંદર્યમાં વધારો કરે છે. પરિણામે આવાં સરોવરો સહેલગાહ તરીકે વિકસિત થયાં છે. સરોવરો મત્સ્ય પ્રવૃત્તિ અને પ્રવાસન સ્થળો તરીકે પણ મહત્ત્વનાં બની રહ્યાં છે.

### નદીઓનું આર્થિક મહત્ત્વ

માનવ ઈતિહાસમાં નદીઓનું મહત્ત્વ સૌથી વધુ રહ્યું છે. નદીઓનું પાણી કુદરતી સંસાધન છે. તે માનવીની ઘણી બધી પ્રવૃત્તિઓ માટે અનિવાર્ય છે. તેણે માનવીની પ્રાથમિક જરૂરિયાતો સંતોષી છે. ખેતી અને ઉદ્યોગોનો વિકાસ નદીઓના કારણે થયો. પ્રાચીન સંસ્કૃતિઓ પણ નદીઓને આભારી રહી છે. મોટા ભાગનાં મોટાં શહેરો નદી-કિનારે વિકાસ પામ્યા. જેમ કે દિલ્લી, કોલકાતા, અમદાવાદ, ભરૂચ, સુરત વગેરે.

ભારત જેવા કૃષિપ્રધાન દેશની કૃષિના વિકાસ માટે નદી એ પાયો ગણવામાં આવે છે. આધુનિક સમયમાં તેના જળનો ઉપયોગ પીવા માટે, સિંચાઈ માટે, જળવિદ્યુત માટે તથા નૌકાવિહાર માટે થાય છે.

### નદી-પ્રદૂષણ

નદીના પાણીનો ઉપયોગ ઘરેલું, કૃષિ તથા ઔદ્યોગિક ઉત્પાદન પ્રવૃત્તિમાં વધારે પડતો થાય છે. આપણે નદીઓને 'લોકમાતા' કહીએ છીએ, તેને પવિત્ર પણ ગણીએ છીએ તેમ છતાં નદીઓમાં ઉદ્યોગોનું મલિનજળ છોડીએ છીએ. શહેરોની ગટરોનાં પાણી શહેર પાસે આવેલી નદીઓમાં ઠલવાય છે. ઉપરાંત શહેરોનો કચરો પણ નદીના પાણીમાં નાખીએ છીએ. પરિણામે માનવી જેને 'લોકમાતા' કહે છે, તેવા નદીના પાણીને પ્રદૂષિત કરે છે. આમ, ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણના પરિણામે જળપ્રદૂષણમાં સતત વધારો થયા કરે છે. નદીના પાણીનું પ્રદૂષણ આપણી રાષ્ટ્રીય સમસ્યા બની ગઈ છે. નદીના પાણીને દૂષિત થતું અટકાવવા સરકાર હાલમાં વિશેષ પ્રકારના પ્રયત્નો કરી રહી છે. આ સંદર્ભે સરકારશ્રીની કામગીરીની સાથે લોકભાગીદારી પણ એટલી જ ઇચ્છનીય છે.

### જળ-પ્રદૂષણ અટકાવવાના ઉપાયો

જળ-પ્રદૂષણ ઘટાડવા કડક નિયમોનું પાલન કરાવવું જોઈએ. રાષ્ટ્રીય નદી સંરક્ષણ યોજના (National River conservation Project). દ્વારા જળ શુદ્ધીકરણના કાર્યક્રમો અમલી બનાવવા જોઈએ. ઔદ્યોગિક એકમો પોતાનું પ્રદૂષિત પાણી નદીઓમાં ન છોડે તે માટેના કડક નિયમો બનાવવા જોઈએ. ઔદ્યોગિક એકમોએ પોતાના ઉદ્યોગો દ્વારા છોડવામાં આવતા રાસાયણિકજળમાં રહેલાં હાનિકારક તત્ત્વો દૂર કરવાં જોઈએ. દરેક નાગરિકે નદીમાં સ્વચ્છ પાણી રહે તે માટે ઘરનો કચરો નદીના પાણીમાં ન ભળે તેની કાળજી રાખવી જોઈએ.

**આટલું જાણવું ગમશે...**

- NRCP (National River conservation Project) રાષ્ટ્રીય નદી સંરક્ષણ યોજના.
- ગંગા નદીના શુદ્ધીકરણના બીજા તબક્કામાં રાષ્ટ્રીય નદી સંરક્ષણ યોજના દાખલ કરી.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો :**

(1) તફાવત આપો : હિમાલયની નદીઓ – દ્વીપકલ્પીય નદીઓ

(2) સમજાવો : જળ-પરિવાહ અને જળ વિભાજક

(3) સરોવરોની ઉપયોગિતા જણાવો.

(4) જળ-પ્રદૂષણ અટકાવવાના ઉપાયો જણાવો.

(5) 'ગોદાવરીને દક્ષિણની ગંગા કહે છે' - કારણ આપો.

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) ગંગા નદી પ્રણાલી વિશે સમજાવો.

(2) નર્મદા બેસીન વિશે જણાવો.

(3) કૃષ્ણા અને કાવેરી બેસીનની વિસ્તૃત માહિતી આપો.

**3. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધો :**

(1) નદીઓના વિસર્પણને કારણે કેવાં સરોવરો રચાય છે ?

(A) લગૂન (B) ઘોડાની નાળ જેવા (C) લંબગોળ (D) ચોરસ

(2) કોઈ પર્વત કે ઉચ્ચ ભૂમિ નદીઓના વહેણને એક બીજાથી અલગ કરે તેને શું કહેવાય ?

(A) જળ રચના (B) જળ વિભાજક (C) નદી પ્રણાલી (D) બેસીન

(3) નીચેનામાંથી કઈ નદી દ્વીપકલ્પીય નથી ?

(A) ગોદાવરી (B) કૃષ્ણા (C) કોસી (D) કાવેરી

(4) નીચેનામાંથી કયા સરોવરનો ઉપયોગ મીઠું પકવવા માટે થાય છે ?

(A) ઢેબર (B) સાંભર (C) વૂલર (D) નળ

(5) ગંગાને મળતી મુખ્ય નદીઓ કઈ કઈ છે ?

(A) યમુના, ઘાઘ્રા, ગંડક અને કોસી (B) યમુના, ચંબલ, ઘાઘ્રા, કોસી

(C) યમુના, ઘાઘ્રા, શરાવતી અને કોસી (D) નર્મદા, ઘાઘ્રા, ગંડક અને કોસી

**પ્રવૃત્તિઓ**

- નદીઓ અને બહુહેતુક યોજનાઓના ચાર્ટ્સ તૈયાર કરો.

# 16 આબોહવા

આબોહવા એ વાતાવરણની લાંબાગાળાની સરેરાશ પરિસ્થિતિ છે. સામાન્ય રીતે જે-તે પ્રદેશની 35 કે તેથી વધુ વર્ષોની વર્ષાઋતુ, ઉનાળા કે શિયાળાના સરેરાશ હવામાનની પરિસ્થિતિ પરથી તેની આબોહવા નક્કી કરવામાં આવે છે. ટૂંકમાં, આબોહવા એ ઘણાં વર્ષોની લાંબા સમયગાળાની હવામાનની વિવિધ પરિસ્થિતિઓની સરેરાશ છે.

હવામાન એ વાતાવરણની ટૂંકા સમયગાળાની સરેરાશ પરિસ્થિતિ છે. દિવસ દરમિયાન કોઈ પણ સમયે હવામાન બદલાઈ શકે છે. હવામાન બદલાવાનો આધાર હવાનું તાપમાન, હવાનું દબાણ, ભેજ, વરસાદ, ધુમ્મસ કે વાદળોનું પ્રમાણ વગેરે પર રહેલો છે. આપણી ખેતી-પ્રવૃત્તિ પર હવામાનની ઘણી અસર થાય છે. ભારતીય હવામાન ખાતું સમગ્ર દેશનું રોજેરોજનું હવામાન દર્શાવતા નકશાઓ બહાર પાડે છે.

ભારત આબોહવામાં ઘણી વિવિધતાઓ અને વિલક્ષણતાઓ ધરાવતો દેશ છે. પૃથ્વી સપાટીના કેટલાક પ્રદેશોમાં પવનની દિશા ઋતુ પ્રમાણે બદલાય છે. આમ, ઋતુ પ્રમાણે દિશા બદલતા પવનોને 'મોસમી પવનો' કહે છે. અરબી ભાષાનો મૂળ શબ્દ ''મૌસિમ'' (Mausim) પરથી આ પવનોને 'મોસમી પવનો' નામ આપવામાં આવ્યું છે. એશિયાખંડમાં ભારત, શ્રીલંકા, બાંગ્લાદેશ, પાકિસ્તાન અને મ્યાનમાર મોસમી આબોહવા અનુભવતા મુખ્ય દેશો છે.

### ઋતુ-પરિવર્તન

ઋતુ-પરિવર્તનનાં મુખ્ય કારણોમાં પૃથ્વીનું સૂર્યની ચારેબાજુ પરિક્રમણ ઉપરાંત પૃથ્વીની ધરીનું નમન પણ ભાગ ભજવે છે. પૃથ્વીની ધરી 23.5° નમેલી છે અને કક્ષાની સાથે 66.5°નો ખૂણો બનાવે છે. પૃથ્વીનાં ધરી નમનને કારણે ઋતુઓ થાય છે. વધારે સમય સૂર્યપ્રકાશ મેળવતા વિસ્તારોમાં ઉનાળો અને ઓછો સમય સૂર્યપ્રકાશ મેળવતા વિસ્તારોમાં શિયાળો અનુભવાય છે. 22 ડિસેમ્બરે સૂર્યનાં કિરણો મકરવૃત્ત પર લંબ પડે છે આથી દક્ષિણ ગોળાર્ધમાં ઉનાળો અને ઉત્તર ગોળાર્ધમાં શિયાળો અનુભવાય છે. તેથી ભારતમાં રાત્રી લાંબી અને ઠંડી અનુભવાય છે. તેવી જ રીતે 21 જૂને કર્કવૃત્ત તરફ સૂર્યનાં લંબ કિરણો ઉત્તર ગોળાર્ધમાં પડતાં હોવાથી દિવસ લાંબો બને છે.




16.1 ઋતુ-પરિવર્તન

ધરીભ્રમણ અને કક્ષાભ્રમણ ગતિની સીધી અસર માનવ જીવનનાં ખોરાક, પોશાક અને રહેઠાણ પર થાય છે. ભારત જેવા મોસમી આબોહવા ધરાવતા દેશોમાં ઋતુ પ્રમાણે દિશા બદલતા શિયાળાના અને ઉનાળાના મોસમી પવનો ઋતુગત હવામાન પર વ્યાપક અસર કરે છે અને દરેક ઋતુના હવામાનને આગવાં લક્ષણો આપે છે. આથી જ આ આબોહવા 'મોસમી આબોહવા' તરીકે ઓળખાય છે.

### ભારતની આબોહવાની વિવિધતા

ભારતની આબોહવામાં અનેક બાબતોમાં ભિન્નતા છે. દક્ષિણ ભારત દ્વીપકલ્પીય પરિસ્થિતિ ધરાવતો હોવાથી દરિયાકિનારાની સમ આબોહવાનો અનુભવ કરે છે જ્યારે દરિયાકિનારાથી દૂર જતાં ખંડીય આબોહવા અનુભવાય છે. ઉત્તર ભારતનો ઘણો ભાગ દરિયાથી દૂર હોવાથી ત્યાંની આબોહવા ખંડીય છે. ભારતની લગભગ મધ્યમાંથી કર્કવૃત્ત પસાર થાય છે. દક્ષિણ ભાગ ઉષ્ણ કટિબંધમાં

અને ઉત્તર ભાગ સમશીતોષ્ણ કટિબંધમાં આવેલો છે. પરિણામે દેશના જુદા-જુદા ભાગોમાં આવેલાં સ્થળોનાં તાપમાન અને વરસાદમાં ઘણો મોટો તફાવત નોંધાય છે. દા.ત., ઉત્તરે કશ્મીરમાં આવેલા લેહ તથા દ્રાસનું તાપમાન શિયાળામાં –45° સે સુધી નીચું જાય છે. રાજસ્થાનમાં આવેલા શ્રીગંગાનગર તેમજ અલવર ખાતે ઉનાળાનું તાપમાન 51° સે જેટલું ઊંચું નોંધાયેલ છે. એવી જ રીતે પૂર્વ ભારતમાં મેઘાલય રાજ્યના ચેરાપુંજીમાં દુનિયાનો સૌથી વધુ વાર્ષિક વરસાદ 1200 સેમી વરસે છે. ચેરાપુંજીથી આશરે 16 કિમી દૂર આવેલું મૌસીનરમ (Mawsynram) પણ ચોવીસ ક્લાક દરમિયાન પડેલા મહત્તમ વરસાદી સ્થળ તરીકે પ્રસિદ્ધિ પામ્યું છે. જ્યારે પશ્ચિમ રાજસ્થાનમાં આવેલા રણપ્રદેશમાં સમગ્ર વર્ષ દરમિયાન કેવળ 10 થી 12 સેમી વરસાદ પડે છે. દેશમાં કોઈ એક પ્રદેશમાં પૂરની વિકટ પરિસ્થિતિએ ભયંકર તારાજી સર્જી હોય અને બીજા પ્રદેશમાં વરસાદ ન પડવાને લીધે દુષ્કાળ અને ગરમીની પરિસ્થિતિ સર્જાયેલ હોય એવી વિરોધાભાસી આબોહવાકીય સ્થિતિ આપણા દેશમાં જોવા મળે છે. ગાજવીજનાં તોફાનો (Thunder Strom), ધૂળની ડમરીઓ અને ઉષ્ણકટિબંધીય ચક્રવાતોની વિનાશક અસરો કેટલાક પ્રદેશોમાં થતી રહી છે. આમ, ઋતુગત હવામાન અનેકવિધ રીતે અસરકારક નીવડે છે.

## આબોહવાને અસર કરતાં પરિબળો

પૃથ્વી સપાટી પર તાપમાન, વાતાવરણીય દબાણ, પવનો, ભેજ, વરસાદ વગેરે વાતાવરણીય ઘટકોનાં પ્રમાણ અને વિતરણ પર અંકુશ ધરાવતાં કેટલાંક પરિબળો છે જે આબોહવાને અસર કરતાં પરિબળો ગણાય છે. ભારતની આબોહવાને અસર કરતાં પરિબળો નીચે મુજબ છે :

**અક્ષાંશ** : પૃથ્વી સપાટી પર આબોહવાના પ્રકાર જે-તે પ્રદેશોના અક્ષાંશ પ્રમાણે બદલાય છે. આબોહવામાં તત્ત્વોનું વિતરણ મોટા ભાગે અક્ષાંશોને અનુસરે છે. બે અક્ષાંશો વચ્ચે આશરે 111 કિમીનું અંતર હોય છે. વિષુવવૃત્તની આસપાસના પ્રદેશ પર સૂર્યનાં કિરણો લગભગ લંબ પડે છે તેથી ત્યાં બારેમાસ ગરમી પડે છે. ભારત ઉષ્ણ કટિબંધીય અને સમશીતોષ્ણ કટિબંધીય એવા બે આબોહવાકીય પરિસ્થિતિ ધરાવતા વિભાગમાં વહેંચાઈ જાય છે.

**સમુદ્રથી અંતર** : સમુદ્ર વિસ્તારથી જમીન પ્રદેશનાં અંતરો એ આબોહવા પર અસર કરનાર બીજું મહત્ત્વનું પરિબળ છે. સૂર્યની ગરમી સંઘરવાની તેમજ તેની આપ-લે કરવાની શક્તિ જમીન અને પાણીમાં જુદી જુદી છે. પરિણામે, સમુદ્ર અને તેના કિનારા નજીકના ભૂમિભાગો પર સમ આબોહવા અનુભવાય છે. જ્યારે કિનારાથી દૂર અંદરના ભાગો તરફ જતા ભૂમિખંડોની આબોહવા વિષમ બને છે. ભારતમાં મુંબઈ દરિયાકિનારે હોવાથી ત્યાં સમ આબોહવા રહે છે જ્યારે નાગપુર કે દિલ્લી દરિયાથી દૂર હોવાથી ત્યાં વિષમ આબોહવા અનુભવાય છે.

**સમુદ્ર સપાટીથી ઊંચાઈ** : સમુદ્રની સપાટીથી વાતાવરણમાં જેમ ઊંચે જઈએ તેમ હવાનું દબાણ અને હવાનું તાપમાન ઘટતું જતું જોવા મળે છે. જ્યારે ભૂપૃષ્ઠની ઊંચાઈ વરસાદમાં વધારો કરે છે. હિમાલય પર્વતની ઊંચાઈને લીધે તેનાં બહુ ઊંચાં શિખરો બારેમાસ બરફથી છવાયેલા રહે છે. ભેજવાળી હવા ઊંચે ચડતાં ઠંડી બને છે અને વરસાદ આપે છે. અસમ, મેઘાલયના પહાડી પ્રદેશોમાં તો જેમ ઊંચાઈ વધતી જાય છે તેમ વરસાદનું પ્રમાણ વધતું જોવા મળે છે. સામાન્ય પરિસ્થિતિમાં પૃથ્વી સપાટીથી ઊંચે તરફ જતાં 165 મીટરે 1° સે અથવા તો સરેરાશ 1000 મીટરે 6.5° સે તાપમાન ઘટે છે.

**વાતાવરણીય દબાણ અને પવનો** : ભારત ઉત્તર-પૂર્વી વ્યાપારિક પવનોવાળા ક્ષેત્રમાં આવેલ છે. આ પવનો ઉત્તર ગોળાર્ધના ઉષ્ણ કટિબંધીય ગુરુદાબપટના ભારે દબાણ પટાઓ દ્વારા સર્જાય છે. આ પવનો પૃથ્વીના ધરીભ્રમણને લીધે થોડા મરડાઈને વિષુવવૃત્ત તરફ વાય છે. ભૂતકાળમાં દરિયાઈ માર્ગે થતા વેપાર માટે આ પવનોનો લાભ લેવામાં આવતો તેથી તેને **'વ્યાપારી પવનો'** કહે છે. આ પવનો ભૂભાગમાંથી ઉત્પન્ન થઈને વાતા હોવાથી સામાન્યતઃ ભેજનું પ્રમાણ ઘણું ઓછું હોય છે; પરંતુ ભારતની દક્ષિણે હિંદ મહાસાગર આવેલો છે તથા પશ્ચિમે અરબ સાગર તથા પૂર્વમાં બંગાળાની ખાડી છે. આ વિશાળ જળરાશિને લીધે તેના ઉપરથી વાતા પવનો ભેજવાળા બને છે અને ભારતમાં વરસાદ લાવે છે.

શિયાળામાં હિમાલયની ઉત્તરમાં ભારે દબાણ હોય છે. આ ક્ષેત્રમાંથી ઠંડા અને સૂકા પવનો દક્ષિણના હળવા દબાણવાળા સમુદ્રી વિસ્તારો તરફ વાય છે. ઉનાળામાં મધ્ય એશિયા અને ભારતના ભૂમિભાગોમાં ઊંચા તાપમાનને કારણે હવાનું હલકું દબાણ રચાય છે. આ સમયે દક્ષિણે હિંદ મહાસાગર પર ભારે દબાણ હોય છે તેથી હિંદ મહાસાગર પરથી પવનો ઉત્તરના હલકા દબાણ તરફ ખેંચાઈ આવે છે. આ પવનોને દક્ષિણ-પશ્ચિમ મોસમી પવનો કહે છે. તે ભેજવાળા હોવાથી ભારતમાં વરસાદ લાવે છે.

ભારતીય વિસ્તારથી દૂર આવેલા કેટલાક પ્રદેશો ઉપર ક્યારેક વિશિષ્ટ ઘટના આકાર લે છે. જેનાથી આબોહવાની દીર્ઘકાલીન પ્રણાલીમાં તે સમય પૂરતો થોડો તફાવત સર્જાય છે. ભારતના હવામાન ઉપર **જેટ સ્ટ્રીમ, પશ્ચિમી વિક્ષોભ** (વેસ્ટર્ન ડિસ્ટર્બન્સીઝ), **અલ–નીનો, આઈ.ટી.સી.ઝોન** જેવી ઘટનાઓએ ઘણી અસરો કરી છે. આમ છતાં એકંદરે ભારતની મોસમી આબોહવાની લાક્ષણિકતાઓ જળવાઈ રહી છે.

**ભારતનું ઋતુચક્ર**

આપણા દેશમાં લગભગ બે-બે માસના સમયગાળા દરમિયાન હવામાન લગભગ એકસરખું જ રહે છે. આ બે-બે માસના સમયગાળાને 'ઋતુ' કહીએ છીએ. ભારતમાં પરંપરાગત રીતે છ ઋતુઓ ગણવામાં આવે છે : હેમંત, શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા અને શરદ. આ ઋતુઓમાં પણ નજીક નજીક આવતી બે ઋતુઓમાં હવામાનની પરિસ્થિતિમાં બહુ મોટો તફાવત જોવા મળતો નથી એટલે બે-બે ઋતુઓને સાથે ગણી લઈએ તો વર્ષની મુખ્ય ત્રણ ઋતુઓ જ ગણાય : (1) શીતઋતુ (2) ઉષ્ણઋતુ (3) વર્ષાઋતુ. ભારતમાં ઋતુઓ સ્પષ્ટપણે બદલાતી અનુભવાય છે. શિયાળો બેસતાં ઠંડીનો પ્રારંભ થાય છે. ઉનાળામાં ક્રમશઃ તાપમાનમાં વધારો થતો જાય છે. ચોમાસું બેસતાં હવામાં ભેજ વધવા માંડે છે અને વરસાદ આવે છે.


ભારત સરકારની દિલ્લી ખાતે આવેલી હવામાન ખાતાની કચેરીએ ભારતની આબોહવાના સંદર્ભમાં સમગ્ર વર્ષની ચાર ઋતુઓમાં વહેંચણી કરી છે :

(1) શીતઋતુ - શિયાળો - ડિસેમ્બરથી ફેબ્રુઆરી

(2) ઉષ્ણઋતુ - ઉનાળો - માર્ચથી મે

(3) વર્ષાઋતુ - ચોમાસું - જૂનથી સપ્ટેમ્બર

(4) નિવર્તન ઋતુ - પાછા ફરતાં મોસમી પવનોની ઋતુ - ઑક્ટોબરથી નવેમ્બર




**16.2 ભારતનું ઋતુચક્ર**

### શીતઋતુ (ડિસેમ્બરથી ફેબ્રુઆરી)

ભારતમાં ડિસેમ્બરથી ફેબ્રુઆરી ત્રણ માસના સમયગાળાને શીતઋતુ કે શિયાળો ગણવામાં આવે છે. 22 સપ્ટેમ્બરથી 21 માર્ચ સુધી સૂર્યનાં કિરણો દક્ષિણ ગોળાર્ધમાં સીધાં પડે છે. ભારત ઉત્તર ગોળાર્ધમાં આવેલો હોવાથી ડિસેમ્બરથી ફેબ્રુઆરી સુધી સૂર્યનાં ત્રાંસાં કિરણોની અસર હેઠળ હોવાથી રહેવાથી ઓછું તાપમાન અનુભવાય છે. મધ્ય એશિયામાંથી ભારત તરફ દ.પૂ. દિશાના પવનો વાય છે. આ પવનો સૂકા અને ઠંડા હોય છે. તેથી હવામાન સૂકું અને ઠંડું હોય છે. આ ઋતુ દરમિયાન આકાશ સામાન્ય રીતે વાદળાં વગરનું સ્વચ્છ રહે છે.

ઉ.પૂ. ભારત પ્રમાણમાં વધુ ઠંડો રહે છે. કારણ કે તે સમુદ્રથી વધુ દૂર આવેલો છે અને તેનો અમુક ભાગ રણપ્રદેશ છે. શિયાળામાં આ પ્રદેશ ઉપર હવાનું ભારે દબાણ તૈયાર થાય છે. આથી પવનની દિશા બદલાય છે. અહીંના ભારે દબાણમાંથી ઠંડા અને સૂકા પવનો ઉદ્ભવે છે. આ પવનો જ્યાં જ્યાં પહોંચે છે ત્યાં તાપમાનમાં ઘટાડો કરે છે. દિલ્લીનું શિયાળાનું તાપમાન ઘણીવાર 10° સે કરતાં પણ નીચું જાય છે. અલાહાબાદમાં 16° સે અને કોલકાતામાં 18° સે તાપમાનની આસપાસ રહે છે. આ સમયે હિમાલયમાં તાપમાન અત્યંત ઓછું હોય છે. શિમલા, દાર્જિલિંગનું જાન્યુઆરી માસનું તાપમાન 5° સે જેટલું હોય છે. હિમાલયમાં જ્યારે **હિમવર્ષા** થાય છે ત્યારે ત્યાંથી ઠંડી અને ભારે હવા ઉત્તર ભારતનાં મેદાન તરફ ધસી આવે છે. પરિણામે આ મેદાનો સહિત રાજસ્થાન અને ગુજરાતમાં ઠંડીનું મોજું ફરી વળે છે. તાપમાનમાં એકાએક ઘટાડો થાય છે. કેટલાક ભાગોમાં **'હિમ'** પડતાં કપાસ જેવા પાકને નુકસાન પણ થાય છે.અલબત્ત, શીતઋતુમાં ઊંચા પર્વતીય વિસ્તારો સિવાય ભારતમાં તાપમાન ઠાર બિંદુથી નીચું જતું નથી. કારણ કે, હિમાલયની ગિરિમાળાઓ મધ્ય એશિયા તરફથી આવતા અતિશય ઠંડા પવનોને રોકે છે અને ભારતને સખત ઠંડીથી બચાવે છે.

**આટલું જાણવું ગમશે...**

**ભારતનાં હવામાન બાબતે સમાચારપત્રોમાં વારંવાર વપરાતા કેટલાક શબ્દોને ઓળખીએ...**

**જૅટ સ્ટ્રીમ**

બંને ગોળાર્ધમાં આશરે 30° અક્ષાંશની આસપાસ 8 થી 15 કિમીની ઊંચાઈના વાતાવરણમાં સર્પાકાર પટ્ટામાં અત્યંત વેગીલા પવનો વાતા જોવા મળે છે. આ પવનો 'જૅટ સ્ટ્રીમ' કે 'જૅટ પવનો' તરીકે ઓળખાય છે. જૅટ સ્ટ્રીમની સરેરાશ ઝડપ કલાકના આશરે 150 કિમી જેટલી છે અને આ પવનપટ્ટાની મધ્યભાગમાં પવનોનો વેગ 400 કિમી જેટલો રહે છે. શિયાળામાં આ પવનો હિમાલયના દક્ષિણ ઢોળાવો ઉપર વાય છે અને ઉનાળામાં તે દ્વીપકલ્પીય ભારત ઉપર સ્થિર થયેલા હોય છે. વધુ ઊંચાઈએ વાતા આ પવનો વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે.

**પશ્ચિમી વિક્ષોભ (વેસ્ટર્ન ડિસ્ટર્બન્સીઝ)**

પશ્ચિમ એશિયા ઉપર રચાતો જૅટ સ્ટ્રીમ પૂર્વ દિશામાં વાય છે તેની અસર પશ્ચિમ એશિયાના દેશો, ઉ.પૂ. ભારત, પાકિસ્તાન તથા અફઘાનિસ્તાન ઉપર વરતાય છે. આ પવનોની સાથે આવતાં ધૂળનાં તોફાનો છેક બાંગ્લાદેશ સુધી તેમની અસર પહોંચાડે છે. શિયાળામાં ઉત્તર ભારતનાં આ આહ્લાદક હવામાનમાં તે અવારનવાર વિક્ષેપ પાડે છે. પરિણામે ત્યાં ઊંચા પહાડીપ્રદેશોમાં ભારે હિમવર્ષા તથા મેદાની ભાગોમાં થોડોઘણો વરસાદ પડે છે, જે રવીપાક માટે ખૂબ જ આશીર્વાદરૂપ બને છે. આને લીધે ક્યારેક ગુજરાતમાં પણ **'કમોસમી'** વરસાદ પડે છે, જેનાથી ક્યારેક ખેતીપાકને નુકસાન પહોંચે છે.

શિયાળા દરમિયાન ઉત્તર ભારત કરતાં દક્ષિણ ભારતની પરિસ્થિતિ જુદી છે. દક્ષિણ ભારત ઉષ્ણકટિબંધમાં આવેલો છે. વિષુવવૃત્તની નજીક છે તથા દ્વીપકલ્પીય આકાર ધરાવે છે. તેના અંદરના ભાગમાં આવેલા પ્રદેશો સમુદ્રથી વધુ દૂર નથી તેથી અહીં શિયાળામાં ઉત્તર ભારત જેવી કાતિલ ઠંડી અનુભવાતી નથી. હિમવર્ષા થતી નથી. તાપમાન પણ ઘણું નીચું જતું નથી. દા.ત., જાન્યુઆરી માસમાં કોચીનનું તાપમાન 26° સે, મદુરાઈનું 25° સે અને ચેન્નઈનું તાપમાન 24° સે હોય છે. જોકે દક્ષિણ ભારતના પહાડી સ્થળો શિયાળામાં નીચાં તાપમાનનો અનુભવ કરે છે. દક્ષિણથી ઉત્તર તરફ જતાં તાપમાનમાં ઘટાડો થતો જાય છે. ભારતમાં શિયાળો ખૂબ જ સ્ફૂર્તિદાયક અને આરોગ્યવર્ધક હવામાનનો ઋતુગાળો ગણાય છે. લાંબી અને ઠંડી રાત્રીને કારણે વહેલી સવારે ઝાકળ અને ધુમ્મસ ઘણા ભાગમાં અતિ સામાન્ય છે. દિવસો ટૂંકા અને રાત્રી લાંબી હોય છે. શિયાળામાં જમીન પરથી વાતા સૂકા પવનો સામાન્ય રીતે વરસાદ લાવતા નથી પણ ઉ.પૂ.ના મોસમી પવનો બંગાળાની ખાડી ઓળંગીને આવતા હોવાથી ભેજ લઈને આવે છે. આ ભેજવાળા પવનો કોરોમંડલ તટ ઉપર વધુ વરસાદ આપે છે. ઉ.પૂ. ભારતમાં પશ્ચિમી વિક્ષોભ તથા વંટોળને લીધે થોડો વરસાદ પડે છે. પંજાબ તથા હરિયાણામાં આ વરસાદ રવીપાક માટે ખૂબ જ અનુકૂળ બને છે. આ પવનો ક્યારેક ગુજરાતમાં પણ વરસાદ આપે છે. કસમયે પડતા આ વરસાદને **કમોસમી વરસાદ** (માવઠું) કહે છે.

**આટલું જાણવું ગમશે...**

**ભારતનાં હવામાન બાબતે સમાચારપત્રોમાં વારંવાર વપરાતા કેટલાક શબ્દોને ઓળખીએ...**

**અલ-નીનો (El-Nino)**

અલ-નીનો સ્પેનિશ ભાષાનો શબ્દ છે. તેનો શાબ્દિક અર્થ 'નાનું બાળક' એવો થાય છે. આ નામ પેરુના માછીમારોએ બાળ ઈસુના નામ પરથી આપેલ છે. કારણ કે સામાન્ય રીતે તેનો પ્રારંભ નાતાલની આસપાસ જોવા મળે છે. વાતાવરણીય તથા સામુદ્રિક અસરોથી દક્ષિણ અમેરિકાના પેરુ દેશની પશ્ચિમે પૅસિફિક કિનારા નજીક ગરમ પ્રવાહ ઉદ્‌ભવે છે. આ પ્રવાહ પશ્ચિમ તરફ વહે છે અને તેની અસર ભારત સુધી અનુભવાય છે. અલ-નીનો નામની વિશિષ્ટ ઘટના ક્યારેક આકાર લે છે. જ્યારે જ્યારે અલ-નીનો ઘટના બને છે ત્યારે ભારતની વર્ષાઋતુના સમયગાળામાં તથા વરસાદના પ્રમાણમાં ઘણો ફેરફાર થાય છે.

**આઈ.ટી.સી. ઝોન (ITCZ)**

વ્યાપારી પવનો જ્યાં ભેગા થાય છે ત્યાં વિષુવવૃત્ત ઉપર વિશાળ હળવું દબાણક્ષેત્ર રચાય છે. તેને આંતર ઉષ્ણ કટિબંધીય અભિસરણ ક્ષેત્ર (Inter Tropical Convergence Zone) કહે છે. આ વ્યાપારી પવનોના પ્રવાહ સ્વરૂપે ઊંચા ચડે છે. જુલાઈ માસમાં આ અભિસરણ ક્ષેત્ર 20° થી 25° ઉત્તર અક્ષાંશીય પ્રદેશો ઉપર સ્થિર થાય છે. ભારતમાં તે ગંગાનાં મેદાન ઉપર કેન્દ્રિત થાય છે. તેનાં લીધે અહીં રચાતાં હળવા દબાણ ક્ષેત્રને લીધે દક્ષિણ ગોળાર્ધના મહાસાગરો ઉપર ઉદ્‌ભવેલા આ પવનો ઉત્તર તરફ વાય છે તેના લીધે ભારતના કેટલાક ભાગમાં વરસાદ પડે છે. શીતઋતુ દરમિયાન આ અભિસરણ ક્ષેત્ર વધુ દક્ષિણમાં ખસે છે. જેના લીધે પવનોની દિશા ઉત્તરપૂર્વની થઈ જાય છે.

### ગ્રીષ્મઋતુ (માર્ચથી મે)

ભારતમાં માર્ચથી મે સુધીનો સૂકો અને ગરમ હવામાનવાળો ઋતુગાળો 'ઉનાળો' કહેવાય છે. માર્ચથી મે મહિના સુધી ભારતના જમીન ભાગો પર સૂર્યનાં લંબ કિરણો દક્ષિણથી ઉત્તર ક્રમશઃ પડતા જાય છે. તેથી ભૂમિભાગો વધુ ને વધુ ગરમ થતાં જાય છે. તાપમાન સતત ઊંચું જતું જાય છે. માર્ચ મહિનો દક્ષિણ ભારત માટે સૌથી વધુ ગરમ હોય છે. આ સમયે ત્યાં કેટલાંક સ્થળોનું તાપમાન 40° સે જેટલું ઊંચું રહે છે, જ્યારે એપ્રિલ-મે મહિનાઓ દરમિયાન મધ્ય અને ઉ. પ. ભારત સૌથી વધુ ગરમીનો અનુભવ કરે છે. ત્યાં કેટલાંક સ્થળો તો 45° સે થી 50° સે તાપમાનનો અનુભવ કરે છે. આમ, ઉનાળામાં સમગ્ર ભારતમાં એકંદરે ગરમ હવામાન અનુભવાય છે. દ્વીપકલ્પીય અને ઉચ્ચપ્રદેશની ઊંચાઈને લીધે દક્ષિણ ભારતમાં ઉનાળો થોડો સૌમ્ય હોય છે. ઉત્તર ભારતની સરખામણીમાં અહીં તાપમાનનો આંક નીચો રહે છે. દિલ્લી અને અલાહાબાદમાં તાપમાન 34° સે હોય ત્યારે મદુરાઈનું તાપમાન 30° સે, કોચીન અને બૅંગાલુરુનું તાપમાન 27° સે જેટલું હોય છે. આમ, દક્ષિણમાં તાપમાન ઉપર સમુદ્રની અસર અને ભૂપૃષ્ઠની ઊંચાઈની અસર થતી જણાય છે.

**આટલું જાણવું ગમશે...**

**નૉર્વેસ્ટર**

ઉત્તર ભારત અને ઉ. પૂ. ભારત ઉપર હવાનું હલકું દબાણ પૂર્વમાં છેક બિહાર સુધી વિસ્તરેલું હોય છે. જેના લીધે ઝારખંડ અને ઉત્તર ઓડિશાના ઉચ્ચપ્રદેશીય વિસ્તારો ક્યારેક ખૂબ ગરમ થઈ જાય છે, ત્યારે તેને **નૉર્વેસ્ટર** કહે છે. તે સ્થાનિક નામ **કાળ વૈશાખી** તરીકે ઓળખાતા આ પવનનાં તોફાનો પૂર્વ ભારતમાં ઘણું નુકસાન કરે છે.

**'લૂ'**

પશ્ચિમ અને ઉ. પ. ભારતના સૂકા જમીન ભાગોમાં ધૂળની ડમરીઓ કે ધૂળનાં તોફાનો અતિ સામાન્ય છે. ઉનાળામાં ખાસ કરીને મે મહિનામાં ઉત્તર ભારતમાં અતિ ગરમ પવનો ફૂંકાય છે જે **લૂ** તરીકે ઓળખાય છે. તેની અતિશય ગરમીથી મનુષ્યો, પશુ-પંખીઓ મૃત્યુને ભેટે છે.

બંગાળની ખાડી અને અરબ સાગર ઉપર આ ઋતુમાં ઉષ્ણ કટિબંધીય ચક્રવાત તૈયાર થતા હોય છે, જે કિનારા તરફ આગળ વધતાં કિનારાના પ્રદેશમાં ક્યારેક ભારે નુકસાન સર્જે છે. દેશનો મોટો ભાગ ઉનાળા દરમિયાન ગરમ અને સૂકું હવામાન અનુભવે છે. ઘણા પ્રદેશોમાં આ સમયગાળા દરમિયાન વરસાદ પડતો નથી પરંતુ કેટલીક વાર મે માસ દરમિયાન મલબાર કિનારે થોડો વરસાદ પડે છે. જે કેરીના પાકને પકવવામાં મદદરૂપ થાય છે. જેને **આમ્રવૃષ્ટિ** કહે છે, જે કેરી અને કૉફીના પાક માટે ઘણો જ ઉપયોગી થાય છે.

### વર્ષાઋતુ (જૂનથી સપ્ટેમ્બર)

ભારત ખેતીપ્રધાન દેશ હોવાથી ચોમાસું ભારતની મહત્ત્વની ઋતુ ગણાય છે. જૂનથી સપ્ટેમ્બર દરમિયાન દેશનો આશરે 80 % વરસાદ પડે છે. ભારતનો ખેડૂત ચોમાસાના પ્રારંભથી જ ખેતીની પ્રવૃત્તિમાં ગૂંથાયેલો રહે છે. આ ઋતુમાં થતો વરસાદ

અને ભેજવાળું તથા વાદળછાયું હવામાન ભારત તરફ વાતા દક્ષિણ-પશ્ચિમ (નૈર્ઋત્ય) મોસમી પવનોને આભારી છે. તેથી જ આ ઋતુને 'નૈર્ઋત્યના મોસમી પવનોની ઋતુ' પણ કહે છે. ભારતના લગભગ બધા જ વિસ્તારોમાં તેનાથી વરસાદ થાય છે.

મે મહિનાના અંત સુધીમાં ભારતમાં અને મધ્ય એશિયાના ભૂમિ ભાગોમાં ઊંચા તાપમાનને કારણે હવાનું હલકું દબાણ રચાય છે. આ સમયે દક્ષિણે હિંદ મહાસાગર પર ભારે દબાણ હોય છે. તેથી હિંદી મહાસાગર પરથી પવનો ઉત્તરના હલકા દબાણ તરફ ખેંચાઈ આવે છે. આમ, જૂનથી સપ્ટેમ્બર સુધી સમુદ્ર પરથી ઉનાળાના મોસમી પવનો ભારત પર વાય છે. આ પવનો ભેજવાળા હોવાથી ભારતમાં વરસાદ લાવે છે.





16.3 ભારત : દક્ષિણ-પશ્ચિમ વર્ષાઋતુનું આગમન

દક્ષિણ ભારતના દ્વીપકલ્પીય આકારને લીધે આ નૈર્ઋત્યકોણીય મોસમી પવનો બે ભાગમાં વહેંચાઈ જાય છે : (1) અરબ સાગર પરથી આવતા મોસમી પવનો અને (2) બંગાળાની ખાડી પરથી આવતા મોસમી પવનો.

### અરબ સાગર પરથી આવતા મોસમી પવનો

ભારતમાં વર્ષાઋતુનો પ્રારંભ સામાન્ય રીતે જૂનની શરૂઆતમાં દક્ષિણ ભારતના કેરળથી થાય છે. અરબ સાગર ઉપરથી આવતા પવનોની આડે પશ્ચિમઘાટ આવે છે. આથી સમગ્ર કિનારે પશ્ચિમી ઢોળાવો પર ભારે વરસાદ પડે છે. પશ્ચિમઘાટ ઓળંગીને આ પવનો જ્યારે દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ ઉપર પહોંચે છે ત્યારે તેમાં ભેજનું પ્રમાણ ઘટી ગયું હોય છે. તેથી તે વિસ્તારમાં વર્ષાછાયાને લીધે ઓછો વરસાદ થાય છે. મુંબઈમાં 200 સેમી કરતાં વધુ વરસાદ પડે છે, જ્યારે ત્યાંથી થોડે દૂર આવેલા પૂણેમાં 75 સેમી વરસાદ નોંધાય છે.

પશ્ચિમ કિનારેથી ઉત્તર તરફ જતાં કેરલ, કર્ણાટક, ગોવા અને મહારાષ્ટ્રમાં વરસાદનું પ્રમાણ ક્રમશઃ ઓછું થતું જાય છે. આ મોસમી પવનોનો એક ફાંટો નર્મદાના ખીણ પ્રદેશના માર્ગે મધ્યપ્રદેશમાં પ્રવેશ કરે છે. પવનના આ ફાંટા સાથે આગળ જતાં બંગાળાની ખાડી પરથી આવતા પવનો ભળી જાય છે. આ ઉપરાંત અરબ સાગરના પવનોનો એક ફાંટો ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ ઉપરથી પસાર થઈને રાજસ્થાન તરફ આગળ વધે છે. ગુજરાતમાં વધુ ઊંચા પર્વતો કે ગીચ જંગલો નથી. આથી, આ પવનોમાં




16.4 ભારત : વાર્ષિક વરસાદ

રહેલા ભેજનું સંપૂર્ણપણે ઘનીભવન થવાની શક્યતા ઓછી રહે છે. તેથી ગુજરાતમાં ઓછો વરસાદ પડે છે. ગુજરાતમાં વરસાદ વરસાવીને આ પવનો રાજસ્થાનમાં પ્રવેશ કરે છે ત્યારે ભેજનું પ્રમાણ ઘણું જ ઓછું હોય છે, આથી રાજસ્થાનમાં ઘણો ઓછો વરસાદ થાય છે. રણવિસ્તારમાં તો 10 સેમી કરતાં પણ ઓછો વરસાદ પડે છે.

### બંગાળાની ખાડી પરથી આવતા મોસમી પવનો

બંગાળાની ખાડી પરથી વાતા મોસમી પવનોનો બીજો ફાંટો સૌપ્રથમ પશ્ચિમ બંગાળામાં પ્રવેશ કરે છે અને ત્યાંથી વધુ આગળ વધીને મેઘાલય સુધી પહોંચે છે. આ પવનોમાં ભેજનું પ્રમાણ વધારે હોય છે. આ પવનોને લીધે મેઘાલયમાં ઘણો વરસાદ પડે છે. અહીં **ગારો, ખાસી** અને **જૈન્તિયા** ટેકરીઓના ઢોળાવો ઉપર અતિ ભારે વરસાદ પડે છે. પશ્ચિમ તરફ ફંટાતા પવનોની દિશા બદલાતાં તેઓ હવે દ. પૂ. દિશાના બને છે અને પશ્ચિમ બંગાળા, બિહાર, ઉત્તરપ્રદેશ થઈને પંજાબ અને હરિયાણા સુધી પહોંચે છે. આ પવનોમાં ભેજનું પ્રમાણ ઘટતું જાય છે. જેથી આ પવનોના માર્ગમાં પ્રથમ આવનાર પ્રદેશોમાં સૌથી વધારે અને અંતે આવનાર પ્રદેશોમાં ક્રમશઃ ઓછો વરસાદ વરસે છે. આગળ જતાં બંગાળાની ખાડી પરથી આવતા મોસમી પવનો અને અરબ સાગર ઉપરથી આવતા પવનો ભેગા થઈ જાય છે અને તેના લીધે ઉત્તરવર્તી હિમાલયના ક્ષેત્રમાં સારો વરસાદ પડે છે. ક્યારેક ત્યાં હિમવર્ષા રૂપે વરસાદ વરસે છે.

મોસમી પવનોની સાથે બંગાળાની ખાડી તથા અરબ સાગર પર તૈયાર થતા ચક્રવાતો પણ ભારતમાં પ્રવેશે છે, ત્યારે ભારતના જે-તે પ્રદેશોમાં વર્ષાઋતુ વધુ સક્રિય બને છે. વર્ષાઋતુમાં સરેરાશ પાંચથી છ ચક્રવાતો (વંટોળો) ભારતની ભૂમિ પરથી પસાર થતાં વરસાદ લાવવામાં સહાયરૂપ બનતા હોવાનું જણાયું છે. ભારતમાં મોસમી પવનોને લીધે વરસાદ પડે છે પણ આ પવનો બારેમાસ એકધારા અને એક જ દિશામાંથી વાતા નથી. આ પવનોનો આરંભ પણ અનિયમિત હોય છે. મોસમી પવનો સાથે વરસાદનો ક્રમભંગ થવાની ઘટના સંકળાયેલી છે. મોસમી વરસાદ કેટલાક દિવસો સુધી એક સાથે પડે છે. તે દરમિયાન વરસાદ પડે જ નહિ એવા દિવસો પણ હોય છે અને ફરીથી વરસાદના દિવસો આવે છે. આ ઘટનાને **વરસાદનો ક્રમભંગ** (Monsoon Break) કહે છે. આપણા દેશમાં પ્રાકૃતિક રચનામાં પણ વૈવિધ્ય છે. આ બધી બાબતોની અસર વરસાદના વિતરણ પર થાય છે. આ પરિબળોને લીધે ભારતમાં વરસાદનું પ્રમાણ અને વિતરણ અસમાન બન્યું છે. મેઘાલય અને અસમ રાજ્યોમાં ખૂબ જ વરસાદ વરસે છે જ્યારે રાજસ્થાનના રણપ્રદેશો અને કશ્મીરના લેહમાં વરસાદનું પ્રમાણ નહિવત્ છે.

### નિવર્તન ઋતુ–પાછા ફરતા મોસમી પવનોની ઋતુ (ઑક્ટોબરથી નવેમ્બર)

ઑક્ટોબર-નવેમ્બરનો સમયગાળો **પાછા ફરતા મોસમી પવનોની ઋતુ** તરીકે જાણીતી છે. સૂર્યનાં સીધાં કિરણો દક્ષિણ તરફ ખસતાં જતાં હોવાથી દક્ષિણે હિંદ મહાસાગર પર હવાનું હલકું દબાણ સર્જાય છે અને ઉત્તર ભારતમાં ધીમે ધીમે ભારે દબાણ સર્જાય છે. તેથી સપ્ટેમ્બરના અંત સુધીમાં નવી દબાણ પરિસ્થિતિ સર્જાતાં અરબ સાગર અને બંગાળાની ખાડી પરથી વર્ષાઋતુ દરમિયાન ભારતના ભૂમિભાગોમાં અંદર સુધી પહોંચી ચૂકેલા મોસમી પવનો નબળા પડે છે. તે પછી હવાના દબાણની પરિસ્થિતિમાં પરિવર્તન થતાં ઑક્ટોબર-નવેમ્બરમાં આ પવનો ભારતના ભૂમિભાગો ઉપરથી સમુદ્રો તરફ જવા માંડે છે. તેથી આ સમયગાળાને પાછા ફરતા મોસમી પવનોની ઋતુ તરીકે ઓળખવામાં આવે છે. આ સમયે ગરમ વર્ષાઋતુને સ્થાને શુષ્ક તથા ઠંડા પવનોની પરિસ્થિતિનો પ્રારંભ થાય છે. સ્વચ્છ આકાશ અને વધતું જતું તાપમાન એ પાછા ફરતા મોસમી પવનોનું મુખ્ય લક્ષણ છે. જમીન ભેજવાળી હોય છે. દિવસે તાપમાન વધી જાય છે. રાત્રી ઠંડી અને ખુશનુમા હોય છે. ઊંચું તાપમાન અને ભેજની પરિસ્થિતિને કારણે દિવસનું હવામાન અકળાવનારું થઈ જાય છે. આ સ્થિતિને **ઑક્ટોબર હીટ** કહે છે. ગુજરાતમાં આવી પરિસ્થિતિ **ભાદરવી તાપ** નામે જાણીતી છે.

### આબોહવા અને માનવજીવન

ભારતની આબોહવા મોસમી આબોહવા છે. આ મોસમી પવનોનું મુખ્ય લક્ષણ તેની અનિયમિતતા અને અનિશ્ચિતતા ગણાય છે. જેની ઘેરી અસરો ભારતની આબોહવા પર તથા લોકોનાં ખાનપાન, રહેણીકરણી, સ્વભાવ અને ખેતીપ્રવૃત્તિ પર પડે છે. એમાંય વિશેષ કરીને ભારત ખેતીપ્રધાનદેશ હોવા ઉપરાંત મોસમી આબોહવાના સંપૂર્ણ અંકુશ હેઠળ છે. તેથી મોસમી પવનોની બધી જ અનિશ્ચિતતાઓની અસરો ભારતની ખેતી પર તથા ભારતના લોકજીવન પર વર્તાય છે. આબોહવાની માનવજીવન પર મુખ્ય અસરો આ પ્રમાણે છે.

ભારતમાં વર્ષના મોટા ભાગના સમય દરમિયાન તાપમાન ઊંચું રહેતું હોવાથી ખેતીના વિવિધ પાકો લઈ શકાય છે; પરંતુ વરસાદની અનિયમિતતાએ ઉત્પાદન અનિશ્ચિત બનાવી દીધું છે. જૂનથી સપ્ટેમ્બરના ગાળામાં જ મોટા ભાગનો વરસાદ પડી જતાં, સિંચાઈની સગવડ ન હોય ત્યાં માત્ર વરસાદને આધારે એક જ પાક લઈ શકાય છે. વર્ષાઋતુની શરૂઆત તથા સમાપ્તિ

અનિશ્ચિત હોય છે તેથી ખેતીને ઘણીવાર યોગ્ય સમયે વરસાદી પાણી મળતું નથી. આવા વિલંબથી બિયારણ કે પાક બળી જાય છે તેથી ખેત-ઉત્પાદનને અસર પહોંચે છે. ક્યારેક અતિવૃષ્ટિ થાય છે એટલે કે ઓછા સમયમાં વધુ વરસાદ પડી જાય. આને લીધે પણ પાક નાશ પામે છે. નદીઓમાં પૂર આવે છે તેથી જમીન ધોવાણ થાય છે અને લાંબાગાળે ખેત-ઉત્પાદનમાં ઘટાડો થાય છે. વરસાદની ઋતુ પૂરી થયા પછી ખેતમજૂરો માટે આજીવિકાનો પ્રશ્ન ઊભો થાય છે. બારેમાસ ખેતીનું કામ રહેતું ન હોવાથી ઘણા ખેતમજૂરો શહેરો તરફ સ્થળાંતર કરી જાય છે. ખેતી આધારિત ઉદ્યોગો દા.ત., કપાસ, શેરડી, તમાકુ વગેરેમાં વરસાદની અનિયમિતતાથી કાચો માલ ન મળવાથી આ ઉદ્યોગોમાં મુશ્કેલી ઊભી થાય છે. અનિયમિત વરસાદને લીધે પીવાનાં પાણીની સમસ્યા પણ કપરી બને છે. રણ વિસ્તાર કે પહાડી પ્રદેશમાં જીવન હાડમારીભર્યું બને છે. આમ, આબોહવાની ગાઢ અસર માનવજીવન પર થાય છે. જેની સીધી અસર માનવજીવનનાં ખોરાક, પોશાક, વ્યવસાય અને રહેઠાણ પર થાય છે.

**આટલું જાણવું ગમશે...**

**ભારતીય હવામાન વિભાગ**

ભારતીય હવામાન વિભાગની કચેરી આપણા દેશના હવામાન અંગેના સમાચાર રેડિયો, ટી.વી., વર્તમાનપત્રો અને વેબસાઇટ દ્વારા બહાર પાડે છે. તેની સ્થાપના ઈ.સ. 1875માં કોલકાતામાં કરવામાં આવેલ. તેની મુખ્ય કચેરી ઈ.સ. 1905માં પૂણેમાં અને હવે નવી દિલ્લીમાં ખસેડવામાં આવેલ છે. આ ઉપરાંત તેની છ પ્રાદેશિક કચેરીઓ ચેન્નઈ, ગુવાહાટી, કોલકાતા, મુંબઈ, પૂણે અને નાગપુરમાં તથા દરેક રાજ્યના પાટનગરમાં આવેલી છે. ભારતીય હવામાન વિભાગ દ્વારા ભારતથી લઈને ઍન્ટાર્કટિકા સુધી નિરીક્ષણ કેન્દ્ર સ્થાપવામાં આવ્યાં છે જેના આધારે હવામાનની આગાહી થાય છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો :**

(1) 'હિમાલય ભારતનું રક્ષણ કરતી કુદરતી દીવાલ છે' કઈ રીતે ?

(2) 'વ્યાપારી પવનો' વિશે સમજ આપો.

(3) ભારતીય હવામાન ખાતાએ ભારતની ઋતુઓની કેટલા અને કયા-કયા વિભાગમાં વહેંચણી કરી છે ?

(4) નૈર્ઋત્યના મોસમી પવનો ભારતમાં કેટલા ભાગમાં વહેંચાઈ જાય છે ? કયા-કયા ?

**2. નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો :**

(1) સમુદ્રસપાટીથી ઊંચાઈ વધતાં હવામાનમાં શું ફેરફારો થાય છે ?

(2) 'ઑક્ટોબર હીટ' એટલે શું ?

(3) બંગાળાની ખાડી પરથી આવતા મોસમી પવનો ભારતના કયા-કયા પ્રદેશોમાં વરસાદ લાવે છે ?

(4) ભારતીય આબોહવાને દૂરના પ્રદેશોની કઈ-કઈ ઘટના અસર કરે છે ?

**3. નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર આપો :**

(1) ઋતુ-પરિવર્તનની ઘટના કયાં-કયાં કારણોથી થાય છે ?

(2) આબોહવાને અસર કરતાં પરિબળોની ટૂંકમાં માહિતી જણાવો.

(3) ભારતની શીતઋતુ - શિયાળા વિશે નોંધ લખો.

(4) આબોહવાની માનવજીવન પર થતી અસરો વર્ણવો.

**4. નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરીને પ્રશ્નની સામે આપેલ ☐ માં તેનો ક્રમ લખો :**

(1) કર્કવૃત્ત પર સૂર્યનાં કિરણો સીધાં પડે ત્યારે ભારતમાં કઈ ઋતુ અનુભવાય છે ? ☐

(A) શીતઋતુ (B) ઉષ્ણઋતુ (C) વર્ષાઋતુ (D) નિવર્તનઋતુ

(2) ચેરાપુંજીની બાજુમાં આવેલ કયું સ્થળ વધુ વરસાદ માટે પ્રચલિત છે ? ☐

(A) શિલોંગ (B) ગુવાહાટી (C) ઈમ્ફાલ (D) મૌસીનરમ

(3) શિયાળામાં ગુજરાત અને રાજસ્થાનમાં ઠંડીનું મોજું ફરી વળવા માટે હિમાલય સંદર્ભે હવામાનની કઈ ઘટના વધુ અસર કરે છે ? ☐

(A) હિમવર્ષા (B) ધૂળ-ડમરી (C) જલવર્ષા (D) ભેખડ પડવી

(4) મે માસમાં મલબાર કિનારે થતો થોડો વરસાદ કયા નામે ઓળખાય છે ? ☐

(A) અનારવર્ષા (B) બનાનાવર્ષા (C) આમ્રવર્ષા (D) હિમવર્ષા

(5) પાછા ફરતા મોસમી પવનોની ઋતુ ભારતમાં ક્યારે હોય છે ? ☐

(A) માર્ચ–મે (B) ઑક્ટોબર–નવેમ્બર

(C) જાન્યુઆરી–ફેબ્રુઆરી (D) જુલાઈ–ઑગસ્ટ

(6) નીચેનામાંથી કયું વિધાન સાચું છે ? ☐

(A) શિયાળામાં દિવસો લાંબા અને રાત્રી ટૂંકી હોય છે.

(B) ઉનાળામાં દિવસો ટૂંકા અને રાત્રી ટૂંકી હોય છે

(C) શિયાળામાં દિવસો ટૂંકા અને રાત્રી લાંબી હોય છે.

(D) ઉનાળામાં દિવસો ટૂંકા અને રાત્રી લાંબી હોય છે.

### પ્રવૃત્તિ

- પૃથ્વીનો ગોળો લઈને ઋતુ-પરિવર્તનની ઘટના સમજવા પ્રયત્ન કરો.
- તમે અલગ અલગ ઋતુ પ્રમાણે કયા-કયા ખોરાક લો છો, તેનો ઋતુ પ્રમાણેનો ચાર્ટ બનાવો.
- ભારતનાં વિવિધ શહેરોનાં તાપમાન સમાચારમાં આવતા આંકડાના આધારે લખીને તેને ભારતના નકશામાં દર્શાવો.
- ભારતની પરંપરાગત છ ઋતુઓમાં અંગ્રેજી મહિના પ્રમાણે દર વર્ષે થોડોક ફેરફાર શા માટે જોવા મળે છે તેની તમારા શિક્ષક સાથે ચર્ચા કરો.
- ભારતીય હવામાન વિભાગની કચેરીની વેબસાઈટ http://www.imd.gov.in/ની મુલાકાત લઈને તેમાં પ્રકાશિત થયેલા ભારતના નકશા અંગે માહિતી મેળવો.

# 17 કુદરતી વનસ્પતિ

વનસ્પતિ જગત એ માનવજીવન માટેનું એક અનિવાર્ય અંગ છે. વનસ્પતિ વિનાના જીવનની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. આપણાં પ્રાચીન શાસ્ત્રોથી લઈને આધુનિક વિજ્ઞાન પણ વનસ્પતિનું મહત્ત્વ સ્વીકારે છે.

ભારત વૈવિધ્યસભર કુદરતી વનસ્પતિ ધરાવે છે. વનસ્પતિના વૈવિધ્યની દૃષ્ટિએ ભારત વિશ્વમાં દસમું અને એશિયામાં ચોથું સ્થાન ધરાવે છે. વૃક્ષોના સમૂહને જંગલો કહે છે અને જે વૃક્ષો માનવની સહાયતા વિના કુદરતી અવસ્થામાં ઊગે છે તે વૃક્ષોના સમૂહને કુદરતી વનસ્પતિ કહે છે.

## કુદરતી વનસ્પતિ

ભારતની કુદરતી વનસ્પતિમાં રહેલી વિવિધતા નીચે મુજબનાં કારણોથી સર્જાય છે :

(1) ભૂપૃષ્ઠ (2) જમીન (3) તાપમાન (4) સૂર્યપ્રકાશ (5) વરસાદનું પ્રમાણ (6) ભેજ

ભારતમાં પર્વતો, ઉચ્ચપ્રદેશો, મેદાનો, રણપ્રદેશો એમ વિવિધ પ્રકારના ભૂપૃષ્ઠના કારણે કુદરતી વનસ્પતિમાં વિવિધતા જોવા મળે છે. ભારતમાં વિવિધ પ્રકારની જમીન આવેલી છે જેમકે કાંપની, કાળી, પહાડી, રણ પ્રકારની જમીન વગેરે. આમ, જમીનમાં રહેલી વિવિધતા પણ વનસ્પતિ જીવનમાં વૈવિધ્ય લાવે છે. ભારતમાં હિમાલયના ઠંડાપ્રદેશોમાં તેમજ દક્ષિણ ભારતના દ્વીપકલ્પીય વિસ્તારોમાં તાપમાન અને ભેજમાં રહેલો તફાવત પણ કુદરતી વનસ્પતિમાં વિવિધતા લાવે છે. કોઈપણ પ્રદેશમાં મળતો સૂર્યપ્રકાશ તે પ્રદેશના અક્ષાંશ અને સમુદ્રથી તેની ઊંચાઈ પર આધાર રાખે છે. વધુ વરસાદ અને વધુ સૂર્યપ્રકાશ મેળવતા પ્રદેશોમાં વનસ્પતિનો ઝડપી વિકાસ થાય છે. આમ, સૂર્યપ્રકાશના કારણે પણ વનસ્પતિમાં વિવિધતા જોવા મળે છે. ભારતમાં વરસાદનું વિતરણ અસમાન છે અને તેના કારણે પણ વનસ્પતિમાં વિવિધતા જોવા મળે છે.

ભારતમાં લગભગ 5000 જાતનાં વૃક્ષો થાય છે, તેમાંથી લગભગ 450 જાતનાં વૃક્ષો વ્યાપારી દૃષ્ટિએ ખૂબ ઉપયોગી છે. આ ઉપરાંત લગભગ 15,000 પ્રકારના ફૂલવાળા છોડ થાય છે, જે વિશ્વના લગભગ 6 % છે. અપુષ્પ વનસ્પતિ જેવી કે હંસરાજ (ફર્ન), શેવાળ, કુંજાઈ વગેરે પણ આપણા દેશમાં થાય છે. ભારત પ્રાચીન સમયથી ઔષધીય ઉપયોગિતા ધરાવતી વનસ્પતિ માટે પ્રખ્યાત છે. આયુર્વેદમાં લગભગ 2000 ઔષધીય વનસ્પતિનું વર્ણન કરેલ છે. આમ, કહી શકાય કે ભારત વૈવિધ્યસભર કુદરતી વનસ્પતિ ધરાવે છે.

## કુદરતી વનસ્પતિના પ્રકારો

કોઈ પણ વનસ્પતિનું અસ્તિત્વ અને વિકાસ ત્યાંની આબોહવા ઉપર આધારિત હોય છે. સમાન આબોહવા ધરાવતા પ્રદેશોમાં સામાન્યતઃ સમાન વનસ્પતિ જોવા મળે છે. અને આવા પર્યાવરણીય સામ્યતા ધરાવતા પ્રદેશને કે પ્રદેશના સમૂહ-જૂથને કુદરતી વનસ્પતિના પ્રદેશો કહે છે.

ઊંચાઈ, જમીન, વરસાદ અને તાપમાનની વિવિધતાના આધારે કુદરતી વનસ્પતિને પાંચ ભાગમાં વહેંચી શકાય :


(1) ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો (2) ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલો (3) ઉષ્ણ કટિબંધીય કાંટાળાં જંગલો (4) સમશીતોષ્ણ કટિબંધીય જંગલો અને ઘાસનાં મેદાનો (5) ભરતીનાં જંગલો (મેન્ગ્રુવ)

### (1) ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો :

**વિતરણ :** ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો ગરમ અને ભેજવાળા પ્રદેશમાં જ્યાં સરેરાશ વાર્ષિક વરસાદ 200 સેમી કરતાં વધુ અને વાર્ષિક સરેરાશ તાપમાન 22 સે કરતાં વધુ જોવા મળે છે તે પ્રદેશોમાં આવેલા છે. આ જંગલો ભારતમાં પશ્ચિમઘાટના વધુ વર્ષાવાળા વિસ્તારોમાં, લક્ષદ્વીપ, અંદમાન-નિકોબાર, અસમના ઉપરી વિસ્તારોમાં, તમિલનાડુના તટીય પ્રદેશમાં જોવા મળે છે.

**વૃક્ષો :** અહીં મેહોગની, અબનૂસ, રોઝવુડ, રબર વગેરે વૃક્ષો જોવા મળે છે.

**વિશેષતા :** અહીંનાં વૃક્ષો સામાન્ય રીતે 60 મીટરથી ઊંચાં હોય છે. ઝાડી-ઝાંખરાના કારણે ભેજનું પ્રમાણ વધુ હોય છે. આ જંગલોમાં પાનખર જેવી કોઈ ઋતુ હોતી નથી. આ જંગલો બારેમાસ લીલાં રહેતા હોવાથી તેને નિત્ય લીલાં જંગલો પણ કહે છે.




17.1 ભારત : કુદરતી વનસ્પતિ

**(2) ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલો :**

**વિતરણ :** સામાન્ય રીતે આ જંગલો દેશમાં 70 થી 200 સેમી સુધીનો વરસાદ ધરાવતા પ્રદેશોમાં જોવા મળે છે. ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં, હિમાલયના તળેટીના વિસ્તારોમાં, પશ્ચિમ ઓડિશા, છત્તીસગઢ, ઝારખંડ, પશ્ચિમ-ઘાટના પૂર્વીય ઢોળાવોમાં, વિંધ્ય અને સાતપુડાના પર્વતોમાં આ જંગલો જોવા મળે છે. ભારતમાં આ જંગલોનું પ્રમાણ વધુ છે.

**વૃક્ષો :** અહીં સાગ, સાલ, સીસમ, ચંદન, ખેર, વાંસ વગેરે વૃક્ષો જોવા છે.

**વિશેષતા :** અહીંનાં વૃક્ષોની મુખ્ય વિશેષતા એ છે કે પાનખર ઋતુમાં વૃક્ષો 6થી 8 અઠવાડિયાં દરમિયાન પોતાનાં પાંદડાં ખેરવી નાંખે છે. દરેક પ્રજાતિનાં વૃક્ષોનો પાન ખેરવી નાખવાનો ચોક્કસ સમય હોય છે જેથી જંગલો કોઈ ચોક્કસ સમય દરમિયાન પાન વિનાનાં હોતાં નથી. આ જંગલો મોસમ પ્રમાણે પાન ખેરવતા હોવાથી તેને મોસમી જંગલો પણ કહે છે.

**(3) ઉષ્ણ કટિબંધીય કાંટાળાં જંગલો :**

**વિતરણ :** સામાન્ય રીતે આ જંગલો 70 સેમી કરતાં ઓછા વરસાદવાળા વિસ્તારમાં જોવા મળે છે. આ પ્રકારનાં જંગલો ભારતમાં ઉત્તર-પશ્ચિમ વિસ્તારોમાં, ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ વગેરે વિસ્તારોમાં આવેલાં છે.

**વૃક્ષો :** અહીં ખજૂર, બોરડી, બાવળ, થોર, ખીજડો વગેરે જેવાં વૃક્ષો થાય છે.

**વિશેષતા :** અહીંનાં વૃક્ષો અને છોડનાં મૂળ લાંબા, ઊંડા અને ચારે તરફ ફેલાયેલા હોય છે, પર્ણ નાનાં હોય છે, જેથી બાષ્પ નિષ્કાસનની પ્રક્રિયા ધીમી રહે. અહીં વૃક્ષો છૂટાછવાયા આવેલાં છે.

**(4) સમશીતોષ્ણ કટિબંધીય જંગલો અને ઘાસનાં મેદાનો (હિમાલયની વનસ્પતિ) :**

**હિમાલય પરની વનસ્પતિ**

| ઊંચાઈ | ક્ષેત્રીય વિસ્તાર | જંગલો | વૃક્ષો |
|---|---|---|---|
| હિમાલયના 1000 મીટરથી 2000 મીટર | ઉત્તર-પૂર્વીય ઊંચા પહાડી વિસ્તાર, પ.બંગાળ અને ઉત્તરાખંડના પહાડી વિસ્તાર | સમશીતોષ્ણ કટિબંધીય જંગલો | ઓક અને ચેસ્ટનટ મુખ્ય વનસ્પતિ |
| હિમાલયના 1500 થી 3000 મીટર | હિમાલયના દક્ષિણ ઢોળાવ, દક્ષિણ તથા ઉત્તર પૂર્વીય ઊંચાઈવાળા વિસ્તાર | શંકુદ્રુમ જંગલો | પાઈન, દેવદાર, સિલ્વર ફર, સ્પ્રુસ |
| હિમાલયના 3600 મીટરથી વધુ | હિમાલયના ઊંચા પહાડી વિસ્તાર અને હિમરેખા નજીક | આલ્પાઈન અને ટૂંકું ઘાસ (ટુન્ડ્ર વનસ્પતિ) | સિલ્વર ફર અને જુનીફર બર્ચ |

શંકુદ્રુમ જંગલોની મુખ્ય વિશેષતા એ છે કે અહીં શંકુ આકારનાં વૃક્ષો હોય છે. જેની ડાળીઓ જમીન તરફ ઢળતી હોય છે જેથી હિમવર્ષાનાં કારણે વૃક્ષો પર પડતો બરફ જમીન તરફ સરકી જાય. વૃક્ષોનાં પાન લાંબા, અણીદાર અને ચીકાશવાળાં હોય છે. આ પ્રકારનાં પાન લાંબા સમય સુધી ભેજને સંઘરી રાખે છે.

**(5) ભરતીનાં જંગલો (મેન્ગ્રુવ) :**

**વિતરણ :** ભારતમાં દરિયાકિનારે, નદીઓના મુખત્રિકોણ પ્રદેશમાં ભરતીનાં જંગલો આવેલાં છે. બંગાળાની ખાડીના કિનારાના પ્રદેશોમાં તેમજ ગુજરાતના કેટલાક સાગરકાંઠે દલદલીય વિસ્તારોમાં નાના પાયા પર ભરતીનાં જંગલો જોવા મળે છે.

**વૃક્ષો :** સુંદરી અને ચેર અહીંની મુખ્ય વનસ્પતિ છે.

## જંગલોની પેદાશ અને તેની ઉપયોગિતા

જંગલો માનવજાતને અનેક રીતે ઉપયોગી છે. જંગલોમાંથી મળતું ઇમારતી લાકડું સાગ, સાલ ફર્નિચર બનાવવા કામ લાગે છે. સુંદરવનમાંથી પ્રાપ્ત થતા સુંદરીનાં વૃક્ષના લાકડાંમાંથી હોડી બનાવવામાં આવે છે. હિમાલયના ઠંડા પ્રદેશોમાં થતું દેવદાર-ચીડના લાકડાંમાંથી રમત-ગમતનાં સાધનો, ચા અને દવાના પૅકિંગની પેટીઓ (ખોખાં) બનાવવામાં આવે છે. ચીડના રસમાંથી ટર્પેન્ટાઇન બને છે. ચંદનમાંથી સુગંધી તેલ, સૌંદર્યવર્ધક બનાવટો બનાવવામાં આવે છે. વાંસમાંથી ટોપલા, ટોપલી, રમકડાં, ગૃહ સુશોભનની ચીજો બનાવવામાં આવે છે. જંગલો લાખ, રાળ, ગુંદર, રબર, મધ, નેતર જેવી વન્ય પેદાશો પૂરી પાડે છે. આંબળા, બહેડાં, હરડે, અશ્વગંધા વગેરે વનસ્પતિઓ ઔષધીય ઉપયોગિતા ધરાવે છે.

| વનસ્પતિની ઔષધીય ઉપયોગિતા | |
|---|---|
| **વનસ્પતિ** | **ઔષધીય ઉપયોગિતા** |
| સર્પગંધા | લોહીના ઊંચા દબાણના રોગની સારવારમાં |
| લીમડો | જીવાણુ પ્રતિરોધક તરીકે |
| તુલસી | શરદી, ઉધરસ, તાવ |
| અર્જુન સાદડ | હૃદયરોગની સારવાર |
| બીલી | વાત અને કફ દોષો |
| ગળો | મધુપ્રમેહ, તાવ, સાંધાના દુઃખાવા |
| હરડે | કબજિયાત, વાળ અંગેના રોગો |
| આમળાં | વાયુ-પિત્તને દૂર કરે, પાચક |
| કરંજ | ચામડીના, દાંત-પેઢાંના રોગો |

આ ઉપરાંત ખાખરાનાં પાનમાંથી પતરાળાં-પડિયા, ખેરના લાકડામાંથી કાથો, ટીમરૂનાં પાનમાંથી બીડી બનાવવામાં આવે છે. જંગલો વનવાસી પ્રજાને આજીવિકા તેમજ ખોરાક પૂરો પાડે છે. આમ, જંગલો માનવજીવનને સામાજિક અને આર્થિક વિકાસમાં યોગદાન આપે છે.

## જંગલોનું પર્યાવરણીય મહત્ત્વ

જંગલોનું પર્યાવરણીય મહત્ત્વ નીચે મુજબ છે :

- જંગલો વરસાદ લાવવામાં ઉપયોગી છે.
- વાતાવરણને વિષમ બનતું અટકાવે છે.
- પ્રાણદાયી વાયુ ઑક્સિજન પૂરો પાડે છે.
- જંગલો પૂર નિયંત્રણ કરે છે.
- કાર્બન ડાયૉક્સાઇડ જેવા હાનિકારક વાયુનું શોષણ કરે છે.
- જંગલો જમીન ધોવાણ અટકાવે છે.
- જંગલો ભૂમિગત જળને જાળવી રાખે છે.
- જંગલો રણને આગળ વધતું અટકાવે છે.
- હવા-પ્રદૂષણ ઘટાડવામાં જંગલો ઉપયોગી છે.
- જંગલો કુદરતી સૌંદર્યમાં વધારો કરે છે.
- જંગલો હવાને શુદ્ધ કરે છે.
- વન્યજીવસૃષ્ટિને કુદરતી આશ્રય સ્થળો પૂરાં પાડે છે.
- જંગલો 'સાહસિક-પ્રવાસન પ્રવૃત્તિ' માટે આદર્શ ક્ષેત્રો છે.
- રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભયારણ્યો તથા જૈવ વિવિધતાના સંદર્ભે આવાં કેટલાંક જંગલો આરક્ષિત કરવામાં આવે છે.

## જંગલ સંરક્ષણ

વનસ્પતિજીવન, પ્રાણીજીવન અને માનવજીવનના આંતરસંબંધોથી પારિસ્થિતિક તંત્રનું સર્જન થાય છે; પરંતુ માનવની પર્યાવરણ વિરોધી પ્રવૃત્તિ અને માનસિકતા તથા સ્વાર્થવૃતિના કારણે પારિસ્થિતિક તંત્રમાં ખલેલ પહોંચી છે. જંગલોના વિનાશ માટે માનવની

જમીન મેળવવાની ભૂખ સૌથી વધુ જવાબદાર છે. આ ઉપરાંત વસ્તી વધારો, ઉદ્યોગોને રહેણાંકી વિસ્તારથી દૂર લઈ જવાની નીતિ, શહેરીકરણ, બહુહેતુક યોજનાઓ, સડકોનું નિર્માણકાર્ય, ઈમારતી અને બળતણ લાકડું મેળવવા ઝૂમ-ખેતી, દાવાનળ વગેરે કારણોથી જંગલોનો વિનાશ થઈ રહ્યો છે. જંગલોનો વિનાશ થવાથી પર્યાવરણની સમતુલા ખોરવાઈ છે.

જંગલોનો વિનાશ થવાથી પર્યાવરણને ઘણી વિપરીત અસરો ઊભી થઈ છે, જેમાં વરસાદનું પ્રમાણ ઘટવું, દુષ્કાળ, ગ્લોબલ વૉર્મિંગ (વૈશ્વિક તાપવૃદ્ધિ), ગ્રીન હાઉસ ઈફેક્ટ (હરિતગૃહ પ્રભાવ), રણીકરણ, વન્યજીવો નિરાશ્રિત થવા વગેરે.

1952ની રાષ્ટ્રીયનીતિ પ્રમાણે દેશમાં 33 % ભૌગોલિક વિસ્તારમાં જંગલો હોવાં જોઈએ છે. ભારતમાં આશરે 23 % વિસ્તારમાં જંગલો આવેલા છે. જ્યારે ગુજરાતમાં જંગલોનું પ્રમાણ લગભગ 10 % છે. આમ, જંગલ વિનાશને અટકાવવો આવશ્યક છે અને તે માટે વન સંરક્ષણ અને વનસંવર્ધન કરવું જરૂરી છે.

**આટલું જાણવું ગમશે...**

ગુજરાતમાં I. U. C. N. (ઇન્ટરનેશનલ યુનિયન ફૉર કન્ઝર્વેશન ઑફ નેચર) રેડડેટા બુકમાં સફેદ ખાખરો, ગુગળ, નીલસોટી, સીસમ, આમળી, અટ્ટક, હરડે વગેરે જેવી વનસ્પતિને ભય હેઠળની કક્ષામાં મૂકવામાં આવી છે.

### જંગલોના જતન માટેના ઉપાયો

જંગલોનું જતન અને સંવર્ધન કરવાના હેતુથી ભારત સરકારે 1952માં રાષ્ટ્રીય વનનીતિ અમલમાં મૂકી. 1980માં સંસદે વન સંરક્ષણ અધિનિયમ પસાર કર્યો અને 1988માં નવી રાષ્ટ્રીય વનનીતિ જાહેર કરી. જંગલોના જતન માટે નીચે મુજબના ઉપાયો હાથ ધરવા જોઈએ :

(1) જંગલો એ આપણું રાષ્ટ્રીય સંસાધન છે અને તેનું જતન કરવું એ આપણી નૈતિક ફરજ છે તેવી સમજ કેળવવી.

(2) વૃક્ષછેદન અટકાવવું, ગેરકાયદેસર વૃક્ષ કાપનારને કડક સજા કરવી.

(3) વનમહોત્સવ અને સામાજિક વનીકરણ કાર્યક્રમોમાં લોકભાગીદારી વધારવી, પડતર જમીન, નદી, રેલવે, સડકોની બંને બાજુમાં વૃક્ષારોપણ અને સંવર્ધન કરવું.

(4) પર્યાવરણ શિક્ષણ અને શાળાકીય અભ્યાસક્રમો દ્વારા પર્યાવરણ જાગૃતિ લાવવી, પર્યાવરણને લગતા દિવસોની ઉજવણી કરવી.

**આટલું જાણવું ગમશે...**

**પર્યાવરણવિષયક દિવસો**

| | | |
|---|---|---|
| 21 માર્ચ | - | વિશ્વ વન દિવસ |
| 22 એપ્રિલ | - | વિશ્વ પૃથ્વી દિવસ |
| 5 જૂન | - | વિશ્વ પર્યાવરણ દિવસ |
| જુલાઈ માસ | - | વન મહોત્સવ |
| 16 સપ્ટેમ્બર | - | વિશ્વ ઑઝોન દિવસ |

(5) જંગલોમાં આગ ન લાગે તેની તકેદારી રાખવી અને આગ લાગે તો ત્વરિત શમન કરવું.

(6) ઊર્જા મેળવવા ઉપયોગમાં લેવામાં આવતા લાકડાંના સ્થાને સૌર ઊર્જા, બાયો ઊર્જા, પવન ઊર્જા જેવા ઊર્જાના પુનઃપ્રાપ્ય સ્રોતોનો ઉપયોગ કરવો.

(7) પ્રચાર-પ્રસાર માધ્યમો દ્વારા લોકોને જંગલોનું મહત્ત્વ સમજાવી આ બાબતે લોકજાગૃતિ લાવવી.

**આટલું જાણવું ગમશે...**

- વૈશ્વિક લોકજાગૃતિ લાવવાના હેતુથી 2011ના વર્ષને "વિશ્વ વન વર્ષ" ઘોષિત કરવામાં આવ્યું હતું.
- સામાજિક વનીકરણ એટલે પર્યાવરણ, સમાજ અને ગ્રામીણ વિકાસને મદદરૂપ થવાના હેતુથી જંગલોનું વ્યવસ્થાપન અને સંરક્ષણ કરવું તેમજ પડતર જમીન પર વૃક્ષારોપણ કરવું.
- દેહરાદૂન સ્થિત જંગલ સંશોધન સંસ્થા જે જંગલ વિષયક સંશોધન કરે છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) ભારતમાં વૈવિધ્યસભર કુદરતી વનસ્પતિ શા માટે જોવા મળે છે ?

(2) જંગલોનું પર્યાવરણીય મહત્ત્વ શું છે ?

(3) જંગલ વિનાશનાં કારણો કયાં કયાં છે ?

(4) જંગલ વિનાશની અસરો કઈ કઈ છે ?

(5) ''ઉષ્ણ કટીબંધીય જંગલોને નિત્ય લીલાં જંગલો કહે છે.'' - શા માટે ?

**2. નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તર લખો :**

(1) ભારતના જંગલોના પ્રકાર જણાવો.

(2) જંગલોની ઉપયોગિતા લખો.

(3) જંગલોના જતન માટેના ઉપાયો સ્પષ્ટ કરો.

**3. નીચે આપેલ પ્રશ્નો માટે સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો :**

(1) વનસ્પતિની વિવિધતાની દૃષ્ટિએ વિશ્વમાં ભારતનું સ્થાન કેટલામું છે ?

(A) પ્રથમ (B) ચોથું (C) દસમું (D) પાંચમું

(2) નીચે આપેલ વિધાનોમાં કયું વિધાન અયોગ્ય છે ?

(A) ગંગા નદીના મુખત્રિકોણ પ્રદેશમાં ભરતીનું જંગલ આવેલું છે.

(B) ચીડના રસમાંથી ટર્પેન્ટાઇન બને છે.

(C) સુંદરીનું લાકડું હોડી બનાવવા માટે ઉપયોગમાં આવે છે.

(D) હિમાલયના પર્વતીય વિસ્તારોમાં કાંટાળી વનસ્પતિ થાય છે.

(3) જોડકાં જોડો :

| અ | બ |
|---|---|
| (A) ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો | 1. ચેર |
| (B) ઉષ્ણ કટિબંધીય કાંટાળાં જંગલો | 2. દેવદાર |
| (C) ભરતીનાં જંગલો | 3. બાવળ |
| (D) શંકુદ્રુમ જંગલો | 4. મૅહોગની |

| | | | |
|---|---|---|---|
| (A) A-3 | B-4 | C-1 | D-2 |
| (B) A-4 | B-3 | C-1 | D-2 |
| (C) A-4 | B-3 | C-2 | D-1 |
| (D) A-4 | B-2 | C-3 | D-1 |

(4) ચીડના રસમાંથી શું બને છે ?

(A) કાથો (B) ટર્પેન્ટાઇન (C) લાખ (D) ગુંદર

### પ્રવૃત્તિ

- જુદી-જુદી વનસ્પતિના ફોટોગ્રાફ્સ એકત્ર કરી તેની ઉપયોગિતા દર્શાવતો એક હસ્તલિખિત અંક તૈયાર કરો.
- શાળામાં વનમહોત્સવની ઉજવણી કરો. વિદ્યાર્થીઓના હસ્તે વૃક્ષારોપણ કરાવી તે વૃક્ષને તે બાળકનું નામ આપો.
- વિદ્યાર્થીઓના જન્મદિવસે પર્યાવરણ જતનના શપથ લેવડાવી એક છોડ રોપીને ઉછેરવા પ્રેરવા.
- વન સંરક્ષણ અને વન સંવર્ધન બાબતે ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરો.
- આપનાં ગામ / શહેરની નજીકમાં આવેલા વન ચેતના કેન્દ્રની મુલાકાત લો.

# 18 વન્યજીવન

ભારત ભૂપૃષ્ઠ અને આબોહવા સંબંધી ઘણું વૈવિધ્ય ધરાવતો દેશ છે. આવું જ વૈવિધ્ય અહીંની વન્ય જીવસૃષ્ટિમાં જોવા મળે છે. સમગ્ર વિશ્વમાં જીવસૃષ્ટિની 15 લાખ પ્રજાતિઓ નોંધાઈ છે, જે પૈકીની 81,251 પ્રજાતિઓ ભારતમાં જોવા મળે છે. જેમાં પક્ષીઓ, સરિસૃપો, ઉભયજીવી પ્રાણીઓ, સસ્તન પ્રાણીઓ, મત્સ્યજાતો તેમજ કીટકો વગેરે જોવા મળે છે. આ ઉપરાંત દેશના વિવિધ પ્રકારોનાં જંગલોમાં વસતી વન્ય જીવસૃષ્ટિની ઓળખ માટેનાં સંશોધનો ચાલુ છે. ભારત જૈવ વૈવિધ્યની દૃષ્ટિએ વિશ્વમાં ખૂબ જ સમૃદ્ધ બૃહદ્ જૈવ વૈવિધ્ય ધરાવતા આઠ દેશોમાં છઠ્ઠા ક્રમે આવે છે.

ભારતના જંગલવિસ્તારનું પ્રમાણ ઓછું છે, તેની સરખામણીએ આ વન્યજીવ વૈવિધ્ય ઘણું નોંધપાત્ર ગણાય.

## ભારતના પ્રાણી-ભૌગોલિક પ્રદેશો

વનસ્પતિની વિવિધ લાક્ષણિકતાઓને આધારે તેના કુદરતી પ્રદેશો પાડવામાં આવે છે. તે મુજબ જીવસૃષ્ટિના આધારે પણ પ્રાદેશિક વિતરણ તારવી શકાય છે. ભારતમાં જોવા મળતી જૈવસૃષ્ટિને તેની લાક્ષણિકતાઓનાં સામ્ય અને કોઈ પ્રદેશમાં તેમની વિશેષ ઉપસ્થિતિ–વસવાટ જેવાં પાસાંને આધારે ભારતને નવ પ્રાણી-ભૌગોલિક ભાગમાં વહેંચવામાં આવે છે :

(1) હિમાલય પ્રદેશ (2) લડાખ અને શુષ્ક શીત ક્ષેત્ર (3) હિમાલયનું વનાચ્છાદિત નીચલું ક્ષેત્ર (4) હિમાલયનાં વનસ્પતિવિહીન ઊંચાં ક્ષેત્રો (5) ઉત્તરનું મેદાન (6) રાજસ્થાનનો રણપ્રદેશ (7) દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ (8) સમુદ્રકિનારો અને (9) નીલગિરિની પહાડીઓ

આ પ્રાણી-ભૌગોલિક પ્રદેશ મુજબ જૈવ વૈવિધ્યનો અભ્યાસ કરાય છે.

## ભારતની વૈવિધ્યસભર વન્ય જીવસૃષ્ટિ

ભારતના ભૂપૃષ્ઠમાં વિશાળ નદીમેદાનો, દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ, પર્વતીય ક્ષેત્રો, દલદલના પ્રદેશો, સમુદ્રકિનારા તથા વનસ્પતિની દૃષ્ટિએ ગીચ એવાં વર્ષાવનો, મોસમી પાનખર જંગલો, હિમાલય અને ઊંચા પર્વતીય ક્ષેત્રમાં આવેલાં શંકુદ્રુમ જંગલોની વિવિધતા વન્યજીવોના નિવાસ માટેની વિસ્તૃત પશ્ચાદ ભૂમિકા સર્જે છે. દક્ષિણનાં દ્વીપકલ્પીય વર્ષાવનોમાં એશિયાઈ હાથી, બ્રહ્મપુત્રનદીનાં દલદલનાં ક્ષેત્રોમાં એકશિંગી ભારતીય ગેંડા, હિમાલયના ઊંચાઈવાળાં ક્ષેત્રોમાં હિમદીપડા, જમ્મુ-કશ્મીરમાં જંગલી બકરીઓ અને કસ્તૂરી મૃગ, દક્ષિણભારતના જંગલોમાં જંગલી ભેંસ (ભારતીય બાયસન), મધ્ય ભારત અને પ. બંગાળમાં વાઘ, કચ્છના નાના રણમાં ઘુડખર અને મોટા રણનાં જળપ્લાવિત ક્ષેત્રોમાં સુરખાબ જોવા મળે છે. ઘાસભૂમિના વિસ્તારોમાં લુપ્ત મનાતા પક્ષી ઘોરાડ (ગ્રેટ ઇન્ડિયન બસ્ટાર્ડ)ની તાજેતરનાં વર્ષોમાં પુનઃ હાજરી નોંધાઈ છે. જળપ્લાવિત વિસ્તારોમાં શિયાળા દરમિયાન ઠંડા પ્રદેશોમાંથી અનેક જાતનાં યાયાવર પક્ષીઓ ઊતરી આવે છે, તેમાં સાઈબેરિયન ક્રેન, પેલીકન, તિબેટીયન બતક, કુંજ કરકરા વગેરે મુખ્ય છે. પશ્ચિમઘાટનાં ગીચવનોના વિસ્તારોમાં ઊડતી ખિસકોલીઓ જોવા મળે છે. નિકોબારી કબૂતર એ નિકોબાર ટાપુમાં જોવા મળતું દુર્લભ પક્ષી છે. કચ્છના અખાતમાં અને લક્ષદ્વીપ દ્વીપસમૂહમાં પરવાળાંની દુર્લભ પ્રજાતિઓ જોવા મળે છે. સસ્તનો અને પક્ષીઓની સાથે સાથે સરિસૃપોની પણ વિવિધ જાતો તેમાં રાજનાગ, સાપ, અજગર, પાટલા ઘો વગેરેની પણ નોંધ લેવી જોઈએ. સમુદ્રકિનારે તથા જળવિસ્તારોમાં વિવિધ પ્રકારની માછલીઓ, દરિયાઈ સાપ, ડૉલ્ફિન, શાર્ક, ડુગૉંગ (દરિયાઈ ગાય), ઑક્ટોપસ (રંગારા), વ્હેલ જેવી જીવસૃષ્ટિની દુનિયા છે.

જંગલ વિસ્તારો ઉપરાંત ખેતી થતી હોય એવા કૃષિ વિસ્તારો, ગોચર અને પડતર જમીનોમાં શિયાળ, વરુ, નીલગાય, હરણ, નોળિયા, સસલાં, જંગલી સૂવર, શેળો વગેરે જેવાં પ્રાણીઓ છે તથા તે જ વિસ્તારોમાં વિવિધ પ્રકારનાં પક્ષીઓ તેમાં કોયલ, પોપટ, મોર, સુઘરી, ઘુવડ, ચીબરી, પીળક, સમડી, કાબર, ઢોરબગલા વગેરે વિહરતાં જોઈ શકાય.

**આટલું જાણવું ગમશે...**

- સારસ ભારતમાં જોવા મળતું સૌથી મોટું પક્ષી છે.
- ફૂલસૂંઘણો એ ભારતમાં જોવા મળતું સૌથી નાનું પક્ષી છે.
- ભારતમાં જોવા મળતું દક્ષિણનું બર્ડવીંગ સૌથી મોટું પતંગિયું છે.
- ભારતમાં જોવા મળતું સીરસ જેવેલ સૌથી નાનું પતંગિયું છે.

### વન્યજીવો અને સંરક્ષણની જરૂરિયાત

ભૂતકાળ તરફ નજર દોડાવતાં આપણને સ્પષ્ટ જણાય છે કે છેલ્લા થોડા દાયકાઓથી વન્ય જીવોના અસ્તિત્વ પર મોટું જોખમ તોળાઈ રહ્યું છે. આજથી સો વર્ષ પહેલાં વાઘ હજારોની સંખ્યામાં ભારતભરમાં જોવા મળતા હતા. આજે તેની સંખ્યા વન અને પર્યાવરણ મંત્રાલયના 2014ના અંદાજ મુજબ તે આંકડો 2226 છે. છેલ્લાં થોડાં વર્ષોમાં લેવાયેલાં પગલાંથી વાઘની સંખ્યા વધી છે, તે એક સારી નિશાની છે. દુધાળાં પશુઓની સારવારમાં વપરાતી પ્રતિબંધિત ડાયક્લોફેન્સ (Diclofenac) નામની દવાથી દૂષિત થયેલ માંસ ખાવાથી ગીધ નામશેષ થવાના આરે છે. વીસમી સદીની શરૂઆતમાં જંગલોમાં જોવા મળતા ચિત્તા આજે સમગ્ર ભારતનાં જંગલોમાંથી નષ્ટ થયા છે. ગીરના એશિયાઈ સિંહો એક સમયે મધ્ય પૂર્વ સુધી જોવા મળતા હતા તે આજે માત્ર ગીરના જંગલ પૂરતા મર્યાદિત છે. સંરક્ષણનાં સમયસરનાં પગલાં લેવાથી તેનું સંવર્ધન થતાં 2015 ની ગણતરી મુજબ 523 સંખ્યામાં છે. એક સમયે ગુજરાતમાં વધુ સંખ્યામાં સારસપક્ષી જોવા મળતાં હતાં જેની સંખ્યા ઘટી છે. વન્યજીવસૃષ્ટિ છેવટે તો જીવસૃષ્ટિના એક અભિન્ન ભાગ ગણાય છે. પણ જ્યારે ક્યાંક અને કેટલાક વર્ષો દરમિયાન, કેટલાંક વન્યજીવોની સંખ્યામાં થતો ઘટાડો એ પર્યાવરણની ગુણવત્તાનો ઘટાડો સૂચવે છે, આ બાબત ચિંતાજનક છે. ગુજરાતના પર્વતીય વન વિસ્તારોનું મૂળ રહેવાસી શ્યામ ગરુડ ક્વચિત જ જોવા મળે છે. વિજયનગર તાલુકાના પર્વતીય જંગલ વિસ્તારમાં સહજ જોવા મળતો ચિલોત્રો આજે ભાગ્યે જ નજરે પડે છે.

માનવીની અસીમિત લાલચ અને પ્રગતિની દોડમાં પર્યાવરણના અસંતુલનથી અનેક માઠાં પરિણામોનો સામનો કરવાનો આવે તે સ્વાભાવિક છે. હજુ સમય છે, વન્ય જીવોના જતન-સંવર્ધન માટે યોગ્ય પગલાં નહિ લેવાય તો કદાચ અનેક વન્ય જીવોને આગામી દિવસોમાં કેવળ ચિત્રોમાં ભાવિ પેઢીને બતાવવાનો વારો આવશે.

### ભારતનાં અગત્યનાં રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભયારણ્યો :

| ક્રમ | અભયારણ્ય | વન્યજીવ |
|---|---|---|
| 1. | કાઝીરંગા (અસમ) | ગેંડા, જંગલી ભેંસ, હરણ |
| 2. | થરનું રણ (રાજસ્થાન) | રણનું વરુ, રણની બિલાડી, ઘોરાડ |
| 3. | કાન્હા (મધ્યપ્રદેશ) | વાઘ, સાબર |
| 4. | ગીર રાષ્ટ્રીય ઉદ્યાન (ગુજરાત) | સિંહ, દીપડા, ચિતલ |
| 5. | વેળાવદર કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન (ગુજરાત) | કાળિયાર, વરુ, ખડમોર, ઘોરાડ |
| 6. | કેવલાદેવ (ભરતપુર-રાજસ્થાન) | પક્ષીઓ (યાયાવર અને સ્થાનિક) |
| 7. | બાંદીપુર (કર્ણાટક) | હાથી, રીંછ, સૂવર, જંગલી બિલાડા |
| 8. | દચિગામ (કશ્મીર) | હામુર (કશ્મીરી હરણ) કસ્તૂરીમૃગ |
| 9. | કોર્બેટ (હિમાલયની તળેટી) | વાઘ, હાથી, દીપડો, હરણ |




18.1 ભારત : રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્યો

## વન્યજીવો પરનાં જોખમો

આધુનિક યુગમાં માનવીનાં લોભ-લાલચ અને વિકાસની હડફેટે સમગ્ર વન્ય જીવસૃષ્ટિના અસ્તિત્વ સામે પ્રશ્નાર્થચિહ્ન મુકાયું છે. તે માટેનાં કારણો તપાસીએ તો સમજાય છે કે જંગલ વિસ્તારોના સતત થઈ રહેલા ઘટાડાથી વન્ય જીવો તેમનાં કુદરતી આવાસ ક્ષેત્રો ગુમાવીને નિરાશ્રિત બની રહ્યા છે. ખાલ, માંસ, દાંત, વાળ અને હાડકાં મેળવવા થતો શિકાર એક મોટી સમસ્યા છે. જંગલોમાં પાલતુ પશુઓના ચરાણથી તૃણાહારી વન્યજીવોને ખોરાકની અછત થતાં તેમની સંખ્યા પર માઠી અસર થાય છે. જંગલ ક્ષેત્રોમાં તૃણાહારીઓની સંખ્યા ઘટતાં માંસભક્ષી વન્ય જીવોને પૂરતો શિકાર ન મળે તે સ્વાભાવિક છે, તેથી ખોરાકની શોધમાં માનવવસ્તીમાં આવી ચડતાં તે પશુનું મારણ કરે છે. માનવવસાહતો તરફ આવી જતા વન્ય જીવોના માનવી સાથે સંઘર્ષના સંજોગો ઊભા થાય છે અને તે સંઘર્ષો વન્યજીવોને મોતના મુખમાં લઈ જાય છે. વળી વન્ય જીવોના આવાસોમાં પહોંચતી પ્રદૂષણની અસરો ઘણી ઘાતક હોય છે. આ ઉપરાંત વનક્ષેત્રોમાં થતી માનવ પ્રવૃત્તિઓથી વન્ય જીવો પર માઠી અસરો પણ પડે છે.

**આટલું જાણવું ગમશે...**

- ઘર આંગણે જોવા મળતી ચકલીઓની સંખ્યામાં ઘટાડો થવા લાગ્યો છે.
- સિંહ ગુજરાતનું રાજ્ય પ્રાણી તથા સુરખાબ રાજ્ય પક્ષી છે.
- એશિયાઈ સિંહ, ઘુડખર અને પટ્ટી ગરોળી જેવાં પ્રાણીઓ ભારતમાં માત્ર ગુજરાતમાં જ જોવા મળે છે.
- જંગલી ભેંસ (ભારતીય બાયસન), હાથી, ચિત્તો, મોટી ભારતીય ખિસકોલી, વાઘ ગુજરાતનાં જંગલોમાંથી લુપ્ત થયાં છે.
- કચ્છ રણ અભયારણ્ય ગુજરાતનું સૌથી મોટો વિસ્તાર ધરાવતું અભયારણ્ય છે.
- પોરબંદર પક્ષી અભયારણ્ય ગુજરાતનું સૌથી ઓછો વિસ્તાર ધરાવતું અભયારણ્ય છે.

જંગલોના વિસ્તારોમાં થતા ઘટાડાથી ખોરાક અને આશ્રયની શોધમાં વન્ય જીવો ક્યારેક માનવવસ્તી તરફ આવી જાય છે. વન્ય જીવોના ક્ષેત્રોમાં થતા માનવ હસ્તક્ષેપ તેમની સાથેની અથડામણોમાં સર્જાય છે, તેવી ઘટનાઓથી વન્ય જીવો માનવરોષનો ભોગ બની જીવ ગુમાવે છે. દક્ષિણ અને દક્ષિણ પૂર્વ ભારતમાં જંગલોમાંથી ખોરાકની શોધમાં હાથીઓનાં ઝુંડ કૃષિવિસ્તારોમાં આવી ભારે ઉત્પાત મચાવે છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં દીપડાના હુમલાઓમાં અને ગુજરાતના ઉત્તર પૂર્વના વનવિસ્તારોની નજીક કે વનમાં રીંછ દ્વારા માનવોને ઈજા પહોંચાડવાની કે માનવીને મારી નાખવાની ઘટનાઓ બને છે. આવી દુર્ઘટનાઓ ન થાય તે માટે અગમચેતી એ જ શ્રેષ્ઠ ઉપાય છે.

### વન્યજીવ સંરક્ષણના ઉપાયો

જંગલ વિસ્તારોની જાળવણી કરી તેમાં ઉત્તરોત્તર સતત વધારો કરવા માટે લાંબા ગાળાનું ચુસ્ત આયોજન હાથ ધરાવું જોઈએ. જંગલ વિસ્તારો અને વન્યજીવોના સંરક્ષણાર્થે, વધારે સખત કાયદાકીય જોગવાઈઓ અને ચુસ્ત અમલીકરણ માટે આપણે સહુએ પ્રતિબદ્ધ બનવું પડશે. વિવિધ સામાજિક સ્વૈચ્છિક સંગઠનોએ આ બાબતને ટોચની અગ્રતાએ ગણી જનજાગૃતિ કાર્યક્રમો યોજવા જોઈએ. શાળાઓમાં શીખવાતા પાઠ્યક્રમોમાં આ સમસ્યાની વિગતો સમાવીને ભાવિનાગરિકો જાગ્રત કરવા જોઈએ. કોઈ વિકાસ યોજનાના અમલીકરણ પૂર્વે તેની પર્યાવરણીય અને જીવસૃષ્ટિ પર પડનારી વિવિધ અસરો તપાસવી જોઈએ. જંગલ વિસ્તારની બહાર આવેલાં મોટાં વૃક્ષો કપાતાં અટકાવવાં જોઈએ, તેનાં પોલાણો અને ડાળખીઓ અનેક પક્ષીના માળા બનાવવાનું સ્થાન છે. યાયાવર અને જળાશ્રયી (જળકાંઠે વસતાં) પક્ષીઓને જરૂરી પરિવેશ–તળાવો, ખેતરશેઢાની તળાવડી કે જળપ્લાવિત વિસ્તાર (વેટલૅન્ડ)ની જાળવણી કરવી જોઈએ. ખેતી ક્ષેત્રે વપરાતા જંતુનાશકોને બદલે જૈવિક કીટનાશકોનો પ્રચાર અને વપરાશ વધારવો જોઈએ. પ્રદૂષણ ઘટાડવા અંગે સક્રિયપણે કામગીરીની તાતી જરૂરિયાત છે. જંગલોના દાવાનળને પહોંચી વળવા પેટ્રોલિંગ અને સાવચેતીનું આગોતરું આયોજન કરવું જોઈએ.

### વન્યજીવ સંરક્ષણ માટે લેવાયેલાં પગલાં

આપણા દેશમાં પરાપૂર્વથીજ વન્યજીવોના સંરક્ષણના કાયદા થતા આવ્યા છે. મૌર્યયુગના મહાન રાજા અશોકના સમયમાં વન્યજીવોના સંરક્ષણાર્થે કાયદા બનાવાયા હતા. આપણે ત્યાં નાગરિકોની મૂળભૂત ફરજો અને રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં પણ આ અંગેની વિગતો સામેલ છે. ભારતીય વન્યજીવ બોર્ડની ભલામણ અનુસાર સંસદે વન્યજીવ સુરક્ષા અધિનિયમ બનાવ્યો છે. દેશમાં 2014 ની સ્થિતિએ 503 અભયારણ્યો અને 102 રાષ્ટ્રીય ઉદ્યાનો 14 જૈવ આરક્ષિત ક્ષેત્ર રચના કરવામાં આવી છે, જે પૈકીનાં 22 અભયારણ્યો અને 4 રાષ્ટ્રીય ઉદ્યાનો અને 01 જૈવ આરક્ષિત ક્ષેત્ર ગુજરાતમાં છે. જેનાં અસ્તિત્વ માટે જોખમ અને વિનાશને આરે હોય એવી વિશિષ્ટ પ્રાણી પ્રજાતિઓ માટે ખાસ સંરક્ષણની યોજનાઓ બનાવી છે, જેમાંથી કેટલીક વન્યજીવ સંરક્ષણ પરિયોજનાઓની વિગતો જાણીએ.

**વાઘ પરિયોજના (પ્રૉજેક્ટ ટાઈગર) :** દેશમાં વાઘની ઘટતી જતી સંખ્યા અને શિકારના ભય સામે આ પરિયોજના 1973માં 9 આરક્ષિત વિસ્તારો સાથે અમલમાં મુકાઈ હતી જે અંતર્ગત 48 વિસ્તારોને હાલ આવરી લેવાયા છે.

**સિંહ પરિયોજના :** એક સમયે એશિયાઈ સિંહો એશિયા ઉપમહાદ્વીપના ઈરાન સુધી વિહરતા હતા. તેના શિકાર અને જંગલોના વિનાશથી હાલ માત્ર સૌરાષ્ટ્ર દ્વીપકલ્પના ગીરના જંગલ પૂરતાજ સીમિત થઈ ગયા છે. એક તબક્કે આ વિસ્તારમાં આ સંખ્યા માત્ર 100 થી પણ નીચે આવી ગઈ હતી. એશિયાઈ સિંહોના સંરક્ષણ માટે 1972માં ગીરમાં યોજના શરૂ કરાઈ હતી.

આ ઉપરાંત કશ્મીરી બારાસિંગા નામની દુર્લભ હરણની પ્રજાતિ માટે હંગૂલ પરિયોજના, ખારા પાણીના મગરમચ્છ માટે મગરમચ્છ પરિયોજના, ભારતીય ગેંડાના સંરક્ષણ માટે ગેંડા પરિયોજના અને હિમદીપડા પરિયોજના મુખ્ય ગણી શકાય.

વન્ય જીવસૃષ્ટિના બચાવ અને સંરક્ષણ માટે સમાજ અને સરકાર દ્વારા દ્રઢ ઇચ્છા દાખવીને સાચી દિશામાં પગલાં ભરાય તો વન્યજીવ સંરક્ષણ શક્ય છે. વિકાસની સાથે સાથે પર્યાવરણના જતનનો મંત્ર સિદ્ધ કરવા આપણે સહુએ પ્રતિજ્ઞાબદ્ધ થઈ પ્રયાસો કરવા પડશે.

**આટલું જાણવું ગમશે...**

**ગુજરાતના રાષ્ટ્રીય ઉદ્યાનો**

| ક્રમ | રાષ્ટ્રીય ઉદ્યાન | સ્થાપના | વિસ્તાર | જિલ્લો | મુખ્ય પ્રાણીઓ |
|---|---|---|---|---|---|
| 1. | ગીર રાષ્ટ્રીય ઉદ્યાન | 1975 | 258.71 ચો કિમી | જૂનાગઢ | સિંહ, દીપડા, ચિત્તલ, ઝરખ, સાબર, ચિંકારા, મગર |
| 2. | કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન | 1976 | 34.08 ચો કિમી | ભાવનગર | કાળિયાર, વરુ, ખડમોર ઘોરાડ |
| 3. | વાંસદા રાષ્ટ્રીય ઉદ્યાન | 1979 | 23.99 ચો કિમી | નવસારી | દીપડા, ઝરખ, ચિત્તલ, ચૌસીંગા |
| 4. | દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન | 1982 | 162.89 ચો કિમી | કચ્છનો અખાત, જામનગર | સમુદ્રીઘોડા, કોરલ, જેલી ફિશ, ઑક્ટોપસ, ઑયેસ્ટર, ડૉલ્ફિન, ડુગોંગ |

## સ્વાધ્યાય

**1. નીચેના સવાલોના જવાબ માગ્યા મુજબ આપો :**

(1) ભારતના પ્રાણી-ભૌગોલિક પ્રદેશોની યાદી આપો.

(2) વન્યજીવો આજે સંકટમાં છે – વિધાન સમજાવો.

(3) વન્યજીવ સંરક્ષણ માટેની વિવિધ પરિયોજનાઓની વિગતો ટૂંકમાં આપો.

**2. નીચેના સવાલોના સવિસ્તર જવાબ આપો :**

(1) ભારતનું વન્યજીવ વૈવિધ્ય

(2) વન્યજીવ સંરક્ષણના ઉપાયો

**3. યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો :**

(1) ભારતને કુલ કેટલા પ્રાણી-ભૌગોલિક પ્રદેશોમાં વહેંચવામાં આવ્યો છે ?

(A) નવ (B) ચાર (C) છ (D) આઠ

(2) સમગ્ર વિશ્વમાં જીવસૃષ્ટિની કુલ કેટલી પ્રજાતિઓ નોંધાઈ છે ?

(A) 72 લાખ (B) 15 લાખ (C) 18 લાખ (D) 19 લાખ

(3) ઊડતી ખિસકોલીઓ ક્યાં જોવા મળે છે ?

(A) કચ્છના મોટા રણમાં (B) હિમાલયના ઊંચા પર્વતીય વિસ્તારોમાં

(C) દલદલના વિસ્તારોમાં (D) પશ્ચિમઘાટનાં ગીચ વનોમાં

(4) વિજયનગર તાલુકાના પર્વતીય વિસ્તારોમાં ભાગ્યેજ દેખાતું પક્ષી કયું છે ?

(A) સુરખાબ (B) ચિલોત્રો (C) ઘોરાડ (D) પોપટ

(5) દુર્લભ પરવાળાની પ્રજાતિઓ...

(A) વેળાવદર (B) નળસરોવર (C) લક્ષદ્વીપ ટાપુસમૂહ (D) ગીર અભયારણ્ય

(6) ઘોરાડ કયા વિસ્તારોમાં જોવા મળે ?

(A) વેટલૅન્ડ (B) પર્વતીય ક્ષેત્રો (C) દલદલનાં ક્ષેત્રો (D) ઘાસભૂમિના વિસ્તારો

## પ્રવૃત્તિ

- શાળાની ઈકોક્લબમાં શિક્ષકના માર્ગદર્શનમાં નિરીક્ષણ કરી તમારા વિસ્તારમાં જોવા મળતા પક્ષીઓની યાદી બનાવો.
- ખાલી ખોખાંમાંથી ચકલીના માળા બનાવી વડીલોના માર્ગદર્શનમાં યોગ્ય જગ્યાએ ટીંગાડો અને તેનું સમયાંતરે નિરીક્ષણ કરી નોંધ રાખો.
- શાળાના પ્રવાસ દરમિયાન પ્રકૃતિશિક્ષણ કેન્દ્રની મુલાકાત ગોઠવો.
- વન વિભાગના અધિકારીનો શાળામાં વાર્તાલાપ અને પ્રશ્નોત્તરી ગોઠવો.
- સમાચારપત્રો અને સામયિકોમાં આવતા વન્યજીવ સંબંધી સમાચારો - લેખોનાં કટિંગ બુલેટિન બૉર્ડ પર લગાડો.
- શાળામાં શિક્ષકના માર્ગદર્શનમાં નીચેની વેબસાઇટની મુલાકાત લઈ વધુ વિગતો જાણો :

(1) www.envforguj.in

(2) www.gujaratgorest.org

(3) www.gemi_india.org

(4) www.wcsindia.org

(5) www.nationalgeographic.com

•

# 19 ભારત : લોકજીવન

આપણે બધા ગૌરવશાળી છીએ કે આપણો જન્મ ભારતમાં થયો છે. આપણો દેશ એશિયા ખંડની પશ્ચિમે આવેલો દેશ છે. જેને મુખ્ય ત્રણ ઋતુઓ – શીતઋતુ, ઉષ્ણઋતુ અને વર્ષાઋતુ તથા તેને અંતર્ગત પરંપરાગત એવી ઋતુઓની ભેટ મળી છે. જે તમે પ્રકરણ 16માં શીખી ગયા છો. ભારત આબોહવા, ભૂપૃષ્ઠની દૃષ્ટિએ વિવિધતાભર્યો દેશ છે. તેથી તેમાં વસતા લોકોના ખોરાક, પહેરવેશ, રહેઠાણ, ભાષા, બોલી, ઉત્સવો, તહેવારોમાં ઘણી જ ભિન્નતા જોવા મળે છે. આમ, ભારત એ વિવિધતામાં એકતા ધરાવતો ભાતીગળ દેશ છે.

માનવીય ખોરાક અને પહેરવેશ ઉપર ભૌગોલિક તેમજ આબોહવાની અસર સ્પષ્ટ જોવા મળે છે. જેમ કે દરિયાકિનારે વસતાં લોકોનો ખોરાક ભાત તથા માછલાં છે. પંજાબ-મધ્યપ્રદેશ, ગુજરાતમાં મુખ્ય પાક ઘઉં છે. તેથી આ પ્રદેશના લોકો મુખ્ય ખોરાક તરીકે ઘઉં તથા તેની બનાવટોનો ઉપયોગ કરે છે. આવી જ રીતે પહેરવેશમાં પણ ભૌગોલિક તેમજ આબોહવાની સ્પષ્ટ અસર જોવા મળે છે. ઠંડા તેમજ પહાડી પ્રદેશમાં વસતા લોકોનો પહેરવેશ ઊની તેમજ સમગ્ર શરીર ઢંકાઈ જાય તેવો હોય છે. તેવી જ રીતે જે પ્રદેશમાં બારેમાસ તાપમાન વધુ અનુભવાય ત્યાંના લોકોના પહેરવેશ આછા રંગોવાળાં, સુતરાઉ તેમજ ખૂલતાં કપડાં હોય છે. વર્તમાન સમયમાં દરેક રાજ્યમાં પુરુષો પેન્ટ, શર્ટ તથા સ્ત્રીઓ સલવાર-કમીઝ પહેરે છે.

લોકજીવનની દૃષ્ટિએ ભારતના ચાર ભાગ પાડી શકાય : પશ્ચિમ ભારત, ઉત્તર ભારત, દક્ષિણ ભારત, પૂર્વ ભારત. આમ, હવે આપણે જે-તે પ્રદેશના લોકોનું લોકજીવન સમજવા પ્રયત્ન કરીશું.

### લોકજીવન–પશ્ચિમ ભારત

પશ્ચિમ ભારતમાં મુખ્ય રાજ્યો રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ તથા ગોવા વગેરે છે તથા દીવ, દમણ, દાદરા અને નગરહવેલી કેન્દ્રશાસિત પ્રદેશોનો પણ સમાવેશ થાય છે.

**ખોરાક :** રાજસ્થાનના લોકોનો મુખ્ય ખોરાક બાજરી તથા દાળ-બાટી છે. રાજસ્થાની લોકોની મારવાડી કચોરી નાસ્તા માટે જાણીતી છે. ગુજરાતના લોકોનો મુખ્યત્વે ખોરાક રોટલી-ભાખરી, શાક, દાળ-ભાત, ખીચડી, કઢી છે. ખમણ, ગાંઠિયા ગુજરાતમાં ફરસાણ તરીકે વધુ ખવાય છે. જલેબી ગુજરાતની જાણીતી મીઠાઈ છે. મધ્યપ્રદેશમાં પણ મુખ્યત્વે રોટલી, શાક, દાળ-ભાત ખવાય છે. મહારાષ્ટ્રના લોકોને સેવ-ઉસળ પ્રિય છે. ગુજરાત, મહારાષ્ટ્ર તથા ગોવાના દરિયાકિનારે વસતા લોકોનો ખોરાક મુખ્યત્વે ભાત-માછલાં છે.

**આટલું જાણવું ગમશે...**

ગુજરાતની પ્રજા વેપારી પ્રજા છે. તેથી તેણે વેપાર કરવા દૂરના પ્રદેશો સુધી જવું પડતું. આથી, કેટલાક દિવસ ન બગડે તેવા નાસ્તા ગુજરાતીઓમાં પ્રચલિત છે. જેવા કે, થેપલાં, ગાંઠિયા, સૂકીકચોરી, ખાખરા તથા સુખડી

**પહેરવેશ :** રાજસ્થાન રણપ્રદેશ તથા સૂકો પ્રદેશ હોવાથી ત્યાં વનસ્પતિનું વૈવિધ્ય ઓછું છે. તેની ક્ષતિપૂર્તિ તેમણે રંગબેરંગી પહેરવેશ દ્વારા કરી છે. સામાન્ય રીતે પુરુષો ધોતિયું, અંગરખુ તથા રંગબેરંગી પાઘડી પહેરે છે તથા સ્ત્રીઓ ઘેરવાળો ચણિયો, કબજો તથા ઓઢણી ઓઢે છે. રાજસ્થાનમાં ઊંટની સંખ્યા વધારે હોવાથી ઊંટના ચામડાંમાંથી બનાવેલી મોજડી તથા પગરખાં પહેરે છે.

ગુજરાતના લોકોનો પરંપરાગત પહેરવેશ : પુરુષો ધોતિયું, ઝભ્ભો, માથે સફેદ ટોપી કે પાઘડી પહેરે છે. જ્યારે સ્ત્રીઓ સાડી, ચણિયો અને કબજો પહેરે છે. મહારાષ્ટ્રના પુરુષોનો પણ પરંપરાગત પહેરવેશ ધોતિયું તથા પહેરણ છે તથા માથે ટોપી કે પાઘડી પહેરે છે. સ્ત્રીઓ મહારાષ્ટ્રીયન ઢબે સાડી પહેરે છે. મધ્યપ્રદેશના લોકોનો પરંપરાગત પહેરવેશ પણ પડોશી રાજ્યો ગુજરાત તથા મહારાષ્ટ્ર જેવો જ છે. ગોવામાં પણ પુરુષો ધોતી તથા પહેરણ અને સ્ત્રીઓ સાડી, ચણિયો, કબજો પહેરે છે. પણ ગોવાના પહેરવેશ પર પાશ્ચાત્ય અસર વધારે જોવા મળે છે. આમ, પહેરવેશના સંદર્ભે દરેક પ્રદેશને એક આગવી પરંપરાગત લાક્ષણિકતા છે.

**રહેઠાણ :** રાજસ્થાનમાં રણપ્રદેશના કારણે પ્રમાણમાં વરસાદ ઓછો પડતો હોવાથી મોટાભાગનાં મકાનો ધાબાવાળાં હોય છે. ગ્રામ્યવિસ્તારના લોકો ઘાસ-માટીમાંથી બનાવેલાં મકાનોમાં રહે છે. ગુજરાતમાં શહેરમાં વસતાં લોકો ઈંટ-સિમેન્ટમાંથી બનાવેલા આધુનિક મકાનમાં રહે છે. મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ગોવામાં પણ શહેરના લોકો પાકાં તથા સુવિધાવાળાં મકાનોમાં રહે છે જ્યારે દરેક રાજ્યમાં જંગલ કે ડુંગરાળ પ્રદેશમાં વસતી વનવાસી પ્રજા છૂટાં-છવાયાં ઝૂંપડાંમાં રહે છે. કોંકણ પ્રદેશમાં વધારે વરસાદના કારણે ઢાળવાળાં છાપરાં ધરાવતાં મકાનો હોય છે.

**આટલું જાણવું ગમશે...**

ગુજરાતના કચ્છ પ્રદેશમાં ભૂંગા નામે ઓળખાતાં વિશિષ્ટ રહેઠાણો છે. 26મી જાન્યુઆરી, 2001ના ભૂકંપ દરમિયાન પણ આ જ ભૂંગાને ઓછું નુકસાન થયું હતું.

**ભાષા :** રાજસ્થાનના લોકો મુખ્યત્વે હિન્દી ભાષા બોલે છે જ્યારે મારવાડમાં મારવાડી બોલી બોલાય છે. ગુજરાતમાં લોકોની મુખ્ય ભાષા ગુજરાતી છે. કચ્છ પ્રદેશમાં કચ્છી બોલી વપરાય છે. મધ્યપ્રદેશની મુખ્ય ભાષા હિન્દી છે. મહારાષ્ટ્રમાં મરાઠી, ગોવાની ભાષા કોંકણી છે. દરેક રાજ્યોમાં વિસ્તારો પ્રમાણે કેટલીક પ્રાદેશિક બોલીઓ પણ બોલાય છે.

**તહેવારો-ઉત્સવો :** મહાકવિ કાલિદાસે કહ્યું છે કે મનુષ્યો ઉત્સવપ્રિય છે. ભારતના લોકો અનેક ઉત્સવો તથા તહેવારો ઊજવે છે. રાજસ્થાનમાં લોકગીતો તથા લોકનૃત્યો ખાસ પ્રકારના હોય છે. રાજસ્થાનમાં હોળી તથા ગણગૌરનો તહેવાર ધામધૂમથી ઊજવાય છે. રાજસ્થાનના ઘુમ્મર, કચ્છીઘોડી, કાલબેલિયા જેવાં લોકનૃત્યો ખૂબ જ જાણીતાં છે. ગુજરાત રાસ-ગરબાથી વિશ્વભરમાં જાણીતું છે. મહારાષ્ટ્રમાં ગણેશચતુર્થીનો તહેવાર ભવ્ય રીતે ઊજવવામાં આવે છે. મહારાષ્ટ્રનું લાવણીનૃત્ય ખૂબ જ જાણીતું છે. મધ્યપ્રદેશમાં ઉજ્જૈનમાં શિવરાત્રીનો તહેવાર ખૂબ જ ઉત્સાહથી ઊજવવામાં આવે છે. પશ્ચિમ ભારતના લોકો દિવાળી, નવરાત્રી, શિવરાત્રી, દશેરા, ગણેશચતુર્થી, ઈદ, મહોરમ, નાતાલ, મહાવીર જયંતી, પતેતી, ચેટીચાંદ, બુદ્ધજયંતી વગેરે તહેવારો ઊજવે છે.

**મેળા :** કાર્તિક પૂર્ણિમાએ ઊંટના વેચાણ માટે રાજસ્થાનમાં પુષ્કર અને ગુજરાતમાં સિદ્ધપુરના મેળા જાણીતા છે. ગુજરાતમાં ધોળકા તાલુકામાં વૌઠા પાસે ગધેડાની લે-વેચ માટે જાણીતો મેળો ભરાય છે. થાનગઢ પાસે તરણેતરનો મેળો, જૂનાગઢમાં ભવનાથનો મેળો તથા ડાંગમાં ડાંગદરબાર વગેરે ગુજરાતના જાણીતા મેળા છે. મધ્યપ્રદેશનું ઉજ્જૈન, મહારાષ્ટ્રનું નાસિક અર્ધકુંભ મેળા માટે અને ગોવા કાર્નિવલ માટે જાણીતું છે.



19.1 પુષ્કરનો મેળો (રાજસ્થાન)

**આટલું જાણવું ગમશે :**

પ્રત્યેક 18 વર્ષે આવતા અધિક ભાદરવા મહિનામાં ગુજરાતના ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં ભાડભૂત ખાતે મેળો ભરાય છે.

### લોકજીવન–ઉત્તર ભારત

ઉત્તર ભારતમાં પંજાબ, હરિયાણા, જમ્મુ-કશ્મીર, હિમાચલપ્રદેશ, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્લી વગેરે રાજ્યોનો સમાવેશ થાય છે. પંજાબ એ મૂળ પાંચ નદીઓનો પ્રદેશ છે. જમ્મુ-કશ્મીર પ્રાકૃતિક સૌંદર્યના કારણે પૃથ્વીનું સ્વર્ગ ગણાય છે. ઉત્તરાખંડ દેવભૂમિ તરીકે ઓળખાતો પર્વતીય પ્રદેશ છે. હિમાચલપ્રદેશ પણ પર્વતીય વિસ્તારવાળો પ્રદેશ છે. ઉત્તરપ્રદેશ ગંગા-યમુનાનાં ફળદ્રુપ મેદાનોનો એક ભાગ છે. દિલ્લી ભારતની રાજધાની છે.

**ખોરાક :** પંજાબ, હરિયાણામાં લોકોનો મુખ્ય ખોરાક ઘઉં છે. ઘઉંમાંથી બનાવેલી તંદુરી રોટી તથા જાત-જાતના પરોઠાનો ઉપયોગ પંજાબી લોકો છૂટથી કરે છે. પનીર મિશ્રિત શાક પંજાબીઓની આગવી પસંદગી છે. 'લસ્સી' એ પંજાબનું જાણીતું પીણું છે. જમ્મુ-કશ્મીરના લોકોનો મુખ્ય ખોરાક ભાત તથા માંસ-મચ્છી છે. હિમાચલ તથા ઉત્તરાખંડના લોકો પણ ભાત-કઠોળ (રાજમા) તથા માંસનો ઉપયોગ કરે છે. ઉત્તરપ્રદેશના લોકોનો મુખ્ય ખોરાક રોટલી, દાળ-ભાત-શાક છે.

**પહેરવેશ :** પંજાબ, હરિયાણાના લોકો જે પોશાક પહેરે છે તે પંજાબી ડ્રેસ તરીકે જાણીતો છે. સ્ત્રીઓ સલવાર-કમીજ પહેરે છે. પુરુષો પણ વિશેષ ઝભ્ભો તથા ખૂલતી સલવાર પહેરે છે. પુરુષો મોટે ભાગે માથે પંજાબી પાઘડી પહેરે છે. કેટલાક લોકો ઝભ્ભા ઉપર ભરત ભરેલ કોટી પહેરે છે. કશ્મીરના લોકો સામાન્ય રીતે કશ્મીરી ડ્રેસ તરીકે ઓળખાતો ડ્રેસ પહેરે છે તથા શિયાળામાં આખું શરીર ઢંકાઈ જાય તેવો પહેરવેશ પહેરે છે. હિમાચલ તથા ઉત્તરાખંડનો પહેરવેશ જમ્મુ-કશ્મીરના લોકોના પહેરવેશને મળતો આવે છે. પુરુષો માથે વિશિષ્ટ ગઢવાલી ટોપી તથા સ્ત્રીઓ માથે રૂમાલ બાંધે છે. ઉત્તરપ્રદેશના લોકો મુખ્યત્વે ધોતી-પહેરણ તથા માથે ગમછો બાંધે છે. સ્ત્રીઓ સાડી, કબજો, ચણિયો પહેરે છે.

**રહેઠાણ :** પંજાબ-હરિયાણામાં વરસાદ ઓછો પડતો હોવાથી મોટાભાગે ધાબાવાળાં મકાનો હોય છે. શહેરના લોકો ઈંટ-સિમેન્ટમાંથી બનાવેલાં મકાનોમાં રહે છે. જમ્મુ-કશ્મીરના મકાનની બનાવટમાં લાકડાંનો ઉપયોગ વિશેષ થાય છે. હિમાચલ તથા ઉત્તરાખંડમાં લોકો બે માળવાળાં મકાનોમાં રહે છે. નીચે પશુ બાંધે છે જેથી ઉપરના માળની લાકડાંની બનાવેલી ફર્શ એકંદરે ગરમ રહે છે.

જ્યારે હિમવર્ષા થાય ત્યારે આ રીતે બનાવેલાં મકાન ઉપયોગી થાય છે. આ પ્રદેશના મકાનનાં છાપરાં ઢાળવાળાં હોય છે. છાપરામાં નળિયા તરીકે લીસ્સા પથ્થરનો જ ઉપયોગ થાય છે. જેથી મકાન પરનો બરફ સહેલાઈથી સરકી જાય. ઉત્તરપ્રદેશમાં શહેરના લોકો ઈંટ-સિમેન્ટનાં મકાનોમાં રહે છે તથા દરેક રાજ્યમાં માટીનાં મકાનો મોટાભાગે ગ્રામીણ ક્ષેત્રમાં વધારે જોવા મળે છે.

**ભાષા :** પંજાબના લોકો પંજાબી, હરિયાણાના લોકો હરિયાણવી બોલે છે. ઉત્તરપ્રદેશનાં લોકો મુખ્યત્વે હિન્દી તથા ઉર્દૂ ભાષાનો ઉપયોગ કરે છે. જમ્મુ-કશ્મીરની ભાષા ઉર્દૂ છે. કશ્મીરી તથા ડોંગરી પણ બોલાય છે. ઉત્તરાખંડમાં હિન્દી ભાષા ઉપરાંત ગઢવાલી તથા કુમાઉં બોલીનો ઉપયોગ થાય છે. હિમાચલ રાજ્યની ભાષા પહાડી છે. આ ઉપરાંત દૂરના પ્રદેશોમાં દરેક રાજ્યમાં પ્રાદેશિક બોલીઓ બોલાય છે.

**તહેવાર–ઉત્સવો :** પંજાબનો મુખ્ય તહેવાર વૈશાખી, લાહિરી છે. ભાંગડાં એ પંજાબનું જાણીતું લોકનૃત્ય છે. જમ્મુ-કશ્મીરમાં ઈદ, મહોરમના તહેવારો ઊજવાય છે. હિમાચલપ્રદેશના કુલ્લુમાં દશેરાનો તહેવાર વિશેષ રીતે ઊજવાય છે. ઉત્તરપ્રદેશનો મુખ્ય તહેવાર હોળી છે. કથક એ ઉત્તરપ્રદેશનું જાણીતું નૃત્ય છે. આ ઉપરાંત ઉત્તરભારતમાં શિવરાત્રી, રામનવમી, જન્માષ્ટમી, દશેરા, ઈદ, મહોરમ, નાતાલ વગેરે એ ઊજવાતા મુખ્ય તહેવારો છે.

**મેળા :** કુલ્લુનો દશેરાનો મેળો એ હિમાચલનો જાણીતો મેળો છે. પંજાબમાં શહીદોનો મેળો ભરાય છે. ઉત્તરપ્રદેશમાં અલાહાબાદમાં કુંભમેળો તથા માઘમેળો જાણીતા મેળાઓ છે. ઉત્તરાખંડમાં કુંભ તથા અર્ધકુંભમેળા પ્રખ્યાત છે.



19.2 કુંભમેળો (અલાહાબાદ)

### લોકજીવન–દક્ષિણ ભારત

દક્ષિણ ભારતમાં મુખ્ય આંધ્રપ્રદેશ, કર્ણાટક, તમિલનાડુ, કેરળ તથા કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીનો સમાવેશ થાય છે. દક્ષિણ ભારત એ ભૌગોલિક દૃષ્ટિએ દ્વીપકલ્પ છે. દક્ષિણ ભારતનાં બધાં જ રાજ્યોને દરિયાકિનારો મળ્યો છે.

**ખોરાક :** દક્ષિણ ભારતનાં રાજ્યોમાં ખોરાકમાં મુખ્યત્વે ભાત-માછલી, કઠોળ હોય છે. દક્ષિણ ભારતની ચોખામાંથી બનેલી વાનગી ઇડલી, ઢોંસા, મેંદુવડા છે, જેની સાથે તેઓ કોપરાની ચટણીનો ઉપયોગ કરે છે. 'રસમ'ના નામે ઓળખાતી દાળ જેવી વાનગીનો ઉપયોગ તેઓ ખોરાકમાં કરે છે. દક્ષિણ ભારતમાં કેરળમાં કેળનાં પાન પતરાળાં તરીકે વપરાય છે.

**પહેરવેશ :** દક્ષિણનાં રાજ્યોમાં ગરમ અને ભેજવાળા હવામાનને કારણે તેઓ ખૂલતાં કપડાં પહેરે છે. પુરુષો લુંગી, પહેરણ, ખભે ખેસ અને પ્રસંગોપાત માથે પાઘડી પહેરે છે. જ્યારે સ્ત્રીઓ દક્ષિણી સાડી, ચણિયો અને કબજો પહેરે છે. કેરળના લોકો લુંગી પહેરે છે. ટૂંકી ધોતી પણ પહેરે છે. સ્ત્રીઓ માથામાં ફૂલોની વેણી પહેરે છે.

**રહેઠાણ :** દક્ષિણ ભારતના લોકો શહેરોમાં ઈંટ-સિમેન્ટનાં મકાનમાં રહે છે. બેંગલુરુ, ચેન્નાઈ જેવાં શહેરોમાં આધુનિક મકાનો જોવા મળે છે. દરિયાકિનારે વસતા લોકોનાં ઝૂંપડાંમાં નાળિયેરનાં પાનનો ઉપયોગ વિશેષ થાય છે. દક્ષિણ ભારતમાં ઘરના આંગણે નિત્ય રંગોળી પુરાય છે.

**ભાષા :** દક્ષિણ ભારતમાં બોલાતી ભાષા દ્રવિડકુળની ભાષા તરીકે ઓળખાય છે. આંધ્રપ્રદેશ અને તેલંગણામાં તેલુગુ, કર્ણાટકમાં કન્નડ, તમિલનાડુમાં તમિલ અને કેરળમાં મલયાલમ ભાષા બોલાય છે.

**તહેવારો–ઉત્સવો :** આંધ્રપ્રદેશમાં કુચીપુડી નૃત્ય જાણીતું છે. ત્યાં શિવરાત્રિ, મકરસંક્રાંતિ તથા વિશાખાનો તહેવાર ઊજવાય છે. કર્ણાટકમાં મૈસુરમાં દશેરા, ઈદ અને નવરાત્રીના તહેવારો ઊજવાય છે. કથકલી એ કેરળનું જાણીતું નૃત્ય છે. ઓણમ, નાતાલ, ઈદ, શિવરાત્રિ એ કેરલના ઊજવાતા મુખ્ય તહેવારો છે. તમિલનાડુનું જાણીતું નૃત્ય ભરતનાટ્યમ્ છે. પોંગલ એ તમિલનાડુનો મુખ્ય તહેવાર છે.



19.3 કથકલી

## લોકજીવન–પૂર્વ ભારત

પૂર્વ ભારતમાં બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, અસમ, અરુણાચલ પ્રદેશ, નાગાલૅન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, સિક્કિમ, મેઘાલય વગેરે રાજ્યોનો સમાવેશ થાય છે. પૂર્વ ભારતમાં ઓડિશા, પશ્ચિમ બંગાળને દરિયાકિનારો મળ્યો છે.

**ખોરાક :** બિહાર, ઝારખંડ, છત્તીસગઢ તથા પશ્ચિમ બંગાળના લોકો રોટલી, શાક, શાકભાજીનો ખોરાક લે છે, પણ ખોરાકમાં ભાતનું પ્રમાણ વધારે છે. પર્વતીય વિસ્તારવાળા લોકોનો મુખ્ય ખોરાક ભાત છે. આ ઉપરાંત કઠોળ, લીલાં શાકભાજીનો ઉપયોગ પણ ખોરાકમાં કરે છે. 'રસગુલ્લા' અને 'સંદેશ' બંગાળી લોકોની પ્રિય મીઠાઈઓ છે.

> **આટલું જાણવું ગમશે :**
> સાથવો (સત્તુ) બિહારમાં ખવાતી એક વિશિષ્ટ વાનગી છે. અસમમાં ચા વ્યાપક રીતે પીવાતું પીણું છે.

**પહેરવેશ :** બિહારના લોકો પુરુષો ધોતિયું, ઝભ્ભો, ખભે ખેસ, માથે પાઘ (પાઘડી) પહેરે છે. સ્ત્રીઓ સાડી, ચણિયો, કબજો પહેરે છે. ઝારખંડ, અસમ, ઓડિશાના લોકોનાં પહેરવેશમાં મોટો તફાવત જોવા મળતો નથી. બંગાળી સ્ત્રીઓ બંગાળી ઢબે સાડી પહેરે છે. પુરુષો પાટલીવાળું ધોતિયું અને રેશમી ઝભ્ભા પહેરે છે.

**રહેઠાણ :** મેદાની પ્રદેશનાં રાજ્યોમાં લોકો ઈંટ-સિમેન્ટનાં પાકાં મકાનોમાં રહે છે. પર્વતીય વિસ્તારમાં વસતા લોકોનાં ઘરોમાં લાકડાં અને વાંસનો ઉપયોગ વિશેષ કરવામાં આવે છે. વધારે વરસાદવાળા પ્રદેશોમાં છાપરાં વધારે ઢાળવાળાં હોય છે. બંગાળમાં ઘરના પાછલા ભાગમાં પુકુર (નાનકડું તળાવ) રાખવામાં આવે છે. જેમાં માછલાંનો ઉછેર કરવામાં આવે છે અને આ માછલાં રોજ-બરોજના ખોરાકમાં ઉપયોગી છે.

**ભાષા :** ઝારખંડ, છત્તીસગઢ અને બિહારમાં મુખ્ય હિન્દી ભાષા બોલાય છે. મૈથિલી, ભોજપુરી, માગધી એ બિહાર રાજ્યમાં બોલાતી બોલીઓ છે. અસમમાં અસમી, ઓડિશામાં ઉડિયા તથા પશ્ચિમ બંગાળમાં બંગાળી ભાષા બોલાય છે. મેઘાલયમાં ગારો અને ખાસી ભાષા બોલાય છે. મિઝોરમમાં મિઝો બોલીનો ઉપયોગ થાય છે.



19.4 રથયાત્રા (જગન્નાથપુરી)

**ઉત્સવો–તહેવારો :** અસમનું બિહુ અને ઓડિશાનું ઓડિસી નૃત્ય જાણીતું છે. જગન્નાથપુરીની રથયાત્રા દુનિયાભરમાં પ્રસિદ્ધ છે. બિહારમાં છઠ, ભૈયાદૂજ તથા પશ્ચિમ બંગાળમાં દુર્ગાપૂજાના તહેવારો ભવ્ય રીતે ઊજવાય છે. આમ, દરેક રાજ્યને પોતાના પ્રાદેશિક તહેવારો છે. ભારત બિનસાંપ્રદાયિક દેશ છે. તેથી તેમાં ધાર્મિક, રાષ્ટ્રીય તહેવારો દરેક રાજ્યમાં ઊજવવામાં આવે છે. ભારતમાં દરેક ધર્મના તહેવારો ભેદભાવ વિના સમરસતાથી ઊજવાય છે.

> **આટલું જાણવું ગમશે :**
> ભારતમાં વિવિધ વિસ્તારોમાં સ્થાનિક કક્ષાએ પાકતાં તેલીબિયાંમાંથી મળતું તેલ જે-તે પ્રદેશના લોકો ખાદ્યતેલ તરીકે ઉપયોગમાં લે છે. જેમ કે ગુજરાતમાં સીંગતેલ, સમગ્ર ઉત્તર ભારતમાં સરસિયું, જ્યારે દક્ષિણ ભારતમાં કોપરેલનો ઉપયોગ થાય છે.

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ બે-ત્રણ વાક્યોમાં લખો :**

(1) ભારતના લોકોમાં કેવી-કેવી ભિન્નતા જોવા મળે છે ?

(2) દક્ષિણ ભારતમાં બોલાતી ભાષા કયા કુળની છે ? દરેક રાજ્યોમાં બોલાતી ભાષાઓ લખો.

(3) બિહારની મુખ્ય ભાષા તથા બોલીઓ જણાવો.

**2. નીચેના પર ટૂંક નોંધ લખો :**

(1) પૂર્વભારતનાં રાજ્યો તથા બંગાળી પુરુષો તથા સ્ત્રીઓનો પહેરવેશ

(2) પશ્ચિમ ભારતના તહેવારો–ઉત્સવો

**3. નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પ શોધી જવાબ લખો :**

(1) કેવું તાપમાન ધરાવતા લોકોનો પહેરવેશ સુતરાઉ તથા આછા રંગોવાળો હોય છે ?

(A) વધુ (B) ઓછું

(C) સમ (D) વિષમ

(2) ઊંટના ચામડામાંથી બનેલાં પગરખાં મુખ્યત્વે કયા રાજ્યના લોકો પહેરે છે ?

(A) ગુજરાત (B) રાજસ્થાન

(C) મહારાષ્ટ્ર (D) ગોવા

(3) ગોવામાં કઈ ભાષા બોલાય છે ?

(A) મરાઠી (B) હિન્દી

(C) ગુજરાતી (D) કોંકણી

(4) કયા રાજ્યના લોકો જાત-જાતના પરોઠા આરોગે છે ?

(A) જમ્મુ-કશ્મીર (B) તમિલ

(C) અસમ (D) પંજાબ

(5) માઘ મેળો ક્યાં ભરાય છે ?

(A) પુષ્કર (B) નાસિક

(C) અલાહાબાદ (D) ઉજ્જૈન

(6) ‘પોંગલ’ કયા રાજ્યનો મુખ્ય તહેવાર છે ?

(A) આંધ્રપ્રદેશ (B) તમિલનાડુ

(C) મેઘાલય (D) સિક્કિમ

(7) ઉત્તરાખંડ રાજ્ય કેવું ભૂપૃષ્ઠ ધરાવે છે ?

(A) ફળદ્રુપ મેદાન (B) પર્વતીય

(C) દરિયાકિનારો (D) એક પણ નહિ

**પ્રવૃત્તિ**

- પ્રાદેશિક વેશભૂષા સ્પર્ધા રાખવી.
- દરેક રાજ્યોની વેશભૂષાનાં ચિત્રો ચોંટાડી અંક તૈયાર કરવો.
- પુસ્તકાલયમાંથી રસોઈનાં પુસ્તકો મેળવી દરેક રાજ્યની મીઠાઈની યાદી બનાવવી.
- તમારા વિસ્તાર પાસે ભરાતા મેળાની મુલાકાત વાલી સાથે લો.

# 20 આપત્તિ–વ્યવસ્થાપન

આપત્તિ કુદરતી હોય કે માનવસર્જિત, ત્વરિત હોય કે મંદ, પૃથ્વીના પેટાળમાંથી કે વાતાવરણમાંથી પેદા થયેલી હોય તે પૃથ્વી પર વ્યાપકપણે અનુભવાય છે, સાથે વિનાશ સર્જે છે. કેટલીક ઘટનાઓનાં ઉદાહરણો જોઈએ તો સ્પષ્ટ થાય છે કે તે જાનમાલનું મોટાપ્રમાણમાં નુકસાન કરે છે. જ્વાળામુખી વિસ્ફોટ, ભૂકંપ, ત્સુનામી જેવી ઘટનાઓ કુદરતી અને માનવસર્જિત એમ બંને કારણોની સંયુક્ત અસરથી જોવા મળે છે.

કેટલીક ઘટનાઓ અગાઉથી જ આયોજિત અને નિશ્ચિત વિનાશ કરનારી હોય છે. જેમકે બીજા વિશ્વયુદ્ધમાં જાપાનનાં બે શહેરો હિરોશીમા અને નાગાસાકી પર સંયુક્ત રાજ્ય અમેરિકાની સેનાઓ દ્વારા પરમાણુ બૉમ્બ હુમલો; જ્યારે કેટલીક ઘટનાઓ માનવીય ભૂલ કે બેદરકારીનું પરિણામ હોય છે, જેમ કે ભોપાલ ગૅસકાંડ, રશિયાની ચર્નોબીલ પરમાણુ દુર્ઘટના.

## આપત્તિના પ્રકાર

આપત્તિઓનાં જોખમોથી આપણે માહિતગાર છીએ. બચાવ-રાહતની વ્યૂહરચના કરવા તેનાં કારણો અને જવાબદાર સંજોગોને જાણવા પડશે. બચાવની સમગ્ર તૈયારીઓના સંદર્ભે પણ આ વિગતો જાણવી ખૂબ જરૂરી છે. આપત્તિ વ્યવસ્થાપનના તજ્જ્ઞોએ આપત્તિઓના કુદરતી અને માનવસર્જિત એવા બે પ્રકાર પાડ્યા છે :

**(1) કુદરતી આપત્તિઓ :** જેમાં પૂર, વાવાઝોડું, ત્સુનામી, દુકાળ, ભૂકંપ, જ્વાળામુખી, દાવાનળ વગેરે. જેમાં પૂર, વાવાઝોડું, ત્સુનામી, દુકાળની આગાહી કરી શકાય છે, જ્યારે ભૂકંપ, જ્વાળામુખી, દાવાનળની પૂર્વ આગાહી શક્ય નથી.

**(2) માનવસર્જિત આપત્તિ :** આગ, ઔદ્યોગિક અકસ્માત, બૉમ્બ વિસ્ફોટ, હુલ્લડ વગેરે મુખ્ય છે.

### (1) કુદરતી આપત્તિઓ :

**પૂર :** પૂરનો સામાન્ય રીતે આપણે એવો અર્થ કરીએ છીએ કે વિશાળ ભૂવિસ્તારનું સતત કેટલાય દિવસો સુધી પાણીમાં ડૂબેલું રહેવું. મોટે ભાગે લોકો પૂરની ઘટનાને નદી સાથે જોડે છે. જ્યારે નદીનું પાણી કિનારાના ભાગો ઉપરથી વહીને નજીકના જમીન વિસ્તારોને ડૂબાડી દે છે. પૂર એક કુદરતી ઘટના છે અને એકધારા ભારે વરસાદનું પરિણામ છે. માનવ પ્રવૃત્તિઓ, જળ-પરિવાહ, જમીનનો ઢોળાવ વગેરે બાબતોને અવગણીને કરાયેલાં બાંધકામથી વિકરાળ સ્વરૂપ ધારણ કરે છે અને મોટા પ્રમાણમાં જાનમાલની હાનિ કરે છે.

**શું કરવું :**

- સલામત સ્થળે પોતાની કીમતી તથા અંગત જરૂરિયાત વસ્તુઓ લઈ આશ્રય લેવો.
- પાણી, સૂકો નાસ્તો, મીણબત્તી, ફાનસ, પ્લાસ્ટિકની ડબીમાં ભેજ ના લાગે તે રીતે દીવાસળીની પેટી સાથે રાખવી.
- બાળકોને ભૂખ્યા રાખશો નહિ.
- પૂર ઓસર્યા બાદ પાણી ઉકાળીને વાપરવું.
- રેડિયો, મોબાઇલ ફોન અચૂક સાથે રાખવા.
- સાપથી સાવધાન રહેવું. તે કોરી અને સૂકી જગામાં આવી શકે છે. તેને દૂર રાખવા વાંસની લાકડી સાથે રાખવી.

**શું ન કરવું :**

- પૂરના પાણીથી બનાવેલ ખોરાક ખાશો નહિ.
- સલામત સ્થળેથી બહાર જતાં પહેલાં માર્ગો અને પરિસ્થિતિની ચોક્કસ માહિતી લીધા વિના નીકળશો નહિ.

**વાવાઝોડું (ચક્રવાત) :** વાતાવરણમાં રચાતા વિક્ષોભથી ભારતીય ઉપમહાદ્વીપમાં ચક્રવાત, સંયુક્ત રાજ્ય અમેરિકામાં હરિકેન અને ટૉર્નેડો, ચીન અને જાપાનના કિનારે ટાઈફૂન અત્યંત વિનાશક રીતે ત્રાટકે છે. આ પ્રચંડ વાતાવરણીય તોફાનો હવાના દબાણની અસમતુલાથી સર્જાય છે. આ વાતાવરણીય તોફાની પવનો જે વિસ્તારમાંથી પસાર થાય છે ત્યાં મોટા પ્રમાણમાં વિનાશ વેરે છે. ભારતના પૂર્વકિનારે અને કચ્છ-સૌરાષ્ટ્રના કિનારે તેની પણ વિધ્વંસક અસરો અનુભવાય છે.

**શું કરવું :**

- આવનાર તોફાનોના ચોક્કસ સમય જાણવા માટે ટી.વી.-રેડિયોના સમાચાર જોતા રહો.
- જેમની પાસે રેડિયો હોય તેમણે સાથે વધારાની બૅટરી હાથવગી રાખવી.
- મોબાઇલ ફોન ચાર્જ કરી લેવા. વળી પાવરબૅંક જેવાં સાધનો હોય તો તેને પણ અગાઉથી ચાર્જ કરી સાથે રાખવા.
- રેડિયો દ્વારા મળતી સૂચનાઓ, ચેતવણીઓ ધ્યાનથી સાંભળો અને તેનો અમલ કરો.
- અફવાઓથી દૂર રહો.
- વધારાનો ખોરાક, સૂકો નાસ્તો, પીવાના પાણીનો જરૂર મુજબ સંગ્રહ કરો.
- બાળકો અને વૃદ્ધો માટે જરૂરી એવા ખોરાક અને દવાની પણ જોગવાઈ રાખો.
- બચાવતંત્ર દ્વારા તમને ઘર છોડી દેવાનું કહેવામાં આવે તો તે સૂચનાનું તાત્કાલિક પાલન કરો.
- શુદ્ધ અને સલામત પાણી પીવા માટે વાપરવું.
- સરકાર કે સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ઊભા કરાયેલા આશ્રયસ્થાનમાં આશ્રય લીધો હોય ત્યારે, ત્યાંના વ્યવસ્થાપકોએ આપેલી સૂચનાઓનું ચુસ્ત પાલન કરો અને તેમની સૂચના સિવાય તે સ્થાન ન છોડો.
- પાલતુ પ્રાણીઓને ખીલે બાંધી રાખશો નહિ. જો તે છૂટા હશે તો પોતાનો બચાવ કરવાનો પ્રયત્ન સારી રીતે કરી શકશે.

**શું ન કરવું :**

- રેડિયો પર હવામાન વિભાગ દ્વારા આવતી ચેતવણી સિવાયની વાતો કે અફવાઓ ધ્યાનમાં ના લેશો.
- અચાનક હવામાન સ્વચ્છ થઈ જાય, વરસાદ બંધ થઈ જાય, પવન રોકાઈ જાય તો પણ ખુલ્લામાં બહાર ના નીકળશો. અચાનક પવન કે વરસાદ ત્રાટકી શકે છે.
- વીજળીના થાંભલા, લટકતા છૂટા વાયરને અડકશો નહિ તથા તેનાથી દૂર રહેશો.
- જાહેરાતનાં મોટાં પાટિયાં (હોર્ડિંગ્સ) કે મોટાં વૃક્ષો પાસે આશ્રય ના લેશો.

**ભૂકંપ :** ભૂકંપનો સામાન્ય અર્થ પૃથ્વી સપાટીનું કંપવું કહે છે. બહુધા પૃથ્વીના પેટાળમાં થતી ભૂગર્ભિક ક્રિયાઓને પરિણામે ભૂકંપો અનુભવાય છે. પૃથ્વીની સપાટીના નબળા ભૂપૃષ્ઠ ધરાવતા પ્રદેશો ભૂકંપના મુખ્ય પ્રદેશો ગણાય છે. ભૂકંપની સંભાવનાવાળા પ્રદેશો કે વિસ્તારો તારવી શકાય છે, પણ તેની ચોક્કસ આગાહી કરી શકાતી નથી. આમ, ભૂકંપ આગાહીના અભાવમાં ખૂબ મોટી જાન-માલની ખુવારી કરે છે.

**શું કરવું :**

- ભૂકંપ દરમિયાન મોટી પાટલી કે ટેબલ નીચે રહેવું.
- જો શાળામાં હોવ તો પાટલીઓ નીચે બેસી જાવ.
- જો બહાર ખુલ્લામાં હોવ તો મકાનો, વરંડા, વીજળીની લાઇનો કે વીજળીના થાંભલાથી દૂર રહેવું.
- જો વાહન હંકારતા હોવ તો પુલની ઉપર કે નીચે, લાઇટના થાંભલા કે વીજળીની લાઇન કે ટ્રાફિક સિગ્નલથી આપનું વાહન દૂર થોભાવી દો.
- ભૂકંપના આંચકા પૂરા ન થાય ત્યાં સુધી આપના વાહનમાં જ રહો.
- ભૂકંપના આંચકા પૂરા થયા બાદ પણ ઘરની કેટલીક વસ્તુઓ જેવી કે ફ્રિજ, દીવાલ પર લગાડેલા ફોટા કે છત પરના પંખા (સીલિંગ ફેન) પાછળથી પણ પડી શકે છે માટે તેનાથી દૂર રહેવું.
- ઘટનાના માર્ગદર્શન માટે સ્થાનિક રેડિયો સાંભળો.
- નવાં બનતાં મકાનો ભૂકંપ પ્રતિરોધક તરાહનાં બનાવવાં જોઈએ.

**શું ન કરવું :**

- ગભરાઈને બૂમાબૂમ કે નાસભાગ ના કરવી.
- ભૂકંપના આંચકા આવ્યા પછી પડતી ચીજો કે વસ્તુઓને રોકવાનો પ્રયાસ ના કરો.
- નીચે ઊતરવા માટે લિફ્ટનો ઉપયોગ ના કરવો.
- જો તમે ઘરમાં હોવ તો લાકડાનાં કબાટ, તિજોરી, અરીસા કે કાચનાં ઝુમ્મર નીચે ઊભા ના રહેશો.
- રસોઈ ગૅસ લીકેજ નથી તેની ખાતરી કર્યા વિના ઘરમાં દીવાસળી, લાઇટર કે વીજળીનાં સાધનો ચાલુ ના કરશો કારણ કે ગૅસ ગળતરને લીધે વિસ્ફોટની સંભાવના રહે છે.
- તબીબી સારવારની મદદ માટે કે આગની કટોકટી સિવાય ફોન ન કરવા. એ સમયે તરત જ કરાતા ફોનથી રાહત અને બચાવ કામગીરી ટૅલિફોન નેટવર્ક ઠપ થતાં અવરોધાય છે.

**ત્સુનામી :** સમુદ્રમાં પેદા થતાં વિનાશક શક્તિશાળી મોજાંને ત્સુનામી કહે છે. જેની ઉત્પત્તિ સમુદ્ર કે મહાસાગર તળમાં સાત કે તેથી વધુ રીક્ટર સ્કેલની તીવ્રતા ધરાવતા ભૂકંપો દ્વારા અથવા સમુદ્રી જ્વાળામુખીના પ્રસ્ફોટનથી કે મોટા પાયા પરનાં સાગરીય ભૂસ્ખલનથી થાય છે. ત્સુનામી શબ્દનો અર્થ જાપાનીઝ ભાષામાં વિનાશક મોજાં એવો થાય છે. મોટેભાગે ત્સુનામીની ઉત્પત્તિ સમુદ્રતળના ભૂકંપો દ્વારા જ થાય છે. તેથી તેને ભૂકંપીય સાગરમોજાં તરીકે પણ ઓળખવામાં આવે છે. આ મોજાં તેના ઉદ્ભવસ્થાનેથી વલયાકાર સ્વરૂપે તીવ્ર ગતિએ પ્રસરે છે. ઊંડા સમુદ્રોમાં તે ઓછી ઊંચાઈને કારણે નજરે પડતાં નથી પણ કિનારાની નજીક અને છીછરા સમુદ્ર ક્ષેત્રમાંથી પસાર થતાં તે વિનાશકારી સ્વરૂપ ધારણ કરે છે. તેની ઝડપ કિનારા પાસે ઓછી થાય છે અને ઊંચાઈ વધી જાય છે. આ જ કારણથી કિનારાનાં ક્ષેત્રોમાં પાણીની એક દીવાલ બની આગળ વધી ભારે તબાહી મચાવે છે.

26 ડિસેમ્બર, 2004ના રોજ હિંદ મહાસાગરમાં આવેલ મહાવિનાશક ત્સુનામીએ થાઈલૅન્ડ, ઇન્ડોનેશિયા, ભારત, શ્રીલંકા સહિતના દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોમાં લગભગ 2 લાખથી વધારે લોકોનો ભોગ લીધો હતો.

આધુનિક સાધનોની મદદથી ત્સુનામીની પૂર્વસૂચના અને તેના આવવાના સમયના ચોક્કસ અંદાજો કાઢી શકાય છે. તેથી ભવિષ્યમાં હજુ પણ આ અંગે સાવચેતી દાખવી જાનહાનિ અટકાવી શકાશે.

**શું કરવું :**

- ત્સુનામીની સૂચના મળતાં સમુદ્રકિનારાથી દૂર સલામત અંતરે ખસી જવું.
- રેડિયો હાથવગો રાખવો અને તંત્ર દ્વારા મળતી સૂચનાઓ અનુસાર વર્તવું.
- નવાં બાંધકામ કે વસાહતોનું નિર્માણ ત્સુનામીનાં પાસાં ધ્યાનમાં લઈ કરવું.
- મૅન્ગ્રુવ વનસ્પતિ ત્સુનામીની અસર એકંદરે ઘટાડે છે. તેથી તેનો વ્યાપ વધે એવા પ્રયાસો કરવા.

**શું ન કરવું :**

- કિનારે આવેલાં ઊંચાં મકાનો ઉપર આશરો ન લેવો કારણ કે તે વિનાશક મોજાંની અસરથી તૂટી શકે છે.
- ત્સુનામી ઓસર્યા પછી તંત્ર દ્વારા સૂચના મળે તે પહેલાં સમુદ્રકિનારા તરફ ન જવું.

**દુષ્કાળ :** દુષ્કાળ એ અત્યંત વિનાશકારી લાંબા સમય સુધીનો પ્રભાવી કુદરતી પ્રકોપ છે. તેની અસર જીવસૃષ્ટિના અસ્તિત્વ માટે જરૂરી એવી બાબતો પાણી અને ખોરાક સાથે પ્રગાઢ રીતે જોડાયેલી છે. મોસમી આબોહવાના વિસ્તારોમાં અનિયમિત વર્ષાઋતુથી અને ઓછા કે નહિવત્ વરસાદનાં વર્ષોમાં દુષ્કાળની સમસ્યા ઉદ્ભવે છે. કારણ કે ખેતી પાકો, અનાજ અને જીવસૃષ્ટિ પાણી પર સંપૂર્ણ રીતે અવલંબે છે. અછતની પરિસ્થિતિ પાણીના અભાવને લીધે સર્જાય છે અને આ પરિસ્થિતિમાં ખેતી અને કુદરતી વનસ્પતિને ભારે હાનિ પહોંચે છે. દુષ્કાળની સ્થિતિમાં માનવો માટે અનાજની સાથે સાથે પાલતુ પશુઓના ચારાની સમસ્યા ઊભી થાય છે. એક જમાનામાં દુષ્કાળમાં ભૂખમરાથી ભારે જાનહાનિ થતી. જોકે આજના યુગમાં વાહનવ્યવહાર અને સુદૃઢ વ્યવસ્થાપનને કારણે તે નિવારી શક્યા છીએ.

**શું કરવું :**

- ખેતીમાં ટપક સિંચાઈનો વ્યાપ વધારવો.
- અનાજની માપબંધી, ઉપલબ્ધ જળજથ્થાનો અંદાજ કાઢી વપરાશનું આયોજન કરવું.
- રાહત કામો અને સસ્તા દરના અનાજ વિતરણની વ્યવસ્થા ઊભી કરવી.
- તાકીદનાં કામ સિવાયનાં બાંધકામની પ્રવૃત્તિ બંધ રાખવી જોઈએ.

**શું ન કરવું :**

- અનાજનો બગાડ અટકાવવા મોટા ભોજન સમારંભો ન યોજવા.
- નાગરિકોએ અનાજ કે ઘાસચારાની સંઘરાખોરી ના કરવી.

**દાવાનળ :** દાવાનળ એટલે કે જંગલોમાં લાગતી આગ, જે મોટા પાયા પર ફેલાઈને ભારે વિનાશ સર્જે છે. દાવાનળની ઘટના માટેનાં વીજળી પડવા સિવાયનાં બધાં કારણો માનવજનિત છે, સળગતી બીડી-સિગરેટ કે દીવાસળી ફેંકવી, પર્યટકો-યાત્રિકો કે પશુ ચરાવનારાઓ દ્વારા સળગતી સામગ્રી છોડી દેવી જે મુખ્ય છે. દાવાનળ સૂકી ઋતુમાં પાનખર પછીના સમયે લાગવાની સંભાવના વધારે હોય છે. ત્યારે જંગલમાંનું સૂકું ઘાસ અને ખરેલ પાંદડાં ઈંધણનું કામ કરે છે. આ પરિસ્થિતિ દાવાનળના ફેલાવા માટે જવાબદાર છે.

ગરમી અને ઓછો ભેજ તથા પવનવાળા દિવસોમાં જંગલમાં આગ ઝડપથી ફેલાવાની સંભાવના હોય છે. કેટલાંક વૃક્ષોમાંથી ઝરતો તૈલીય પદાર્થ કે જે જ્વલનશીલ હોવાથી તેનાથી આગ ઝડપથી ફેલાય છે.

એકવાર દાવાનળ લાગ્યા પછી પવનની દિશામાં દર કલાકે આશરે 15 કિમીની ઝડપે આગળ વધવાની સાથે સાથે ચારેબાજુ પણ ફેલાય છે. એકવાર દાવાનળ શરૂ થઈ ગયા પછી જો તેને બૂઝવવાના પ્રયત્નો માનવી દ્વારા ન થાય તો તે આગ પૂરેપૂરી ઠરી જાય કે ભારે વરસાદ થાય એવા માત્ર બે સંજોગોમાં જ અટકે છે.

દાવાનળને કારણે ભડકે બળતા જંગલમાંથી ધુમાડો અને ગરમ હવાની સાથે ઊંચે ચડતા તણખા નજીકની વસાહતોમાં આગનું જોખમ ઊભું કરે છે.

**શું કરવું :**

- વનવિભાગની સૂચના મુજબ જ વર્તવું.
- સૂકી ઋતુ દરમિયાન જંગલ ક્ષેત્રમાં ખાસ પેટ્રોલિંગ ગોઠવવું.
- દાવાનળ બુઝાવવાની ખાસ તાલીમ વનવિભાગના કર્મચારીઓને આપવી.

**શું ન કરવું :**

- વનક્ષેત્રમાં પ્રવાસ કરતાં સળગતી બીડી કે ચીજો વગેરે ના ફેંકવા.
- દાવાનળની નજીકની વસાહતોમાં રહેતા લોકોએ વન વિભાગની સૂચનાઓ ના અવગણવી.

**(2) માનવસર્જિત આપત્તિઓ :**

માનવના પ્રત્યક્ષ કે પરોક્ષ, જાણી જોઈને કે અજાણતાં કરેલ કાર્યોથી એની બેદરકારી, અસાવધાની કે અજ્ઞાનતા માનવનિર્મિત તંત્રની નિષ્ફળતાના પરિણામે ઘટતી ઘટનાઓ, જેનાથી જાનમાલનું નુકસાન થાય છે. આવી દુર્ઘટનાઓને માનવસર્જિત આપત્તિઓ કહે છે.

**ઔદ્યોગિક અકસ્માત :** ઔદ્યોગિક વસાહતો, મિલો, કારખાનાંમાં પૂરી સાવચેતી પછી પણ અકસ્માતનો ભય રહેલો હોય છે. એ અકસ્માતોથી માનવી અને પશુઓની જાનહાનિ થાય છે. ઉપરાંત પર્યાવરણ પર પણ ભારે માઠી અસરો થાય છે. ઔદ્યોગિક અકસ્માતોનાં મૂળમાં માનવીય ભૂલો જવાબદાર હોય છે. ઔદ્યોગિક પ્રક્રિયાનાં વિવિધ યંત્રનું સંચાલન અને સારસંભાળ અને ઉત્પાદિત સામગ્રીની હેરફેર, સંગ્રહ અને વિતરણ પણ માણસો દ્વારા થાય છે. આ દરેક તબક્કે અકસ્માત થવાની સંભાવના નકારી શકાતી નથી.

**ભોપાલ ગૅસકાંડ :** મધ્યપ્રદેશ રાજ્યના પાટનગર ભોપાલ ખાતે આવેલ યુનિયન કાર્બાઇડ કારખાનું જંતુનાશક દવાઓનું ઉત્પાદન કરતું હતું. ત્યાં ઉત્પાદન પ્રક્રિયામાં મીક નામનો એક ખૂબ જ ઝેરી વાયુ વપરાતો હતો. આ વાયુનો સંગ્રહ મોટી ટાંકીઓમાં કરાતો. 3જી ડિસેમ્બર, 1984ની વહેલી સવારે એ કારખાનાની ટાંકીઓમાંથી ઝેરી મીક વાયુનું ગળતર શરૂ થયું જે લગભગ 40 મિનિટ સુધી ચાલુ રહ્યું. વહેલી પરોઢે ઘટેલી આ ઘટનાથી પલકારામાં ભોપાલના ગીચ વિસ્તારોમાં ઝડપથી તે વાયુ ફેલાઈ ગયો અને આધારભૂત આંકડા મુજબ લગભગ 2500 જેટલા લોકો મૃત્યુ પામ્યા. એ ઉપરાંત હજારો ભોપાલવાસીઓ આ ઝેરી ગૅસથી પ્રભાવિત થયા. માણસો ઉપરાંત હજારો પશુ-પક્ષીઓને પણ આ ઝેરી વાયુ ભરખી ગયો. આ વાયુથી પીવાનું પાણી, જળાશયો અને જમીન, ગર્ભસ્થ શિશુઓ, નવજાત બાળકો, સગર્ભા મહિલાઓ તથા આબાલવૃદ્ધ સહુ તેની માઠી અસરોના ભોગ બન્યા. લગભગ 10,000 વ્યક્તિઓ કાયમી વિકલાંગતાનો ભોગ બન્યા જ્યારે 1.5 લાખ જેટલા લોકો આંશિક રીતે વિકલાંગતાનો ભોગ બન્યા હતા.

**ગૅસ ગળતર વખતે બચાવ કામગીરી :**

**શું કરવું :**

- ગૅસ ગળતરની પૂર્વસૂચના માટે આધુનિક વૉર્નિંગ સિસ્ટમ લગાડવી જોઈએ.
- કારખાનાંમાં સલામતીના ઉચ્ચ માપદંડોનું નિર્ધારણ કરી તેનું પાલન કરવું જોઈએ.
- જો ગૅસની હેરફેર દરમિયાન ગળતર થાય તો ગૅસ ટૅન્કરને માનવ વસાહતોથી દૂર લઈ જવું જોઈએ.
- તે સમયે પવનની દિશા જોઈ તેનાથી વિરુદ્ધ દિશામાં દોડી જવું.
- શ્વાસમાં તકલીફ, આંખમાં બળતરા જેવી તકલીફોનો જાતે ઉપચાર કરવાને બદલે તાત્કાલિક તબીબી સહાય લેવી.
- બેહોશ કે અશક્ત થયેલા લોકોને તાત્કાલિક રીતે પ્રભાવિત ક્ષેત્રથી દૂર લઈ જવા.
- ફાયરબ્રિગેડ તથા પોલીસને ખબર આપવી.
- આપણાં વાહનો રસ્તામાં બચાવ કામગીરીનાં વાહનોને અવરોધે નહિ તેમ મૂકવાં.

**શું ન કરવું :**

- બચાવ કામગીરી સમયે તેમાં ન રોકાયેલા લોકોએ ત્યાં ભેગા ન થવું જોઈએ.
- ગૅસ ગળતરનું ક્ષેત્ર સત્તાવાળા તરફથી પૂર્ણ રીતે સલામત ઘોષિત ન થાય ત્યાં સુધી અસરગ્રસ્ત ક્ષેત્રમાં પ્રવેશ કરવો જોઈએ નહિ.
- બચાવ કામગીરીના પ્રશિક્ષણ અને તે માટેના જરૂરી સરંજામ વગર બચાવ કામગીરીમાં જોડાવું નહિ.

**વિષાણુજન્ય રોગ :** જ્યારે સામાન્ય પરિસ્થિતિ કરતાં ઘણા મોટા વિસ્તારમાં બહુ મોટી સંખ્યામાં લોકો રોગનો ભોગ બને છે ત્યારે રોગચાળો ફાટી નીકળ્યો એમ કહેવાય છે. એમાં રોગોથી લોકો પોતાના પ્રાણ ગુમાવે છે. સામાન્ય રોગો કરતાં વિષાણુજન્ય રોગોના દર્દીઓની સંખ્યા ઝડપથી વધે છે. જેમાં ડેંગ્યુ, ઇબોલા, સ્વાઈનફ્લૂ, ઇન્ફ્લુએન્ઝા જેવા રોગોએ આજ દિન સુધી હજારો લોકોને પોતાનો શિકાર બનાવ્યા છે. આ રોગોની ભયાનકતા વિકરાળ હોય છે. પ્રાચીન કાળમાં પ્લેગ જેવા રોગોએ લાખોની સંખ્યામાં લોકોને પોતાના શિકાર બનાવ્યા હતા. જોકે વર્તમાન સમયમાં અગાઉની તુલનામાં વૈજ્ઞાનિક શોધખોળો અને રોગપ્રતિકારક રસીઓ, બચાવના ઉન્નત ઉપાયો-સાધનોથી રોગચાળાના પ્રકોપનો પ્રતિકાર સરળતાથી થઈ શકે છે. પણ સાથે સાથે નવા નવા વિષાણુજન્ય રોગો અને પરંપરાગત દવાઓ અસરકારક ના નીવડે એવા રોગોના પ્રકોપ સમયે મોટી જાનહાનિનો ખતરો હંમેશાં માનવજાત પર તોળાતો રહે છે એ વરવી વાસ્તવિકતા છે.

સપ્ટેમ્બર, 1994માં સુરત શહેરમાં પ્લેગના રોગચાળાને અને તાજેતરમાં 2015માં ગુજરાત અને દિલ્લી સહિત દેશના અન્ય ભાગોમાં સ્વાઈન ફ્લૂના અને ડેંગ્યુ રોગચાળાને તંત્ર દ્વારા યોગ્ય પગલાં ભરી મોટી જાનહાનિ રોકવાનાં પગલાં લેવામાં આવે છે.

**વિષાણુજન્ય રોગોથી બચવાના ઉપાય :**

- વિષાણુજન્ય રોગોથી બચવાનો મહત્ત્વનો ઉપાય ચેપ ના લાગે તે અંગે સાવચેતી રાખવાનો છે.
- પ્રચાર-પ્રસાર દ્વારા લોકોને રોગ થવાનાં કારણો - પરિણામો તથા બચાવથી વાકેફ કરવા જોઈએ.
- તેના માટેની રોગપ્રતિકારક રસી લેવી.
- દર્દીઓની સારવાર માટે અલાયદા વૉર્ડના પ્રબંધનની વ્યવસ્થા કરવી જોઈએ.
- આંતરરાષ્ટ્રીય સંગઠન વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા અપાતી વિષાણુજન્ય રોગો અટકાવવા માટેની સૂચનાઓ અને માર્ગદર્શિકા મુજબ પગલાં લેવાં જોઈએ.

**આતંકવાદી હુમલો :** ગઈ સદીના છેલ્લા દાયકાથી સમગ્ર વિશ્વમાં ત્રાસવાદની ઘટનાઓએ ખૂબ જ ભયાનક વરવું સ્વરૂપ ધારણ કર્યું છે તે આપણે સહુ જાણીએ છીએ. વાસ્તવિક રીતે જોઈએ તો આતંકવાદ કોઈ જાતિ, સમુદાય, સંપ્રદાય કે પ્રદેશની પરવા કરતો નથી. તે માનવતાનો દુશ્મન છે. સામાન્ય રીતે વ્યક્તિ કે વ્યક્તિઓના સમૂહ દ્વારા કરાતા અનૈતિક વિનાશકારી કાર્યોને આતંકવાદ કહે છે. જેમાં સંપત્તિનો નાશ કરવો, ડર અને ભયનો માહોલ ઊભો કરી પોતાની માગણીઓ પ્રત્યે ધ્યાન આકર્ષવું, સામૂહિક નરસંહાર, અપહરણ જેવાં અમાનવીય કૃત્યો આતંકવાદીઓનાં હથિયાર છે. હાલમાં આતંકવાદનો વ્યાપ એટલો વધી ગયો છે કે તે વિશ્વના ઘણા દેશોમાં ફેલાઈ ગયો છે. વર્તમાન સમયમાં લગભગ કોઈ પણ દેશ આતંકવાદથી સુરક્ષિત નથી.

**વિશ્વની કેટલીક આતંકવાદી ઘટનાઓ :** 9મી સપ્ટેમ્બર, 2001ના રોજ સંયુક્ત રાજ્ય અમેરિકામાં એક આતંકવાદી સંગઠન દ્વારા શ્રેણીબદ્ધ રીતે આત્મઘાતી હુમલાઓ કરાયા. એ દિવસે સવારે 19 જેટલા આતંકવાદીઓએ 4 ઉતારુ જેટ વિમાનોનું અપહરણ કર્યું, જેમાંના બે વિમાનોને ન્યૂયૉર્ક શહેરના ટ્વીન ટાવર સાથે અથડાવ્યાં હતાં. આ બે વિમાનોની ટક્કરથી તેમાં સવાર તમામ ઉતારુઓ તથા તે ટાવરમાં કામ કરનાર સેંકડો લોકો ગણતરીની મિનિટોમાં માર્યા ગયા તથા ઘણી મોટી સંખ્યામાં લોકો મકાનોના ધરાશાયી થવાથી ઘાયલ થયા. બાકીનાં બે વિમાનો પૈકી એક વિમાન પેંટાગોનમાં અથડાવ્યું અને બીજું પેન્સિલવેનિયામાં એક ખેતરમાં જઈ અથડાવ્યું. આ હુમલામાં લગભગ ત્રણ હજાર જેટલા નિર્દોષ નાગરિકોનો ભોગ લેવાયો અને 6 હજારથી વધુ નાગરિકો ઘાયલ થયાનો અંદાજ છે.

13 ડિસેમ્બર, 2001ના રોજ એક આતંકવાદી જૂથના 5 આતંકવાદીઓએ ભારતીય સંસદ પર હુમલો કર્યો અને લગભગ 45 મિનિટ સુધી આડેધડ ગોળીબાર કરી તે પરિસરને બાનમાં લીધું. લોકશાહીના પવિત્ર મંદિર એવી સંસદને ભ્રષ્ટ કરવાના પ્રયત્નોને ભારતીય સુરક્ષાદળના જવાનોએ જાનની બાજી લગાવી તેને નિષ્ફળ બનાવ્યો. આ ઘટનામાં આતંકવાદીઓનો સામનો કરતાં 8 જેટલા સુરક્ષાકર્મી શહીદ થયા અને 16 જવાનો ઘાયલ થયા.

26 નવેમ્બર, 2008ના રોજ મોડી રાત્રે મુંબઈની જાણીતી હોટલો પાસે તથા અન્ય મહત્ત્વની જગ્યાઓએ થોડા-થોડા સમયના અંતરે શ્રેણીબદ્ધ વિસ્ફોટો અને ગોળીબારની ઘટનાઓ થઈ, જેના કારણે 137 જેટલા લોકો ઘાયલ થયા. આ ઉપરાંત જાણીતી હોટલોમાં પણ આતંકવાદીઓએ અનેક લોકોને બાનમાં લીધા. આ ઘટના પર નિયંત્રણ મેળવવા કેન્દ્ર સરકારના 200 એન.એસ.જી (નેશનલ સિક્યુરિટી ગાર્ડ) કમાંડો, લશ્કરના 50 કમાંડો તથા લશ્કરની 5 ટુકડીઓ મોકલવામાં આવી. આધુનિક હથિયારોથી સજ્જ આતંકવાદીઓને લગભગ બે દિવસ સુધી સંઘર્ષ કરીને મહાત કરાયા હતા.

ડિસેમ્બર 2014માં પાકિસ્તાનના પેશાવર શહેરમાં લશ્કરી છાવણી વિસ્તારમાં આવેલ આર્મી સ્કૂલમાં આતંકવાદીઓએ કરેલ હુમલામાં 132 નિર્દોષ બાળકો સહિત કુલ 141 લોકોનાં મોત થયાં હતાં.

**શું કરવું :**

- કોઈ પણ વ્યક્તિની શંકાસ્પદ હિલચાલની પોલીસને જાણ કરો.
- જાહેર સ્થાનો જેવાં કે શૉપિંગ મૉલ, છબીઘરો, બગીચા, ધાર્મિકસ્થાનોમાં બિનવારસી વસ્તુઓને અડશો નહિ. તેની જાણ ફરજ પરના સુરક્ષાકર્મીને કરો.
- સુરક્ષા હેતુથી કરાતી તપાસ કે અંગજડતીની પ્રક્રિયામાં સહયોગ કરો.
- તમે જો ઘર ભાડે આપો તો તેની નોંધ નજીકના પોલીસ મથકે કરાવો. આમ કરવું કાયદાકીય જોગવાઈ મુજબ અનિવાર્ય છે.
- જાહેરસ્થાનોને સી.સી.ટી.વી.થી સુસજ્જ કરવાં જોઈએ.
- મુસાફરી દરમિયાન બસ કે ટ્રેનમાં કોઈ વ્યક્તિ પોતાનો સામાન છોડી ઊતરી ગયેલો માલૂમ પડે તો તેની તાત્કાલિક જાણ જવાબદાર વ્યક્તિને કરો.
- પાડોશમાં રહેતા લોકોમાંથી જો કોઈ વ્યક્તિ એકલો હોય, સ્થાનિક લોકો સાથે હળતો-મળતો ના હોય, મોડી રાત સુધી કમ્પ્યૂટર કામ કરતો હોય તેવા લોકોની વર્તણૂકની પોલીસને જાણ કરો.
- બિનવારસી વાહનોની જાણ પોલીસને કરો.

**શું ન કરવું :**

- અજાણ્યા વ્યક્તિ દ્વારા અપાતી વસ્તુ કે પાર્સલ લેશો નહિ.
- અજાણ્યા વ્યક્તિને પૂરતી તપાસ સિવાય ઘર ભાડે આપશો નહિ.
- અજાણ્યા વ્યક્તિ સાથે ઘર, મોબાઈલ કે વાહનની લે-વેચ કરશો નહિ.

**હુલ્લડ :** દુનિયામાં અનેક દેશોમાં આ સમસ્યા જોવા મળે છે. સામાન્ય રીતે હુલ્લડનાં લક્ષણો તપાસીએ તો જણાય છે કે તેમાં જોડાયેલા મોટાભાગનાં લોકો તેના મૂળ હેતુ કે આશયથી અજાણ હોય છે. તેમની સામેલગીરી માત્ર દેખાદેખી કે ટોળાશાહી રીતે થઈ હોય છે. કોઈ સમૂહ હિત કે હેતુ વિના એકત્ર થયેલા ટોળાં દ્વારા ઈરાદાપૂર્વક શાંતિનો ભંગ કરાય છે. કાયદાથી સ્થાપિત શાસનપ્રણાલીને આવાં હુલ્લડો અસ્થિર બનાવે છે.

ક્યારેક હુલ્લડો રાજકીય સ્વરૂપ ધારણ કરી બંડ બની જાય છે, તો ક્યારેક કોમી રમખાણોમાં ફેરવાઈ જાય ત્યારે દેશમાં સામાજિક સદ્‌ભાવ અને સંવાદિતા જોખમાય છે. નિર્દોષ નાગરિકોને આવાં હુલ્લડોથી ઘણું વેઠવાનું આવે છે. રોજેરોજ કમાઈને ખાનારા શ્રમજીવીઓનો જીવનનિર્વાહ અઘરો બની જાય છે. ઉપરાંત લોકોનાં જાનમાલની પણ ભારે ક્ષતિ થાય છે.

તેનાથી દેશની એકતા અને અખંડતા જાળવવા માટે પડકાર ઊભો થાય છે. આથી, હુલ્લડોને સખત પગલાં લઈ ડામવાં અનિવાર્ય છે.

**શું કરવું :**

- અફવાઓ–હિંસા ભડકાવે તેવી વાતોને ફેલાતી અટકાવો.
- મહોલ્લા કે પોળોમાં શાંતિ સમિતિની રચના કરી તેમાં સક્રિયતાથી પ્રવૃત્ત થવું.
- હુલ્લડના અસરગ્રસ્તોને મદદરૂપ થઈ નાગરિક ધર્મ બજાવવો.

**શું ન કરવું :**

- અફવાઓના ફેલાવામાં નિમિત્ત ના બનશો.
- કાયદો અને વ્યવસ્થા જાળવવામાં તંત્ર દ્વારા આપેલ આદેશો કે સંચારબંધીનું ઉલ્લંઘન ના કરશો.
- સોશિયલ મીડિયામાં આવતી પાયા વિનાની વાતો ન માનશો અને તેને ફેલાવશો નહિ.

આ ઉપરાંત ક્યારેક આતંકવાદીઓ પોતાના સાથીઓને જેલમાંથી છોડાવવા કે પોતાની અન્ય માગણીઓ સત્તાવાળાઓ પાસે મનાવવા બસ, ટ્રેન કે વિમાન જેવાં ઉતારુ વાહનોનું અપહરણ કરે છે. મુસાફરોને બાનમાં લઈ દબાણ ઊભું કરવાના પ્રયાસો કરે છે. આવા સમયે બાનમાં પકડાયેલ મુસાફરોના કુટુંબીજનોએ ધૈર્ય દાખવીને શાંતિ જાળવવી જોઈએ. અને શાસન દ્વારા કરાતી કામગીરીનું સમર્થન કરવું જોઈએ. આવી ઘટનાઓમાં કમાંડો ઑપરેશન હાથ ધરીને કે આતંકવાદીઓ સાથે વાટાઘાટો કરી નાગરિકોને છોડાવવાની કામગીરી હાથ ધરાય છે.

**ટ્રાફિક-સમસ્યા :** આપણે સૌએ મોટાં શહેરોની સડકો પર વાહનોને એકબીજાંની અડોઅડ ચાલતાં અને તેમને ગોકળગાયની ગતિએ આગળ વધતાં જોયાં છે. આ પરિસ્થિતિને 'ટ્રાફિકજામ' કહેવામાં આવે છે. જ્યારે વાહનવ્યવહારનાં સાધનો સડક પર અટકી જાય છે, ત્યારે ટ્રાફિકની સમસ્યા ઊભી થાય છે. મોટાં શહેરોની વ્યસ્ત સડકો પર આ પ્રકારની સમસ્યા વારંવાર સર્જાય છે. સડકો પર ભારે અવરજવરના સમયે (Peak-hours) વાહનોની ગતિ લગભગ થંભી જાય છે. આવા વિકટ સમયે વાહનચાલકો, મુસાફરો અને રાહદારીઓ માનસિક તણાવ અનુભવે છે. આ સ્થિતિ પર નિયંત્રણ કે વાહનવ્યવહારને પુનઃ શરૂ કરવામાં ઘણો લાંબો સમય લાગે છે. ટ્રાફિક જામ થતાં વાહનોમાંથી નિકળતો ધુમાડો તથા મોટી માત્રામાં બહાર પડતાં મલિન દ્રવ્યોથી વાયુ અને સાથે સાથે અવાજનું પ્રદૂષણ પણ જન્માવે છે. પરિણામે તે વિસ્તારોમાં લોકોના આરોગ્ય અને વનસ્પતિના વૃદ્ધિ-વિકાસ જોખમાય છે.

સમગ્ર વિશ્વમાં વધતા જતા શહેરીકરણથી 'ટ્રાફિકજામ'ની સમસ્યા લગભગ બધાં મોટાં શહેરોમાં જોવા મળે છે. વાહનોની હારમાળા ઘણી લાંબી બની જાય છે. રાહત અને બચાવની કામગીરીની ફરજ બજાવતાં વાહનો રસ્તા પર અટવાય ત્યારે ઘણી વાર તો વ્યક્તિ કે વ્યક્તિઓને પોતાનો પ્રાણ ગુમાવવાનો વારો આવે છે. ઉદાહરણ તરીકે '108 એમ્બ્યુલન્સ'નું અટવાવું, 'ટ્રાફિક' વધવાના કારણે, વાહનચાલકોની બેદરકારી અને માર્ગ ઉપરની નિશાનીઓ કે ચિહ્નોની સમજના અભાવે સર્જાતાં અકસ્માતોમાં પ્રતિ વર્ષ સેંકડો લોકો પોતાના જાન ગુમાવે છે. ભારતની સડકો પર થતા અકસ્માતોમાં થતાં મૃત્યુનો આંક ઘણો ઊંચો છે. કેટલીક વાર સડક દુર્ઘટનામાં ભોગ બનનારી વ્યક્તિ ક્યારેક કાયમી અપંગ બની જાય છે.

સગીર વયના ચાલકો દ્વારા થતા વાહન અકસ્માતોના કિસ્સા વર્તમાનપત્રોમાં મોટા ભાગે ચમકતા રહે છે. ધોરી માર્ગો પર અતિશય વાહનોના ભારણથી તથા અનિયંત્રિત ગતિના કારણે મોટી દુર્ઘટનાઓ સર્જાય છે. માનવરહિત રેલવે ફાટકો પર થતાં વાહન-અકસ્માતોએ બિનજરૂરી ઉતાવળ કે અપાયેલી સૂચનાઓને અવગણવાનું પરિણામ છે.

વધુ પડતા ટ્રાફિકથી સમય અને ઇંધણનો મોટી માત્રામાં બગાડ થાય છે. જો સમયસર અસરકારક પગલાં, પરિવહન વ્યવસ્થાનું આગોતરું આયોજન અને ટ્રાફિકના નિયમોના પાલન માટેની પ્રતિબદ્ધતા નહિ કેળવીએ તો આ સમસ્યાથી આગામી દિવસોમાં અનેક લોકોની જિંદગી માટે જોખમ ઊભાં થશે તે નિ:શંક છે.

**શું કરવું :**

- મોટાં શહેરોની નજીક ઉપનગરો વિકસાવવાં તથા તેને સુવિધાજનક જાહેર પરિવહન સેવાથી સઘન રીતે સાંકળવાં જોઈએ.
- રાહદારીઓ અને સાઇકલ-સવારો માટે સડકની સાથે અલગ ટ્રેક બનાવવા.
- જાહેર સડકો પર થતાં દબાણો નાબૂદ કરવાં.
- ધીમી ગતિએ ચાલતાં વાહનો, પ્રાણીઓ કે વ્યક્તિ દ્વારા ખેંચાતા વાહનોને પીક-અવર્સ દરમિયાન ચલાવવા પર પ્રતિબંધ મૂકવો.
- પરિવહનને લગતા નિયમોની જાણકારી શિક્ષણ, જાહેરખબરો અને જનજાગ્રતિ કાર્યક્રમોના માધ્યમથી નાગરિકોને આપવી.

- એક જ સ્થળે અને એક જ સમયે નોકરી કે ધંધા પર જતા વ્યક્તિઓએ પોતાના અલાયદા વાહનને બદલે એક જ વાહનમાં (Car Pull) જવાનું ગોઠવવું.
- સડક પર થતાં ખોદકામ અને મરામતનાં કામ તાત્કાલિક પૂર્ણ કરવાં.
- સરઘસો, વરઘોડા કે શોભાયાત્રાઓ પીક-અવર્સને બદલે હળવા વાહનવ્યવહારના સમયે કાઢવાની પ્રથા પાડવી જોઈએ.
- ટ્રાફીક જામના સમયે પોતાના વાહનને નિર્ધારિત લેન(Lane)માં જ રાખવું.
- દ્રુતગતિમાર્ગ, ઓવરબ્રિજ, ફ્લાયઓવર, રિંગરોડ અને બાયપાસની સુવિધાઓનું નિર્માણ કરવું.
- કામધંધા પર જતી પ્રત્યેક વ્યક્તિએ સપ્તાહમાં એક દિવસ જાહેર પરિવહન સેવાનો ઉપયોગ અવશ્ય કરવો.
- સીટબૅલ્ટનો તથા હેલ્મેટનો ઉપયોગ કરવો.
- નશો કરી વાહન હાંકનાર, લાઇસન્સ વિનાના વાહનચાલકો, ખૂબ ગતિથી વાહન ચલાવનારાઓ તથા ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન જેવી બાબતો માટે કડક શિક્ષાની જોગવાઈ કરવી.

**શું ન કરવું :**

- ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરવું નહિ.
- ખૂબ જૂનાં વાહનો વપરાશમાં ન લેવાં.
- માલસામાનની હેરફેર રાત્રિ કે વહેલી સવારના સમય સિવાય ન કરવી.
- વાહનોમાં નિર્ધારિત ક્ષમતા અને મર્યાદા કરતાં વધારે સામાન કે ઉતારુઓનું સ્થળાંતર કરવું નહિ.
- વાહન ચાલકો માટે સડકો પર મૂકેલી સૂચનાઓનાં બોર્ડ, નિશાનીઓ કે સંકેતોને નષ્ટ કે વિકૃત કરવા નહિ.
- વાહનોની ડિઝાઈન સાથે ચેડાં કરવાં નહિ.
- વાહન હાંકતા ચાલકે મોબાઇલનો ઉપયોગ ન કરવો.
- સીટ બૅલ્ટને પહેર્યા વિના વાહન હાંકવું નહિ.
- રેલવેના પાટા કે રસ્તો ઓળંગતા રાહદારીએ ઈયરફોન કે મોબાઇલ વાપરવો નહિ.
- ટ્રાફિકનું સંચાલન કરતા સુરક્ષાકર્મીઓનાં સૂચનો બાબતે દલીલબાજીમાં ઊતરશો નહિ.
- વાલીઓએ પોતાનાં સગીરવયનાં બાળકોને કાયદાથી પ્રતિબંધિત વાહન ચલાવવા આપવાં નહિ.
- અકસ્માત સમયે કુતૂહલવશ ટોળે વળીને કે પોતાનાં વાહનોમાંથી ઊતરી રાહત અને બચાવ કામગીરીને અવરોધશો નહિ.

## આપત્તિઓની માનવજીવન પર અસરો

આપત્તિઓની અસર વધતેઘટતે અંશે બધા લોકો પર પડે છે; પરંતુ તેની સૌથી માઠી અસરો ગરીબ અને અભાવગ્રસ્ત લોકો પર વિશેષ જોવા મળે છે. સામાન્ય રીતે માનવજીવન પરની આપત્તિઓની અસરો ચાર પ્રકારોમાં વહેંચી શકાય :

**આપત્તિઓની ભૌતિક અસરો :** સ્થાવર અને જંગમ મિલકતોને ભારે નુકસાન થાય છે અથવા તો તે નષ્ટ થાય છે. રસ્તા, રેલમાર્ગો, પુલ, વીજળી, ગૅસ, સંદેશાવ્યવહારની વ્યવસ્થા જેવી આંતરમાળખાકીય સુવિધાને ભારે ક્ષતિ પહોંચે છે, જેને તાત્કાલિક પુનઃનિર્માણ કરી શકાતું નથી. પૂરને કારણે ખેતીલાયક ફળદ્રુપ જમીનોનું ભારે ધોવાણ લાંબા ગાળે પણ પૂર્તિ ના થઈ શકે એવું નુકસાન છે.

**જનજીવન પર થતી અસરો :** આપત્તિઓને લીધે અનેક લોકો મોતને ભેટે છે તો કેટલાક કાયમી વિકલાંગ બને છે. સામાન્ય નાગરિકોનું પણ સ્વાસ્થ્ય કથળે છે. જેણે પોતાના સ્વજનો ગુમાવ્યા છે તેઓ ભારે આઘાત અને હતાશામાં હોય છે. તેમને તે માનસિક પીડામાંથી બહાર લાવવા એ કપરું કામ છે. કેટલાંય બાળકો અનાથ અને કેટલાંય વૃદ્ધોનો સહારો છિનવાતાં કફોડી સ્થિતિમાં મુકાઈ જાય છે. તેમના પુનર્વસનનું કામ ભારે જહેમત માંગી લે છે. લોકોને જીવનમાં અનેક મુશ્કેલીઓ અને હાડમારીઓ વેઠવાની આવે છે.

**આપત્તિઓની આર્થિક અસરો :** આપત્તિ બાદ પુનઃનિર્માણ માટે પ્રમાણમાં મોટા નાણાભંડોળની વ્યવસ્થા કરવી પડે છે. તેની સીધી અસર ચાલુ વિકાસનાં કામો પર પડે છે. નાણાકીય સંસાધનોની અછત ઊભી થતાં યોજનાઓ પૂરી કરવાનો સમય લંબાય છે. ઔદ્યોગિક એકમો પુનઃ કાર્યરત થાય ત્યાં સુધી બેરોજગારીનો પ્રશ્ન વિકટ બને છે. આપત્તિગ્રસ્ત વિસ્તારોના લોકોની આર્થિક સ્થિતિ નબળી પડે છે.

**આપત્તિઓની સામાજિક અસરો :** આપત્તિગ્રસ્ત વિસ્તારમાંથી થતું લોકોનું સ્થળાંતર કે પલાયન તે વિસ્તારના સામાજિક ઢાંચાને પ્રભાવિત કરે છે. સામાજિક ઉત્સવો અને જાહેર ઉજવણીના પ્રસંગો અગાઉની તુલનામાં નીરસ બની જાય છે. એને મૂળ સ્વરૂપમાં આવતાં વર્ષો લાગે છે. સામાજિક તાણાવાણામાં પરિવર્તન આવતાં અંતઃ સામાજિક સંસ્થાઓ નબળી પડે છે.

## આપત્તિઓ પછીનું પુનઃસ્થાપન

આપત્તિમાં પ્રથમ કામગીરી બચાવ, બીજા ક્રમે રાહત અને છેલ્લે પુનઃસ્થાપનનો ક્રમ આવે છે. આપત્તિઓના સ્વરૂપ મુજબ પુનઃસ્થાપનની જરૂરિયાતો પણ જુદા જુદા પ્રકારની હોય છે. ભૂકંપ, પૂર કે વાવાઝોડા બાદ મોટા પ્રમાણમાં મકાનોનું નિર્માણ કરવું પડે છે. દુષ્કાળ બાદ લોકોને માટે નવી રોજગારીઓ ઊભી કરવી અને ખેતી ક્ષેત્રે સાધન સહાયની વ્યવસ્થા ઊભી કરવી

પડે છે. વિષાણુજન્ય રોગચાળા પછી ભવિષ્યમાં બચાવ માટે મોટા પાયા પર લોકશિક્ષણની અને જનજાગૃતિના કાર્યક્રમો યોજવા પડે છે. માળખાગત સુવિધાઓને ક્ષતિ પહોંચી હોવાથી પુનઃનિર્માણનું કામ ભારે અવરોધો વચ્ચે કરવાનું થાય છે. જે કુટુંબમાં માત્ર એક કે બે વ્યક્તિ બચી હોય તેવા પરિવારનું પુનઃસ્થાપન ખૂબ અઘરું કામ છે. જે લોકોએ વિનાશ નજરે જોયો છે તે લોકોને માનસિક આઘાતમાંથી બહાર લાવવા મનોચિકિત્સકની વ્યવસ્થા સમયસર ના થાય તો તે લાંબા ગાળે માઠાં પરિણામો લાવે છે. બચી ગયેલા લોકોમાંથી કાયમી વિકલાંગતાનો ભોગ બનેલા લોકોને માટે તાલીમ-રોજગારીની ગોઠવણ જરૂરી છે.

આમ, આપત્તિઓ પછીનું પુનઃસ્થાપન એક પડકારજનક કાર્ય છે. તેને યોગ્ય આયોજન કરી તબક્કાવાર હાથ ધરવાથી સારી રીતે પાર પાડી શકાય છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ માગ્યા મુજબ આપો :**

(1) પૂર સમયે શું કરવું જોઈએ ?

(2) ત્સુનામી વિશે ટૂંકમાં માહિતી આપો.

(3) ગૅસ ગળતર સમયે શું ન કરવું જોઈએ ?

(4) વિષાણુજન્ય રોગોથી બચવાના ઉપાયો.

**2. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :**

(1) આપત્તિની માનવજીવન પર અસરો સવિસ્તર વર્ણવો.

(2) આપત્તિ પછીનું પુનઃસ્થાપન – નોંધ કરો.

**3. યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો :**

(1) નીચેનામાંથી કઈ આપત્તિ માનવસર્જિત છે ?

(A) ભૂકંપ (B) ચક્રવાત (C) પૂર (D) હુલ્લડ

(2) મોટે ભાગે લોકો પૂરની ઘટનાને શેની સાથે જોડે છે ?

(A) નદી (B) મહાસાગર (C) પર્વત (D) ટાપુ

(3) પૂર ઓસર્યા બાદ પીવા માટે ગાળેલું કયું પાણી ગાળીને વાપરશો ?

(A) બે વાર ગાળેલું (B) વહેતા પ્રવાહનું (C) ચોખ્ખું દેખાતું (D) ઉકાળેલું

(4) વાતાવરણના વિક્ષોભથી રચાતા તોફાની પવનો સંયુક્ત રાજ્ય અમેરિકામાં......

(A) ટાયફૂન (B) હરિકેન (C) વિલિ-વિલી (D) ટોર્નેડો

(5) ત્સુનામી શબ્દનો અર્થ જાપાનીઝ ભાષામાં.....

(A) ભરતી મોજાં (B) ભમ્મરિયાં મોજાં (C) વિનાશક મોજાં (D) ભૂકંપીય મોજાં

(6) ભોપાલ ગૅસકાંડમાં ગળતર થયેલો વાયુ.....

(A) ઑઝોન (B) મીક (C) સલ્ફર ડાયૉક્સાઇડ (D) મિથેન

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- શાળા ગ્રંથાલયમાંથી આપત્તિ વ્યવસ્થાપનનાં પુસ્તક મેળવી વાંચો.
- આપત્તિ સમયે રાખવાની સાવચેતીઓની વિગતોનાં પોસ્ટર શિક્ષકની મદદ લઈ બનાવો અને ગામનાં જાહેરસ્થાનો પર પ્રદર્શિત કરો
- શાળામાં ભૂકંપની મોકડ્રિલનું આયોજન કરો.
- શાળામાં શિક્ષકના માર્ગદર્શનમાં નીચેની વેબસાઇટની મુલાકાત લઈ વિગતો જાણો :

- www.ndma.gov.in
- www.ndmindia.nic.in
- www.disastermgmt.org
- www.dmibhopal.nic.in
- www.gsdma.org

**જાણવું ગમશે : ભારતના વિનાશક ભૂકંપોની તવારીખ**

| ક્રમ | તારીખ | સ્થાન | રીક્ટરસ્કેલ-તીવ્રતા |
|---|---|---|---|
| 1. | 12 મે, 2015 | ઉત્તર અને ઉત્તરપૂર્વ ભારત | 7.3 |
| 2. | 25 એપ્રિલ, 2015 | ઉત્તર અને ઉત્તરપૂર્વ ભારત | 7.8 |
| 3. | 21 માર્ચ, 2014 | અંદમાન અને નિકોબાર દ્વીપસમૂહ | 6.7 |
| 4. | 25 એપ્રિલ, 2012 | અંદમાન અને નિકોબાર દ્વીપસમૂહ | 6.2 |
| 5. | 5 માર્ચ, 2012 | નવી દિલ્લી | 5.2 |
| 6. | 18 સપ્ટેમ્બર, 2011 | ગંગટોક (સિક્કીમ) | 6.9 |
| 7. | 10 ઑગસ્ટ, 2009 | અંદમાન દ્વીપસમૂહ | 7.7 |
| 8. | 8 ઑક્ટોબર, 2005 | કશ્મીર | 7.6 |
| 9. | 26 ડિસેમ્બર, 2004 | હિંદ મહાસાગર | 9.1 |
| 10. | 26 જાન્યુઆરી, 2001 | કચ્છ (ગુજરાત) | 7.6/7.7 |
| 11. | 29 માર્ચ, 1999 | ચમોલી (ઉત્તરાખંડ) | 6.8 |
| 12. | 22 મે, 1997 | જબલપુર (મધ્યપ્રદેશ) | 6.0 |
| 13. | 30 સપ્ટેમ્બર, 1993 | લાતુર (મહારાષ્ટ્ર) | 6.2 |
| 14. | 20 ઑક્ટોબર, 1991 | ઉત્તરાખંડ | 7.0 |
| 15. | 20 ઑગસ્ટ, 1988 | નેપાળ-ભારત સરહદ | 6.3/6.7 |
| 16. | 19 જાન્યુઆરી, 1975 | કિન્નોર (હિમાચલપ્રદેશ) | 6.8 |
| 17. | 21 જુલાઈ, 1956 | અંજાર (કચ્છ) | 6.1 |
| 18. | 15 ઑગસ્ટ, 1950 | અરુણાચલ પ્રદેશ | 8.7 |
| 19. | 26 જૂન, 1941 | અંદમાન દ્વીપસમૂહ | 8.1 |
| 20. | 4 એપ્રિલ, 1905 | હિમાચલપ્રદેશ | 7.8 |
| 21. | 12 જૂન, 1897 | શિલૉંગ | 8.3 |
| 22. | 31 ડિસેમ્બર, 1881 | અંદમાન દ્વીપસમૂહ | 7.9 |
| 23. | 16 જૂન, 1819 | કચ્છ (ગુજરાત) | 8.2 |

•••